जैन साईट JAINSITE .com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**


પ્રમુખ

# શ્રી કલ્પસૂત્ર કથાસાર

સંપાદક • સુનંદાબહેન વોહોરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન શ્રી ઋષભદેવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




ભગવાન શ્રી અરિષ્ટનેમિનાથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

ભગવાન શ્રી પાર્શ્વનાથ



ભગવાન શ્રી મહાવીર સ્વામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી કલ્પસૂત્ર કથાસાર

**: સંપાદક :**

સુનંદાબહેન વોહોરા

વિનંતી

૦ આ ગ્રંથની કોઈ પ્રકારે આશાતના કરવી નહિ. શક્ય ત્યાં સુધી કાપડમાં વીંટાળીને રાખવું. તમે આ ગ્રંથ વાંચજો, અન્યને વંચાવજો, તપસ્વીઓને તથા જિજ્ઞાસુઓને ભેટ આપજો.

ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વધ્ધમાણસ્સ
સંસાર સાગરાઓ, તારેઈ નરં વ નારિં વા.

સર્વ જિનેશ્વરોમાં શ્રેષ્ઠ એવા શ્રી વર્ધમાન સ્વામીને કરેલો એક જ નમસ્કાર કોઈ પણ પુરુષ કે સ્ત્રી સર્વને સંસારસાગરથી તારવાને સમર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશક : શ્રી પનાલાલ ઉમાભાઈ શેઠ
ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ
પ્રેરક શ્રી અરવિંદભાઈ પનાલાલ શેઠ
શ્રી પદ્માબેન અરવિંદભાઈ શેઠ

| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ : | ૧૧૦૦ | વસંતપંચમી | ૨૦૪૪ |
| બીજી આવૃત્તિ : | ૧૫૦૦ | વસંતપંચમી | ૨૦૪૫ |
| ત્રીજી આવૃત્તિ : | ૩૦૦૦ | દશેરા | ૨૦૪૬ |
| ચોથી આવૃત્તિ : | ૧૦૦૦ | ધૂળેટી | ૨૦૫૨ |

મુદ્રક : ભગવતી ઑફસેટ
સી ૧૫, બંસીધર મિલના કંપાઉન્ડમાં
દરિયાપુર દરવાજા બહાર,
બારડોલપુરા, અમદાવાદ.

ટાઈપ સેટિંગ : સૂર્યમુખી ટાઇપ સેટિંગ
ઘેલાભાઈની વાડી, જૂની સિવિલ સામે,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

## પ્રાપ્તિસ્થાન

૧. **સુનંદાબહેન વોહોરા**
૫, મહાવીર સોસાયટી
પાલડી બસસ્ટેન્ડ પાછળ
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન નં. ૬૬૩૭૯૫૪
સાંજે ૫ થી ૭

૨. **દક્ષાબહેન નિરંજન મહેતા**
૩૯, માણેકબાગ સોસાયટી
કંચનદીપ શૉપિંગ સેન્ટર સામે
સુરેન્દ્ર મંગળદાસ રોડ
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન નં. ૪૦૭૯૧૦

3. **Kalpana Pravin N. Shah**
992, Mcnair Drive
Lansdale (PA) 19446
U.S.A.
Te. : 215-362-5598

૪. **શ્રી કુમારભાઈ ભીમાણી**
૧૩/૩૯ જે. એમ. કમ્પાઉન્ડ
ત્રીજો ભોઈવાડો, મુંબઈ-૨
ફોન નં. ૩૭૫૭૦૧૩

૫. **શ્રી અરવિંદભાઈ પનાલાલ શેઠ**
૧A કલ્યાણ સોસાયટી, 'સૌમ્ય'
નગરી હોસ્પીટલ પાસે
અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ફોન : ૬૪૨૦૭૦૪

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

# પારમાર્થિક શુભેચ્છા

સુશ્રાવિકા સુનંદાબહેન. ધર્મલાભ હો

સર્વસન્માનનીય પૂજનીય શ્રી કલ્પસૂત્રની ગણના કેટલી આદરપાત્ર બની છે, અને લોકભોગ્ય થઈ છે તે તેની ચોથી આવૃત્તિનું પ્રકાશન જ બતાવે છે.

શ્રી કલ્પસૂત્ર કથાસારની ઉપયોગિતા જિનશાસનનો રસિક આત્મા અંતરથી આવકારે છે. આ મંગલ સૂત્રાન્તર્ગત કથાસારનું જે રીતે સંપાદન કર્યું છે, તે જોતાં એક વખત પણ પુસ્તકનો પરિચય થતાં વારંવાર વાંચતાં ચિત્ત પ્રસન્નતાનો અનુભવ કરે.

જિનાગમમાં શ્રી કલ્પસૂત્રનું જે મૂર્ધન્ય સ્થાન છે અને પ્રતિવર્ષ તે પર્યુષણપર્વમાં સર્વ સમક્ષ તેનું સંપૂર્ણ વાચન થાય છે તે પૈકીની કથાવાર્તાઓ બાળ લોકભોગ્ય ભાષામાં પીરસી તેના કથાહાર્દને જાળવી આચારવિચારને ઉન્નત કક્ષાએ લઈ જવાનો એક પ્રશંસનીય પ્રયાસ કર્યો છે, જે હજુ વધુ ને વધુ પ્રસાર પામે અને જિજ્ઞાસુઓ વારંવાર આ ગ્રંથનું મનનચિંતન કરી પોતાના શ્રેયને સાધી શકે એ જ મનઃકામના.

વિજયચંદ્રોદયસૂરિ

૨૦૫૨ મહાસુદ ૧૫. તા. ૪-૨-૯૬

ઓપેરા જૈન ઉપાશ્રય, પાલડી,

અમદાવાદ-૩૮૦ ૦૦૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# નમ્ર નિવેદનમ્

## ગ્રંથ-પ્રયોજન

શ્રી કલ્પસૂત્ર કથાસાર ગ્રંથની પ્રથમ આવૃત્તિના પ્રકાશનનો સર્વ યશ લંડનનિવાસી સત્સંગી મિત્રોને ફાળે જાય છે. શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીના કલ્પસૂત્ર ગ્રંથની ટીકાના ઉલ્લાસપૂર્વક શ્રવણથી અને અર્થસહયોગથી તે મિત્રોએ પ્રકાશન માટે અનુમોદના આપી હતી.

કોઈ પૂર્વપુણ્યયોગે ૧૯૮૩માં લંડનમાં કેટલાક જિજ્ઞાસુ મિત્રો ભારતનાં કેટલાંક તીર્થોના દર્શનાર્થે આવ્યા ત્યારે તેઓ શ્રી અધ્યાત્મ સાધના કેન્દ્રમાં તેના અધિષ્ઠાતા સ્વ. શ્રી ડૉ. સોનેજી(શ્રી આત્માનંદજી)ની નિશ્રામાં રહ્યા હતા. સત્સંગનો અપૂર્વ લાભ મેળવી તેઓએ ડૉ. સોનેજીને લંડનની ધર્મયાત્રા માટે આમંત્રણ આપ્યું હતું, અને સત્સંગનો લાભ મેળવ્યો હતો.

વળી ૧૯૮૫ના પર્યુષણપર્વમાં તે મિત્રોએ સુનંદાબહેનને આમંત્રણ આપી વ્યાખ્યાનમાળા તથા વિવિધ સ્થાનોએ પ્રવચનો યોજ્યાં હતાં. ત્યાર પછી તે પર્યુષણપર્વમાં શ્રી હેમચંદ્રાચાર્યરચિત શ્રીયોગશાસ્ત્રનું વાચન-વિવેચન કર્યું હતું. તે પ્રવચનોનું સંકલન કરી 'અનંતનો આનંદ' પુસ્તક કરવામાં આવ્યું છે.

૧૯૮૬ના પર્યુષણપર્વમાં પુનઃ લંડનના નવનાત ઍસોસિયેશનના આમંત્રણથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. ત્યારે શ્રી કલ્પસૂત્ર ગ્રંથના આધારે પ્રવચનો થયાં તેના સંકલનરૂપે આ શ્રીકલ્પસૂત્ર કથાસાર પ્રસિદ્ધ થયું હતું.

જૈન સંપ્રદાયની પ્રણાલી પ્રમાણે પ્રાચીન કાળમાં શ્રી કલ્પસૂત્રની વાચના સાધુજનો પૂરતી મર્યાદિત રહી હતી. છતાં કાળક્રમને અનુસરીને જ્યાં સાધુજનોનો યોગ ન મળે ત્યાં ત્યાં પંડિતો કે ગૃહસ્થો તેનું અધ્યયન કરે છે. સામાન્યતઃ ગૃહસ્થોને તેના પ્રવચનનો અધિકાર મનાયો નથી. તેથી એક બહેન તરીકે પ્રસ્તુત ગ્રંથનું વિવેચન અને લેખન કરવું તે કથંચિત્ અનધિકૃત મનાય ખરું છતાં પરદેશમાં સાધુજનોનું આગમન થતું ન હોવાથી મોટા ભાગનો સમુદાય જૈન દર્શનના આવા મહત્ત્વના ગ્રંથથી અપરિચિત જ છે. આથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા જિજ્ઞાસુઓએ આ ગ્રંથના શ્રવણની ભાવના પ્રગટ કરી. તેના અનુસંધાનમાં આ ગ્રંથના વાચન માટે તે મેળવવા પ્રયત્ન કર્યો ત્યારે ઘણા પ્રયાસે એક સદ્‌ગૃહસ્થ પાસેથી તે મળી આવ્યો. પાંચ દિવસના ગ્રંથશ્રવણ અને પ્રવચનથી શ્રોતાવક્તા સૌને આનંદ થયો. ત્યારે એવી ભાવના થઈ કે આ ગ્રંથ ગુજરાતી લિપિ અને સરળ ભાષામાં હોય તો લાભનું કારણ છે. યોગાનુયોગ એક જિજ્ઞાસુ દંપતીએ સરળભાવે ઉત્સાહપૂર્વક તેના અર્થસહયોગની ભાવના દર્શાવી આ કાર્યમાં અનુમોદના આપી.

છતાં અમદાવાદના પુસ્તક ભંડારમાં મોટી સંખ્યામાં અને સરળ ભાષામાં પુસ્તકાકારે ગ્રંથ મેળવવા તપાસ કરી ત્યારે તેની પ્રાપ્તિ ન થતાં, પ્રસ્તુત ગ્રંથના લેખનની સહજ સ્ફુરણા થઈ. અને તેને દેવગુરુકૃપાપ્રસાદ માની પ્રસ્તુત ગ્રંથ-સંપાદનનું સાહસ થઈ ગયું. સત્સંગી મિત્રોને એ દેશમાં પોતાના નિવાસે આ ગ્રંથાવલોકનનો લાભ મળે તેવી ભાવનાથી પ્રેરાઈને આ કાર્ય હાથ ધર્યું હતું. લેખન સરળ ભાષામાં અને રસપ્રદ રહે તેનો ખ્યાલ રાખી થોડો સંક્ષેપ પણ કર્યો છે.

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## ક્ષમાયાચના

ભારત દેશની સંસ્કૃતિ પુરુષપ્રધાન રહી છે. તેથી કેટલાક પ્રકારોમાં સ્ત્રીવર્ગનો અધિકાર મનાયો નથી. તે પ્રણાલીથી કથંચિત્ આ સંપાદન માટે જાણતાં-અજાણતાં કોઈ વડીલ કે ગુરુજનોની ભાવના દુભાય તો ક્ષમાને પાત્ર માનજો. જોકે વીતરાગ ભગવાન મહાવીરના શાસનના મૂળમાં એવો કોઈ જાતિભેદ નથી. આ વિશાળ શાસનમાં ચંદનબાળા જેવાં સ્ત્રીરત્નો ઉચ્ચ સ્થાને મનાયાં છે. તેઓ સંસારત્યાગ કરી શુદ્ધ બુદ્ધ અને મુક્ત થયાં છે. આ કાળે તેનો અલ્પ વારસો સ્ત્રી-જગતને મળતો રહ્યો છે તે સદ્‌ભાગ્ય છે. તે વારસો દીપાવવો તે સુશ્રાવિકાઓનું કર્તવ્ય છે. છતાં અલ્પજ્ઞતાને કારણે પ્રસ્તુત સંપાદનમાં કોઈ શબ્દભેદ કે પાઠભેદ થવા પામ્યો હોય તો તેની ક્ષતિને સુધારી લઈ સૌ ઉદારચિત્તે ક્ષમા આપશો તેવી અપેક્ષા છે. આ ગ્રંથલેખન કોઈ વિદ્વત્તાના પ્રદર્શન માટે નથી થયું પણ ધર્મપ્રભાવનાના ભાવથી થયું છે.

## ફળશ્રુતિ

ગ્રંથલેખન કે સંપાદન એ સાધક અવસ્થામાં સાધનાનું ઉત્તમ અંગ બની રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્તની ચંચળતાનું શમવું, અને એકાગ્રતાનું બળ વધવું એ સત્શ્રુતલેખનના અનુભવથી સમજાય છે. ગ્રંથલેખનમાં આત્મલક્ષે વિવિધ વિષયોનું ચિંતન વાસ્તવમાં જીવને સંવરભાવ માટે સહાયક બને છે. ભૂમિકાનુસાર નિર્જરાનું કાર્ય પણ સિદ્ધ થાય છે. તેમાં ખરેખર ગુરુકૃપાનું જ માહાત્મ્ય છે તેમ સમજાય છે. કેવળ સ્વ-પર-શ્રેયરૂપ આ નિર્દોષ પ્રવૃત્તિમાં કોઈ અન્ય અભિલાષા ન હોવાથી તેની ફળશ્રુતિ કેવળ આનંદદાતા બને છે. પ્રસ્તુત ગ્રંથનું માહાત્મ્ય પણ અનુપમેય મનાયું છે. તેથી તેનું સંપાદન કરવું તેમાં અહોભાગ્ય માનું છું.

## કલ્પસૂત્રની વાચના વિષે

મૂળ કલ્પસૂત્ર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુની કૃતિ છે. આ કલ્પસૂત્ર ગ્રંથ તેમણે પ્રત્યાખ્યાનપ્રવાહ નામના નવમા પર્વના દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે રચ્યો હતો. તેનાં ઘણાં ભાષાંતરો અને ટીકાઓ લખાયાં છે.

પૂર્વકાળે મુનિવરો નવકલ્પ વિહાર કરતા અને એ રીતે ક્રમે કરીને જે સ્થાનમાં ચાતુર્માસ રહેવાનું થાય ત્યાં ભાદરવા સુદ પંચમીને દિવસે રાત્રિએ સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા પછી એક યોગ્ય સાધુ સૂત્રપાઠ ઊભે ઊભે બોલતા અને બીજા સર્વ સાધુ "કપ્પસમ્મ પાવતિય કાઉસગ્ગં કરેમિ" કહી કાઉસગ્ગ કરી એ મુખપાઠ સાંભળતા. પરંતુ આનંદપુરના રાજાના પ્રિય પુત્રના અકાળ અવસાનથી તે રાજાને શોકમુક્ત કરવા જનસમુદાયમાં પણ કલ્પસૂત્રની વાચનાનો પ્રારંભ થયો. ત્યાર પછી વર્તમાનકાળે મુનિવરો જનકલ્યાણ નિમિત્તે પર્યુષણપર્વમાં પાંચ દિવસ તેની વાચના કરે છે અને સંવત્સરીને દિવસે પૂરા ગ્રંથનાં બારસો સૂત્ર વાંચી સંભળાવે છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે આ ગ્રંથની વાચનાનો પ્રારંભ થયો હતો.

આમ કાળને અનુસારે વાચના, ટીકા અને લેખનની પદ્ધતિ વિકસતી ગઈ છે તેનો આપણને સહેજે ખ્યાલ આવે છે. તેથી આ ગ્રંથનું માહાત્મ્ય વધે છે.

## કથાસારમાં શું છે ?

શ્રી કલ્પસૂત્ર કથાસારમાં મુખ્યત્વે ભગવાન શ્રીમહાવીર, શ્રીપાર્શ્વનાથ, શ્રીઅરિષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નેમિનાથ તથા શ્રીઆદીશ્વરનાં જીવનચરિત્રોનાં રહસ્યો આલેખ્યાં છે. તે પ્રથમ શ્રાવકને ઉપયોગી પાંચ કર્તવ્યો મૂક્યાં છે અને પાછળ પરિશિષ્ટમાં સાધુચર્યાની પ્રણાલી જાણવા કે સમજવા સમાચારી અને સ્થવિરાવલી મૂક્યાં છે. વાસ્તવમાં જૈન દર્શનમાં પ્રસ્તુત ગ્રંથનું માહાત્મ્ય સવિશેષ મનાયું છે, તે ભગવાનનાં જીવનચરિત્રોને આધારે છે.

આનંદ હો, મંગળ હો.

## ચોથી આવૃત્તિ સમયે શું ઉમેરાયું ?

શ્રી કલ્પસૂત્ર કથાસારની પ્રથમ આવૃત્તિ ૨૦૪૪માં પ્રગટ થઈ ત્યાર પછી બીજા વર્ષે ૨૦૪૫માં બીજી આવૃત્તિ અને વળી એક વર્ષમાં ત્રીજી આવૃત્તિ ૨૦૪૬માં પ્રગટ થઈ. સરળ ભાષા અને રોચક શૈલીમાં પ્રસ્તુત ગ્રંથ ભવ્ય જીવોને રુચિકર થયો તેમાં આનંદ છે. વળી ચોથી આવૃત્તિની આવશ્યકતા ઊભી થઈ. આથી વાચકવર્ગના ઉત્સાહથી પ્રેરિત થઈ પ્રસ્તુત આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવું છું.

ચોથી આવૃત્તિમાં કરેલા ફેરફાર શું છે ?

(૧) બધાં જ ચિત્રો બદલ્યાં છે. વાચકવર્ગને અલગ અલગ પ્રકારની શૈલીની પદ્ધતિ જાણવા મળે, રુચિકર લાગે અને મહાપુરુષોના પ્રસંગોનો મહિમા આવે, તેવા આશયથી બધાં જ ચિત્રો બદલ્યાં છે.

(૨) ચાર તીર્થંકરની કથાના સારમાં ત્રિશષ્ટિષલાકાપુરુષનાં કથાનકોમાંથી વાચકોને રુચિકર થાય તેમ થોડો કથાનો વિસ્તાર કર્યો છે. જેમ કે નેમિનાથના નવ ભવનું વર્ણન, ઋષભદેવના સમયનું જગતનું સ્વરૂપ.

આવા થોડા ફેરફાર કરવાનો હેતુ વાચકવર્ગને ભગવાનનાં ચરિત્રો વિશેષપણે બોધદાયક થાય તે છે.

(૩) શ્રાવકનાં કર્તવ્યોમાં પણ વિશેષ બોધરૂપે સારાંશનો ઉમેરો કર્યો છે, જેથી ભવ્ય જીવો આ કાળમાં તે કર્તવ્યોનું યથાર્થ પાલન કરી શકે.

વિનીત

સુનંદાબહેન વોહોરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અભ્યાસીઓને ઉપયોગી કેટલીક ઐતિહાસિક માહિતી

પૂ. ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજવિરચિત શ્રી કલ્પસૂત્ર સુખબોધિકા ગ્રંથમાં આપેલી ડૉ. હર્મન જેકોબીની પ્રસ્તાવનાને આધારે અત્રે સંક્ષિપ્ત વિગત આપવામાં આવી છે. તેમાં જણાવે છે કે ડૉ. હર્મન જેકોબીએ આ પ્રસ્તાવનામાં મુખ્યત્વે ઐતિહાસિક દૃષ્ટિને જ પ્રાધાન્ય આપ્યું છે. વળી જેમ જેમ નવાં પ્રમાણો મળતાં ગયાં તેમ તેમ તેમણે ઘણા ફેરફાર પણ કર્યા છે. તેમનો મૂળ ગ્રંથ અપ્રાપ્યવત્ હોવાથી તેની પ્રસ્તાવના આ ટીકાગ્રંથમાં મૂકવામાં આવી છે. તેમના નિર્ણયો અક્ષરશઃ માન્ય રાખીએ છીએ તેમ ન માનવું છતાં તેમણે જે તુલનાત્મક પરિશ્રમ કર્યો છે તે અભિનંદનીય છે.

પ્રસ્તુત માહિતીમાં પ્રસ્તાવનામાંથી ઉપયોગી ફકરાઓ જ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. ડૉ. હર્મન જેકોબી પ્રસ્તાવનામાં જણાવે છે કે આ સંપૂર્ણ ઉપોદ્‌ઘાતમાં સર્વત્ર મેં શ્વેતાંબર સંપ્રદાયનો જ આધાર લીધો છે, દિગંબરોની પોતાની સાંપ્રદાયિક માન્યતા છે, જે શ્વેતાંબર સંપ્રદાયથી અગત્યની બાબતોમાં ભિન્નતા ધરાવે છે.

જૈન સાહિત્ય JAINSITE.com જયતુ જયતિ શાસનમ્

શ્વેતાંબરોની પરંપરાનુસાર મહાવીર-નિર્વાણનો સમય વિક્રમ સંવત પહેલાં ૪૭૦ વર્ષે આવે છે અને દિગંબરોના મતે વિક્રમ સંવત પૂર્વે ૬૦૫ વર્ષે આવે છે. આ ૧૩૫ વર્ષનો તફાવત એ સંવત અને શક વચ્ચેના કાલની બરાબર છે.

કલ્પસૂત્રના લોકવિશ્રુત લેખક ભદ્રબાહુ વિષે તેઓ જણાવે છે કે એમના સંબંધની હકીકતો અનૈતિહાસિક દંતકથાઓ સાથે ભેળસેળ થઈ ગઈ છે, તેમાંથી સત્ત્વ તારવવું મુશ્કેલ છે.

સ્થવિરાવલી અનુસાર મહાવીર પછી ભદ્રબાહુ છઠ્ઠા સ્થવિર હતા. તેમના ગોત્રનું નામ 'પ્રાચીન' હતું. તેઓ યશોભદ્રના શિષ્ય હતા. તેમને ગોદાસ, અગ્નિદત્ત, જનદત્ત અને સોમદત્ત નામના ચાર શિષ્યો હતા.

વજસ્વામી પછી પૂર્વોનું જ્ઞાન લુપ્ત થતું જતું હતું. આથી પાટલિપુત્રના સંઘે ૧૧ અંગો એકત્ર કરી દૃષ્ટિવાદ નામના*બારમા અંગને પ્રાપ્ત કરવા માટે ૪૯૯ સાધુઓને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થૂલભદ્રજી સાથે ભદ્રબાહુજી પાસે મોકલ્યા. તે સમયે તેમણે 'મહાપ્રાણવ્રત' અંગીકાર

ગયું હોવાથી પોતાના શિષ્યોને ઘણો જ અલ્પ પાઠ આપી શકતા હતા. આથી કંટાળીને ૪૯૯ શિષ્યો અભ્યાસ છોડી ચાલી ગયા. ફક્ત સ્થૂલભદ્ર દશપૂર્વ શીખ્યા પણ પછી તેમનો દોષ થવાથી તેમને બાકીના પૂર્વ શીખવવાની ના પાડી. પરંતુ જ્યારે તેમણે અત્યંત નમ્રપણે ક્ષમા માગી ત્યારે તથા સંઘની વિનંતીથી ભદ્રબાહુએ સ્થૂલભદ્રને બાકીના ચાર પૂર્વ તેઓ અન્યને શીખવે નહિ તેવી શરતે શીખવ્યા.

મહાવીર-નિર્વાણ પછી ૧૭૦ વર્ષ વીતી ગયા પછી ભદ્રબાહુ સમાધિપૂર્વક સ્વર્ગલોક પામ્યા.

જૈન સાહિત્યનો સર્વોત્કૃષ્ટ અને પવિત્ર ભાગ તે ૪૫ આગમો છે. તેમાંના કેટલાકના કર્તાઓનાં નામ આપવામાં આવ્યાં છે. દશવૈકાલિકના કર્તા શય્યંભવ, દશાશ્રુતસ્કંધ તથા વ્યવહારસૂત્રના કર્તા ભદ્રબાહુ બતાવવામાં આવ્યા છે. આ ૪૫ આગમો મહાવીરે પ્રરૂપ્યા છે એમ કહેવાનો અર્થ એવો નથી કે તેમણે સાક્ષાત્ આ અંગઉપાંગોની રચના કરી છે. પણ તેનો ભાવાર્થ એમ છે કે આગમોમાં વર્ણવેલી હકીકતો તેમણે ઉપદેશી હતી. ઘણાંખરાં સૂત્રોની શરૂઆતમાં આપેલી નોંધ ઉપરથી જણાય છે કે તે સુધર્માસ્વામીએ જંબુસ્વામીને કહ્યાં હતાં. ભદ્રબાહુના સમયમાં અગિયાર અંગો મોજૂદ હતાં એમ હકીકત પરથી જણાય છે.

છેલ્લામાં છેલ્લું જૈનસૂત્રોનું પુસ્તકાધિરોહણ સામાન્ય અને પ્રાચીન માન્યતાના આધારે વિ. સં. ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યું હતું. દેવર્ધિગણિએ ૪૫ આગમોને નષ્ટ થતાં જોયા ત્યારે તેમણે વલભીપુરના સંઘની મદદથી તે પુસ્તકારૂઢ કરાવ્યાં. એ પહેલાં આચાર્યો શિષ્યોને પુસ્તકની અપેક્ષા સિવાય મુખપાઠે જ સૂત્ર શીખવતા હતા તે હવે પુસ્તકની સહાયથી શીખવવા લાગ્યા.

જૈન ધર્મના બુદ્ધઘોષ દેવર્ધિગણિએ ખાસ કરીને સમગ્ર સાંપ્રદાયિક જૈન સાહિત્ય કે જે તે વખતનાં પુસ્તકોમાંથી અને વિદ્યમાન આચાર્યોના મુખેથી મળ્યું હતું, તે સર્વ આગમોના રૂપમાં ગોઠવ્યું. આ કાર્ય ઘણું મોડું થયું હતું તેથી ઘણા આગમો તો જર્જરિત થઈ ગયા હતા. તેમાંથી અમુક ત્રુટક ત્રુટક ભાગ જ બાકી રહ્યા હતા, તેને દેવર્ધિગ[illegible] પોતાને ઠીક લાગ્યું તે પ્રમાણે અનુસંધિત કર્યા, ઘણા આગમોમાં અસંબદ્ધ અ[illegible]

www.jainsite.com For Private & Personal Use Only jinsite@jainsite.com

વર્ણનો મળી આવે છે તેનું કારણ આ હોઈ શકે. છતાં આજે જે કંઈ આગમો મળી આવ્યા છે તેનું સંપાદન દેવર્ધિગણિને જ આભારી છે. તેમણે તેને અધ્યાયોમાં, અધ્યયનોમાં વિભક્ત કે ગ્રંથગણનાની પદ્ધતિમાં દાખલ કર્યા. તે ગ્રંથગણનામાં સો સો અગર હજાર હજાર શ્લોકની સંખ્યાસૂચક અંકો હસ્તલિખિત પ્રતિઓમાં સર્વત્ર એક જ રૂપમાં લખવામાં આવેલા છે. તેનો ઉદ્દેશ એ હતો કે તેમાં ખોટા ઉમેરા થવા ન પામે. જોકે આ ઉદ્દેશ સફળ થયો નથી. કારણ કે ટીકાકારોએ પોતાની ટીકામાં અનેક પાઠાંતરોનો નિર્દેશ કરેલો છે. પ્રાચીન સૂત્રોની જે જે ટીકાઓ અત્યારે વિદ્યમાન છે તે સઘળી સીધી કે આડકતરી રીતે પ્રાકૃતમાં રચાયેલી પ્રાચીન ચૂર્ણિઓ અગર વૃત્તિઓના આધારે લખાયેલી છે. તે હાલમાં ક્વચિત જ અસ્તિત્વ ધરાવે છે.

દેવર્ધિગણિના સમય પર્યંતની જૈન સાહિત્યની અવ્ય સ્થિત સ્થિતિ ઉપરથી એ અનુમાન પણ કરી શકાય એવું છે કે જે ભાષામાં તે પવિત્ર જ્ઞાન એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવતું હતું તેમાં ક્રમથી ફેરફારો થતા ગયા. જે ભાષામાં મહાવીર અને તેમના શિષ્યો કે ગણધરો બોલતા હતા તે તો ખરેખર મગધ દેશની ભાષા હતી. જૈનો તેને 'માગધી' કહે છે. માગધી ભાષાનો પ્રકાર જોતાં તે જૈન પ્રાકૃત માગધીથી ભિન્ન છે. જનસમુદાયની આ વ્યવહારુ ભાષામાં ગૂંથાયેલાં ધર્મશાસ્ત્રોનું જ્ઞાન જે પુરુષો મુખપાઠથી બીજાઓને આપતા હતા તેઓ તે ભાષાને પોતાના દેશ અને કાળની પ્રચલિત ભાષા સાથે બંધબેસતી કરતા હતા. આવું ભાષાપરિવર્તન થાય તેમાં કંઈ આશ્ચર્ય નથી.

કલ્પસૂત્ર વિષે લખે છે કે તે આગમો જેટલું મહત્ત્વનું નથી. શ્વેતાંબર સંપ્રદાયમાં તે પ્રતિષ્ઠિત ગ્રંથ મનાય છે અને પ્રતિવર્ષ વર્ષાવાસ-પર્યુષણપર્વમાં તે ધર્મસભામાં વંચાય છે, તેથી તેનું સવિશેષ માહાત્મ્ય ગણાય છે.

આ કલ્પસૂત્ર ભદ્રબાહુસ્વામીની કૃતિ છે. આ ગ્રંથની વસ્તુ તેમણે પ્રત્યાખ્યાનપ્રવાહ નામના નવમા પર્વમાંથી લઈ દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયન રૂપે કલ્પસૂત્ર રચ્યું છે.

પરંપરા કથાનુસાર જૈનાગમોના નવીન સંસ્કરણ વખતે દેવર્ધિગણિએ જિનચરિત્ર, સ્થવિરાવલી અને સમાચારી એ ત્રણે ભાગોને કલ્પસૂત્ર એવા નામ નીચે એક જ પુસ્તકમાં પુસ્તકારૂઢ કર્યા હોય તેમ જણાય છે. આખું કલ્પસૂત્ર ૩૨ અક્ષરનો ગ્રંથ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે સો સો ગ્રંથોની પ્રમાણવાળી શતીઓમાં રચેલું છે, જેથી તેમાં પછીના ઉમેરા થવા ન પામે. કલ્પસૂત્રમાં આવા ૧૨૧૬ ગ્રંથો હોવાથી તેને 'બારસેં સૂત્ર' કહેવામાં આવે છે. છતાં તેમાં ક્યાંક ફરક જોવામાં આવે છે.

પહેલાંના વખતમાં આખું કલ્પસૂત્ર પર્યુષણની પ્રથમ રાત્રિએ (ટીકા પ્રમાણે અંતિમ રાત્રિએ) વાંચવામાં આવતું હતું. પરંતુ આનંદપુરના રાજા ધ્રુવસેનને તેના સેનાગંજ નામના પ્રિય પુત્રના મૃત્યુશોકથી મુક્ત કરવા અર્થે સભામાં વાંચવાની શરૂઆત થઈ, ત્યારથી તેની નવ વાચનાઓ થાય છે.

**કલ્પસૂત્રની મુખ્ય ત્રણ ટીકાઓ નીચે પ્રમાણે છે :**

(૧) વિનયવિજયજી કૃત સુખબોધિકા, સં. ૧૭૬૬, ગ્રંથપરિમાણ ૫૪૦૦ છે. અત્રે મુંબઈના સંગ્રહનો ઉપયોગ કર્યો છે.

(૨) ધર્મસાગરકૃત કિરણાવલી ઉર્ફે વ્યાખ્યાનપદ્ધતિ, સં. ૧૬૨૮. ગ્રંથસંખ્યા ૭૦૦૦ છે. મુંબઈ.

(૩) સમયસુંદરકૃત કલ્પલતા. બાદશાહ અકબરના વખતનું અનુમાન કરી શકાય છે. કથંચિત્ સં. ૧૬૯૯ની છે અને ગ્રંથસંખ્યા ૭૭૦૦ છે.

ત્યાર પછી અન્ય ટીકાકારોની પણ લક્ષ્મીવલ્લભકૃત કલ્પદ્રુમ જેવી સૂત્ર રચનાઓ થઈ છે.

ડૉ. હર્મન જેકોબીએ આ પ્રસ્તાવનામાં સર્વત્ર શ્વેતાંબર સંપ્રદાયનો જ આધાર લીધો છે. કેટલાંક વિધાનો દિગંબર સંપ્રદાયથી ભિન્ન પડે છે. ભદ્રબાહુસ્વામીને શ્રુતકેવળી તરીકે બંને આમ્નાય સ્વીકારે છે. ત્યાર પછીની પરંપરામાં બંને સંપ્રદાયમાં ભિન્નતા જોવામાં આવે છે.

(શ્રી વિનયવિજયજીકૃત સુખબોધિકા ગ્રંથની ડૉ. હર્મન જેકોબીની પ્રસ્તાવનામાંથી મુખ્ય મુખ્ય નોંધો લીધી છે. આ શ્રી કલ્પસૂત્ર કથાસાર એ ગ્રંથના મુખ્ય આધારે જ રચવામાં આવ્યો છે.)

o o o o

JAINSITE.com जैन साइट जयतु शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તમ ધર્મ, અનુપમ ગ્રંથ અને સ્મૃતિવંદના

# અર્પણ

ધર્મસંસ્કારોના સિંચનથી અમારા જીવનને હર્યું-ભર્યું અને સમૃદ્ધ કરનાર અને જીવનમાં ઉત્તમ સાત્ત્વિક ગુણોનો વારસો આપનાર અમારા

**પૂ. પિતાશ્રી પનાલાલ ઉમાભાઈ હઠીસીંગ**

તથા

ધર્મનિષ્ઠ, સંસ્કૃત ભાષાનાં વિદૂષી અને આચારધર્મનું અપૂર્વ શિક્ષણ આપનાર

**પૂ. માતુશ્રી મહાલક્ષ્મીબહેન પનાલાલ શેઠને**

આ ઉત્તમ ગ્રંથરૂપ પુષ્પ સાદર સમર્પિત
કરતાં અંતરમાં અપાર ઋણભાવ અનુભવીએ છીએ

તથા

ગુજરાતની ગૌરવભરી મહાન પરંપરાના અગ્રણી, સમર્થ ઉદ્યોગપતિ, શિલ્પના સ્રષ્ટા અને કેળવણીના દ્રષ્ટા તેમજ અમારા જીવનના સદાના માર્ગદર્શક

**શ્રેષ્ઠીવર્ય પૂ. શ્રી કસ્તુરભાઈ લાલભાઈની**

અનુપમ પુણ્યસમૃતિને આ ગ્રંથ સાદર અર્પિત કરીએ છીએ.

અમે છીએ આપના સદાના ઉપકારી


પદ્માબહેન અરવિંદભાઈ      અરવિંદભાઈ પનાલાલ

તથા

સમગ્ર પરિવાર

o o o o o

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## સ્વ. શેઠ શ્રી પનાલાલ ઉમાભાઈ

જન્મ : વિ.સં. ૧૮૫૧
વૈશાખ સુદ ૧૨

સ્વર્ગવાસ : વિ.સં. ૨૦૨૩
આસો સુદ ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સ્વ. અ. સૌ. શ્રી મહાલક્ષ્મીબહેન પનાલાલ શેઠ

જન્મ : વિ.સં. ૧૮૫૧
વૈશાખ વદ ૫

સ્વર્ગવાસ : વિ.સં. ૨૦૧૩
કારતક સુદ ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગુણઅનુમોદના

ઉત્તમ ધર્મ, અનુપમ વારસો, ઊંડી જ્ઞાનપિપાસા અને વિશિષ્ટ સેવાવૃત્તિ ધરાવતા શ્રી અરવિંદભાઈ પનાલાલનું સ્થાન જૈન સમાજમાં સુપરિચિત અને પ્રતિષ્ઠિત છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થના ટ્રસ્ટી તરીકે તેઓની સેવા અને કાર્યકુશળતા જાણીતી છે. એ જ રીતે ભોયણી, જેસલમેર, ગંધાર જેવાં તીર્થોના ટ્રસ્ટી તરીકે એના સંચાલનમાં સુચારુ ફાળો આપી રહ્યા છે. એમની પાસે તીર્થોની રક્ષા, વૃદ્ધિ અને વ્યવસ્થાની આગવી સૂઝ છે. ધાર્મિક કાર્ય પાર પાડવાની વિશિષ્ટ કુનેહ છે અને જિનશાસનના વિકાસ માટેની અનોખી ધગશ છે.

ગુજરાતના નારીજીવનના ગૌરવસમા હરકુંવર શેઠાણી એમનાં મહાગૌરવશાળી પૂર્વજ છે. એમના પિતા પનાલાલભાઈ અહિંસા અને જીવદયાના આજીવન ભેખધારી હતા.

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી અરવિંદભાઈએ માત્ર ભારતમાં જ જિનમંદિરોને સહાય કરી નથી બલ્કે લોસ એંજલિસ અને હ્યુસ્ટન જેવા શહેરોમાં જૈનધર્મની આરાધના માટે તૈયાર થતાં દેરાસરોમાં એમણે તમામ સહયોગ આપ્યો છે અને વિદેશનાં જૈન સેન્ટરોને ધાર્મિક વહીવટની બાબતમાં તેઓનું વખતોવખત માર્ગદર્શન લે છે. સુશ્રાવિકા પદ્માબહેન છેલ્લાં પાંચેક વર્ષથી અમારા સ્વાધ્યાયવર્ગમાં નિયમિત આવે છે અને ધર્મમાર્ગનાં જે જે રહસ્યો એમને સમજાય તેનું પોતાના પ્રત્યક્ષ જીવનમાં આચરણ પણ કરે છે. આથી જ એમના જીવન, કાર્ય અને સ્વાધ્યાયમાં સાચો ધર્મ પામ્યાનો સાત્ત્વિક આનંદ અને ધર્મમય જીવનની શાંત પ્રભા નજરે પડે છે. અમારા યાત્રાપ્રવાસમાં પણ તેઓ સદૈવ આવે છે અને એમની હાજરીને પરિણામે યાત્રાપ્રવાસની સુવિધાઓ સચવાઈ જાય છે.

એક દંપતી તરીકે અરવિંદભાઈ અને પદ્માબહેનનું જીવન આદર્શ જીવન છે. બંને પરસ્પરની ધર્મભાવનાની અનુમોદના કરીને પરસ્પરના જીવનને વધુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ને વધુ ધર્મમાર્ગે વાળે છે. આમ એમનો સહિયારો પુરુષાર્થ ધર્મક્ષેત્રમાં પ્રગટતો જોવા મળે છે. આજના સમયમાં આવો દંપતીનો સુયોગ વિરલ જ ગણાય. આ દંપતીનો પરિચય આપવાની તક પણ ગુણ-અનુમોદનાને કારણે લીધી છે.

છેલ્લાં ત્રણેક વર્ષથી પદ્માબહેનની ઇચ્છા હતી કે એમના ટ્રસ્ટ દ્વારા તેઓ જ્ઞાનોપાસનાના કાર્યમાં નિમિત્ત બને. પ્રસ્તુત પુસ્તક શ્રી કલ્પસૂત્ર કથાસાર દ્વારા એમની એ ભાવના પૂર્ણ થઈ છે. આ ગ્રંથપ્રકાશન માટે અર્થસહયોગ આપવા બદલ શ્રી અરવિંદભાઈ પન્નાલાલ અને શ્રીમતી પદ્માબહેનને અત્યંત ધન્યવાદ આપું છું. સાથોસાથ એવી સદ્દ્ભાવના પાઠવું છું કે આવાં મંગલમય સુકૃત્યો કરીને જીવન ધન્ય બનાવે અને તીર્થંકર પરમાત્મા આ માટે તેમને તેવું બળ અને દીર્ઘાયુ આપે.

અમારાં તમામ કાર્યોમાં સસ્નેહ અને નિસ્પૃહતાથી સાથ આપવા માટે આ સજ્જન દંપતીને હાર્દિક ધન્યવાદ આપું છું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સુનંદાબહેન
અભિવાદન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આભારદર્શન

૧. પરોક્ષપણે પ્રસ્તુત ગ્રંથમાં ભૂતપૂર્વ પૂજ્ય શ્રી વિનયવિજયજી મહારાજશ્રી કે જેમના સુખબોધિકા ગ્રંથના આધારે આ લેખન સરળ રીતે થઈ શક્યું છે, તે બદલ ઋણી છું.

૨. શ્રી હેમચંદ્રાચાર્યરચિત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાંથી કંઈક આધાર લીધો છે, તે માટે આભારી છું.

૩. ચાર આવૃત્તિના પ્રકાશનમાં જેણે જેણે અર્થસહયોગ કર્યો છે તે સૌનો આભાર.

૪. વિદ્યમાન પૂજ્યપાદ આચાર્યશ્રી યશોદેવસૂરિજી કે જેમણે ચિત્રસંપુટમાંથી ચિત્રોની રચના કરવાની સંમતિ આપી છે, તથા શેઠશ્રી આણંદજી કલ્યાણજી દ્વારા પ્રગટ થયેલ ચિત્રસંપુટમાંથી ચિત્રો લેવા બદલ તથા ચિત્રોને સુંદર રીતે તૈયાર કરવા માટે જય પંચોલી, આભાર.

૫. ચોથી આવૃત્તિના પ્રકાશનમાં ધર્મલાભરૂપ શુભાશિષ અને પ્રેરણા આપવા માટે વિદ્યમાન પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરિ મહારાજ સાહેબ.

૬. પ્રસ્તુત ગ્રંથને વિશાળ વાચકવર્ગે આવકાર્યો છે તે સૌનો આભાર માનું છું.

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## અર્થ સહયોગ

### કેમ ભુલાય ?

પ્રસ્તુત ગ્રંથના ભૂતપૂર્વ અર્થસહયોગના દાતાઓને કેમ ભુલાય ? શાસ્ત્રજ્ઞાન પ્રભાવનાના પાયાના પ્રેરકનો યશ તેમને ફાળે જાય છે.

પ્રથમ આવૃત્તિના અર્થપુરસ્કર્તા સુધા તથા કુમુદચંદ્ર મહેતા, લંડન.

બીજી આવૃત્તિના અર્થપુરસ્કર્તા, આશિતાબહેન કાંતિલાલ શેઠ તથા કાંતિલાલ કેશવલાલ શેઠ, મુંબઈ.

ત્રીજી આવૃત્તિના અર્થપુરસ્કર્તા સુધા તથા કુમુદચંદ્ર મહેતા, તથા શ્રી આશિતાબહેન કાંતિલાલ શેઠ, મુંબઈ.

વળી ત્રીજી આવૃત્તિમાં ગ્રંથને કલાત્મક રીતે તૈયાર કરી છપાવી આપનાર શ્રી શૈલેશભાઈ પટેલ, મુંબઈ.

શ્રી પનાલાલ **ઉમાભાઈ** ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ચોથી આવૃત્તિના અર્થસહયોગના પ્રેરક છે શ્રી પદ્માબહેન અરવિંદભાઈ શેઠ તથા શ્રી અરવિંદભાઈ પનાલાલ શેઠ, અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિષયાનુક્રમ


પાના નંબર

૧. નમ્ર નિવેદનમ્ ..................

૨. અભ્યાસીઓને ઉપયોગી કેટલીક ઐતિહાસિક માહિતી ..................

૩. શ્રાવકનાં પાંચ કર્તવ્યો ..................

૪. ભગવાન શ્રી મહાવીરનું જીવનચરિત્ર ગણધરવાદ સહિત .................. ૪

૫. ભગવાન શ્રી પાર્શ્વનાથનું જીવનચરિત્ર .................. ૧૫

૬. ભગવાન શ્રી નેમિનાથનું જીવનચરિત્ર .................. ૧૭

૭. ભગવાન શ્રી ઋષભદેવનું જીવનચરિત્ર .................. ૧૯

૮. સામાચારી, સ્થવિરાવલી, પરિશિષ્ટ .................. ૨૩


## લેખિકાના અન્ય પ્રકાશનો, શિષ્ટ સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | વિગત |
|---|---|---|
| ૧. | શ્રી કલ્પસૂત્ર કથાસાર | સચિત્ર |
| ૨. | શાંતિપથ-દર્શન ભાગ-૧ | તાત્ત્વિક દૃષ્ટિનો ગ્રંથ |
| ૩. | શાંતિપથ-દર્શન ભાગ-૨ | તાત્ત્વિક દૃષ્ટિનો ગ્રંથ |
| ૪. | સુખી જીવનની ચાવી તમારા હાથમાં | જીવન વિષયક લેખો |
| ૫. | નવતત્ત્વનો સરળ પરિચય ૬. જીવસૃષ્ટિનું પરિજ્ઞાન | સચિત્ર |
| ૭. | મુક્તિબીજ | સમ્યક્ દર્શન વિશે |
| ૮. | આઠે કોઠે અજવાળા | ગુણ ગ્રહણતા વિશે |
| ૯. | અંતરનાદ | ૨૫૦ ગીતો-પદો-સ્તવનો |
| ૧૦. | ઔષધ જે ભવરોગના | શ્રીમદ્ રાજચંદ્ર પત્રવિવેચન |
| ૧૧. | ત્રૈકાલિક આત્મવિજ્ઞાન | તાત્ત્વિક લેખોનું સંપાદન લે. શ્રી પન્નાલાલ ગાંધી |
| ૧૨. | તે ભલે સુખે સૂએ | જીવનની સમસ્યાનું સમાધાન |
| ૧૩. | Nine Reals | નવતત્ત્વ અંગ્રેજીમાં |
| ૧૪. | તત્ત્વાર્થ મીમાંસા | તત્ત્વાર્થસૂત્ર |
| ૧૫. | મૌનધારી મહાવીરથી મળેલી હિતશિક્ષા | |
| ૧૬. | શાલિભદ્રની સંક્ષિપ્તકથા | (અલ્પ સંખ્યામાં છે) |
| ૧૭. | અંતરની કેડીએ | સુવાક્ય રચના |
| ૧૮. | કેડીને કંડારો | નાની દૃષ્ટાંત કથાઓ |
| ૧૯. | મુક્તિનો ટહુકારો ૨૦. પાવક પંથ | કાર્ડની જેમ પુસ્તિકા |

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રાવકનાં પાંચ કર્તવ્યો

## [ પ્રથમ દિવસ : વ્યાખ્યાનસાર ]

પર્વાધિરાજ પર્યુષણપર્વ આરાધના માટેના ઉત્તમ દિવસો છે. વ્યવહાર-વ્યાપારમાં વ્યસ્ત ગૃહસ્થ બારે માસ ધર્મારાધના કરી શકે તેવો યોગ મળવો કઠણ છે. તેથી આચાર્ય ભગવંતોએ ઉપકારભૂત પર્વોની રચના કરી છે. આ આઠ દિવસ પાપપ્રવૃત્તિથી મુક્ત થઈ શ્રાવક-સાધક નિષ્ઠાપૂર્વક ધર્મારાધના કરે અને વળી નિત્ય જીવનમાં નિયમની આરાધના કરે તો પર્યુષણના નૈમિત્તિકપર્વથી આત્મશ્રેય થવા સંભવ છે. પર્યુષણપર્વ પૂર્ણ થતાં આરાધના પૂર્ણ થતી નથી, પણ તેમાંથી ધર્મભાવના દૃઢ થઈને નિત્ય ધર્મકાર્ય કરવાનું પ્રેરણાબળ ટકે તેવો તેનો હેતુ છે. અને તે કારણથી શ્રાવકનાં પાંચ કર્તવ્યોનું સૌ પ્રથમના ત્રણ દિવસમાં વાચન - સ્વાધ્યાય કરવામાં આવે છે. તેનો સાર ગ્રહણ કરી લેવાનો આ ઉત્તમ અવસર છે.

જૈન સાઈટ JAINSITE .com

### શ્રાવકનાં પાંચ કર્તવ્યો

- ૧. અમારિ પ્રવર્તન — નિર્દોષ મૂક પ્રાણીની રક્ષા કરો.
- ૨. સાધર્મિક વાત્સલ્ય — ધર્મપ્રેમી બંધુઓનું બહુમાન કરો.
- ૩. પરસ્પર ક્ષમાપના — સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવનું આદાનપ્રદાન કરો.
- ૪. અઠ્ઠમ તપ — ત્રણ દિવસ ઉપવાસ - આત્મ-ઉપાસના કરો.
- ૫. ચૈત્ય પરિપાટી — જિનમંદિરમાં ભક્તિ ભાવના - દેવદર્શન કરો.

આ પાંચ કર્તવ્યો ઉપરાંત બીજાં કર્તવ્યો પણ છે. આ પાંચ કર્તવ્યોનું પ્રતિપાલન જીવનશુદ્ધિ માટે છે, તેમાં વ્યાવહારિક અને પારમાર્થિક બંને હેતુ સમાયા છે. જૈનદર્શનની વાસ્તવિકતા એ છે કે વ્યવહાર અને નિશ્ચય-પરમાર્થ બંનેનું તે તે હેતુએ સ્થાન માન્યું છે. તેને અનેકાન્ત દૃષ્ટિ કહે છે. તે પ્રમાણે પાંચ કર્તવ્યોને વિસ્તારથી સમજવાં અત્યંતાવશ્યક છે. તે સામાન્ય ધર્મરૂપ હોવા છતાં પરમાર્થમૂલક ભૂમિકા માટે અગત્યનાં છે. પરમાર્થસાધક આત્મા આ પાંચ કર્તવ્યોનું પાલન કરીને વિશેષ ધર્મરૂપ જીવનશુદ્ધિની ભૂમિકામાં આવે છે, અનુક્રમે પરમાર્થને ગ્રહણ કરે છે.

## ૧. અ-મારિ પ્રવર્તન : નિર્દોષ અને મૂક પ્રાણીઓની રક્ષા કરો

તે કાળ અને તે સમય એવો હતો કે ત્યારે આ ભારતભૂમિમાં ઇસ્લામી રાજ્ય હતું. તે સમયે અકબર આ દેશનો સમ્રાટ – બાદશાહ હતો. તે સાત્ત્વિક વૃત્તિનો હતો અને સૌની ધર્મભાવનાને માન આપતો હતો. જોકે તે વાતાવરણમાં ધર્મની પ્રભાવનાને જાળવવા આચાર્યોને ઘણું સહન કરવું પડતું અને તેથી તે સમયે ધર્મધુરંધરો રાજામહારાજાના સંપર્કમાં રહેતા કે જેથી તેમના દ્વારા ધર્મપ્રભાવના સારી રીતે થઈ શકે. છતાં પોતાના આચારનું કડકપણે પાલન કરતા. કથંચિત્ જૈનોના એવા દૃઢ આચાર, આહારશુદ્ધિ અને અનેકાન્ત દૃષ્ટિયુક્ત કથનથી રાજાઓ સંતુષ્ટ અને પ્રભાવિત થતા.

ભારતભૂમિમાં જૈન ધર્માવલંબી વસ્તીનું પ્રમાણ અલ્પસંખ્યક છે. છતાં તેનો પ્રભાવ રહ્યો છે તેનું કારણ પણ તેમની અહિંસાધર્મની મૂળ પ્રણાલી, આચાર, આહારશુદ્ધિ અને અનેકાન્ત શૈલી છે.

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

### * અમારિ-પ્રવર્તન, અ-મારિ પડહ એટલે અહિંસાનો પ્રચાર અને તેનું પાલન

આમ તો પૂરા ભારતદેશમાં હિંસા અને માંસાહારના ઓળા પથરાઈ ગયા હતા. શાકાહારી પણ માંસાહારમાં પ્રવૃત્ત થતા જતા હતા. કુદરતે તેમના હાથ, નખ અને દાંતની રચના શાકાહારને સૂચવતી કરી છે, તે ભૂલીને તેઓ હિંસક પશુવૃત્તિમાં પરાધીન થતા હતા. સભ્યતા પણ વીસરાઈ ગઈ હતી. તે કાળે જૈનધર્માવલંબી મુનિઓ પર્યુષણપર્વમાં તે સમયના રાજાને સમજાવી આઠ દિવસ રાજ્યમાં અહિંસાધર્મનું પાલન કરવા-કરાવવા અનુરોધ કરતા હતા, જેથી નિરપરાધી મૂક પશુઓનું રક્ષણ થઈ શકે અને મનુષ્યો પાપાચારથી દૂર રહે.

આજે, આ દેશમાં માંસાહાર એટલો વ્યાપક બન્યો છે કે એક દિવસ પણ તેનાથી મુક્ત રહેવું લોકોને કઠણ લાગે છે. છતાં માંસાહારી પ્રજાના ધર્મમાં પણ કુરાન જેવાં શાસ્ત્રોમાં પવિત્ર દિવસે માંસાહારનો ત્યાગ જણાવ્યો છે. તે દર્શાવે છે કે માંસાહાર માનવ માટે ઉચિત કર્મ નથી. ઇંગ્લૅન્ડ-અમેરિકા જેવા દેશોમાં છેલ્લાં થોડાં વરસથી તે દેશવાસીઓએ પણ વેજિટેરિયન સોસાયટી સ્થાપી છે; તેમાં જોડાય છે અને શાકાહારનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રચાર કરે છે. કમનસીબી છે કે હિંદુ અને જૈન કુટુંબનાં સંતાનો પોતાના સંસ્કારનો ત્યાગ કરી આવા પાપાચારમાં જોડાઈ આ જીવન તો વેડફે છે, પણ ભાવિ જીવનને પણ અવગતિમાં લઈ જશે. તેનાથી બચવા આ કર્તવ્યનો આચાર કડકપણે પાળવો સર્વકાળને માટે ઉચિત છે.

## ચંપાબાઈનું દૃષ્ટાંત

આ કથા અકબર બાદશાહના સમયની છે. તે દિવસો ચોમાસી પર્વના હતા. દિલ્હી પાટનગરમાં ચંપાબાઈ નામક સુશ્રાવિકાએ છ માસના ઉપવાસ કર્યા હતા. તેના બહુમાનમાં એક ધર્મયાત્રા નીકળી હતી. સૌ આનંદપ્રમોદ કરતા હતા. ત્યાં બાદશાહ અકબરની સવારી નીકળી. તેણે પૃચ્છા કરી કે આ શું છે ? તેની જાણમાં આવ્યું કે આ તો સુશ્રાવિકાના વ્રતનું બહુમાન છે.

બાદશાહ આશ્ચર્ય પામ્યો કે છ માસ સુધી કોઈ મનુષ્ય આહાર, દૂધ, ફળ વગર રહી શકે તે સંભવ છે ? હજી પાંચસાત દિવસ બાકી હતા. તેણે આ વાતની ખાતરી કરવા ચંપાબાઈના નિવાસે ચોકી ગોઠવી. તે ચોકીદારોએ જોયું કે શ્રાવિકાને લગભગ છ માસ જેવા ઉપવાસ થવા આવ્યા છે છતાં હજી તો આહાર વગર જ દિવસો પસાર કરે છે. તેઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા. બાદશાહને સર્વ વિગત જણાવવામાં આવી. બાદશાહ જાતે ચંપાબાઈ પાસે આવ્યો. તેને વંદન-વિનય કર્યાં અને આવી તપશ્ચર્યાનો ભેદ પૂછ્યો. ચંપાબાઈએ જવાબમાં કહ્યું કે આ ગુરુકૃપા – આચાર્યકૃપા છે.

પ્રશ્ન : તમારા ગુરુ કોણ છે ?

જવાબ : પૂ. શ્રી હીરવિજયજી આચાર્ય ભગવંત.

બાદશાહે સદ્‌ભાવનાથી ઉત્તેજિત થઈને આચાર્યશ્રીનું ઠામઠેકાણું મેળવ્યું અને તરત જ સાંઢણીઓ તથા પાલખીઓ લઈને ગુરુજીને લેવા શીઘ્ર ગતિએ અનુચરો મોકલી ફરમાન કાઢ્યું કે પૂ. ગુરુદેવને જ્યાં હોય ત્યાંથી રાજ્યમાં હાજર કરો. આ સંદેશો લઈને અનુચરો ગંધાર પ્રદેશમાં આચાર્યશ્રી પાસે પહોંચ્યા. આચાર્યશ્રીની સલામતીની જવાબદારી ત્યાંના સંઘની હતી. તે સમય કપરો હતો. પ્રારંભમાં તો આ ફરમાન પર કોઈને વિશ્વાસ ન આવ્યો. પણ બાદશાહને તો ગુરુદેવને મળવાની – જોવાની ઘણી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીવ્ર ઇચ્છા હતી. એટલે પુનઃ પુનઃ ફરમાન છૂટવા લાગ્યાં. બીજી બાજુ સંઘ શંકામાં પડ્યો કે શું હશે ?

છેવટે વાત આચાર્યશ્રી પાસે પહોંચી. તેમને વળી ભય કેવો ? તેમણે સંદેશવાહકોને સમજાવી સાંઢણી-રથ વગેરે પાછાં મોકલ્યાં અને કહેવરાવ્યું કે જૈન સાધુ અહિંસાધર્મમાં શ્રદ્ધાવાન છે. વળી ત્યાગી છે તેથી પગપાળા આવશે. બાદશાહ અને તેના વજીરો તો આશ્ચર્ય પામ્યા. આવા સાધનનો ઉપયોગ ન કરવો અને ધન વગર જીવન ચલાવવું તે જૈન સાધુઓની આગવી જીવનત્યાગની પદ્ધતિ છે.

સંઘે બહુમાનપૂર્વક યોગ્ય વ્યવસ્થા કરી આચાર્યશ્રીને વિદાય આપી. આચાર્યશ્રી ઉગ્ર વિહાર કરીને દિલ્હી નજીક પહોંચ્યા ત્યારે વળી બાદશાહે પાલખી વગેરે મોકલ્યાં, પણ આચાર્યશ્રીએ પોતાના આચાર જણાવી તે સૌ સાધનો પાછાં મોકલ્યાં. છતાં પગપાળા શક્ય તેટલી ઝડપે પહોંચ્યા. તે સમયે નગરના નાનામોટા લાખો માનવોએ જાતિભેદ ભૂલીને આચાર્યશ્રી અને તેમના પરિવારનું અત્યંત બહુમાન કર્યું. જૈન સાધુના ત્યાગ, આચાર, વિચાર, વિહાર અને નિઃસ્પૃહતાથી રાજાપ્રજા અત્યંત પ્રભાવિત થયાં.

## બાદશાહે અહિંસાધર્મને આવકાર આપ્યો

અકબર બાદશાહ આચાર્યશ્રીના ઉપદેશથી બોધ પામ્યો અને તેણે અહિંસાધર્મનો સ્વીકાર કર્યો. જે બાદશાહ શિકારના શોખથી રંગાયેલો હતો, જેણે આગ્રાથી અજમેર સુધી કૂવા-મિનારાઓ બંધાવ્યા હતા, તે ઉપર સેંકડો હરણોનાં શિંગડાંનું સુશોભન કરાવ્યું હતું, જેમાં તે આનંદ માનતો હતો, તે બાદશાહ જૈન આચાર્યના ત્યાગ અને સંયમથી પ્રભાવિત થઈ અહિંસક બન્યો.

એક વાર અકબર બાદશાહ પ્રવાસેથી પાછા ફરતા હતા. માર્ગમાં વિસામો લેવા તંબૂઓ નાખવામાં આવ્યા હતા. તે તંબૂની ટોચે એક ચકલીએ માળો બાંધ્યો અને ઈંડાં મૂક્યાં. બાદશાહની નજર એ તંબૂ પરના ચકલીના માળા પર ગઈ. આજે તો તંબૂ ઉઠાવવાના હતા. અહિંસક બનેલા બાદશાહે ચકલીનાં ઈંડાંના રક્ષણ માટે તંબૂને ઉપાડવા ન દીધો અને માણસોને પણ રોક્યા કે ચકલીનાં ઈંડાંમાંથી બચ્ચાં થાય, તે ઊડી જાય પછી તંબૂ ઉપાડીને આવજો. સાધુસંતોનો ઉપદેશ દોષને મૂળમાંથી કાઢીને આવા ઉત્કૃષ્ટ ગુણોના આચારનું બીજ-બળ રોપી દે છે. સાચો જિજ્ઞાસુ જિંદગીભર તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રક્ષણ કરે છે અને તેમાંથી નવા અંકુરો ફૂટતા જાય છે. એમ અનેક ગુણોયુક્ત જીવ સમ્યગ્દશાને પામે છે. કૃતાર્થ થાય છે.

## બાદશાહે કહ્યું તમારા આઠ : અમારા ચાર : કુલ બાર

અહિંસક બનેલા બાદશાહે એક વાર ઉપકારવશ આચાર્યશ્રીને વિનંતી કરી કે આપને મેં ઘણે દૂરથી પગપાળા બોલાવ્યા છે, અને આપ તો મારું કંઈ જ અંગીકાર કરતા નથી. પણ મારી ભાવના છે કે આપ કંઈક તો અંગીકાર કરો. બાદશાહની ભાવનાને સાકાર કરવા આચાર્યશ્રીએ કહ્યું કે :

(૧) પર્યુષણ પર્વ આવે ત્યારે આઠ દિવસ અ-મારિ – અહિંસા ધર્મ પાળવો-પળાવવો, અર્થાત્ કતલખાનાં બંધ રખાવવાં.

(૨) તે દિવસોમાં બંદીખાનાના કેદીઓને મુક્ત કરવા.

આચાર્યશ્રીની માગણીના શ્રવણથી બાદશાહ તો આશ્ચર્ય પામ્યો કે કેવી નિઃસ્પૃહતા અને નિઃસ્વાર્થતા છે ! પ્રભાવિત થઈને તેમણે કહ્યું કે આપના આઠ દિવસમાં મારા ચાર દિવસો ઉમેરીને બાર દિવસ આપનો આદેશ પાળવામાં આવશે.

શ્રાવણ વદ દશમથી ભાદરવા સુદ છઠ સુધી નીચેના દેશોમાં અ-મારિ પ્રવર્તનનું ફરમાન કાઢી બાદશાહે તે આચાર્યશ્રીને સુપરત કર્યું.

ગુજરાત, માળવા, અજમેર, દિલ્હી, ફતેહપુર, લાહોર, મુલતાન આ દેશોમાં પર્યુષણના દિવસોમાં અ-મારિ પ્રવર્તન પાળવામાં આવ્યું અને ત્યાર પછી પણ અકબર બાદશાહ ઉપદેશ સાંભળીને બોધ પામતો રહ્યો અને તે અ-મારિ પ્રવર્તન છ માસ સુધી લંબાવવામાં આવ્યું.

આજે કાળના પરિબળે આવા આચારપાલનમાં ઘણું અંતર પડી ગયું છે, છતાં યુગે યુગે મહાન પુરુષો એવા આચારનું પુનરાવર્તન કરાવી જગતના જીવોને પાપમુક્ત કરે છે. સામાન્યપણે વિચારીએ કે એ કાળમાં છ માસ સુધી જે જે પ્રદેશોમાં અહિંસા પળાઈ તે દિવસોમાં લાખો મૂક પશુઓ – નિરપરાધી જીવો બચવા પામ્યા. કેવળ એક જ માનવનો કે કુટુંબનો વિચાર કરવામાં આવે કે તેને માટે રોજ એક જીવને મારવામાં આવતો હોય તો તે માંસાહારી કુટુંબ અર્થે વર્ષે ૩૬૦ જીવોની અને તેને ૫૦ વર્ષે ગુણવામાં આવે તો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

૩૬૦ x ૫૦ = ૧૮૦૦ જીવોની કતલ થાય. એક કુટુંબ કે એક માનવ માટે વર્ષે કેટલા જીવોનો ભોગ લેવાય છે ! આટલા જીવોને મારીને એ જીવ જો સુખ ભોગવવાની આંકાક્ષા રાખે તો ભલે વર્તમાનમાં એ પૂર્વનું પુણ્ય ભોગવી મસ્તાનો રહે, પણ પરલોકમાં પરિણામ ફળશે પુણ્યના કે પાપના. ત્યારે કોઈ બચાવી કે છોડાવી શકશે નહિ.

આથી જો તમે ફક્ત એક જ માનવ કે કુટુંબનો માંસાહાર છોડાવો તો તેમાં કેટલા જીવો પર ઉપકાર થાય છે તે વિચારો. તેવાં દૂષણો પ્રત્યે નિષ્ક્રિય ન રહો પણ સક્રિયપણે તમારા અહિંસામૂલક વિચારના પ્રવાહને વહેતો મૂકો. તમારાં સંતાનોને એ દૂષણથી દૂર રાખો. તેમાં પ્રોત્સાહન આપી પાપના ભાગીદાર ના બનો. તેવું પાપ કરનાર અને તમારા ધન વડે તે વિષયોને પોષનાર આ જન્મના તમારા પુત્રાદિ ખરેખર તમને પણ પાપના ભાગીદાર બનાવે તો તે પુત્ર મિત્ર નથી પણ શત્રુ છે. તેની શરમ સંકોચ ના રાખો. પણ તેવા પાપથી મુક્ત થઈ જાઓ. જીવનનું સત્ત્વ મોહવશ ગુમાવી ન દો. તેવા પાપથી બચો અને બચાવો. નિરપરાધી પશુઓએ તમારો કંઈ ગુનો કર્યો નથી તો પછી તમે શા માટે કુદરતના નિયમનો ભંગ કરી અપરાધ કરો છો ?

ભગવાન મહાવીરનું સૂત્ર છે : "જીવો અને જીવવા દો."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## સારાંશ : અ–મારિ પ્રવર્તન

જીવો અને જીવવા દો, અર્થાત્ તમે સુજ્ઞજન છો, તમે સૃષ્ટિના મૂક જીવો માટે તમારું ભોગસુખ ઘટાડો, જતું કરો અને તેમને યાતનાઓથી બચાવો. સૂત્રધારોએ આપેલા ઇરિયાવહી સૂત્રનું શ્રવણ અને મનન કરી તે પ્રમાણે વર્તન કરો. વળી પ્રભુપ્રરૂપિત અહિંસાનું ક્ષેત્ર તો વિશ્વવ્યાપી છે. પરમ કરુણા, વાત્સલ્ય અને અનુકંપાના ઉદ્‌ગાર છે, "સર્વ જીવો સ્વરૂપમય પૂર્ણસુખના સ્વામી બનો." આપણી શક્તિ પરિમિત છે, એટલે આપણું કાર્ય પણ પરિમિત રહેશે. જે જીવોનો તમારી સાથે પ્રત્યક્ષ સંબંધ નથી તેનું કલ્યાણ ઇચ્છો. જે જીવોનો જેવા કે પૃથ્વી આદિ સાથેનો તમારો સંબંધ ઉપકારી છે, તો તેમના પ્રત્યે અનુકંપા રાખો, અને જે જીવો સાથે તમારો વ્યવહાર-સંબંધ છે ત્યાં મૈત્રી અને સમભાવ રાખો. તો જ આપણે પ્રભુપ્રેરિત અહિંસાનો મર્મ અને ધર્મ પામી શકીશું.

અમારિ પ્રવર્તન બાદશાહે ફરમાનથી પ્રવર્તાવ્યું. તે તેમનો પુણ્યયોગ હતો. શ્રાવકે પ્રભુએ નિર્દેશેલા અમારિ – અહિંસાધર્મનું સ્વયં પાલન કરવાનું છે. ભગવાન અને ભક્તનો રાહ એક જ હોય, અંતર એટલું છે કે ભગવાન આગળ છે, ભક્તો પાછળ છે. અર્થાત્ ભગવાન સાધનાથી પર છે, ભક્તો સાધનામાં છે. પણ રાહ એક જ છે.

ભગવાન મહાવીરે અહિંસાના ચાર અભિગમ દર્શાવ્યા : મૈત્રી, સમતા, નિર્ભયતા અને કરુણા.

મૈત્રી : જગતના જીવો સાથે નિર્વૈરબુદ્ધિ, નિર્મળ સંબંધ જે તેમણે શૂલપાણિના ઉપસર્ગ વખતે પ્રગટ કર્યો. શૂલપાણિનાં તોફાન સહેતા જ ગયા. તે શાંત થયો ત્યારે મૈત્રીભાવે તેને માર્ગે વાળી લીધો.

સમતા : ગોવાળે કાનમાં શૂળો ભોંકી દીધી. દેહભાવથી વિરક્ત સમતાથી ભરપૂર હૃદયે પ્રભુએ એ સહજપણે સહી લીધું. પુદ્ગલ ધર્મે મુખમાંથી ચીસ નીકળી ગઈ, પણ પ્રભુને ગોવાળના વર્તનનું સ્મરણ ન હતું. કરેલાં કર્મોનો સમભાવે સ્વીકાર તે તેમનું આત્મસંશોધન સમતાથી ભરપૂર હતું. પ્રાણીમાત્ર સાથે સમતાનો સેતુ બાંધો. તમે સુખી જગત સુખી.

નિર્ભયતા : ઇન્દ્રે કહ્યું, 'પ્રભુ ! ઘોર ઉપસર્ગો જોઈ રહ્યો છું. મને સેવામાં રહેવા દો.' પ્રભુએ નિર્ભયતાથી જવાબ આપ્યો, હે ઇન્દ્ર ! આત્મસંશોધન નિર્ભયતાનો આયામ છે. તેમાં રક્ષણ-રક્ષકના ભેદ નથી. અને પ્રભુ સાડાબાર વર્ષ સુધી એકાકી ઘોર જંગલોમાં, શૂન્ય આવાસોમાં, અનાર્ય ભૂમિમાં વિહરતા જ રહ્યા. રોહિણિયા જેવા જીવોને ચરણમાં સ્થાન આપી તે તે પ્રદેશોને નિર્ભય કર્યા. ચંડકૌશિકનાં ઝેર ઉતારી જંગલનાં પાન, પાણી, જંતુ અને માનવને નિર્ભયતા આપી.

કરુણા : બસ કરુણા વરસાવી, અને સંગમના ઘોર ઉપસર્ગને સમતાથી સહી, અકંપપણે આત્મપરિણામી રહી, તેની પાછળ બે અશ્રુબિંદુઓ વહાવ્યાં.

જગતના જીવોને એ મૌનધારીએ શું આપ્યું ?

જે આપ્યું તે અમૂલ્ય છે. હે જીવો ! મૈત્રી કેળવો. તમે જેવું કરશો તેવું પામશો ! તમારું આયુષ્ય અલ્પ અને અનિયત છે, કાળનો કંઈ ભરોસો નથી પછી શાને માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૈત્રીને સ્થાને જગતનાં પાર્થિવ સાધનો પાછળ મૂર્ખાઈ કરી, પૂર્વના યોગે મળેલા સંયોગમાં વેર ઉત્પન્ન કરો છો ? માનવો સાથે પ્રેમથી રહો, આદરથી રહો. તેમના ગુણોને જાણો. તમે જે પ્રેમનાં બી વાવશો તે હજારગણાં થઈને તમને સુખ આપવા શોધી લેશે. અને જે વૈરભાવ કે અભાવ સેવ્યો તે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તમને પાતાળમાં ધકેલી દેશે. એક ભવના થોડા સમયના પાર્થિવ સુખ ખાતર અનંત ભવનું અનંત દુઃખ શા માટે ઊભું કરો છો ? અટકી જાઓ, અને મૈત્રીભાવનામાં ડૂબકી મારો. તમે સુખી અને તમે જ્યાં જાઓ ત્યાં સર્વ સુખી.

મૈત્રીભાવમાં તમે જીવનને જોડો પછી તેની અનુગામિની સમતા તમને શોધી લેશે. મૈત્રીભાવના રાગદ્વેષથી ઉપરની ભૂમિનું પ્રયાણ છે. સમતા એ પ્રયાણ પછીની કેડી બની રહે છે. રાગથી દુઃખ ઉત્પન્ન થાય છે, મારા માન્યા છે તેમાં અપેક્ષાઓની ઇમારત રચાય છે, અને તેમાં ક્યાંક એક ઈંટ ખસે તો દુઃખ ઊપજે છે. દ્વેષથી તો દુઃખ છે, દ્વેષયુક્ત દૃષ્ટિ અતિ સંકુચિત છે, અન્યનું સુખ જોઈ શકતી નથી. લેવાદેવા વગર દ્વેષ ઊભો થાય છે જે દુઃખદાયી છે. રાગથી સુખનો ભાસ પેદા થઈ જીવ છેતરાય છે. દ્વેષથી ભાવહિંસાને સેવી કર્મો ઉપાર્જન કરે છે. તે બંનેથી મુક્ત સમતામાં જ સુખ છે. નિર્ભયતાથી સમતાની કેડી કંડાર્યા પછી તમને ભય શો ? મારું શું થશે ?-એવી વ્યથા શા માટે ? મરણનો કે જીવનનો ભય શો ? જે કંઈ બને છે તે પોતાનું ભૂતકાળનું સર્જન છે. તેના પરિણામને સ્વીકારવા તત્પર રહો. તમારી આત્મશક્તિ પ્રગટ થઈ તમારું રક્ષણ કરશે.

જે નિર્ભય છે તે અન્યને પણ ભયમુક્ત કરે છે. તેનાથી કરુણાનો સ્રોત વહે છે. કરુણા અહિંસાનું અસીમ સાધન છે. વૈરાગ્ય સાથે એનો ગાઢ સંબંધ છે. વૈરાગ્યભાવ અહિંસા છે. જેના જીવનમાં વાત્સલ્ય પ્રગટે છે તે કરુણાના સાગરનો પાર પામે છે. ભાવઅહિંસા કરુણાનું પાદ્ચિહ્ન છે.

આથી પ્રભુની અહિંસા એ સમષ્ટિના ફલકની છે, આપણા ભાવમાં સીમિત થતી નથી પણ સમષ્ટિમાં વ્યાપ્ત બને છે, ત્યારે જીવ પણ સ્વયં મુક્તિને પાત્ર બને છે. આથી પ્રભુએ અહિંસાનાં દ્રવ્ય-અહિંસા અને ભાવ-અહિંસા બે સ્વરૂપ બતાવ્યાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્ય-અહિંસામાં સમસ્ત જીવો પ્રત્યે પ્રેમપૂર્ણ નિઃસ્પૃહભાવ, નિર્વૈરબુદ્ધિ અને અનુકંપા રાખો, તમે જીવો તેનાથી તે જીવોને વિશેષ સુખ આપો. અને ભાવ-અહિંસામાં તમારા આત્માને બચાવો. રાગ-દ્વેષ, હર્ષ-શોક, સંયોગ-વિયોગ, રતિ-અરતિનાં દ્વંદ્વથી આત્માને રક્ષિત રાખો. આત્મસ્વરૂપમાં રાગાદિ દ્વંદ્વ નથી. તે દ્વંદ્વને ગ્રહણ કરી ભાવહિંસા આચરો નહિ. તે માટે સમતા આદિ ગુણોનું સતત સેવન કરી ભાવઅહિંસામાં જીવો, તેમાં જ અપ્રતિમ સુખ છે જે તેમને શાશ્વત માર્ગે લઈ જવા પર્યાપ્ત છે.

મહાવીરની અહિંસાને ફક્ત જીવદયાના દાનમાં, કોઈ દિવસ વનસ્પતિના ત્યાગમાં, કોઈ સામાન્ય લૂખી જયણામાં કે જયણાનાં ઉપકરણોમાં સમાવી ન દો, પણ તેને પોતાના આત્મા સુધી પહોંચાડો, અર્થાત્ આત્મસાત્ થવા દો. એ બાહ્ય ક્રિયા તે પુણ્યના દ્વાર સુધીની છે. તે પછીની નિર્જરા જે ભાવતત્ત્વ છે, જેનાથી આત્મા મુક્ત થાય છે, ત્યાં સુધી જવા માટે તમે પ્રથમ આત્માને સ્વના સમતાભાવમાં જીવવા દો. ત્યાં કોઈ ગણતરી ન મૂકો કે એમાંથી મને પાર્થિવ લાભ કેટલો છે ? પરંતુ શ્રમણ મહાવીરે ગૃહસ્થ દશામાં અને દીક્ષાકાળમાં જે નિર્મળતા, નિઃસ્પૃહતા અને નિકાંક્ષાનું અભિયાન બતાવ્યું તેના અંશને ગ્રહણ કરો.

ભગવાન મહાવીરને અહિંસાની ચરમસીમા પર પહોંચવા, સમતાના શિખરને સર કરવા, આત્મસંશોધનના ઊંડાણમાં જવા જે જે કરવું પડ્યું તે ભાઈ ! તારા ભાગ્યમાં નથી અથવા તો તારો માર્ગ એવો કઠિન નથી. તને તે માર્ગની તૈયાર થાળી મળી છે. અર્થાત્ ભગવાને ભારે પરિશ્રમ કરી જે મેળવ્યું તે તારા માટે બોધરૂપે પ્રગટ કર્યું. તું ફક્ત તેમની ભક્તિ અને આજ્ઞામાં રહે, તારે માટે માર્ગ સરળ બનશે. તેમાં કેવળ બુદ્ધિને જોડીને ભૂલો ન પડીશ પણ શ્રદ્ધાથી આરાધજે. હૃદયમાં કોમળતા ધારણ કરજે. સાધનામાં કંઈક કઠોરતા ધારણ કરજે. તું અહિંસાધર્મને પાત્ર થઈશ. તારે માટે એ જ અમારિ પ્રવર્તન છે.

આચાર્યશ્રીનો જગતના જીવો પ્રત્યેનો અનુકંપાનો ભાવ અને તિર્યંચનાં દુઃખો પ્રત્યેની કરુણાએ બાદશાહને ઉત્તમ કાર્ય કરવા પ્રત્યે પ્રેરણા આપી, તેમની નિઃસ્પૃહતાએ તેમને ધર્મમાર્ગમાં પ્રવૃત્ત કર્યા. આચાર્ય જિનેશ્વરના ફરમાનને અનુસર્યા અને રાજાના ફરમાનને પ્રજા અનુસરી, એમ અનેક જીવો મૃત્યુના મુખમાંથી બચી ગયા. જ્ઞાની પુરુષો કાળના પરિબળને જાણીને ધર્મની પ્રરૂપણા કરે છે, આચાર કરાવે છે, કારણ કે તેઓ નિઃસ્પૃહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેથી તેઓ માનાદિને શોધતા નથી; માન તેમને શોધે છે. છતાં તેઓ તો આત્મહિતમાં જ પ્રવર્તે છે.

અમારિ પ્રવર્તનના જાહેરનામાની રાહ સાધકે – શ્રાવકે જોવાની ન હોય. એ પ્રાસંગિક ધર્મ છે. જિનાજ્ઞા એ નિત્યધર્મ છે. જીવો અને જીવવા દો – આ સુવાક્યનો મર્મ ઘણો ઊંડો છે.

જીવો એટલે તમે સ્વયં તમારી સ્વદયાને ચિંતવો કે શાશ્વતસુખનો સ્વામી, ક્ષુદ્રતાભર્યા સુખમાં કેમ અટકી ગયો ? મોક્ષસ્વરૂપ એવો આત્મા મોહમાં કેમ ખૂંપી ગયો ? જ્ઞાનસ્વરૂપ એવો સ્વ-પર-પ્રકાશિત આત્મા અંધકારમાં કેમ અટવાઈ ગયો ? શુકલધ્યાનનો અર્થી દુર્ધ્યાનમાં ક્યાં ફેંકાઈ ગયો ? છોડાવો, આવા અચિંત્યસ્વરૂપ આત્માને પરિભ્રમણથી છોડાવો, એવા ભાવ તે ભાવ-અહિંસા છે, સ્વદયા છે.

સ્વદયાના મર્મને જાણનારો પરના હિતાર્થમાં સહજપણે વર્તે, પરપીડા તે તેની પીડા બને, જેવું સુખ પોતાને પ્રિય છે તેવું જ સુખ અન્યને આપવા પ્રવૃત્ત રહે, પરોપકારમાં તેને વળતર ખપતું ન હોય. 'જગત સુખી, હું સુખી' એવી ભાવનાયુક્ત પરદયા હોય. પછીની ભૂમિકામાં અર્થાત્ અધ્યાત્મની ભૂમિકામાં તો સ્વ-પરભેદ પણ રહેતા નથી. પરદયા એ દ્રવ્યદયા છે.

આવા અહિંસાધર્મના પાલન માટેની અમારિ પ્રવર્તન જેવી પ્રક્રિયા હોય છે. માટે હે ભવ્યો ! કાળને જાણો અને જીવનના વહેણને બદલો, વિશાળતાને કેળવો અને સુખ પામો. જિનાજ્ઞાને અનુસરો અને રાગાદિ ભાવને ઘટાડો, ક્ષીણ કરો. સુખી થવાનો એ સાચો માર્ગ છે.

આજના ભૌતિક વિજ્ઞાને એક પક્ષે મૂક સૃષ્ટિના જગતમાં ઘણો સંહાર આદર્યો છે. બીજે પક્ષે વિચારીએ તો આપણે જાગ્રત થઈએ, આપણી અણસમજભરી પ્રણાલી ત્યજી શકીએ તેવા હિંસક પ્રકારોને જાહેરમાં લાવીને સહાય કરી છે. પ્રાણીજગત સાથે સાચી મૈત્રી ધરાવતા માનવોએ એવા પ્રકારનું સંશોધન કરીને આપણને દેખતા કર્યા છે.

પચીસ-પચાસ વર્ષ પહેલાં જે વસ્તુઓ આપણને નિર્દોષપણે મળતી હતી, તે લોકોની માગ વધતાં સદોષ બની ગઈ છે. જેમ કે રેશમનાં વસ્ત્રો, હજારો કોશેટાના ભોગે એક વસ્ત્ર મળે. કસ્તૂરી, કસ્તૂરિયો મૃગ જે મેળવવા ઝૂરે છે, તેની પાસેથી તે જ વસ્તુ મેળવવા માનવ તેનો સંહાર કરે છે. અંબર નામનો અણાહારી પદાર્થ મેળવવા માછલીને જીવતી જ ફાડે છે. ચાંદી વગેરેના વરખ જે હિંસક સાધનથી બને છે, આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુઓ એક કાળે અલ્પ હિંસાથી બનતી હોય, તે લોકોની માગ વધતાં રૌદ્ર હિંસકપણે મળે ત્યારે અહિંસાવાદી જૈન માત્રને જાગ્રત થવા જેવું છે.

ભૌતિક જગતની અપેક્ષાએ જેને આવા પ્રકારોથી બચવું હોય તેને અન્ય વસ્ત્ર આદિ મળી શકે છે. ચામડાનાં જૂતાંને બદલે રબરનાં કે અન્ય વસ્તુનાં મળે છે. જૈન જગતના ભવ્યાત્માઓ આવી ઝીણવટમાં ઊતરશે તો અજ્ઞાનવશ થતા ઘણા દોષોમાંથી ઊગરી શકશે. યદ્યપિ આ વસ્તુઓનો સદ્‌ઉપયોગ થતો હોય તો પણ તેમાં જયણા – ઉપયોગ રાખવો જરૂરી છે.

જે પ્રવૃત્તિમાં તમારી ભાગીદારી નથી, જેની તમને આવશ્યકતા નથી, જે પ્રકારોમાં હિંસા રહેલી છે, તમે નિષ્ક્રિય છો છતાં, ધર્મપ્રણાલી એવી પ્રતિજ્ઞા લેવરાવે છે, કે જે વડે તમે દ્રવ્ય અને ભાવ બંને દોષથી બચી શકો. આવી સૂક્ષ્મતાવાળી ધર્મની પ્રણાલીમાં હવે જાણીને થતા દોષો પ્રત્યે જાગ્રત થવાનો સમય આપણી સામે આવ્યો છે. છકાય જીવની રક્ષાવાળા સાધુજનો આપણને આવા ઉત્તમ અહિંસામાર્ગે દોરે અને આપણે એ ધર્મનું પાલન કરીએ.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

જૈન દર્શનમાં અહિંસાપાલનમાં અન્ય જીવની રક્ષા અને પાલન માટે ગૃહસ્થ જગડૂશાએ પોતાની તમામ મૂડીનો સદ્‌ઉપયોગ કર્યો. તેમના પુણ્યવંતા પરિવારે તેમાં સાથ આપ્યો, પુત્રવધૂઓએ અંગના અલંકાર અર્પી દીધા. રાજા-મહારાજાઓ શરણે આવેલાના રક્ષણ માટે ધર્મયુદ્ધ આદરી પોતાના પ્રાણને હોડમાં મૂકતા, અને મુનિજનોની જીવરક્ષા તો અદ્‌ભુત જ કહી શકાય. ભૂમિના આધારે રહેલા જીવજંતુ ન મરી જાય તેને માટે પોતે જ વિષમય તુંબડીનો પદાર્થ આરોગી ગયા. વાસ્તવમાં તે દ્રવ્ય અને ભાવ અહિંસા હતી. બહારના જીવોને અભય તે દ્રવ્યઅહિંસા અને અંતરમાં શ્રદ્ધા કે મારો આત્મા અમર છે, તે મરવાનો નથી, શરીર બદલાય છે, તે તો ગમે ત્યારે બદલવાનું છે. આવી મહામૂલી અહિંસાને આપણે માનવસંબંધોમાં જીવન્ત રાખવાની છે.

ગૃહસ્થનું જીવન વ્યવહારયુક્ત છે, શુભાશુભ વૃત્તિવાળું છે. પરંતુ તે જીવનમાં માનવ-જન્મમાં ગુણોનો વિકાસ શક્ય છે. કરીએ તેવું પામવાનું છે. તો પછી શા માટે સૌની સાથે મધુર સંબંધોને નિર્માણ ન કરવા ? આખરે જે કંઈ કર્યું તે અહીં રહેવાનું છે, પરિણામના સંસ્કારો સાથે આવીને સુખદુઃખનું નિર્માણ કરવાના છે માટે હે ભવ્યો ! જીવી જાઓ, પ્રેમ-સ્નેહથી નિર્દોષ જીવન જીવો અને અન્ય જીવોના સુખમાં સહાયક થાઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨. સાધર્મિક વાત્સલ્ય : ધર્મપ્રેમી બંધુઓનું બહુમાન કરો

## સાધર્મિક વાત્સલ્યનું માહાત્મ્ય

મનુષ્ય વ્યાવહારિકપણે સામાજિક પ્રાણી છે. તે સમૂહમાં રહેવાની વૃત્તિવાળો છે. પરમાર્થે તો સાધક માટે એકાંતવાસને નિરૂપ્યો છે. આગળ વધેલો સાધક કે મુનિ એકાંતનું સેવન કરે છે. સમૂહમાં રહેવાવાળા ગૃહાશ્રમીઓ માટે તો સ્વામીવાત્સલ્યનું પ્રયોજન આવશ્યક છે. સમાનધર્મી આત્માઓનું બહુમાન, અને અન્ય દીનદુઃખિયા પ્રત્યે અનુકંપા હોવી તે સ્વામીવાત્સલ્યનાં લક્ષણો છે. સંતોષી, ઉદાર અને સજ્જન ગૃહસ્થ સ્વામીવાત્સલ્યની વાસ્તવિકતા સમજી શકે છે.

વાત્સલ્યનો ભાવ મુખ્યત્વે માતા – સ્ત્રીમાં સવિશેષપણે જોવા મળે છે. તેમાં નિર્દોષતા અને નિઃસ્વાર્થતા હોય છે. તેમ જ ગૃહસ્થને સ્વબંધુઓ પ્રત્યે નિઃસ્વાર્થભાવ હોય છે તે વાત્સલ્યનું લક્ષણ છે. સામાન્ય મિત્રાચારી અને વાત્સલ્યભાવનામાં ફરક છે. મિત્રાચારી અમુક વ્યક્તિ સુધી મર્યાદિત રહે છે. વાત્સલ્યભાવ વિશાળ છે. તેનાથી સંઘર્ષો દૂર રહે છે. સમાનભાવ કેળવાય છે.

મહર્ષિઓ કહે છે કે જગતમાં જીવોએ અનેક વાર માતા, પિતા, પુત્ર-પુત્રી, ભાઈ-ભગિની, પત્ની-પતિ આદિક સંબંધો મેળવ્યા છે અને છોડ્યા છે. પણ પરસ્પર સાધર્મિકપણાનો, વાત્સલ્યભાવનો સંબંધ ક્વચિત જ બને છે. તેમાં વળી ઉચ્ચ આત્માઓની સેવા તો પુણ્યાત્માને જ મળે છે. વળી ત્રાજવાના એક પલ્લામાં સર્વધર્મ મૂકો અને બીજા પલ્લામાં સાધર્મિકની સેવા મૂકો તો બીજું પલ્લું નમે.

જૈનશાસનમાં સ્વામીવાત્સલ્યનો વિશેષ મહિમા છે. સાધર્મિકનો સંબંધ પરમાર્થપ્રેરક છે. સંસારમાં વ્યાપારીઓ મળે તો ધંધાની વાતો કરે પણ સાધર્મિક મળે તો ધર્મની વાત કરે. ગૃહસ્થનું મિલન દેહાશ્રયી વાતોનું પ્રયોજન હોય છે, સાધર્મિકનું પ્રયોજન આત્માશ્રયી હોય છે. એકમાં રાગાદિકનું નિમિત્ત મળે છે, બીજું ધર્મપ્રેરણાનું નિમિત્ત બને છે. સધર્માવલંબી સજ્જનો સન્મિત્ર સમાન છે. જેમ સન્મિત્રો અન્યોન્ય પરમાર્થના માર્ગને અનુસરે છે, તેમ સાધર્મિક બંધુઓ પણ અન્યોન્ય પરમાર્થને અનુસરે છે. તેથી તેનો સંગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તમ મનાયો છે અને તેમનાં સેવા-વિનય મુક્તિમાર્ગની આરાધનાનાં સહાયક બળ માનવામાં આવ્યાં છે.

## સાધર્મીનું પરીક્ષણ

સાધર્મીનો જો આવો મહિમા હોય તો તેવા સાધર્મીનાં લક્ષણ જાણવાં આવશ્યક છે. શ્રાવકકુળમાં જન્મ્યો તે જો સાચો શ્રાવક હોય તો તે અન્યને છેતરે નહિ. ધર્મ અને વ્યવહારનો વર્તાવ હાથીના દાંતની જેમ ચાવવાનો અને દેખાવનો અલગ ન હોય. સાચો શ્રાવક સદ્‌વર્તની અને સરળ હોય. નવકાર ગણવાવાળો જો સાચો જૈન હોય તો તે સાધર્મી કે સાધુમાં વિનય કે પૂજ્યભાવ રાખે; ન રાખે તો તે સાચો જૈન નથી. પંચપરમેષ્ઠી મંત્ર ગણે પણ તેને સૌ પ્રત્યે જગતના પદાર્થના આદર કરતાં હીનભાવ હોય તો તે સાચો જૈન કેવી રીતે કહેવાય ? દેવ-ગુરુમાં પૂર્ણ શ્રદ્ધાવાળો સાધર્મી છે.

સાધર્મી પોતે ધર્મ પાળે, અન્યને પળાવે. ગુરુની આજ્ઞામાં રહેવાવાળો, અન્યને તેનું માહાત્મ્ય સમજાવનારો સાધર્મિક છે. તે સંયમમાર્ગે ચાલવાવાળો છે. ભૌતિક સુખનો અર્થી સાધર્મિક નથી. સર્વજ્ઞપ્રણીત ધર્મથી વિરુદ્ધ બોલનારો, વર્તનારો સાધર્મી નથી. ધર્મને અવલંબતો શ્રદ્ધાવાન સાધર્મી છે. તેનામાં શ્રાવકયોગ્ય ગુણો ધારણ થયા હોય છે. જે સદાચાર જેવા ધર્મ પાળે છે અને પરમાર્થે રત્નત્રયનો આરાધક છે તે સાચો સાધર્મિક છે. તેનું કોઈપણ પ્રકારે બહુમાન કરવું તે સ્વામીવાત્સલ્ય છે. તેવા સાધર્મિકના સમૂહભોજનાદિ વ્યવહારો તે એક ઉપચાર માત્ર છે. સાધર્મી અન્યોન્યના સહચારથી ધર્મઆરાધનામાં દૃઢ થાય છે.

દૃષ્ટાંત: સાચો સાધર્મિક ધર્મને અનુસરતો હોય છે. તેનો ગૃહાશ્રમ ઉત્તમ પ્રકારે નિભાવે છે. સૌના સુખ માટે સભાન હોય છે.

એક વાર એક સજ્જન સાધર્મિક ગૃહસ્થને ધંધામાં ઘણી ખોટ ગઈ. ધીમે ધીમે સંપત્તિ નષ્ટ થવા માંડી. તે ગૃહસ્થે પોતાની પરિસ્થિતિનો વિચાર કરી સૌ પ્રથમ પોતાનાં જે સંપત્તિનાં સાધનો હતાં તેને વેચીને શક્ય તેટલું દેવું ચૂકવી દીધું. શ્રીમંતાઈનો ત્યાગ કરી સામાન્ય ઘરમાં સાદાઈથી રહેવા લાગ્યા અને જેનું દેવું હતું તે સૌને ખાતરી આપી કે જો વળી શુભનો યોગ થશે તો સૌની રકમ ચૂકવી દઈશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘરનાં સંતાનોએ કદી દુઃખ જોયેલું નહિ છતાં (સ્વાર્થવશ) તે ગૃહસ્થ, લોકોને રડાવીને પોતાનાં સંતાનોનું સુખ ન જોતાં, સૌને હિંમત આપતા કે આપણી દાનત સાચી હશે તો વળી શુભનો યોગ થશે. આમ વિચારી હવે જે કંઈ નિવૃત્તિ મળી તેમાં તેઓ ધર્મવૃત્તિ વડે આત્મસાધના કરવામાં પ્રવૃત્ત થયા અને કુટુંબને પણ તેવી ભાવના કરાવતા રહ્યા.

એ જ નગરમાં રહેતા એક સજ્જન મિત્રે વિચાર કર્યો કે ધનસંપત્તિ તો આજ છે ને કાલે ન હોય, પણ આ મિત્રતા ક્યાં મળશે ? ધનસંપત્તિ તો મૂકીને જવાનું છે તો પછી શા માટે આ મિત્રને મદદ ન કરવી ? સાધર્મી દુઃખી તો આપણે વળી આ મોહ શો ? અને તે મિત્ર પેલા દેવાદાર મિત્રની પાસે ગયા. સર્વ વિગત જાણી. હજી દેવાનો આંકડો લગભગ દસ લાખનો બાકી હતો.

બીજા મિત્રે પ્રથમના સજ્જનને કહ્યું કે તમે સૌને ખબર આપી દો કે સૌ પોતાની રકમ લઈ જાય. દેવાદાર સજ્જન આ વાત સાંભળી તેમની સામે જોઈ જ રહ્યા ! થોડી વાર વિચાર કરીને બોલ્યા કે, "ભાઈ, તમે શા માટે આવું સાહસ કરો છો ? હું કંઈ તમને આવી મોટી રકમ તાત્કાલિક આપી શકવાનો નથી."

આમાં ઘણું શીખવાનું છે. પ્રથમ તો પોતાનું તથા પોતાનાં સંતાનોનું સુખ જતું કરીને પણ ઘરબાર વેચીને શક્ય તેટલું દેવું ચૂકવી દીધું. આજે આવા કિસ્સાઓમાં લોકો શું કરે છે તે આપણે જાણીએ છીએ.

બીજું, દસ લાખ જેવી રકમ કોઈ ના જાણે તેમ કશા જ માનની પ્રસિદ્ધિ વગર એક મિત્રને આપવી તે પણ કેવી ઉદારતા છે ! અને વળી ધંધા માટે પણ જોગવાઈ કરી આપી.

હવે જુઓ કુદરતની – ધર્મની કૃપા. જાણે ચમત્કાર થયો હોય તેમ થોડા વખતમાં વળી તે ગૃહસ્થને અશુભયોગ દૂર થયો, અને લક્ષ્મીદેવી શેઠને શોધતાં આવ્યાં. અન્યત્ર તેમને ગમ્યું ન હોય તેમ બધી જ કૃપા વરસાવી દીધી. પોતાની સંપત્તિમાં વૃદ્ધિ થતાં શેઠે સહાય કરનાર મિત્રને કુટુંબ સહિત જમવા નોતર્યા. ભક્તિ કરી જમી-પરવારીને શેઠે સહાયક મિત્રને અર્ધી રકમ પરત કરવા ચેક આપ્યો. સહાયક મિત્રની આંખ અશ્રુભીની થઈ ગઈ. બંને મિત્રો બોલ્યા વગર સજળ નેત્રે ચેકને જોઈ રહ્યા. સહાયક મિત્રે મૌન છોડ્યું અને ચેકને હાથ જ ન લગાડ્યો. "ભાઈ, આ તો સાધર્મિકની સેવા હતી. કોઈ રકમનો અદલોબદલો ન હતો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે શું કરવું ?

બંને મિત્રોએ સમાધાન કર્યું કે આ રકમ સુકૃત્યમાં વાપરવી. દસ લાખ સહાયક મિત્રના અને ભવિષ્યમાં તેટલી રકમ ઉમેરવાના ભાવ કરીને શેઠે આ રકમ દ્વારા સંકટગ્રસ્ત માનવોને સહાય કરવાનું ટ્રસ્ટ કર્યું. સાધર્મિકની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

**સારાંશ – સ્વામીવાત્સલ્ય :**

જૈન દર્શનમાં સ્વધર્મબંધુની ભક્તિ, આદરની પ્રણાલી વિશિષ્ટ છે. તેનો વિશાળતાથી વિચાર કરીએ તો તે કેવળ જૈન ધર્મના સંપ્રદાય સુધી સીમિત નથી. જીવમાત્ર પ્રત્યે આદર કરો. સર્વ જીવમાં પરમાત્માએ જીવત્વ – ચૈતન્યત્વ – જ્ઞાનસ્વરૂપ જોયું છે. પરંતુ આપણા જીવનની મર્યાદામાં સાધર્મિક વાત્સલ્ય એ માનવપ્રેમની નિષ્ઠા માટેનો નિમિત્ત પ્રસંગ છે. આથી જે સદ્ભાગી સાધર્મિક વાત્સલ્ય કરે છે તે ભોજન સમયે સૌની પ્રેમપૂર્વક ભક્તિ કરે છે પરંતુ એ અત્યંત મર્યાદિત બની જાય છે.

जैन साइट JAINSITE .com जयतु जयति शासनम्

મંદિરમાં ભગવાનની સ્થાપના મંદિર પૂરતી મર્યાદિત બને છે, ત્યારે ભક્તિ પણ મંદિરમાં જ સમાઈ જાય છે પણ આપણા વ્યવહાર સુધી વિસ્તરીને વ્યવહારને શુદ્ધ બનાવી શકતી નથી. વ્યાપાર સુધી વિસ્તરીને નીતિમત્તા સુધી પહોંચતી નથી. અને માનવીય સંબંધો સુધી વિસ્તરીને આપણા જીવનને ઉદાત્ત બનાવતી નથી.

તીર્થંકરોએ સેવેલી સર્વ જીવોના સુખની ભાવના આપણામાં એક અંશરૂપે પ્રગટ થવા માટે આવાં અનુષ્ઠાનો છે. તેને આપણે પ્રસંગ ઊજવી તેમાં મર્યાદિત કરી લઈએ છીએ. અને માનવી માનવ પ્રત્યેના માનવધર્મથી વિમુખ બને છે. છતાં જગતમાં આ કાળે જગડૂશા જેવા સજ્જનોએ શાસનની એ ભાવનાને જલતી રાખી છે.

આજે પણ એવા મહાનુભાવોએ આવાં કાર્યોને જીવંત રાખ્યાં છે. તેઓ કદાચ આવી ઉત્સવ-પ્રણાલીને પ્રાધાન્ય નહિ આપતા હોય, પરંતુ તેમનાં કાર્યો હંમેશાં તેમને આપણી વચ્ચે ચિરસ્મરણીય બનાવે છે.

જેના દરબારમાં રાય-રંક, મિત્ર-શત્રુ, ઊંચ-નીચ, વૈશ્ય-શૂદ્રના ભેદ ન હોય તેવા જૈનશાસનમાં સાધર્મિકની વ્યાખ્યા અમુક જ વ્યક્તિ સુધી સીમિત ન હોય. જેના શાસનમાં

પશુને નિર્ભયતા મળી તેના શાસનમાં માનવપ્રેમની વિશાળતા જ હોય. સૂક્ષ્મ જીવજંતુ પ્રત્યે અનુકંપા રાખનાર, મૂક પ્રાણીની રક્ષા માટે હાથ લંબાવનાર માનવપ્રેમ માટે કેવો તત્પર હોય ! અલબત્ત, મૂક સૃષ્ટિ પ્રત્યે આપણી ભાવના ઉત્તમ કોટિની હોવી જોઈએ.

સાધર્મિક-પ્રેમ પ્રસંગ પૂરતો નથી. પરંતુ તમે જ્યાં છો તે ભૂમિમાં તેનો વિસ્તાર કરો. તમે વયમાં નાના છો, વડીલો પ્રત્યે આદર કરો, તેમની જરૂરિયાતને નિભાવો. તમે વડીલ છો, નાનાઓ પ્રત્યે વાત્સલ્ય રાખો. તમારે મિત્ર છે, તેની સાથે નિર્દોષ વ્યવહાર રાખો. તમે સાધુજનોના પરિચયમાં રહી તેમની સેવા કરો. આવા પ્રસંગોમાં જ્યારે સાધર્મિક પ્રેમ વૃદ્ધિ પામે છે ત્યારે માનવ માનવની નજીક આવે છે. જીવનમાંથી સંઘર્ષો ઘટે છે, સંવાદિતા વધે છે.

અનુપમાદેવીનો સાધર્મિક વાત્સલ્યનો પ્રસંગ દૃષ્ટાંતરૂપ છે. તે કેવળ જમણ પૂરતો મર્યાદિત ન હતો. કથા બોલે છે કે દેલવાડા તીર્થના દેરાસરના નિર્માણકાર્યમાં શિલ્પકાર વગેરે પ્રત્યે અનુપમાદેવીએ મા સ્વરૂપે તેમની સેવા કરી હતી. તે સર્વે જૈનધર્મી હોય કે ન હોય, પણ તેઓ નિર્માણકાર્યના સહકારી હતા, એ જ પૂરતું હતું.

એક વ્યાવહારિક પ્રસંગમાં કોઈ યુવાને એક ગૃહસ્થની થેલી ચોરી લીધી. તે વાત પ્રસંગવાળા સદ્‌ગૃહસ્થને કાને પડી. તેમણે તે યુવાનને બોલાવ્યો અને ચોરી કરવાનું કારણ પૂછ્યું. પેલા યુવાનને નોકરી ન હતી. પિતા બીમાર હતા, ઔષધ માટે નાણાં ન હતાં. આ વાત સાંભળી પેલા સદ્‌ગૃહસ્થ ગદ્‌ગદિત થઈ ગયા અને તરત જ તેને પૂરતી સહાય કરી.

એક સજ્જનનું પાકીટ પડી ગયું. તેમાં મોટી રકમ હતી. કોઈ યુવાનના હાથમાં આવતાં, તે સરનામું વાંચી આપવા ગયો. તે યુવાન ગરીબ વિધવાનો પુત્ર હતો. નોકરી વગરનો બેકાર હતો. પેલા સજ્જને તેનો પરિચય માગ્યો. યુવાનની વાત સાંભળીને સજ્જને વિચાર કર્યો, જેને સાંજે ખાવા મળશે કે નહિ તેવી શંકા છે, તેવો યુવાન આવી મોટી રકમમાં પણ લોભાયો નહિ. હું તો ધન પૂરતું હોવા છતાં નીતિમત્તા સાચવતો નથી, સમાજમાં કોનું સ્થાન ઊંચું માનવું ?

આવા મંથને તેની જીવનદૃષ્ટિમાં પરિવર્તન આણ્યું. એ પરિવર્તન પણ કોરા કાળજાવાળું ન હતું. તેણે પેલા યુવાનની સામે અત્યંત સ્નેહભાવે જોયું અને મુખ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૅનેજરના ઉપર ચિઠ્ઠી લખી આપી કે આ યુવાન ગ્રૅજ્યુએટ છે, નિષ્ઠાવાન છે. તેને પ્રથમથી જ સારા હોદ્દા પર મૂકજો.

પાપના ઉદયમાં જો જીવ સદ્‌વિચારને અનુસરે છે તો પુણ્ય જાગે છે, તે જ પ્રમાણે પુણ્યયોગમાં જીવ સદ્વિચારને અનુસરે છે તો પુણ્ય પણ પ્રપંચ વગરનું શુદ્ધ બને છે, જે જીવમાં અધ્યાત્મશક્તિને પ્રગટ કરે છે.

સાધર્મિક ભાવના પુણ્યયોગમાં વૃદ્ધિ કરી બુદ્ધિની શુદ્ધિ કરવા જેવું અનુષ્ઠાન છે. તેને એકાદ પ્રસંગ પૂરતું સીમિત ન કરવું. પણ તમારો હાથ જેટલો લાંબો થઈ શકે તેટલો કરો, તમારું હૃદય જેટલું વિશાળ થઈ શકે તેટલું કરો. તમારી વૃત્તિ જેટલી પરોપકારયુક્ત બને તેટલી વિકસાવો. તમારો આચાર શુદ્ધ રાખો. તેમાં સાધર્મિક ભાવના મહેકી ઊઠશે.

સાધર્મિક ભાવના કેળવવા માટે પ્રથમ તો દૃષ્ટિને સાત્ત્વિક બનાવો, તેમાં સમાન ભાવ પેદા થશે, તો તે જિનાજ્ઞાયુક્ત બનશે. ચર્મચક્ષુ આંખને સુધારનારા હકીમો મળે છે ને ? ભાઈ તારે અંતરદૃષ્ટિને નિર્મળ કરવી છે તો તું જ્ઞાનીપુરુષ-સદ્‌ગુરુ-વૈદ્યની નિશ્રામાં જજે. ત્યાં તારા અંતઃકરણને સ્નાન કરાવજે. મલિનતા દૂર થશે, પછી તું સૌમાં આત્મવત્ વર્તન કરી શકીશ. તે સાચી સાધર્મિકતા છે.

જીવનને નિર્દોષ પ્રેમથી લીલું બનાવો, વૃક્ષો જેવું પરોપકારવૃત્તિવાન બનાવો. વૃક્ષ તડકો વેઠે, છાયા આપે; પથ્થર મારો, ફળ આપે. તમે પણ દુઃખ વેઠો, અન્યને સુખ આપો; અપયશ મળે તોય હસતા રહો. સાધર્મિક વાત્સલ્ય એટલે એક દિવસનો ભોજન-સમારંભ નથી. પણ ગુણપ્રમોદને ધારણ કરો, સાગર જેવા ગંભીર અને ઉદાર બનો. અન્ય માટે પુષ્પ જેવા કોમળ બનો, સંયમ માટે કઠોર બનો. આ કૃતજ્ઞતા, સમભાવ, ઉદારતા અને નમ્રભાવનાના પ્રતીકરૂપે સાધર્મિકતાનું પર્વ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩. ક્ષમાપના : સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવનું આદાનપ્રદાન

[ બીજો દિવસ : વ્યાખ્યાનસાર-૨ ]

ક્ષમા વીરોનું ભૂષણ છે.

ક્ષમા એ સદ્‌ગુણ છે. આત્માનો નિર્મળ ભાવ છે. ક્ષમાને વીરોનું ભૂષણ કહેવામાં આવે છે. યુદ્ધમાં હજારો સુભટોને જીતનાર શૂરવીર હશે પણ તે પોતાની ભૂલનો એકરાર કરી ક્ષમા માગવાનું સાહસ નહિ કરે. અહંના ઓગળ્યા વગર ક્ષમાભાવ ધારણ થતો નથી. વિભાવદશામાં ક્રોધ થાય છે ત્યારે મનુષ્ય એમ માને છે કે ક્રોધ એ મારો સ્વભાવ છે. ભાઈ, ક્રોધ તારો સ્વભાવ નથી. ક્ષમા તારો સ્વભાવ છે. જેમાં કોઈ વિક્રિયા નથી. અજ્ઞાનવશ કે પ્રમાદવશ જીવ માને છે કે ક્રોધાદિ વગર આપણો પ્રભાવ કેમ પડે ? ભાઈ ! ક્રોધ કરવાથી તને આ ભવમાં અપયશનું નુકસાન છે અને પરભવમાં અધોગતિનું નુકસાન છે.

ક્રોધનું કારણ મળતાં એક ક્ષણ વૃત્તિને સંયમમાં રાખવામાં આવે તો અનંત કર્મોનું આવરણ દૂર રહે છે. દુર્નિમિત્તના ઉદયમાં ક્ષમા જેવો ભાવ ધારણ કરવાથી આત્માને લાગેલી મલિનતા ટળે છે. એટલે ક્ષમાને વીરોનું ભૂષણ કહ્યું છે.

जैन साईट JAINSITE.com

"ક્રોધે ક્રોડ પૂરવ તણું સંયમ ફળ જાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય."

### ક્ષમા ધારણ કરો

ક્ષમા એ ક્રોધાદિ કષાયના અસાધ્ય રોગનું એકમાત્ર ઔષધ છે. આ જીવનમાં આજ પર્યંત કોઈ પણ જીવ સાથે વેર, વિરોધ, આક્રોશ, રીસ, અબોલા, દ્વેષ કે અસદ્‌ભાવ થયો હોય તેની ક્ષમા માગવી. જોકે દેહને વિષે રહેલું પોતાપણાનું અહં તેમ થવામાં અંતરાય કરે છે, પરંતુ સંતોના સમાગમે તે અહંકાર હળવો થઈ ક્ષમાપનાને ધારણ કરે છે.

જાણતાં કે અજાણતાં મન, વચન કે કાયાથી કોઈ જીવને દુઃખ પહોંચાડ્યું હોય, પ્રમાદથી, વિષયની આકાંક્ષાથી કષાયથી કે અજ્ઞાનવશ અંગત સ્વાર્થથી, કોઈ પણ પ્રત્યે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અયોગ્ય વર્તન થયું હોય તો ક્ષમા માગવી. સદ્વર્તની કે સમ્યગ્દર્શી આત્માને કોઈ સાથે વેર હોય નહિ છતાં પણ અલ્પજ્ઞતાને કારણે કે અલ્પ રાગાદિને કારણે કંઈ પણ અપરાધજન્ય કૃત્ય થયું હોય તો શુદ્ધભાવથી મનમાં કંઈ પણ શલ્ય - કપટ રાખ્યા વગર ક્ષમા માગવી. મનમાં રીસ કે માયા હોય અને ક્ષમા માગી હોય તો તેનું પરિણામ નહિવત્ આવે છે. તમે અન્યને ખમાવો અને તેનો પ્રતિભાવ બરાબર ન મળે તો પણ તમારો તો ઉપશમ જ થયો. જે ખમાવે તે આરાધક છે. બંને અન્યોન્ય ખમાવે તો તે ઉત્તમ ક્ષમાપના છે. બંને આરાધક છે.

દૃષ્ટાંત: ઉદયન અને ચંડપ્રદ્યોત બંને રાજા હતા. કારણવશાત્ બંને વચ્ચે યુદ્ધ થયું. ચંડપ્રદ્યોત રાજા હાર્યો. ઉદયન રાજાએ તેના કપાળમાં દાસીપતિ એવા શબ્દો લખાવ્યા હતા. આ દિવસો પર્યુષણના હોવાથી ઉદયન રાજાએ ઉપવાસ કર્યો હતો. સદ્ભાવથી પ્રેરાઈને તથા રાજનીતિના ધોરણે ચંડપ્રદ્યોતનું ભોજન રાજના રસોડેથી જતું. ઉદયન રાજાને ઉપવાસ હોવાથી રસોઇયો ચંડપ્રદ્યોતને તેઓ શું ભોજન લેશે તે પૂછવા ગયો અને જણાવ્યું કે ઉદયન રાજાને આજે ઉપવાસ છે. ચંડપ્રદ્યોતે વિચાર કર્યો કે કદાચ આમાં કંઈ કપટ હશે તો મારી જાનહાનિ થશે. તેમ વિચારીને તેણે જણાવ્યું કે મારે પણ ઉપવાસ છે. ઉદયન રાજાને આ વાતની જાણ થઈ. તેમણે વિચાર્યું કે ઉપવાસી ચંડપ્રદ્યોત હવે મારો સાધર્મી બંધુ કહેવાય. માટે તેને સજા ન કરાય. તેણે તેને મુક્ત કરી તેની સાચા ભાવથી ક્ષમાપના માગી અને કપાળમાં 'દાસીપતિ' લખ્યું હતું તેને ઢાંકી દેવા સુંદર સુવર્ણનો પટ બનાવી બાંધી આપ્યો. ઉદયન રાજાની ક્ષમાપના સાચી હતી.

## વ્યર્થ ક્ષમાપના ન કરવી

એક વાર એક કુંભાર ઘડા ઘડતો હતો ત્યાં સામે એક ક્ષુલ્લકે ટીખળ કરીને કાંકરો નાખીને ઘડો ફોડી નાખ્યો. કુંભારે તેને શાંતિથી સમજાવ્યો. તેથી તે ક્ષુલ્લકે તે સમયે માફી માગી. પરંતુ પુનઃ વળી ઘડાને કાંકરા મારવા લાગ્યો. એમ ત્રણચાર વાર નુકસાન કર્યું, અને ક્ષમા માગી. આથી કુંભાર અકળાયો. તે ક્ષુલ્લકના કાનને નાની કાંકરી વડે મરડવા લાગ્યો. ક્ષુલ્લકે કહ્યું કે તેને દુઃખ થાય છે ત્યારે કુંભારે પણ ક્ષમાપના માગી. ક્ષુલ્લક જે રીતે ક્ષમાપના માગતો હતો તે ક્ષમાપના વ્યર્થ હતી. ઉદયન રાજાની જેમ સાચી ક્ષમાપના માગવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અન્યોન્ય સાચી ક્ષમાપના

દૃષ્ટાંત : વિનય ગુણમાં અનંત માહાત્મ્ય છે જેમાં ક્ષમા સમાહિત છે.

ભગવાન શ્રી મહાવીરના શાસનમાં ચતુર્વિધ સંઘની રચના થઈ તેમાં ચંદનબાળા પ્રથમ સાધ્વીજી હતાં. કૌશામ્બી નગરીમાં ભગવાન બિરાજમાન હતા. તેમને વંદન કરવા સૂર્ય અને ચંદ્ર નામના ઇંદ્રો પોતાના અસલ વિમાન સાથે ત્યાં આવેલા. તેના પ્રકાશમાં ચંદનબાળાની શિષ્યા સાધ્વી મૃગાવતીજી સૂર્યાસ્તને જાણી શક્યાં નહિ અને પ્રભુની નિશ્રામાં બેસી રહ્યાં. સૂર્ય તથા ચંદ્ર જ્યારે ચાલી ગયા ત્યારે મૃગાવતીજીને રાત્રિનો ખ્યાલ આવ્યો. તેઓએ જોયું કે અન્ય સાધ્વીજી તથા ગુરુણીજી પણ ઉપાશ્રયે પહોંચી ગયાં હતાં. તેથી ખેદસહિત ઉપાશ્રયે પહોંચી ગયાં અને ગુરુણીજી પાસે ક્ષમા માગી. ચંદનબાળા ગુરુણીજીએ કહ્યું, 'હે ભદ્રે ! કુલીન સાધ્વીજીને રાત્રિએ બહાર રહેવું શોભતું નથી.' મૃગાવતીજી વિનયવાન, સરળ અને ગુણગ્રાહી હતાં. તેમણે પોતાનો કંઈ બચાવ ન કર્યો. જોકે પોતાની અપરાધની ભાવના પણ ન હતી. તે મહાસતીજીએ ક્ષમા માગી. પુનઃ તેવી ભૂલ નહિ કરું તેમ જણાવીને તેમણે ચંદનબાળાના ચરણમાં માથું નમાવી પુનઃ ક્ષમા માગી. તે સમયે ચંદનબાળા નિદ્રાવશ થયાં હોવાથી તેમણે કંઈ પ્રત્યુત્તર ન વાળ્યો. આથી મૃગાવતીજી વિશેષ ખેદખિન્ન થયાં અને અત્યંત પ્રાયશ્ચિત્ત કરવા લાગ્યાં. તેવી ક્ષમાપનાના યોગે તેઓના પરિણામની અત્યંત શુદ્ધિ થતાં તેમણે ક્ષપક શ્રેણી માંડી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ત્યાર પછી તેમના જ્ઞાન-ઉપયોગમાં આવ્યું કે ચંદનબાળાની નજીક એક સર્પ આવી રહ્યો છે. તેથી તેમણે તેમનો હાથ ખસેડી લીધો. ગુરુણીજીએ જાગ્રત થઈને પૂછ્યું કે હાથ કેમ ખસેડ્યો હતો ? મૃગાવતીજીએ ખુલાસો જણાવ્યો ત્યારે તેમણે પૂછ્યું કે અંધકારમાં તમને સર્પ કેવી રીતે દેખાયો ?

મૃગાવતીજી : આપની કૃપાથી, જ્ઞાન વડે.

ચંદનબાળાજી આ ઉત્તરથી વાસ્તવિકતા સમજી ગયાં. તેમણે તરત જ મૃગાવતીજીની ક્ષમાપના માગી અને પોતાના અવિનય બદલ પ્રાયશ્ચિત્ત કરતાં ક્ષપક શ્રેણી દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. જોકે જન્મોજન્મની સાધના અને આ કાળમાં કરેલી પરિણામની શુદ્ધિનું આવું પરિણામ હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સારાંશ – ક્ષમાપના :**

આ દૃષ્ટાંતો આપણા જીવનનું દર્શન બની જાય તો જીવન ધન્ય બની જાય. ક્ષમાપના એ વાસ્તવમાં જીવનો સમતારૂપ સ્વભાવ છે. જૈન દર્શનમાં પર્વાધિરાજ પર્યુષણમાં પણ સંવત્સરીના પવિત્ર દિવસનું માહાત્મ્ય આ ક્ષમાપનાધર્મમાં રહેલું છે. સારાયે જીવનમાં કે વીતેલા વર્ષ તરફ સિંહાવલોકન કરો, મંથન કરો.

જે જે દુર્ધ્યાન થયાં,
જે જે કુકર્મ થયાં,
જે જે દુષ્ટ વચન બોલાયાં,
કોઈ પણ જીવને દૂભવ્યા,
કોઈને સંતાપ પેદા કર્યા,
કોઈ દોષનું પોષણ કર્યું,
તે સર્વ મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

અજ્ઞાન અને અહંકારનો નશો જીવમાં તે તે સમયે મૂર્છા પેદા કરે છે. તેથી પોતાની ક્ષતિ કે દોષ હોવા છતાં તે ક્ષમા માગી લેતો નથી, પણ બચાવ શોધે છે, ક્યાંતો આંખમીંચામણાં કરે છે. જેમ બિલાડીને દોડતી આવતી જોઈને ઉંદર ગભરાઈને આંખ બંધ કરી બેસી જાય, તેમ અંદરથી કોઈ વાર ઊંડે ઊંડે દોષ જણાય તેની સામે જીવ બચાવ કરી આંખમીંચામણાં કરે, તેથી દોષ જતો નથી, પણ જીવની નિર્દોષ શક્તિને કર્મ ખાઈ જાય છે. જેમ પેલો ઉંદર બેઠો રહે એટલે બિલાડી તેનો કોળિયો કરી જાય છે પણ બિલાડી જોઈને જેટલી શક્તિ હોય તે ભેગી કરીને ઉંદર દોડી જાય તો બચી જાય. તેમ જીવે તેવી પરિસ્થિતિમાં સામર્થ્ય વડે દોષોથી દૂર થવું જોઈએ.

જૈન દર્શને ક્ષમાની માર્મિકતા અદ્‌ભુત દર્શાવી છે. તે કરવતના ધર્મ જેવી છે. કરવત બંને બાજુએ લાકડાને વહેરે છે, તેમ સાચો સાધક ક્ષમા આપે અને ક્ષમા રાખે. જ્યારે તેને અન્ય જીવો તરફથી કંઈ અપમાન કે અપલાપ થાય ત્યારે તેને અશુભનો ઉદય જાણી સ્વયં ક્ષમા ધારણ કરે અને સામા જીવ પ્રત્યે કોઈ અભાવ ન કરતાં તેને પણ ક્ષમા આપી દે. જીવ કદાચ પોતે શાંત રહે પણ અંતરમાં પણ સામા જીવ પ્રત્યે અભાવ પેદા થઈ જાય તો તે પૂર્ણ ક્ષમા નથી. તેથી જ્ઞાનીજનોએ કહ્યું કે ક્ષમા ધારણ કરો અને આપો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી જૈન દર્શનમાં દ્રષ્ટાઓએ ક્ષમાનું મૂલ્યાંકન ઘણું ઊંચું રાખ્યું છે. કદાચ એવું બને કે તમે અન્ય જીવને ક્ષમા આપો, પરંતુ તે જીવ તમારી ક્ષમા ન સ્વીકારે, ત્યારે તમારા મનમાં કંઈ અભાવ પેદા ન થાય તો તમારી ક્ષમા ઉત્તમ છે.

ક્ષમાને યતિધર્મનું લક્ષણ કહ્યું છે, એ જ તેની ઉત્તમતા દર્શાવે છે. યતિઓ, સાધકો કે સાધુઓ જ્યારે ક્ષમાધર્મ ધારણ કરે છે ત્યારે તેનું પ્રાણાંતે પણ પાલન કરે છે. પરંતુ જ્યારે અહંને પરવશ જીવ યતિ હો કે સાધુ હો ભૂલ ખાઈ જાય છે, ત્યારે પરદોષ જોઈને સમાધાન શોધી લે છે. પણ કર્મ તો ભૂલથાપ ખાતું નથી. વેરથી વેર શમતું નથી, પરંતુ તેનાં મૂળ જમીનમાં જડ કરી પ્રસરી જાય છે. અર્થાત્ જન્મોજન્મ સુધી તે સંસ્કાર વિસ્તરતો જાય છે. અને જો તેને કોઈ સત્તાનો યોગ મળ્યો તો તે પ્રકૃતિ તીવ્રતમ બની જાય છે.

અંતરની મલિનતાનું પ્રક્ષાલન કરનાર ક્ષમા એ નિર્મળ નીર છે. અતિ તૃષાતુરને જેમ નીર ઠંડક આપે છે, તેમ ક્ષમાભાવ અંતરને અત્યંત શીતળતા આપે છે. પ્રારંભમાં તમને એમ થશે કે નાહકનું સહન કર્યું. પરંતુ સુભદ્રા, અંજના, સીતા કે અનુપમા જેવી પવિત્ર, ક્ષમાવાન નારીઓને સ્મૃતિમાં લાવજો, તમારી નાનીસરખી ક્ષમાની ભાવના તમને પ્રસન્નતા આપશે.

ઉત્તમ ક્ષમા ધારણ કરવા માટે જીવને પ્રેરક બળ જોઈએ છે. મૂર્તિને આકર્ષક બનાવવા જેમ ટાંકણાં પડે, ઓપ ચડે, શણગાર સજાવવામાં આવે, તેમ આ જીવનું ઘડતર કરવામાં આવા ગુણો કેળવવા માટે સંતો, સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદ્‌વિચાર આવશ્યક છે, ત્યારે જીવમાં ક્ષમા જેવા ગુણો કે સદાચારનું બળ ટકે છે.

ક્ષમાગુણ ધારણ કરવા જીવની અંતરભૂમિકા નક્કર જોઈએ છે. વિચલિત મનવાળો ક્ષમાને ધારણ કરી શકતો નથી. નાનોસરખો પ્રસંગ પણ તેને અકળાવી મૂકે છે. અને તેથી અન્ય ઉપર દોષારોપણ કરીને જીવનને તનાવયુક્ત કરી નાખે છે. ભાઈ ! ક્ષમાભાવમાં કેટલી હળવાશ છે ! પાણીમાં લીટી દોરો, ક્ષણવાર પછી ત્યાં કોઈ રેખા નહિ દેખાય. ક્ષમાગુણની હળવાશથી ચિત્તમાં કોઈ ઉત્તેજનાની, આવેગની રેખા નહિ પડે કે જે તમને વિકલ્પોથી અકળાવી મૂકે.

બધા દોષોને પુષ્ટ કરનાર ક્ષમાભાવને હાર આપનાર અહં છે, છતાં જીવ તેમાં પોતાની વિશેષતા માને છે. અહં, ગુણને પણ દોષમાં ખેંચી જાય છે. તમે સત્કાર્ય કર્યું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહં કહે છે, લોકોએ તારા આ કાર્યને જાણવું જોઈએ, તારું બહુમાન કરવું જોઈએ. તને આગળ રાખવો જોઈએ. જો તેમ ન થાય તો તમને તમારા કરેલા સત્કાર્યમાં મજા નહિ આવે. અરે કોઈ વાર અહં તમને એવા ઉત્તેજિત કરે છે, કે તમે કહી નાખો છો કે હવે એ લોકો સાથે વ્યવહાર નહિ રાખું. જો જીવમાં ખમી ખાવાની સહજતા હોય તો તે એમ સમજે કે આવું સત્કાર્ય મેં મારા ભલા માટે કર્યું છે, માન મેળવીને મૂલ્ય મોળું પાડવું નથી.

ક્ષમાનું બીજું વિરોધી બળ ક્રોધ, ગુસ્સો, આવેશ, આક્રોશ, રીસ, અબોલા અને આકુળતા આદિ છે. વાસ્તવમાં આ બધા શબ્દો ક્રોધના જ અંકુરો છે. વળી ક્રોધ એ આત્માનો મૂળગત સ્વભાવ નથી, પરંતુ અજ્ઞાનવશ જીવ સાથે એકમેક થયેલી મોહનીય કર્મની પ્રકૃતિ છે. એ પ્રકૃતિ જડ હોવા છતાં જીવના અજ્ઞાનને કારણે જીવ પર તેનો પ્રભાવ પડે છે, ત્યારે જીવના આત્મપ્રદેશો પર ક્રોધનું એક પ્રગાઢ આવરણ આવી જાય છે. ત્યારે ક્ષમાગુણ સ્વધર્મ હોવા છતાં તેનું વિસ્મરણ થાય છે. ક્રોધ જેવા સંસ્કારનાં મૂળ દઢ થયેલાં હોવાથી તે કોઈ સદ્ગુરુના સમાગમે, બોધનું સિંચન થયે જીવમાં સમજ પેદા થાય તો તે સંસ્કાર નષ્ટ થાય છે. સદ્ગુરુ પાસે બોધરૂપ ઔષધ હોય છે.

એક સૂફી સંતને તેના શિષ્યોએ પૂછ્યું, ગુરુજી, ક્રોધ માન અને અહંકાર જેવા દોષો કેમ શાંત થાય ? એ દોષોના કારણે માનવની સાધના પણ નિષ્ફળ જાય છે. તેમણે કહ્યું કે તે કોઈ વાર સમજાવીશ, પણ હમણાં તમે એક કામ પતાવો.

તમે આજે સવારે જે માણસના શબને દફનાવ્યું છે, તેને એક ભયંકર ગુનાની સજા આપવી રહી ગઈ છે, તમે તે શબને કાઢો અને પથરા મારો. ગુરુઆજ્ઞાને માન્ય કરી શિષ્યોએ શબને ખૂબ પથરા માર્યા, આખું શબ પથરાથી ઢંકાઈ ગયું. પછી પાછા આવ્યા.

સંતે પૂછ્યું : કામ બરાબર પતાવ્યું ? 'હા, ખૂબ પથરા માર્યા.'

સંત : શબે કંઈ પ્રતિકાર ન કર્યો ?

શિષ્યોની સમજમાં વાત ગોઠવાતી ન હતી. શબ કેવી રીતે પ્રતિકાર કરે ? 'ના, શબે પ્રતિકાર ન કર્યો.'

સંતે પુનઃ કહ્યું, હવે ફરી જાઓ, પથરા ઉપાડી લેજો અને તેના પર ખૂબ જ ફૂલહાર ચડાવજો, અને તેને પાછું દફનાવી દેજો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજ્ઞામાં રહેલા શિષ્યો તે કાળે વિકલ્પ ન કરતાં પાછા ગયા, પથરા ઉપાડી લીધા, ફૂલહાર ચડાવીને શબને પહેલાંની જેમ ઢાંકી દીધું અને કબ્રસ્તાનમાં દાટી દીધું. પાછા ગુરુ પાસે આવી પહોંચ્યા.

સંત : 'શબને ફૂલહાર કરીને આવ્યા ?' 'હા.'

શબ ખૂબ પ્રસન્ન થયું ? 'ગુરુદેવ, શબ તો જેમનું તેમ જ હતું. પથરા માર્યા ત્યારે દુઃખી થયું ન હતું. ફૂલહાર કર્યા ત્યારે પ્રસન્ન થયું ન હતું કારણ કે તેનામાં પ્રાણ ન હતા.'

સંત : 'હે શિષ્યો ! તમે જાણો છો આ શરીર મૂળ શબ—જડનાં લક્ષણવાળું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પણ અજ્ઞાનવશ જીવને માન-અપમાનમાં સુખદુઃખ લાગે છે. જો તમને આવું જ્ઞાન પ્રાપ્ત થાય તો તમે ક્રોધાદિ કષાયો ઉપર વિજય પ્રાપ્ત કરશો ! આત્માને શત્રુ નથી, મિત્ર નથી. આત્માનું સ્વરૂપ સહજ સ્થિતિમય છે. આ સર્વ ભેદ તો નામરૂપના આધારે છે.

અર્થાત્ જો ક્રોધાદિ કષાયને નષ્ટ કરવા છે તો તમારે 'આત્મા સ્વયં ક્ષમાસ્વરૂપ છે' તેમ બોધ ધારણ કરવો પડશે. આ સર્વ સાંયોગિક સંબંધો છે. પૂર્વે કે આ જન્મે સેવેલા શુભાશુભ ભાવનું પરિણામ જાહેર થયું છે. લખ્યા પ્રમાણે તે કર્મરૂપે વંચાય છે. તમને જો સત્ય તરફથી થતાં અપમાનાદિ નથી ગમતાં, તો તમે કોઈ પ્રત્યે એવું વર્તન ન કરશો. તો નવું દેવું ઊભું નહિ થાય. તમારું અપમાન થાય તો સહી લેજો, જૂનું દેવું ચૂકવાઈ જશે. ખાતું સરભર થઈ જતાં તમે કર્મથી રહિત થઈ સ્વસ્વરૂપને પ્રાપ્ત કરશો.

અન્ય પાસેથી અપેક્ષાઓના ગુણાંક આપણે ઘણા મોટા રાખીએ છીએ. પિતા, પુત્ર, પતિ, પત્ની, મિત્ર વગેરે અન્યોન્ય અપેક્ષા રાખીને દુઃખી થાય છે. જો ધારેલી અપેક્ષામાં ક્ષતિ આવે તો જીવ ક્રોધ-કષાયમાં પડે છે. પરંતુ જો જીવમાં એવી સમજ પેદા થાય કે બધું ધાર્યું થતું જ નથી. આખું જગત નિયમને આધીન વર્તે છે. તેમ તું અને તારાં સ્વજનો પણ નિયમને આધીન છો. બધું જ સારું નીવડે તેવી અપેક્ષા રાખ્યા છતાં પણ કંઈ વિપરીત થાય ત્યારે ક્ષમાભાવ ધારણ કરવાથી જીવનનો વિકાસ થાય છે, તેમાં કંઈ ગુમાવવા જેવું નથી.

'આ બધું થવું કઠણ છે.'

સંસારી જીવો માટે આવું ક્ષમાયુક્ત જીવન કઠણ છે. પણ ભાઈ, જો તારે સુખી જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવું છે તો ગુણવૃદ્ધિ સિવાય છૂટકો નથી. પ્રારંભમાં તે કઠણ લાગશે. પણ સંતસમાગમે, સદ્‌વિચારે કે સત્સંગ જેવા સાધનથી બોધ મનમાં પ્રજ્વળશે. પછી તો ક્ષમા અને સમતામાંથી જે શાંતરસ પેદા થશે તે સારો સંસ્કાર બની જશે. તારા પુણ્યયોગ એવા પ્રગટ થશે કે તારે એવાં બંધનોમાં પડવું જ નહિ પડે.

કેવળ સાંવત્સરિક પ્રતિક્રમણ સમયે સભામાં હાથને ગોળાકાર ફેરવી 'મિચ્છામિ દુક્કડં' ઉચ્ચારવું તેટલું ક્ષમાપનાનું મૂલ્ય નથી. તે તો પ્રસંગે કરવાની વિધિ છે. વાસ્તવમાં પર્યુષણ આવતાં પહેલાં સાધક જેમ આરંભનાં કાર્ય તે દિવસોમાં ઓછાં કરવાં પડે તે માટે બાહ્ય વ્યવહારનાં કે આરંભનાં કાર્યોને નિપટી લે છે, અર્થાત્ પર્યુષણની આરાધના માટે એવી ભાવના રાખે છે, તે બાહ્ય ક્રિયા છે. તે પ્રમાણે મનના ક્લેશો શમે તેવી અંતરંગ ક્રિયા માટે સજ્જ થવા, પ્રારંભથી જ ક્ષમાપનાને માટે વિચારણા કરવી કે આ જન્મમાં કે આ વર્ષમાં જે જે જીવોને મેં સ્વાર્થ, લોભ, મોહ કે ક્રોધાદિને વશ થઈ દૂભવ્યા હોય તેને સાચા હૃદયથી ખમાવી દઉં, જેથી એવું ન બને કે ગોળ હાથ ફરીને મિચ્છામિ દુક્કડં થવા છતાં જેની ક્ષમા માગવાની છે, તે જ વ્યક્તિ શેષ રહી જાય. તો શું થાય ?

તે જીવો સાથે આપણો દુર્ભાવનો સંસ્કાર વળી આગળના જન્મોમાં ફળસ્વરૂપે ઉદયમાં આવવા સંભવ છે. આપણે પાર્શ્વનાથની સમતા અને કમઠની વિષમતાનું દૃષ્ટાંત જાણીએ છીએ. નેમ રાજુલના સદ્‌ભાવનું દૃષ્ટાંત જાણીએ છીએ.

અહંકાર તે તે પ્રસંગે જીવને નમ્ર થવાની ના પાડશે. ઘણી રીતે તમને સમજાવી દેશે, પણ જો મનમાં તેનો ખટકો ઊપડ્યો છે તો જેમ સણકાની પીડા અનુભવમાં આવે કે તરત ઔષધ કરીએ છીએ, તેમ એ ખટકો શમાવવા જીવને બળ કરીને પણ સમજાવજો, કોઈ યોગ્ય સત્સંગી મિત્રનો સાથ લેજો, ગુરુજનોની કૃપા મેળવજો; ભાર હળવો થશે. અને છેવટે વિચારજો કે આ જન્મનો આયુષ્યકાળ તો પૂરો થઈ જશે, જીવને સાથે શું લઈ જવાનું છે ? આખરે કરણી તેવી ભરણી છે ને ! તો પછી ભાઈ ! ઉત્તમ કરણીયુક્ત જીવન જીવીને જન્મ સાર્થક કરી લેવો.

ક્ષમાની ફળશ્રુતિ આનંદરૂપ છે.

ધન્ય તે જીવોને, ગજસુકુમાર, મેતાર્ય મુનિ, પાંડવોને કોટિ નમસ્કાર કે જેમણે ઉત્તમ ક્ષમાના પાઠો આપણને ભણાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪. અઠ્ઠમ તપ – ત્રણ દિવસના ઉપવાસ – આત્મ–ઉપાસના

### [ દિવસ ત્રીજો : વ્યાખ્યાનસાર ]

### શ્રાવકનું ચોથું કર્તવ્ય અઠ્ઠમ તપ છે

અઠ્ઠમ અર્થાત્ આઠ સમયના આહારનો ત્યાગ. સામાન્યપણે સાધક દિવસમાં એક કે બે વાર આહાર લે છે તેમાં પ્રથમ દિવસે એક વાર આહાર લઈ પછી ત્રણ દિવસ સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરી પાંચમે દિવસે એક વાર આહાર ગ્રહણ કરે તો એ પ્રમાણે આઠ વાર આહારનો ત્યાગ થતાં તેને અઠ્ઠમ તપ કહેવામાં આવે છે. યથાશક્તિ તપ કરનાર પર્યુષણના છેલ્લા ત્રણ દિવસ જે ઉપવાસ કરે છે તે અઠ્ઠમ તપ છે.

જેનાથી અઠ્ઠમ ન થાય તેને માટે યથાશક્તિ ક્રમ બતાવ્યો છે. તેમાં દરેક પખવાડિયે એક ઉપવાસ અથવા બે આયંબિલ, ચાર એકાસણાં, આઠ બેસણાં, છેવટે વીસ બાંધી નવકારવાળી ગણવી તે સ્વાધ્યાય તપ છે.

ચાતુર્માસમાં પાક્ષિક બે ઉપવાસ સાથે કરીને છઠ્ઠ તપ બતાવ્યું છે. તે ન થાય તો ઉપરની વિધિને બેવડાવીને તપ કરવું.

વાર્ષિક તપમાં અઠ્ઠમ તપ ન થાય તો છૂટા ત્રણ ઉપવાસ કરવા, અથવા છ આયંબિલ, બાર એકાસણાં, ચોવીસ બિઆસણાં, છ હજાર સ્વાધ્યાય અર્થાત્ સાઠ બાંધી નવકારવાળી ગણવી. આમ યથાશક્તિ તપનું અનુચરણ કરવું.

માનવજીવન પામીને ધર્માચરણ માટે જો ધર્મની વિધિને અપનાવે નહિ તો પ્રમાદ જ પુષ્ટ થાય. અને એ પ્રમાદ માનવનો મહાશત્રુ છે. તેનાથી દૂર રહેવા અલ્પાધિક વ્રતાદિ કરવાની દૃઢતા કેળવવી. આ સર્વ તપના અનુષ્ઠાનનું લક્ષ્ય તો શુદ્ધ પદની પ્રાપ્તિ જ છે. તેની ઉપેક્ષા કરવી તેમાં આત્મહિતની જ ઉપેક્ષા છે.

કોઈ પણ પ્રકારના લોકોત્તર ધર્મમાર્ગનું ફળ પરંપરાએ મુક્તિ કહ્યું છે. તે ધર્મમાર્ગનાં અનુષ્ઠાનો સમ્યક્ત્વ સહિત હોવાં આવશ્યક છે. તે સિવાયનાં તપાદિને બાલતપ કહેવામાં આવ્યાં છે. તે ફળ લૌકિક પુણ્ય સુધી જ પહોંચે છે પણ સમ્યક્ત્વ સહિતના તપનું પરિણામ અનંત કર્મની નિર્જરા છે, કારણ કે તેની દૃષ્ટિમાં સાચી સમજણ છે. પાર્થિવ પદાર્થોની ઇચ્છાઓનો નિરોધ તે સાચું તપ છે, એ સમ્યક્ત્વી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિથી સમજાય છે. જે તપમાં કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી તેવું શલ્ય-નિદાનરહિત તપ સાચું તપ છે, તે પરમાર્થપ્રેરક છે.

## શલ્ય-નિદાન રહિત તપની સાર્થકતાનું દૃષ્ટાંત

ચંદ્રકાન્તા નામની નગરીમાં વિજયસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં શ્રીકાન્ત નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને શ્રીસખી નામે ધર્મચારિણી પત્ની હતી. તેને એક પુત્ર થયો. આખું કુટુંબ ધર્મશ્રદ્ધાવાળું હતું. પર્યુષણપર્વનો પ્રારંભ થતાં ઘરમાં ધર્મવાર્તા, વ્રત, તપ, જપાદિનાં અનુષ્ઠાનોનો પ્રારંભ થયો. પેલા બાળકના કાને આ અંગેની વાતચીતના શબ્દો પડતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. બાળક હતો, વાચા ફૂટી ન હતી, પણ પૂર્વસંસ્કારવશ તેનામાં જ્ઞાનચેષ્ટા જાગી અને તેણે અઠ્ઠમ તપનું ગ્રહણ કરી માતાનું દૂધ પીવાનું છોડી દીધું.

ત્રણ દિવસ સુધી પોષણના અભાવે તે બાળક પુષ્પની જેમ કરમાવા લાગ્યું. તેને દૂધ પિવરાવવા ઘણા પ્રયત્ન કર્યા પણ બાળકે દૂધ ગ્રહણ ન કર્યું. તરતનું જન્મેલું એક-બે દિવસનું બાળક ત્રણ દિવસ આહાર વગર મૂર્છિત થઈ ગયું. માતાપિતા ખૂબ આઘાત પામ્યાં અને તેમણે માની લીધું કે બાળક મરી ગયું છે. તેના કલ્પાંતમાં મોહવશ તેમણે પણ પ્રાણ છોડી દીધા.

રાજનીતિના નિયમ પ્રમાણે રાજાએ અનુચરોને મોકલી નિઃસંતાન એવા શ્રેષ્ઠીની સંપત્તિ કબજે કરવા વિચાર્યું. આ બાજુ બાળકની તપશ્ચર્યાથી પ્રભાવિત થયેલા ધરણેન્દ્ર દેવે બ્રાહ્મણવેશે પૃથ્વી પર આવી, પેલા બાળકને અમૃતરસ છાંટી ભાનમાં આણ્યો અને પેલા અનુચરોને સંપત્તિ લઈ જતાં અટકાવ્યા. અનુચરોએ રાજાને આ હકીકતની જાણ કરી. આથી રાજા ત્યાં આવ્યો. તેણે જોયું કે પુત્ર તો સજીવન છે, આથી આશ્ચર્ય પામી તેણે પેલા બ્રાહ્મણને આ અંગેનો ભેદ પૂછ્યો.

બ્રાહ્મણે કહ્યું કે હે રાજન ! હું કોઈ આ પૃથ્વીનો સામાન્ય બ્રાહ્મણ નથી. હું ધરણેન્દ્ર - નાગરાજ છું. શ્રીકાન્ત શેઠના પુત્રે અઠ્ઠમની તપશ્ચર્યા કરી હતી, તેથી તે મૂર્છિત થઈ ગયો હતો. માતાપિતાએ તેને મરેલો જાણી આઘાતથી પ્રાણત્યાગ કર્યો પણ બાળક તો જીવિત હતો. લોકો તેને મરેલો જાણી દાટવા જતા હતા, પણ તપના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભાવથી આ વાત મારા અવધિજ્ઞાનમાં જણાઈ તેથી હું પૃથ્વી પર આવ્યો અને બાળકને અમૃતરસ છાંટી ભાનમાં આણ્યો.

બાળકને સજીવન જોઈ સૌ આશ્ચર્ય પામ્યા પણ વિશેષ આશ્ચર્ય તો એ થયું કે આવા એક-બે દિવસના બાળકને અઠ્ઠમ તપ કરવાને કોણે પ્રેર્યો ?

પૂર્વવૃત્તાંત : આથી ધરણેન્દ્રદેવે આ બાળકનો પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યો કે આ બાળક પૂર્વે એક વણિકપુત્ર હતો. બાળવયમાં તેની માતા મૃત્યુ પામી હતી. પિતા બીજી સ્ત્રી લઈ આવ્યો હતો. તે સાવકી મા પૂર્વકર્મના દોષે તેને ઘણું દુઃખ આપતી હતી. એક વાર ઘણો ત્રાસ પામીને તેણે પોતાના મિત્રને આ વાત કહી. તે સાંભળી પેલા મિત્રને ઘણી દયા આવી. આથી તેણે એક સાચો ઉપાય બતાવ્યો કે તેં પૂર્વભવે કંઈ ધર્મઆરાધન કર્યું નથી તેથી તને આવું દુઃખ પડ્યું છે. તું પર્યુષણપર્વમાં અઠ્ઠમ કરજે; તો તારું આ દુઃખ દૂર થશે. થોડા સમય પછી પર્યુષણપર્વ આવશે.

આ વાત સાંભળી તે દુઃખી બાળકે અઠ્ઠમ તપ કરવાનો નિર્ણય કર્યો અને પોતાના ઘરમાં ન જતાં, બાજુમાં આવેલી એક ઘાસની ઝૂંપડીમાં તે સૂઈ ગયો. આથી તેની માને ઘણો ગુસ્સો આવ્યો. તેણે ક્રોધાવેશમાં ભાન ભૂલી ધગધગતો અંગારો એ ઘાસની ઝૂંપડી પર નાખ્યો. ઝૂંપડી તો જોતજોતામાં ભડભડ સળગી ઊઠી. બાળક તો ઊંઘમાં પણ અઠ્ઠમ તપનાં સમણાં જોતો ઉત્તમભાવમાં હતો. ઝૂંપડી બળવા સાથે બાળક પણ બળી ગયો. ત્યાંથી મૃત્યુ પામીને તે શ્રીકાન્ત શ્રેષ્ઠીને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો.

મૃત્યુ સમયે પણ તેણે અઠ્ઠમના ભાવને ધારણ કરી રાખ્યા હોવાથી પુણ્યયોગે શ્રેષ્ઠીને ત્યાં પુત્રપણે જન્મ્યો અને અઠ્ઠમાદિ તપની વાતો સાંભળી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તેણે દૂધનો ત્યાગ કરી અઠ્ઠમ તપ કર્યું. આ બાળકનો આત્મા મહાન છે. આ જ ભવે મોક્ષગામી થશે. તેની મિલકતની અને તેની રક્ષા કરજો. આમ નિદાનરહિત તપનો આવો પ્રભાવ છે. ભૌતિક સુખ તો મળે, પણ સાચું સુખ તે જીવને શોધતું આવે છે.

નાગરાજના પ્રભાવથી આ બાળકનો પરિચય થયો હોવાથી તેનું નામ નાગકેતુ પાડવામાં આવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## માયાશલ્ય સહિત તપનું વ્યર્થ પરિણામ

ઘણા પ્રાચીન સમયની એ કથા છે. એક રાજાને ઘણા મનોરથે એક પુત્રીની પ્રાપ્તિ થઈ. તે રાજકુંવરી યુવાવયમાં આવતાં યોગ્ય રાજા સાથે તેનાં લગ્ન લેવાયાં. પૂર્વના અશુભ યોગે સ્વયંવરમંડપમાં હસ્તમેળાપ સમયે જ તે વરરાજા અકસ્માતથી મૃત્યુ પામ્યો. આથી આઘાત પામી પૂર્વના સુસંસ્કારવાળી તે કન્યાએ સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી અને ઉગ્રપણે તેના આચારનું સેવન કરવા લાગી.

એક દિવસ ચકલા-ચકલીના યુગલને કામક્રીડા કરતું જોઈ તે વિચારમાં પડી. તેને સંશય ઉત્પન્ન થયો કે આ ચકલો-ચકલી કામક્રીડાથી કેવું સુખ પામે છે ! સર્વજ્ઞ ભગવાને શા માટે એનો નિષેધ કર્યો હશે ? મનુષ્યને પણ કામક્રીડાથી સુખ મળે છે છતાં ભગવાને તેમના એ સુખનો નિષેધ કર્યો ? ભગવાન નિર્વેદી છે. તેથી તેમના ખ્યાલમાં આ વાત નહિ હોય ? તેવો દયાભાવ સાધ્વીજી ચિંતવવા લાગ્યાં. તેમના પરિણામમાં આવી વિભાવ દશાનો ઉદય થઈ આવ્યો. સર્વજ્ઞ વિષે સંશય ઉત્પન્ન થયો. પરંતુ તરત જ સાવધાન થઈને તેવી શંકા બદલ ઘણાં પસ્તાવા લાગ્યાં. વળી આવા પ્રમાદનું પ્રાયશ્ચિત્ત લેવું સાધ્વીધર્મમાં ઉચિત મનાયું છે. તેથી વિચારવા લાગ્યાં કે જો ગુરુણીજીને પૂછીશ તો મારા માટે કેવી ધારણા થશે ? આમ લજ્જા પામીને તેમણે ગુરુણીજી પાસે પ્રાયશ્ચિત્ત તો લીધું પણ એમ પૂછ્યું કે,

કોઈને આવું દુર્ધ્યાન થયું હોય તો શું પ્રાયશ્ચિત્ત આવે ?

ગુરુણીજીએ સહજભાવે તપાદિનું પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું. લક્ષ્મણા સાધ્વીજીએ તે તપના પ્રાયશ્ચિત્તને પોતાની મતિકલ્પનાથી પચાસગણું બનાવીને પચાસ વરસ સુધી ઉગ્રપણે આરાધ્યું. પણ વ્યર્થ : પાપની સફાઈ ન થઈ.

હે જીવ ! તું વિચાર કે શલ્ય એ કેવું અનર્થકારી છે. જો માયારહિતપણે પ્રાયશ્ચિત્ત લીધું હોત તો ક્વચિત્ કેવળ પસ્તાવાથી જ કાર્ય સરી જાત. પણ અહો, અહંકારની લીલા કેવી ગહન છે ! દોષને કબૂલવો કેવો કઠણ છે ! અને સિદ્ધાંત કહે છે કે સત્યપણે દોષને દર્શાવ્યા વગર સાચો ઉપાય મળતો નથી. કપટસહિત પ્રાયશ્ચિત્ત લઈને હજાર વાર ઝંપાપાત કરી કષ્ટ વેઠે તોપણ પરિણામ શૂન્ય હોય છે. અને સાચા મનથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોષને પ્રદર્શિત કરી કેવળ પસ્તાવો કરે તો અઈમુત્તા મુનિની જેમ ઘડીભરમાં છૂટી જાય છે. શલ્યનાં કે માયાનાં આ ઝેર, તથા એવા ક્ષોભ સહિત ઘોર તપશ્ચર્યા કરવા છતાં લક્ષ્મણા સાધ્વી કર્મમુક્ત ન બન્યાં. જાણો છો કેવી તપશ્ચર્યા કરી ?

દશ વરસ સુધી છઠ્ઠ, અઠ્ઠમ, ચાર પાંચ ઉપવાસ તેના પારણે નીવી, બે વરસ સુધી ઉપવાસ, બે વરસ શેકેલું અનાજ, સોળ વરસ માસખમણને પારણે માસખમણ, પછી વીસ વરસ સુધી આયંબિલની તપશ્ચર્યામાં પૂરાં પચાસ વર્ષ ગાળી નાખ્યાં છતાં ચિત્તશુદ્ધિ ન હોવાને કારણે મૃત્યુ પામી, અનંત જન્મો કરી દુઃખ સહન કરશે. અંતે આવતી ચોવીશીમાં પદ્મનાભ પ્રભુના શાસનમાં મુક્તિ પામશે.

રે ભવિતવ્ય ! ક્યાં ભૂલ્યું ? સર્વજ્ઞના જ્ઞાનની શંકા ? અને વળી કપટ સાથે પ્રાયશ્ચિત્તમાં પોતાની મતિકલ્પનાનો સ્વચ્છંદ જીવને કેવી ગર્તામાં ઉતારે છે ! જગતવાસી જીવોની બુદ્ધિમાં આ વાત બંધબેસતી ન થાય છતાં વસ્તુનું સ્વરૂપ જ્ઞાનીઓએ જે જાણ્યું તે પ્રગટ કર્યું છે. તપના પ્રકાર તો જીવની નિર્મળતા માટે છે પણ તેમાં માયા-શલ્યનું ઝેર અમૃતને પ્રગટ થવા દેતું નથી. માટે સર્વજ્ઞના જ્ઞાનની પૃચ્છા કરી સમાધાન લેવું પણ શંકા ન જ કરવી અને પોતાના દોષ જેવા છે તેવા પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત લઈ હળવા-કર્મી થઈ પરમાર્થ સાધી લેવો હિતકારી છે.

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

આથી અઠ્ઠમ તપ સાથે સંવત્સરી પર્વમાં પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરવાનું ઉપદેશ્યું છે. ગૃહસ્થ રોજે પ્રાયશ્ચિત્ત ન કરે પણ વર્ષમાં એક વાર એકાંતે નિવૃત્તિ લઈ પૂરા વર્ષમાં થયેલા દોષોને દૂર કરવા પુરુષાર્થ કરે. જોકે વાસ્તવિકપણે તો તેણે એક નોંધપોથી બનાવીને દોષો નોંધવા જોઈએ. ગુરુગમે પ્રાયશ્ચિત્ત લઈ જીવનભાર ઓછો કરવાથી અનુક્રમે જીવ સાચું સુખ પામે છે અને સર્વ દુઃખથી મુક્ત થાય છે. માટે યથાશક્તિ તપ કરી સંવત્સરીમાં પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરવું.

**સારાંશ – અઠ્ઠમ તપ :**

જૈન દર્શનકારોએ તપને શ્રેષ્ઠ અનુષ્ઠાન કહ્યું છે. કારણ કે તે મોક્ષની યાત્રાનું સર્વોચ્ચ સાધન છે. 'તપસા નિર્જરા' અર્થાત્ તપથી નિર્જરા, નિર્જરા એટલે ક્રમિક, અંશે અંશે મોક્ષ પ્રતિ પ્રયાણ એ તપની વ્યાખ્યા શાસ્ત્રકારોએ અદ્ભુત કહી છે. કેટલાક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તમ જીવો દ્વારા સાહજિક થયેલી અઠ્ઠમ તપની આરાધના પ્રગટ થઈ હતી, કે જે વડે ચંદનબાળા જેવા જીવો મુક્તિના બીજની પ્રાપ્તિ કરી શક્યા.

ઇચ્છા નિરોધ તપઃ તે તપનું મૂળ સૂત્ર છે.

પ્રણાલિકાગત તપનો બાહ્ય પ્રકાર ઘણો જળવાયો અને વૃદ્ધિ પામ્યો છે. અભ્યંતર તપ પ્રત્યે જીવોનું લક્ષ્ય કંઈક ગૌણતા પામ્યું છે. જે કંઈ જળવાયું છે તેમાં રસકસ ઘટ્યા છે, અને કેટલુંક સાવ ખોરંભે પડ્યું કે વિસ્મૃત થયું છે. અર્થાત્ જૈન દર્શનના ઉપવાસ અને આયંબિલ જેવાં તપ કરવાં એ બાળરમત નથી. છતાં એનો વિકાસ થતો રહ્યો છે. બાહ્ય કે અભ્યંતર તપનું મૂળ હાર્દ ઘણું રહસ્યપૂર્ણ છે, જે સાધકને અધ્યાત્મમાર્ગે લઈ જનારું છે.

અનાદિકાળથી જીવ જે સ્થાને જન્મ્યો ત્યાં તેની દેહભાવે સુખપ્રાપ્તિની ઇચ્છા રહી છે. અનાદિકાળનો નિરંતર ઇચ્છાનો અભ્યાસ છોડવો દુર્લભ છે. ફક્ત માનવદેહ ધારણ કરીને તપની ક્રમિક અને બોધસહિત સાધના થાય તો ઇચ્છાનું મૂળ નષ્ટ થાય. તેથી આસક્તિ ઘટે, મોહ શમે, અને મોક્ષની કેડી મળી રહે.

આથી જ્ઞાનીજનોએ તપનો ક્રમ સાધનાની શુદ્ધિ માટે ગોઠવ્યો, જેના બાર પ્રકાર કહ્યા છે. તે ક્રમ વૈજ્ઞાનિક પદ્ધતિયુક્ત છે. પરંતુ વૈજ્ઞાનિક ક્રમની સમજ ન હોવાથી તપ થાય છે, અને તેની ફળશ્રુતિ નિર્જરા રહી જાય છે. આથી તપ બાળરમત ન હોવા છતાં બાળતપ બની જાય છે. આખો ક્રમ ઇચ્છાઓ, આસક્તિ અને મોહને શાંત કરવા માટે હતો. તપ થઈ જાય અને આ ત્રિપુટીની સોબત અકબંધ રહે તો સમજવું કે એ બાળતપ હતું. જો પરિણામ શુભ રહ્યા હોય તો પુણ્ય સુધી લઈ જાય, અને તપ સાથે પરિણામ કષાયજનિત હોય તો ક્ષુદ્ર પુણ્યયોગ સુધી લઈ જાય કે નિયાણાથી પાપયોગની સંભાવના ઊભી થાય.

ગુરુઆજ્ઞા, ગુરુકૃપા કે સ્વયં સમજની સહજતા વગરનું તપ કોઈ વાર ભયંકર પરિણામો લાવે છે. હજારો વર્ષના તપની હૂંડીને એક જ નિયાણું ખાતું સરભર કરી નાંખે છે. કાં સત્તા, કાં બળ, કાં કામિની જેવા ક્ષુદ્ર પદાર્થોમાં જીવ દીર્ઘકાળના તપને ચૂકવી દે છે. આ કાળનો માનવી આમ તો કાળના પરિબળે ભલે એવાં નિયાણાં ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે, છતાં તપના બદલામાં માન, ધન કે સુખ ઇચ્છે તો તે પણ નિયાણા સ્વરૂપ જ છે. આવી ભૂલ નિવારવા જ આ દૃષ્ટાંત આપણને કંઈક શીખ આપે છે.

### નિઃશલ્યો વ્રતી:

એ સિદ્ધાંતની સિદ્ધિ માટે અભ્યંતર તપ છે. બાહ્ય તપ જીવને કંઈ ભૂલથાપ આપી જાય છે. તેથી તેની શુદ્ધિ માટે અભ્યંતર તપ કહ્યાં છે અથવા કહો કે અભ્યંતર તપની રક્ષા માટે બાહ્ય તપ કહ્યાં છે. બંને તપની સાધના સહજતામાં પરિણમે તે નિર્જરા બને છે, જેમાં આહારસંજ્ઞાનું બળ ઘટે છે. સ્વાદનો ભાવ ક્ષીણ થાય છે. એવા સાહજિક તપસ્વીઓને સૂક્ષ્મ આહારથી તૃપ્તિ થાય છે. લૂખા પદાર્થો પણ તેમના મુખમાં અમી પેદા કરે છે. તેથી તે સાધકો તપ કરતા નથી પણ તેમની આહારસંજ્ઞાઓ શાંત થઈ જાય છે.

છતાં જ્ઞાનીજનોએ જીવની બધી જ કક્ષાઓ ધ્યાનમાં લઈને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપના પ્રકારો દર્શાવ્યા છે. બાહ્ય તપ અને અભ્યંતર તપ બે પ્રકારે છે.

### બાહ્ય તપ છ પ્રકારે છે

**અનશન :** ચારે આહારની ક્રિયાથી અને આહારસંજ્ઞાથી મર્યાદિત કે શક્ય તેટલો સમય મુક્ત રહેવું. ઉપવાસમાં કે અનશનમાં આહારક્રિયાથી તો મુક્ત રહેવાય છે, પણ આહારસંજ્ઞાથી ત્યારે મુક્ત થવા જાગ્રત રહેવું પડે છે. નહિ તો તપની આગળપાછળનો સમય સામાન્ય જીવોને આહારસંજ્ઞા આવરી લે છે. વાસ્તવમાં અનશન આકસ્મિક કે સાહજિક હોય છે. સંકલ્પથી થયેલા તપની આગળપાછળ આહારનું ચિંતન રહે છે. અમુક તપ કરતાં પહેલાં અમુક ખોરાકની વ્યવસ્થા અને તપ પૂર્ણ થતાં વળી પાછી ખોરાકની વ્યવસ્થા કરીએ છીએ, પરંતુ અનશન સ્વાભાવિક હોય છે, અથવા થવું જોઈએ.

**ઊણોદરી :** ભૂખનું પ્રમાણ નક્કી કરી, ભૂખ કરતાં થોડો ઓછો આહાર લેવો. અર્થાત્ અપૂર્ણ ખોરાક ગ્રહણ કરવો. મન જે પદાર્થની વિશેષ માગ કરે ત્યાંથી તેને પાછું વાળવું, આ ક્રિયાનો આહાર ઉપરાંત બધી વૃત્તિઓ પર પ્રયોગ કરવો. કારણ કે પ્રત્યેક ઇન્દ્રિયને પોતાની માગ હોય છે. તે પ્રકારે આહાર લેતાં, એકાસન, બીઆસન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા તપમાં મનને કેળવવું પડે છે. નહિ તો આહારપૂર્તિનું બળ ઉદરને પૂરું ભરી લલચાવે છે. શરીરશાસ્ત્રીઓ કહે છે કે યથાશક્તિ ઉપવાસથી હોજરીના યંત્રને આરામ મળવાથી સ્વાસ્થ્ય સારું રહે છે. અને ઊણોદરીથી શરીરમાં પવન તથા પાણીને ફરવાની જગા મળવાથી પેટનાં દર્દોનો ઉપદ્રવ થતો નથી. કારણ કે પેટ માગે છે તેના કરતાં આદત કે સ્વાદની માગ વધુ હોય છે. તે માટે આ તપ અત્યંત ઉપયોગી છે.

**વૃત્તિ સંક્ષેપ :** તપને કારણે આ પ્રકારમાં કેવળ આહારના પદાર્થોની મર્યાદા દર્શાવી છે. વાસ્તવમાં જીવનમાં જે જે પદાર્થો ભોગજન્ય છે ત્યાં સર્વત્ર વૃત્તિ સંક્ષેપ કરવાથી ઇચ્છાઓ શાંત થાય છે. વળી આહાર સમયે સંક્ષેપ કરવાનો નિયમ જીવને સ્વાદ-લોલુપતાને બદલે વિવેકમાં રાખે છે. જોકે આપણું મન છે તે સર્પની જેવું વાંકુંચૂકું ચાલે છે. ગમે ત્યાંથી પોતાની વૃત્તિને પોષી લે છે. એટલે પદાર્થની વૃત્તિનો સંક્ષેપ થાય છે, પણ મનગમતા પદાર્થોની વૃત્તિનો સંક્ષેપ ચૂકી જવાય છે. કારણ કે આહાર કરતાં પણ આહારનું ચિંતન-મનન વાસનાનું પોષણ કરે છે. જાગ્રત સાધકની સહજતા હોય તો તે આહારની સાત્ત્વિકતા અને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જાળવી લે છે. વળી ઓછા પદાર્થોના ગ્રહણથી પાચનતંત્ર પણ જળવાય છે. આ તપ જીવને જ્ઞાતા-દ્રષ્ટાના ભાવમાં પુષ્ટ કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**રસત્યાગ :** જેમાં જિહ્‌વાને મજા પડી જાય તેવા દૂધ, ઘી જેવા રસયુક્ત પદાર્થોની અહીં મર્યાદા બતાવી છે. એકથી વધુ રસવાળા પદાર્થોનો ત્યાગ કરવાથી સાધકને વિકારની બાધા નથી થતી અને શરીરને પૂરતું પોષણ મળી રહે છે. રસત્યાગનો આ અર્થ પણ સ્થૂલ છે. તેની સૂક્ષ્મતા એ છે કે સ્વાદનો સંબંધ પદાર્થ કે જીભ સાથે નથી, પણ મનની વાસનાના પોષણ સાથે છે. વસ્તુ તો માત્ર નિમિત્ત છે. મન સાથેનો તાદાત્મ્ય સંબંધ વાસનાનો છે. તે સહજ શાંત કરવા રસત્યાગ છે.

આ પ્રકારો આહારશુદ્ધિની વિશેષતાવાળા છે. ત્યાર પછી સંયમી જીવ કાયાની શુદ્ધિ માટે પ્રવૃત્ત થાય છે. ત્યારે કાયક્લેશ અને સંલીનતાના તપમાં સફળ થાય છે.

**કાયક્લેશ :** એટલે કાયાને સંયમને યોગ્ય રાખવા કસવી, સુખશીલતાનો ત્યાગ કરવો કે ઘટાડો કરવો, જેથી તપથી કસાયેલી કાયા ઉપદ્રવમાં સમતા જાળવી શકે. કાય—ક્લેશનો અર્થ છે, જે કંઈ બને તેનો સ્વીકાર કરો, તેનાથી ભાગવાનો પ્રયત્ન ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરો. કાયાને સુખમય બનાવવાનો પ્રયત્ન ન કરો. સુખનો પ્રયત્ન ચેતનાને જાગ્રત નહિ રાખે. કાયા દુઃખનું કારણ છે. તે જ બતાવે છે કે તેની અંદરની ચેતના સુખનું કારણ છે. દુઃખનો સ્વીકાર કરવાથી દુઃખ વિસર્જિત થાય છે. કેવળ કાયાને કષ્ટ આપવું તે સાધના નથી. પરંતુ આકસ્મિક આવતા દુઃખનો સ્વીકાર કરવો તે સાધના છે. દુઃખ સહન કરવાથી સુખ મળશે તેવી અપેક્ષાએ કષ્ટ સહન કરવું તે બાળતપ છે.

**સંલીનતા :** શરીર સાધનાનું બાહ્ય સાધન છે. તેની સ્થિરતા આસન અને યોગ–સાધનાથી શક્ય છે. આસનજય સ્થિરતા માટે જરૂરી છે. સામાયિક, પ્રતિક્રમણ જેવા અનુષ્ઠાનમાં આસનની સ્થિરતાનું તથા મુદ્રાઓનું મહત્ત્વ દર્શાવ્યું છે, જેથી ચિત્તની ચંચળતા શમે છે. તેથી આ પ્રકારમાં તપનું માહાત્મ્ય છે. બાહ્ય તપ અને અભ્યંતર તપને જોડવાવાળું આ તપ છે. તમે આત્મભાવમાં સંલીન થઈ જાઓ, અક્રિય બનો, જેથી નિષ્કંપ દશામાં જઈ શકો. આહારશુદ્ધિ અને કાયશુદ્ધિ થયા પછી હવે અભ્યંતર તપ દ્વારા મનઃશુદ્ધિ અને ચેતના શુદ્ધિની ઘણી ગંભીર પદ્ધતિ બતાવે છે.

## અભ્યંતર તપના છ પ્રકાર છે

**પ્રાયશ્ચિત્ત :** સ્વકીય કે પરકીય દોષ, જાણે કે અજાણે થતો દોષ, બાહ્ય કે અભ્યંતર દોષ, કે જેના દ્વારા જીવ પોતે બંધનમાં પડે છે, અથવા અન્ય જીવની વિરાધના કે દુર્ભાવના થાય છે ત્યારે તેનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરવું જોઈએ. જાગ્રત સાધક અંતર–નિરીક્ષણ દ્વારા, ગુરુએ દર્શાવેલા દોષ દ્વારા ગ્રહણ કરેલા વૃત્યાદિમાં ક્ષતિ પહોંચે ત્યારે તેની સામે પ્રમાદ સેવતો નથી પણ તેની ગુર્વાદિક પાસે આલોચના કરીને સેવેલા દોષથી મુક્ત થઈ જાય છે. વાસ્તવમાં દોષ કરવાની વૃત્તિ જ નષ્ટ થઈ જાય છે. અપરાધ કરવાનો ભાવ ચેતનાને ખંડિત કરે છે તેવું જ્ઞાન પેદા થાય છે, તેથી મૂળમાં અપરાધ કરવાની વૃત્તિનો ત્યાગ કરે છે.

પગમાં ભોંકાયેલો કાંટો કાઢવામાં ન આવે તો શરીરમાં ઝેર ઉત્પન્ન કરે છે અને મૂળમાંથી એને કપાવવો પડે છે. તેમ એકનાનો સરખો દોષ બીજા દોષો સાથે ભળીને જીવમાં પાપરૂપી ઝેરનું સિંચન કરે છે. આથી સાધક જે કર્મથી દોષ થાય તે કર્મને દૂર કરવા પ્રયત્ન કરવા ઉપરાંત પણ દોષના ભાવને દૂર કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી પ્રાયશ્ચિત્ત લેવામાં અને પાળવામાં જીવે સત્યને વળગી રહેવું જોઈએ. તેમાં જો માયા કે માન ભળે તો કરેલું પ્રાયશ્ચિત્ત નિરર્થક બને છે. જીવ જ્યાં હતો ત્યાં જ રહે છે. માટે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરતી વખતે બાળક જેવા નિર્દોષ ભાવ રાખવા, જેથી પ્રાયશ્ચિત્ત પરંપરાએ મુક્તિનું કારણ બને છે.

**વિનય :** અભ્યંતર તપમાં બીજું સ્થાન વિનય છે. જ્યારે દોષ કરવાની કે અન્યમાં દોષ જોવાની વૃત્તિ શમે છે, ત્યારે સહજપણે વિનય પ્રગટ થાય છે. કારણ કે બીજાનો દોષ જોવો કે દોષારોપણ કરવું તે અહંકાર છે. અહંકાર અને વિનય બે સાથે રહી શકતા નથી. બીજાનો દોષ જોવામાં જીવ પોતે નિર્દોષ છે તેવું અહં પોષાય છે, તે અભ્યંતર તપમાં બાધક છે.

વડીલો કે ગુરુજનોના વચન કે આજ્ઞાને માન્ય કરવી, તેમાં હિત જોવું અને તે પ્રકારે વર્તવું એ વિનય ધર્મ છે, પરંતુ મનની નિર્દોષતા પર આધારિત છે. મન અન્યની પ્રશંસાના કથનમાં વધુ ટકી શકતું નથી. અંતરમાં મૂંઝાય છે. અને પરનિંદામાં રસ લે, વાતોમાં પુરવણી કરે, ત્યાં પોતાનો અન્ય પ્રત્યેનો અભાવ વ્યક્ત થાય છે. તે સાધકને માટે બાધક છે. તેથી જ્ઞાનીજનોએ સ્વદોષદર્શન માટે અઢાર પાપસ્થાનકોનું વિધાન કર્યું.

વિનય-ધર્મરૂપ તપને વિશાળતાથી સમજવું હોય તો તેનાં વિવિધ પાસાં છે. ગુરુજનોનો સવિશેષ આદર, ગુણીજનોનો, વડીલોનો, લોકપ્રિય ઉત્તમ પુરુષોનો આદર કરવાના આ સંદર્ભને વિશાળતાથી સમજવો, જેથી અન્ય જીવોનો અનાદર કરવો તેવો ભાવ ન જન્મે. જગતમાં વ્યવસ્થાની અપેક્ષાએ એવો વ્યવહાર બતાવ્યો. અન્યથા જંતુથી માંડીને માનવ સુધીના સર્વ જીવો પ્રત્યે આત્મવત્ ભાવ તે વિનય છે. ત્યાં શ્રેષ્ઠ અને નિકૃષ્ટની તુલના કહી નથી.

વાસ્તવમાં વિવેક એ જાગ્રત અવસ્થા છે, ઊઠતાંબેસતાં સર્વ કાર્યોમાં જાગૃતિ એ વિવેક છે. શાસ્ત્રમાં તો વિનયના વિવિધ ભેદ છે. અહીં તપને અભ્યંતર કહ્યું છે તેથી તેનો અર્થ સૂક્ષ્મ છે, કે જે તપ પરંપરાએ મોક્ષનું કારણ બને છે. એ વિનય ભાવશુદ્ધિનો છે. વિનય એ આંતરિક ગુણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૈયાવૃત્ય** : અભ્યંતરમાં ત્રીજું તપ છે, સેવા કરવી. તમે જે ભૂમિકામાં છો ત્યાં તમારે માટે જે કાર્ય આવે તે વિનયપૂર્વક કરવું તે સેવા છે. ભગવાને તે સેવાને કેવળ સાધુજનો પૂરતી સીમિત રાખી નથી. જેણે સમાજના હિતનું કાર્ય અને સ્વહિત માટે સંયમ ધારણ કર્યો છે, તેવા પવિત્ર આત્માઓની સેવાને ઉત્તમ કહી છે, પરંતુ ગૃહસ્થે માતાપિતાની, વડીલોની અને પીડિતજનોની સેવાને પણ સ્થાન આપવું જોઈએ.

સાધુજનો સેવાની અપેક્ષા રાખતા નથી, પરંતુ તેમનો સંયમ આપણને સેવા કરવા પ્રેરે છે. તે સિવાયની સેવાઓ અનેક પ્રકારની છે તે જગતની વ્યવસ્થાની અપેક્ષાએ છે. ઉત્તમજનોની સેવા કરવાથી ઉત્તમતા વધે છે. પોતાની મોટાઈ મરી જવાથી જીવ નિર્મમત્વ થાય છે. તેથી આ ગુણ પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

સેવા કરવી તે દયા કરવાના ભાવથી કે મને સેવાના બદલામાં સ્વર્ગનાં સુખ મળે તે ભાવથી પણ સેવા કરવાની નથી. સેવામાં કંઈ મેળવવાનું નથી, પણ ચૂકવવાનું છે, કર્મોને કાપવાનાં છે. આથી તેને અભ્યંતર તપ કહ્યું છે. આંતરિક અવસ્થામાં ઉત્તમ જીવો પ્રત્યે અહોભાવ, ગ્લાન પ્રત્યે અનુકંપા અને અન્ય જીવો પ્રત્યે સમભાવ જાગે છે.

**સ્વાધ્યાય** : અભ્યંતર તપમાં ચોથું સ્થાન સ્વાધ્યાયનું છે. સ્વાધ્યાય શાસ્ત્ર—અધ્યયન પૂરતું સીમિત નથી, કે શ્રવણ પૂરતું તે કાર્ય નથી. અભ્યંતર તપનો અર્થ જ અંતરંગ અવસ્થાની શુદ્ધિ છે. શાસ્ત્ર અધ્યયન અને શ્રવણ તો સરળ છે. તેનો સ્મૃતિમાં સંગ્રહ કરવો તે પણ સહેલું છે. સ્વાધ્યાય એટલે સ્વનો અધ્યાય, સ્વનું નિરીક્ષણ કરવું, સાવધાન રહેવું તે છે. આત્મા પ્રત્યે લક્ષ્ય થવું તે સ્વાધ્યાય છે. અજ્ઞાનરૂપી અંધકારમાં ન રહેતાં જાગ્રત રહેવું. જાગૃતિમાં આત્મહિતથી વિપરીત ન થાય તે સ્વાધ્યાય છે.

શાસ્ત્ર અને શ્લોકાદિનું રટણ તે સાધન છે. સાધુજનોને નિરંતર સ્વાધ્યાય આપ્યો છે. સાધકોને સામાયિક ધારણ કરવા છેલ્લું ઉચ્ચારણ સજ્ઝાય કરું એમ આવે છે. અર્થાત્ સામાયિકમાં સાવધ પાપવ્યાપારનો ત્યાગ કરી, સ્વમાં રહેલા દોષોને ટાળી આત્માની જાગૃતિની વૃદ્ધિ કરીશ. આથી સ્વાધ્યાયને અંતરંગ અને મહત્ત્વનું તપ કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધ્યાન** : અભ્યંતર તપમાં પાંચમું તપ ધ્યાન છે. ભગવાને અભ્યંતર તપમાં વૈજ્ઞાનિક પદ્ધતિ દર્શાવી છે. સ્વાધ્યાય તપ પછી આત્માની અવસ્થામાંથી ચંચળતા શમે છે. આત્મ–સન્મુખ થયેલો સાધક દુર્ધ્યાનમાં જતો નથી.

જૈન દર્શનમાં ધ્યાનની પદ્ધતિ સૂક્ષ્મ બતાવી છે. પ્રથમ જીવને આર્ત અને રૌદ્રધ્યાનરૂપ દુર્ધ્યાનથી થતી હાનિ બતાવી ધર્મધ્યાનમાં પ્રવેશ કરાવે છે. શુદ્ધ અવલંબનમાં ઉપયોગની તન્મયતા – એકાગ્રતા એ છદ્મસ્થનું ધ્યાન છે. એ સ્વાભાવિક ધ્યાનની અવસ્થાનો અર્થ સ્વભાવમાં ટકવાનો છે. સાધક પ્રથમ કાયાને સ્થિર રાખી આસનસ્થ થાય છે, મૌનથી વચનને શાંત કરે છે. દુર્ધ્યાનથી મનને પાછું વાળી મનને શાંત કરે છે. આમ આ ત્રણ યોગ બહાર જતાં અટકે છે, ત્યારે ઉપયોગ કોઈ અવલંબનમાં એકાગ્ર થાય છે. અંતે નિરાલંબન સ્થિતિમાં જઈ શુકલધ્યાનને પ્રાપ્ત કરી સાધક ધ્યાન દ્વારા પરંપરાએ મોક્ષને પામે છે.

**કાયોત્સર્ગ** : અભ્યંતર તપમાં છઠ્ઠું અંતિમ તપ કાયોત્સર્ગ છે. તપનું અંતિમ ચરણ છે. અતિ મહિમાવંત છે. તેમાં સાધનાની ગહરાઈ છે. કાય-ઉત્સર્ગ અર્થાત્ કાયાના મમત્વથી મુક્ત થવું, દેહાધ્યાસથી મુક્ત થવું. મૃત્યુ સમયે કાયા છૂટે તે મરણ છે, જ્યારે દેહ છતાં દેહભાવનું કર્તાભોક્તાપણું છૂટે તે કાયોત્સર્ગ છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આપણે કાયોત્સર્ગના તપને ક્રિયાપ્રધાન બનાવ્યું અને તેમાં નવકાર કે અન્ય સૂત્રને જોડી દીધા. આથી તેનો મૂળ મર્મ ચૂકી ગયા. દેહભાવથી મુક્ત થવાની તે ક્રિયા કેવળ કંઈ ગણી લેવામાં સમાતી નથી.

અનાદિકાળનો દેહ અને જીવનો સંબંધ એકમેક થઈ ગયો છે. એટલે જીવ દેહના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે. ક્ષુધા, તૃષા, ઠંડી કે ગરમી મને લાગે છે, હું યુવાન–વૃદ્ધ થાઉં છું, આવા અનેક પ્રકારના દેહના મમત્વના ભાવોથી અલગ થવાનો અભ્યાસ તે કાયોત્સર્ગ છે.

એક બાજુ દેહના ભાવનો વિસ્તાર વધતો જાય છે. સ્પર્શના, રસના, ગંધના, વર્ણના અને શ્રવણના સુખનાં સાધનોની વૃદ્ધિ, તેમાં સુખબુદ્ધિ કરવી તે સર્વ દેહભાવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ભૌતિક વિજ્ઞાને એનાં સાધનોની ઘણી વૃદ્ધિ કરી આપી, જ્યારે અધ્યાત્મવિજ્ઞાન દેહભાવનો સંકોચ કરવાની શિક્ષા આપે છે.

અર્થાત્ જે જેનું છે તેને ત્યાં જ રહેવા દો, શરીરમાં રહેલા સ્પર્શાદિ તે તે પુદ્ગલોના છે. આત્માના લક્ષણનો એક પ્રદેશ તેમાં છે નહિ. દેહ સાથે સંયોગ છે. તે દેહને ધર્મનું સાધન બનાવી દેહભાવનો મોહ તોડવો તે કાયોત્સર્ગ છે. જે અભ્યંતર તપની આખરી મંજિલ છે. જ્યારે દેહાતીત દશા પ્રગટે છે ત્યારે જીવ સ્વયં સિદ્ધ થાય છે.

વાસ્તવમાં બાહ્ય અભ્યંતર તપ બંને ગાડાનાં બે ચક્ર જેવાં છે. સાથે જ ચાલે છે. બાહ્ય તપ સાધી લઈએ અને અભ્યંતર તપને મુલતવી રાખીએ તો તપની આરાધના અપૂર્ણ રહે છે. બાહ્ય તપને કેવળ ઉપવાસાદિ તપ જેવામાં કે અમુક રસનો ત્યાગ કરવાની પ્રચલિત પદ્ધતિથી ન જોવું, પણ તે અભ્યંતર તપ તરફ લઈ જનારું અને તેનું રક્ષણ કરનારું તપ છે. જ્યારે અભ્યંતર તપ તો ઉપયોગશુદ્ધિની પદ્ધતિવાળું છે. એકલું બાહ્ય તપ પુણ્ય સુધી પહોંચાડે છે, જ્યારે અભ્યંતર તપનું કોઈ પણ અનુષ્ઠાન પૂર્ણ શુદ્ધિથી પાલન કરવામાં આવે તો પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

દૃષ્ટાંતને અનુસરીને અઠ્ઠમ તપનું માહાત્મ્ય દર્શાવ્યું છે. ઉપરાંત સાધનામાં અઠ્ઠમ તપની શ્રેષ્ઠતા છે. સંઘની સુખાકારી માટે, સંવત્સરીની સાધના માટે, પોષ દશમની સાધના જેવાં અનુષ્ઠાનો સાથે અઠ્ઠમ તપનો મહિમા જળવાયો છે. છતાં તપની પૂરી આરાધના ભગવાને આ પ્રમાણે ઉપદેશી છે.

---

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ એનાં મુખ્ય અંગ છે. જેનું મન હંમેશાં ધર્મમાં લાગેલું રહે છે, તેને તો દેવો પણ નમસ્કાર કરે છે.

*

ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૫. જૈન ચૈત્ય પરિપાટી : દેવદર્શન – ભક્તિભાવના

## પાંચમું કર્તવ્ય : ચૈત્ય પરિપાટી

હવે પરમર્ષિ જણાવે છે કે પર્યુષણપર્વ નિમિત્તે સાધકે ચૈત્ય મંદિરની શુદ્ધિ તથા પૂજા આદિ કરી જિનેશ્વરદેવના શાસનની પ્રભાવના કરવી. જે નગરમાં રહેતા હોઈએ તેનાં સર્વ મંદિરોનાં દર્શન રોજ થઈ ન શકે પરંતુ વર્ષમાં એક વાર જો શક્ય હોય તો એ મંદિરોમાં દેવદર્શન કરી પાવન થવું, જેથી જે મંદિરોમાં જે કંઈ સુધારા કરવાના હોય તે પણ કરી શકાય. આથી સમૂહમાં ઉલ્લાસપૂર્વક નગરનાં કે ગામનાં મંદિરમાં દર્શનપૂજા કરવાનું કર્તવ્ય દર્શાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત શ્રાવકપણાની ઉજજ્વળતા માટે અન્ય પણ વિશેષ કર્તવ્યો સૂચવવામાં આવ્યાં છે. શ્રાવક જીવનમાં ધર્મનાં કાર્યોને અને ઉત્તમ ભાવનાને અગ્રિમતા આપીને તે ધર્મકર્તવ્યો ગુરુઆજ્ઞા પ્રમાણે કરતાં રહેવાથી આરંભ પરિગ્રહનું અલ્પત્વ થાય છે. તે પ્રત્યેની મૂર્છા ઘટી જીવને જ્ઞાનપ્રાપ્તિનો અવકાશ મળે છે.

જિનદર્શન એ ભક્તિમાર્ગ છે. આ કાળમાં તે સરળ માર્ગ મનાયો છે. અશક્ત અને અબૂઝ મનુષ્યો પણ ભક્તિમાર્ગથી તર્યા છે. સર્વજ્ઞ પરમાત્માનું શુદ્ધ સામર્થ્ય એવું છે કે સાધકના મનોભાવ ત્યાં શુભ બને છે અને જેમ જેમ હૃદય નિર્મળ બનતું જાય તેમ તેમ મન શુદ્ધ થતાં જીવ સમ્યક્દશાને પામે છે, જે વડે સર્વ દુઃખનો ક્ષય થાય છે.

નિત્ય નિયમમાં કોઈ એક મંદિરે દર્શન કરવાં. તે પ્રયોજનનું સાધન ન મળે તો ગૃહમંદિર રાખવું અને પર્વ જેવા દિવસોમાં તીર્થસ્થાનોમાં જઈ દર્શન કરી ભક્તિ દ્વારા નિર્મળ થવું. પરંતુ રોજ ભગવાનની પ્રતિમા કે ચિત્રપટ દ્વારા દર્શન કરવાનો ભાવ રાખવો. કેવળ પરીક્ષા જેવા દિવસોમાં કે નવા કારખાનાના ઉદ્ઘાટનમાં કે ભૌતિક પ્રસંગોમાં ભગવાનને નમસ્કાર કરવાથી ભક્તિ ફળતી નથી. ભગવાનનો નિર્મળ હૃદયમાં વાસ થાય તેવી ભક્તિનું પરિણામ મુક્તિ છે. જિનપદ દ્વારા નિજપદનું લક્ષ્ય કરી આત્મસાધના કરવાની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૈત્ય પરિપાટી અર્થાત્ તેમાં જિનભક્તિનો મહિમા છે. જૈન દર્શનમાં જિનભક્તિનું માહાત્મ્ય નિરાળું છે. નિજપદ જિનપદની એકતાનું તેમાં ધ્યેય છે. એ જિનભક્તિ કેવી હોય ? અલૌકિક, નિઃસ્પૃહ અને પરમાર્થસ્વરૂપ હોવી જોઈએ. ભક્તવત્સલ પરમાત્માએ ભક્તને પોતારૂપ માન્યો છે. એ ભક્ત કેવો હોય ? ખાંડાની ધાર પર ચાલવા કરતાં પણ વિશેષ મનોબળવાળો હોય. અર્થાત્ તે મનશુદ્ધ, વચનશુદ્ધ અને દૃષ્ટિશુદ્ધ હોય.

"ધાર તલવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા
ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા."

(શ્રી આનંદઘનજી)

પરમાત્માની ભક્તિ શુદ્ધ ભાવ વગર પરમાર્થમૂલક ફળદાયી થતી નથી. ભક્તિ મુક્તિનું સરળ સાધન મનાયું છે, કારણ કે ભક્તિ જો નિઃસ્પૃહભાવે થાય તો સાધકની હૃદયગત ભૂમિકા નિર્મળ થાય. અને નિર્મળતાની ફળશ્રુતિ આત્મજ્ઞાનસહ વિરતિ છે.

નિર્મળતા
↓
આત્મજ્ઞાન
↓
વૈરાગ્ય
↓
મુક્તિ

આ કાળમાં ભક્તિને સરળ સાધન માન્યું છે. પંચમકાળના માનવીનાં મનાદિ બળ નબળાં છે. ભક્તિમાં બળની જરૂર નથી પણ કળની – ભાવની જ જરૂર છે, પરમાત્માના શુદ્ધ સ્વરૂપ સાથે પોતાના નિર્મળ ભાવોને લયબદ્ધ કરી, પૂરું જીવન તે ભાવથી રંગી દેવું તે ગૃહસ્થની ભક્તિ છે.

એવો ભક્ત ક્લેશથી દૂર હોય.

એવો ભક્ત વિષયથી વિરક્ત હોય.

જૈનમ્ જયતિ શાસનમ् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો ભક્ત સર્વ જીવોનો મિત્ર હોય.

એવો ભક્ત સૌના સુખમાં રાજી હોય.

એવો ભક્ત અન્યના ગુણનો રાગી હોય.

એવો ભક્ત શીલ અને સદાચારયુક્ત હોય.

એવો ભક્ત સહિષ્ણુ અને સૌમ્ય હોય.

એવો ભક્ત નમ્ર અને સંતોષી હોય.

એવો ભક્ત સત્યભાષી અને સરળ હોય.

એવો ભક્ત સ્વયં પ્રભુમય હોય.

આ એક એક થરમૉમીટર રોજે મૂકી જિનમંદિરમાં દર્શનાર્થીએ પોતાની જાતને તપાસી લેવી. ભક્તિ કેવળ શારીરિક કે વાચિક ક્રિયા નથી. પણ ભાવાત્મક જીવની શુદ્ધ પરિણતિ છે, કે જે વડે સાધક મુક્તિની સમીપ પહોંચી શકે છે.

ભક્તિનાં સાધન અને સ્થાનો વધ્યાં. પણ તે બધાં ફળદ્રુપ પણ નિઃસત્ત્વ ખેતી જેવાં કેમ નીવડે છે ? ફાલ ઘણો અને સત્ત્વ નહિ જેવું કેમ બને છે ? આપણે સૌએ સ્વને કેન્દ્રમાં રાખીને તેનો વિચાર કરવાનો છે કે આપણે ભક્તિ શાને માટે કરીએ છીએ ? દુઃખમુક્તિ માટે ? દુઃખ શું છે ? સ્વરૂપનું અજ્ઞાન તે મહાદુઃખ છે. એક સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય તો સર્વ દુઃખ દૂર થઈ જાય છે તેને માટે ભક્તિનું પ્રયોજન છે.

**સારાંશ : ચૈત્ય પરિપાટી :**

ગૃહસ્થજીવન ધર્મારાધના માટે સીમિત ક્ષેત્ર છે. છતાં ઉત્તમ જીવો જિનાજ્ઞાને ધારણ કરીને ઉત્તમ ગૃહસ્થજીવન આરાધી મુક્તિ નજીક પહોંચવા જેવો પુરુષાર્થ કરીને ધન્ય થયા છે, થાય છે, અને થશે. એ માટે જ શ્રાવકને કર્તવ્યોનો ઉપદેશ કહ્યો છે. શ્રાવક કે ગૃહસ્થની આરાધના બે ક્રમમાં હોય છે. નિમિત્તધર્મ અને નિયમિતધર્મ. પર્યુષણપર્વની આરાધના અને તે નિમિત્તે દર્શાવેલાં અનુષ્ઠાનો નિમિત્તધર્મ છે. નિમિત્તધર્મને આરાધીને પાત્ર જીવોની રુચિ વિકાસ પામે છે. ત્યારે રુચિ અનુયાયી વીર્યના ન્યાયે તે જીવમાં ધર્મકર્તવ્ય વૃદ્ધિ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૈત્ય પરિપાટી એ નિમિત્તધર્મ છે. સમૂહમાં જિનમંદિરમાં દર્શન કરવામાં ઉત્સાહ વધે છે. એથી પરિણામની ધારામાં શુભભાવના સાકાર થાય છે, ત્યારે જિનગુણ ગાતાં જીવને ભાન થાય છે કે મારું આ જીવનનું કર્તવ્ય પણ જિનસ્વરૂપે પ્રગટ થવાનું છે. અર્થાત્ રાગાદિ ભાવોથી મુક્ત થઈ તેના પર વિજય મેળવી જન્મમરણથી મુક્ત થવાનું છે.

પરમાત્માનાં દર્શન જીવને પોતાનું સ્વરૂપદર્શન કરાવે છે. વર્તમાન દશામાં પોતે રાગી, મોહી અને અજ્ઞાની છે. પરમાત્માના ગુણ ગાતાં તેને ભાન થાય કે પરમાત્માનું જેવું સ્વરૂપ છે તેવું મારું છે. પણ હું સ્વરૂપને ભૂલીને ભટકું છું. સ્વરૂપપ્રાપ્તિ માટે આ દર્શન છે.

જગતજીવો, સરળતાથી ધર્મમાર્ગે પ્રવર્તે તે માટે મહાનુભાવોએ જિનાલયોની રચના કરી, ગુરુજનોએ ધનનો સદ્‌વ્યય બતાવ્યો. વળી પવિત્ર આત્માઓ જ્યાં વિચર્યા તે સ્થાનો તીર્થ તરીકે પ્રસિદ્ધ થયાં. સ્થાપના નિપેક્ષાની દૃષ્ટિએ જિનપ્રતિમા જિનસારીખી કહી. તે પ્રતિમા દ્વારા આત્માનું નિશ્ચળ અને નિષ્કંપ સ્વરૂપ આપણી સમજમાં આવે છે અને સ્તવનો દ્વારા ગુણગાન ગાઈને મનની કલુષિતતા દૂર થાય છે.

ગૃહસ્થનું જીવન ધનોપાર્જનમાં ઘણા આરંભ અને દોષવાળું બને છે. તે ધનનો શ્રેષ્ઠ ઉપયોગ જિનાલયોની સ્થાપના છે. યદ્યપિ દેશકાળને અનુસરીને જ્યાં જ્યાં જે જે કાળે જે ક્ષેત્રમાં વધુ જરૂરિયાત હોય તે ક્ષેત્રે ધનનો સદ્‌વ્યય કરવો તે પણ ઉત્તમ કાર્ય છે.

વાસ્તવમાં દાનક્રિયા પુણ્ય સુધી લઈ જનારું સાધન છે. પરંતુ જો ધનની મૂર્છા ઘટે, જીવ આરંભાદિથી મુક્ત થાય તો તે દાન ઉત્તમ પુણ્યનું નિમિત્ત બને છે, કે જે પુણ્ય આગામી જીવનમાં જીવને એવા યોગ આપે છે કે ધનાદિ વૈભવ મળવા છતાં તે તેમાં આસક્ત થઈ અટકી જતો નથી. પણ ત્યાગ માર્ગે જઈ મુક્તિને ઇચ્છે છે. અર્થાત્ દાન જીવને પુણ્યયોગ આપી બાંધનારું ન નીવડે તે માટે જીવે દાન ઉપરાંત સવિશેષ તો ધનાદિની મૂર્છા ઘટાડવી તે કર્તવ્ય છે.

ચૈત્ય પરિપાટીનો એક દિવસ કરવાના કર્તવ્ય પૂરતું અર્થઘટન ન કરવું. પણ ધનાદિ સાધનના સદ્‌ઉપયોગનું કર્તવ્ય માનવું. જોકે હમણાં તીર્થો અને તીર્થયાત્રાનું પ્રમાણ વધતું જાય છે. સ્થાનો વધે તેટલી માત્ર જૈનશાસનની શોભા નથી. પણ પરમાત્માને પૂજીને, તીર્થયાત્રા કરીને યાત્રી સાચો જૈન બને તે શાસનની શોભા છે અને તારે તે તીર્થ તે ધર્મના મર્મને સાર્થક કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મહા શ્રૃત
# શ્રી કલ્પસૂત્ર કથાસાર

## ભગવાન શ્રી મહાવીરનું જીવનચરિત્ર

**नमो दुर्वार रागादि वैरीवार निवारिणे**
**अर्हते योगीनाथाय, महावीराय तायीने.**

મહા બળ વડે જીતી શકાય તેવા રાગાદિ શત્રુઓને જેણે નષ્ટ કર્યા છે, એવા અર્હંતોમાં યોગીનાથ ભગવાન મહાવીરને નમસ્કાર કરું છું.

जैन साईट JAINSITE

"દુઃખે કરીને જીતી શકાય તેવા રાગદ્વેષ અને અજ્ઞાન કે જે સંસાર પરિભ્રમણના કારણ છે, તે જેના ક્ષય પામ્યા છે, તે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ વીતરાગ પરમાત્મા છે. તેમના નામ માત્ર સ્મરવાથી, તેમની સ્તુતિ વંદના કરવાથી, તેમના પ્રતિમાજી ભરાવવાથી જો સર્વ પાપ સત્વરે નાશ થઈ જાય, અને સર્વ પુણ્ય યોગ જાગે, તો પછી વીતરાગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું ધ્યાન કરવાથી શું પ્રાપ્ત ન થાય ? અર્થાત સર્વ કર્મ ભસ્મીભૂત થઈ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય."

वीरः सर्व सुरासुरेन्द्रमहितो, वीरं बुधाः संश्रिताः,
वीरेणाभिहतः स्वकर्म निचयो, वीराय नित्यं नमः
वीरात्तीर्थमिदं प्रवृत्त मतुलं, वीरस्य घोरं तपो ॥
वीरे श्री धृति कीर्तिकांति निचयः श्रीवर भद्रं दिशः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી




# શ્રી કલ્પસૂત્ર કથાસાર

કલ્પ એટલે શું ? કલ્પ એટલે આચાર. કલ્પસૂત્રના પ્રારંભમાં સવિશેષ સાધુજનોના આચાર વિષેનું કથન છે. સાધુજનોએ પ્રમાદરહિત દિનચર્યા કેવી રીતે કરવી તે જણાવવામાં આવ્યું છે. આ ગ્રંથ કથાસાર હોવાથી સાધુજનોના આચારનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ પ્રથમના ત્રણ દિવસનાં શ્રાવકોનાં કર્તવ્યોના વ્યાખ્યાનસારને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. ત્યાર પછી કથાસારમાં ભગવાન મહાવીર આદિનાં જીવનચરિત્રો આ ગ્રંથમાં પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કલ્પસૂત્રનું માહાત્મ્ય દર્શાવતાં શાસ્ત્રકાર કહે છે કે—

मव्वनईणं जा हुज्ज, वालुआ सव्वोदहीणं जं उदयं
तत्तो अनंतगुणिओ, अत्थो इक्कस्स, सुत्तस्स.

मुखे जिह्वासहस्रं स्याद् हृदये केवलं यदि,
तथापि कल्पमाहात्म्यं, वक्तुं शक्यं न मानवैः.

**ભાવાર્થ :** સર્વ નદીની રેતી ભેગી કરીએ, સર્વ સમુદ્રનું પાણી ભેગું કરીએ, તેના કરતાં પણ એક સૂત્રનો અર્થ અનંતગણો છે. (૧)

મુખમાં હજાર જીભ હોય, અને હૃદયમાં કેવળજ્ઞાન હોય, તો પણ મનુષ્યો કલ્પસૂત્રનું માહાત્મ્ય કહી શકવા સમર્થ નથી. (૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




ત્રિશલા ક્ષત્રિયાણી રાત્રિએ ઉત્તમ ચૌદ સ્વપ્ન જુએ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




ભગવાન મહાવીરનો મેરૂપર્વત ઉપર ઈન્દ્રાદિક દ્વારા જન્માભિષેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



વર્ધમાનકુમારનું બાળપરાક્રમ.
નિર્ભયતાથી સર્પને દૂર ફેંકી દીધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




જ્યેષ્ઠ ભ્રાતા નંદિવર્ધન પાસે વર્ધમાન સંસારત્યાગ માટેની આજ્ઞા માંગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"पुरिम-चरिमाण कप्पो, मंगलं वद्धमाण-तित्थम्मि,
इह परिकहिआ जिणगण, हराइथेरावली चरित्तं."

"શ્રી ઋષભદેવ અને મહાવીરસ્વામીના સાધુઓનો આચાર છે કે વરસાદ થાઓ કે ન થાઓ પણ ચાતુર્માસમાં પર્યુષણ અવશ્ય આરાધવા, અને તેમાં કલ્પસૂત્ર વાંચવું. વળી શ્રી વર્ધમાનસ્વામીના તીર્થમાં કલ્પસૂત્ર વાંચવું, એ માંગલિકનું કારણ છે. તેમાં જિનેશ્વરોનાં ચરિત્રો, ગણધર વગેરેની પરંપરા અને સાધુઓની સમાચારી એ ત્રણ અધિકાર પ્રસ્તુત છે."

પ્રશ્ન થશે કે પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓને માટે પર્યુષણ આરાધનાની આવશ્યકતા કેમ દર્શાવી ? તો આ જ શાસ્ત્રમાં તેનું કારણ સપ્રમાણ દર્શાવ્યું છે તે આ કાળના સાધકોએ સમજવું આવશ્યક છે. શાસ્ત્રકાર લખે છે કે પ્રથમ તીર્થંકરના સમયમાં જીવો ઋજુ અને જડ હતા. સરળ હતા પણ બુદ્ધિનો વિકાસ અલ્પ હતો તેથી તેમને ધર્મનું જ્ઞાન પામવું દુર્લભ હતું, પરંતુ પાલન સરળ હતું. શ્રી મહાવીરસ્વામીના તીર્થના જીવો વક્ર અને જડ હતા. બુદ્ધિવાદી હતા. તેથી તેમને ધર્મ પાળવો દુર્લભ હતો. વચ્ચેના બાવીસ જિનના તીર્થના જીવો સરલસ્વભાવી હતા તથા બુદ્ધિમાન હતા, તેથી ધર્મનાં જ્ઞાન અને આચાર તેમને માટે સુલભ હતાં. આથી પ્રથમ અને અંતિમ જિનના સમયના જીવો માટે આચારપાલનના કંઈક ભેદ જોવા મળે છે, જે આ દૃષ્ટાંતો દ્વારા સમજાશે.

દૃષ્ટાંત : પ્રથમ જિનના સમયનું આ દૃષ્ટાંત છે.

કોઈ એક કોંકણ દેશના વણિકે વૃદ્ધાવસ્થામાં દીક્ષા લીધી હતી. તે એક વાર કાઉસગ્ગમાં ઘણી વાર સ્થિર રહ્યો. તે કાઉસગ્ગમાંથી ઊઠ્યો ત્યારે તેને ગુરુજીએ પૂછ્યું કે તેં આજે લાંબા સમયના કાઉસગ્ગમાં શું ચિંતન કર્યું ?

શિષ્ય : મેં જીવદયા ચિંતવી.

ગુરુ : કેવા પ્રકારની જીવદયા ચિંતવી ?

શિષ્ય : હું જ્યારે ગૃહસ્થાવાસમાં હતો ત્યારે મેં ખેતરો વગેરેની સારી માવજત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને ઘણું અનાજ વાવ્યું હતું. હવે મારા પુત્રાદિ મારા જેવી માવજત કરશે નહિ, ઘાસ કાઢશે નહિ, નકામાં વૃક્ષને ઊખેડી નાખશે નહિ, તો ખેતરમાં અનાજ પૂરતું પાકશે નહિ તો તે બિચારાઓના શા હાલ થશે ?

ગુરુ : હે, મહાનુભાવ ! તેં સાચી જીવદયા ચિંતવી ન કહેવાય. પણ જીવહિંસા ચિંતવી કહેવાય, અને તે દુર્ધ્યાન છે. એમ કરવું સાધુને યોગ્ય નથી.

ગુરુની વાત સાંભળી શિષ્યે ક્ષમા માગી. સરળ હોવાથી વાતને સાચી રીતે પ્રગટ કરી પણ જડ હોવાથી એવું ન સમજ્યો કે આ જીવદયા નહિ પણ જીવહિંસા છે.

શ્રી વીરપ્રભુના સમયના જીવોનું વક્રતા અને જડતાનું દૃષ્ટાંત.

દૃષ્ટાંત : એક વેપારીનો પુત્ર અવિનયી, વક્ર અને જડ હતો. તેના પિતા તેને ઘણી શિખામણ આપતા કે વડીલોની સામું બોલવું નહિ. એક વાર એવું બન્યું કે ઘરના બધા જ માણસો બહાર ગયા હતા ત્યારે તેની વક્રતાએ બુદ્ધિ લડાવી કે પિતા રોજે શિખામણ આપે છે. માટે આજ તો તેમને પણ પાઠ શિખવાડું. આમ વિચારી ઘરનાં બધાં બારીબારણાં બંધ કરી એક જગાએ છુપાઈ ગયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

બહાર ગયેલા પિતા અને અન્ય માણસો પાછાં આવ્યાં ત્યારે તેમણે ઘણાં બારણાં ખખડાવ્યાં, બૂમો પાડી, પણ બારણાં ઊઘડ્યાં જ નહિ. પિતા કોઈ જગા શોધી ભીંત ઉલંઘીને ઘરમાં ગયા ત્યારે પુત્ર તેમની સામે ખી ખી હસતો ઊભો રહ્યો. પિતાએ જ્યારે ઠપકો આપ્યો ત્યારે તેણે કહ્યું કે વડીલોને સામો ઉત્તર ન આપવો, તેમ તમે કહ્યું હતું તે મેં પાળ્યું છે. આ વક્રતા અને જડતા હતી.

વચ્ચેના બાવીસ જિનના સમયના જીવો વિચક્ષણ અને સરળ હતા. માર્ગે વિહાર કરતાં એક વાર શિષ્યો નટીનો ખેલ જોવા રોકાયા. વિલંબ થવાનું કારણ પૂછતાં, તેઓએ નટીના ખેલની વાત કરી. ગુરુએ કહ્યું કે સાધુથી નટીનો ખેલ ના જોવાય, દોષ લાગે. આમ, નટીનો ખેલ જોવાની ના પાડી હતી, તે વાતનો મર્મ બરાબર સમજી નટનો ખેલ જોવા પણ ન રોકાયા. તેમણે સમજી લીધું કે આ રાગ થવાનાં કારણો છે તેથી નિષેધવા યોગ્ય છે. આમ પ્રકૃતિભેદે બાહ્યાચારમાં અંતર જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન મહાવીરનું જીવનચરિત્ર

## [ચોથા વ્યાખ્યાનના આધારે]

**પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને ભગવાન મહાવીરનું જીવનચરિત્ર કહે છે.**

○ નમો અરિહંતાણં : અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

○ નમો સિદ્ધાણં : સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.

○ નમો આયરિયાણં : આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ.

○ નમો ઉવજ્ઝાયાણં : ઉપાધ્યાય મહારાજને નમસ્કાર થાઓ.

○ નમો લોએ સવ્વ સાહૂણં : લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

**એસો પંચ નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો :**

**—એ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે.**

**મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં.**

**—સર્વ મંગળમાં પ્રથમ મંગલ છે.**

નમો દુર્વાર રાગાદિ, વૈરીવાર નિવારિણે

અર્હતે યોગીનાથાય, મહાવીરાય તાઈને

## ભગવાન મહાવીરની જીવનકથા

ભગવાન ઋષભદેવના સમય અન્વયે ભગવાન મહાવીરનો સમય સર્વ પ્રકારે ભિન્ન હતો. અથવા કહો કે યુગલિક કાળને ઘણા ઘસારા પહોંચ્યા પછીનો એ કાળ હતો. છતાં તે કાળના દર્શનકારો અને ધર્મસ્રષ્ટાઓએ ધર્મના સંસ્કારોને જાળવ્યા હતા, નવું સિંચન કરતા આવ્યા હતા. આથી પચીસસો વર્ષ પહેલાં પૂર્વભારતની એ ભૂમિ સમૃદ્ધ, સુખી અને સંસ્કારથી સિંચન પામેલી હતી. અવસર્પિણીકાળનો એ ચોથો આરો સુખમય મનાતો.

તે સમયે ગણસત્તાક રાજ્યની પ્રથા હતી. વૈશાલીનું રાજ્ય ઘણું સંગઠિત, વૈભવપૂર્ણ હતું. એ વૈશાલીની ઉત્તરે ક્ષત્રિયકુંડ નામે ગ્રામ હતું. તેના રાજા સિદ્ધાર્થ હતા. રાણી ત્રિશલા હતાં. તેમને નંદિવર્ધન નામે રાજકુમાર અને સુદર્શના નામે રાજપુત્રી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન મહાવીરનું દેવલોકથી અવતરણ (ચ્યવન)

તે કાળ અને તે સમયને વિષે આ અવસર્પિણીના ચોથા યુગ-આરાને અંતે મહાતપસ્વી ભગવાન મહાવીર પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રમાં બ્રાહ્મણ-કુંડગ્રામ નામના નગરમાં ઋષભદત્ત નામના બ્રાહ્મણની પત્ની દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીને વિષે ગર્ભમાં આવ્યા. તીર્થંકરના જીવનું ગર્ભધારણ થતાં તેમની માતા કલ્યાણરૂપ, મંગળકારી ચૌદ સ્વપ્ન જુએ છે, તે વિધાન અનુસાર દેવાનંદા બ્રાહ્મણીએ પણ શોભાસહિત ચૌદ સ્વપ્ન જોયાં.

ત્યાર પછી દેવાનંદા આવાં પ્રશસ્ત ચૌદ સ્વપ્ન જોઈને વિસ્મયસહ જાગી ઊઠી, પ્રસન્ન ચિત્તે સ્વપ્નનું સ્મરણ કરતી ઉલ્લાસ સહિત શય્યાનો ત્યાગ કરી પોતાના પતિના શયનખંડમાં ધીમી ગતિએ જઈ પહોંચી. સુખેથી આસન પર બેસીને તે કહેવા લાગી :

હે દેવાનુપ્રિય ! આજે અર્ધનિદ્રાવસ્થામાં મેં તેજસ્વી ચૌદ મહાસ્વપ્ન જોયાં. તેણે તેનું સવિસ્તર વર્ણન કર્યું. એ સાંભળી ઋષભદત્ત પણ પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો : હે દેવી ! તને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે. ઉપરાંત ધનધાન્યાદિ વગેરેનો લાભ થશે અને એક હજાર આઠ લક્ષણવાળા પુત્રને જન્મ આપીશ (આ લક્ષણો એટલે શરીરનાં અંગ-ઉપાંગો, રેખાઓ વગેરેનું સપ્રમાણ હોવું વગેરે, બહારના પણ ઘણા યોગનું હોવું, સારી ગતિમાંથી આવવું-જવું વગેરે, જ્ઞાન-બુદ્ધિની ઉત્તમતા હોવી વગેરે).

પતિના મુખેથી સ્વપ્નના ઉત્તમ ફળને જાણીને દેવાનંદા પતિને બંને હાથ વડે અંજલિ કરીને સંતુષ્ટ થઈ બોલી કે, હે દેવાનુપ્રિય ! તમે સ્વપ્નનું ફળ કહ્યું તે સત્ય અને ઇષ્ટ જ છે. ત્યાર પછી દેવાનંદા સુખે દિવસો પસાર કરવા લાગી.

## શક્રેન્દ્રસ્તુતિ

તે કાળ અને તે સમયને વિષે શું બન્યું તે કહે છે કે, સૌધર્મેન્દ્ર સુધર્મા સભામાં બેઠા છે. તે શક્ર નામના સિંહાસન પર બેસતા હોવાથી શક્રેન્દ્ર કહેવાય છે. દેવોમાં પણ અધિક શોભાયમાન, પૂર્વજીવનમાં શ્રાવકની પાંચમી પ્રતિમાને સો વાર ધારણ કરનારો હોવાથી તેનું નામ શતક્રતુ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઇંદ્ર એકાવતારી હોય છે, અર્થાત્ મનુષ્યજન્મ પામી મોક્ષે જાય છે. તેની પાત્રતા આગળના જન્મોમાં કેળવાતી હોય છે. કોઈ પાપવૃત્તિઆત્મા ઇંદ્રની પદવી પામી શકતો નથી. પૂર્વજન્મમાં લોકોત્તર પવિત્ર ધર્મને સેવતાં ભવિતવ્ય બાકી હોય તેથી વચમાં આવા પુણ્યના ભોગો આવી મળે. ઇંદ્ર જેવા પદે હોવા છતાં તેઓ ધર્મવૃત્તિવાળા હોય છે.

ઇંદ્રને પાંચસો મંત્રીઓ હોય છે. તેમની હજાર આંખો તેને સહાય કરતી હોવાથી તે સહસ્રાક્ષ કહેવાય છે. ઐરાવણ નામના હાથીનું વાહન હોય છે. અસુરને શિક્ષા કરનાર અને દેવોને આનંદ આપવાવાળો હોય છે. બત્રીસ લાખ વિમાનનો તે સ્વામી છે. અતિશય કીમતી મુગટ આદિ આભૂષણોથી સજ્જ હોય છે. પંચવર્ણ પુષ્પોની માળાઓથી શોભતો હોય છે. લાખો દેવો તેની સેવામાં તત્પર હોય છે. તેની સભા અપ્સરાઓના નૃત્ય અને વાજિંત્રથી ગાજતી હોય છે. દેવસંબંધી આવા અતિશયવાળાં સુખોને ભોગવતા તે પોતાની સભામાં ઇંદ્રાણીઓથી વીંટળાયેલો બેઠો હતો.

આ ઇંદ્ર સમકિતી આત્મા છે. પ્રભુભક્તિમાં પ્રીતિયુક્ત હોય છે. તે કાળ અને તે સમયને વિષે સભામાં બેઠાં તેણે અવધિજ્ઞાનથી જોયું કે ભરતક્ષેત્રના કુંડાલગ્રામમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષીમાં ભગવાન મહાવીરનો જીવ ગર્ભપણે ઉત્પન્ન થયો છે. તે જોઈને તે અતિ હર્ષોલ્લાસમાં આવી ગયો. તેના સર્વ રોમાંચ વિકસ્વર થઈ ગયાં. પ્રભુ પ્રત્યેની ભક્તિના આનંદમાં તે અતિ આદર સહિત, ઉત્સુકતાપૂર્વક સિંહાસન પરથી ઊભો થઈ જાય છે. રત્નજડિત મોજડીને પગમાંથી ઉતારે છે અને બંને હાથની અંજલિ કરી પ્રભુની સન્મુખ સાત-આઠ પગલાં ભરે છે. શરીરને નમાવીને પ્રભુને પ્રણમે છે અને શક્રસ્તવ 'નમુત્થુણં' સૂત્ર દ્વારા પ્રભુની સ્તુતિ કરે છે. (આ સૂત્ર ચૈત્યવંદન સૂત્રથી જાણી લેવું.)

આ સ્તુતિ કરતાં કરતાં તેણે પ્રભુ જગતના જીવોના તારણહાર અને ધર્મના સારથિ છે તેવા ભાવોથી મનોમન ભાવના કરી ત્યાં તો તેના અવધિજ્ઞાનરૂપી ચક્ષુમાં એકભાવી ચિત્ર ઊપસી આવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# "ધમ્મ સારહીણં" – ધર્મના સારથિ

## પ્રભુ કોનું સારથિપણું કરશે ?

### મેઘકુમારનું દૃષ્ટાંત

તે કાળે તે સમયે ભગવાન મહાવીર પૃથ્વી પર વિચરતા હતા ત્યારે રાજગૃહ નગરની બહારના ઉદ્યાનમાં બિરાજતા હતા. તે નગરીમાં રાજા શ્રેણિક રાજ કરતા હતા. તેમને ધારિણી નામે રાણી હતી, તેને મેઘકુમાર નામે પુત્ર હતો. એક વાર પ્રભુની દેશનાનું શ્રવણ કરી મેઘકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે માતાપિતા પાસે સંસારત્યાગની અનુજ્ઞા માગી. મોહવશ માતાએ તેને ઘણો વાર્યો. જંગલના ઉપસર્ગ-પરિષહની વાત સમજાવી. તપની કઠિનતા સમજાવી. છતાં પણ મેઘકુમારનો વૈરાગ્યભાવ પ્રદીપ્ત રહ્યો. આથી તેણે આઠ પત્નીઓ તથા રાજપાટ સર્વનો ત્યાગ કરી માતાપિતાની આજ્ઞા લઈ ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી.

તે જ રાત્રે સુકોમળ મુનિ મેઘકુમારની કસોટી થઈ. નાના નવદીક્ષિત તે મુનિનો રાત્રિ સંથારો સર્વ સાધુજનોથી છેડે છેક દરવાજા નજીક હતો. આથી પ્રાતઃકાળે જતાં-આવતાં સર્વ સાધુજનોના પગની ધૂળથી તેનો સંથારો ધૂળમય બની ગયો અને કોઈ વાર કોઈના પગ પણ અડી જતા. આથી યુવાન મુનિના ભાવ શિથિલ થઈ ગયા. વિચારવા લાગ્યા કે ક્યાં મહેલની સુખશય્યા અને પત્નીઓની સેવા અને ક્યાં આ ધૂળમાં પડી રહેવું અને સૌના ધક્કા ખાવા ? સવારે પ્રભુની રજા લઈ મહેલમાં પાછો જાઉં !

સવાર થતાં તે મુનિ પ્રભુ પાસે આવ્યા અને વંદન કરી બેઠા. તે કંઈ કહે તે પહેલાં તો પ્રભુએ તેને કરુણાભાવે કહ્યું, હે વત્સ ! તેં રાત્રિએ દુર્ધ્યાન ચિંતવ્યું છે. પણ તને ખબર નથી કે આ જીવ નરકનાં ભયંકર દુઃખો વેઠીને આવ્યો છે. તેની આગળ આ દુઃખ કાંઈ હિસાબમાં નથી. વળી જગતમાં એવો કોણ મૂર્ખ હશે કે જે સ્વાધીન સુખ મૂકી પરાધીનતામાં સુખ માને ? એવો કોણ મૂર્ખ છે કે જે ચિંતામણિ રત્ન મૂકી પથ્થરને ગ્રહણ કરે ? જો સહન કરવાથી નારકીના દુઃખનો પાર આવે છે તો આવા દુઃખનો પાર નહિ આવે ? તુચ્છ સુખ માટે સામાન્ય પ્રતિકૂળતાને કારણે ચારિત્રરૂપી રત્નનો ત્યાગ કરવો એ ધીર પુરુષનું કર્તવ્ય નથી. ચારિત્રનું કષ્ટ જ્ઞાન સહિત હોવાથી તે મુક્તિદાતા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મેઘકુમારનો પૂર્વભવ

હે વત્સ ! પૂર્વભવમાં તેં શુભભાવથી હાથી હોવા છતાં કષ્ટ સહન કર્યું તો તને રાજનાં સુખ મળ્યાં છે. તું તારા પૂર્વભવની વાત સાંભળ. તું વિંધ્યાચલ પર્વતમાં લાલ રંગવાળો ચાર દંતૂશળવાળો અને સાતસો હાથણીઓનો સ્વામી હતો. એ હાથણીઓ સાથે કામસુખ ભોગવતો જંગલમાં ઘૂમતો હતો.

એક દિવસ એ જંગલમાં દાવાનળને સળગેલો જોઈને તેં તારા પરિવાર સાથે સ્થળાંતર કર્યું અને દૂર જઈને એક સુરક્ષિત સ્થાન બનાવ્યું. સંજ્ઞાબળે તે સ્થાનને સાફ કરતો અને પરિવાર સાથે સુખેથી રહેતો હતો. ત્યાં વળી નજીકમાં દાવાનળ ફેલાયો તેથી જંગલના વનવાસી જીવો ભયના માર્યા આ સ્થાનમાં આવવા લાગ્યા. આખા મેદાનમાં તલ જેટલી પણ જગા ન રહી. હાથી અનુકંપાથી આ બધું જોતો હતો. ત્યાં તેણે શરીરને ખંજવાળવા પગ ઊંચો કર્યો, તે જ સમયે એક સસલો તારા પગ નીચે આવીને ભયથી કંપિત રક્ષા માટે લપાઈને બેસી ગયો. તું જ્યારે પગ નીચે મૂકવા ગયો ત્યારે તેં જોયું કે એક સસલો ભયથી ધ્રૂજતો પગ નીચે ભરાઈ ગયો છે. તે સમયે તારા ચિત્તમાં દયાના સંસ્કારો જાગી ઊઠ્યા અને તેં ત્રણ દિવસ સુધી પગને વળેલો રહેવા દીધો. જ્યારે દાવાનળ શાંત થયો ત્યારે તે સઘળાં પશુઓ સાથે સસલો પણ તે સ્થાન છોડી ગયો.

હવે તારો પગ ત્રણ દિવસથી ઊંચો રહેવાથી ઝલાઈ ગયો. તે પગ નીચે મૂકવા જતાં મહાકાય એવું તારું શરીર ધરતી પર પડી ગયું. તેં ભૂખ તથા તરસની પીડાને સમતાથી ભોગવ્યાં. એક દયાભાવ અને સમતાભાવના પરિણામથી તું ત્યાંથી મૃત્યુ પામીને આ નગરના શ્રેણિક રાજાની ધારિણી રાણીની કુક્ષીએ રાજકુમાર તરીકે જન્મ્યો અને સુખ પામ્યો. તિર્યંચના ભવમાં સ્થૂળ દૃષ્ટિએ સહન કરવાથી પણ તું આવા સુખ અને ચારિત્રનો યોગ પામ્યો. તો હે મેઘ ! હવે તું જ્ઞાનસહિત ચારિત્ર પાળ. સાધુઓ તો જગત-વંદનીય છે. તેમના પગ લાગવાથી અહોભાગ્ય માન પણ દુઃખ ન પામ અને સાચા સુખનો સ્વામી થા.

પ્રભુના શ્રીમુખે પોતાનો પૂર્વભવ સાંભળી મેઘકુમારને પોતાના પૂર્વભવનું જ્ઞાન થતાં તેને અતિ વૈરાગ્ય આવ્યો. અને તરત જ એ પ્રભુને નમીને બોલ્યો કે, હે પ્રભુ ! આપે મારા પર અત્યંત ઉપકાર કર્યો છે. આપે મને સારથિ થઈને સન્માર્ગે વાળ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ પ્રતિબોધ પામીને મેઘકુમાર ચારિત્રમાં જ્ઞાનસહ સ્થિર થયો. ઉગ્રપણે તપાદિને આચરી, કાળધર્મ પામી દેવપણે ઉત્પન્ન થઈ પછી મહાવિદેહ ક્ષેત્રે જન્મ પામી તે મનુષ્યભવમાં મોક્ષને પામશે. પ્રભુના સારથિપણાની આ ફળશ્રુતિ છે.

## શક્રેન્દ્રનું આશ્ચર્ય

આ પ્રમાણે હજી તો ભગવાન માતાની કુક્ષીમાં હતા. છતાં શક્રેન્દ્ર પ્રભુની સાદર ભક્તિ કરી રહ્યા હતા. શક્રસ્તવ સ્તુતિ પૂર્ણ થતાં તે પ્રભુને પ્રણમી રહ્યા. ત્યાં તો તેના ચિત્તમાં એક ઝબકારો થયો કે અરે આ શું ? આજ સુધી કોઈ તીર્થંકર ક્ષત્રિયકુળ છોડીને અન્યત્ર જન્મ પામ્યા નથી. આગળના દુષમ કાળના પરિબળનું આ એંધાણ છે. છતાં પણ આવું બનવું જોઈએ નહિ. તીર્થંકર ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કરે તેવું તેમનું પુણ્યબળ હોય છે. છતાં કર્મની વિચિત્રતાથી જગતમાં ન બનવાના બનાવો બની જાય છે તેને આશ્ચર્ય — અચ્છેરા માનવામાં આવે છે.

આવું કેમ બન્યું તે માટે આપણે ભગવાન મહાવીરની સંસારયાત્રા જોવી પડશે જેમાં છવ્વીસ ભવનું ચરિત્ર છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## દશ આશ્ચર્યજનક ઘટનાઓ

આ અવસર્પિણી કાળમાં દસ અચ્છેરા (આશ્ચર્યજનક ઘટના) થયા છે.

(૧) શ્રી વીરપ્રભુને કેવળી અવસ્થામાં ગોશાલાએ ઉપસર્ગ કર્યો હતો. કેવળી અવસ્થામાં ઉપસર્ગ સંભવે નહિ. ગોશાલક પ્રથમ તો દીક્ષાકાળમાં પ્રભુનો શિષ્ય થયો હતો. અને પ્રભુ પાસે તેજોલેશ્યા જેવી સિદ્ધિઓ શીખ્યો હતો. પણ પાછળથી પ્રભુથી છૂટો થઈ પોતે જ જિન છે એમ મનાવતો હતો. પ્રસંગોપાત્ત પ્રભુએ એક વાર ખુલાસો કર્યો કે ગોશાલક જિન નથી. આ વાત ગોશાલકના સાંભળવામાં આવી. આથી ગુસ્સે થઈ તે પ્રભુ બિરાજતા હતા ત્યાં આવ્યો અને આવેગમાં તેણે ભગવંત પર તેજોલેશ્યા છોડી. પરંતુ પ્રભુનું પુણ્યબળ એવું હતું કે તે તેજોલેશ્યા ત્રણ પ્રદક્ષિણા કરીને પાછી ફરી અને ગોશાલાના શરીરમાં પ્રવેશી ગઈ. આથી તેનું આખું શરીર દાઝી ગયું અને ગોશાલક સાત દિવસ સુધી તેની પીડા ભોગવી મૃત્યુને શરણ થયો.

(૨) બીજું આશ્ચર્ય ભગવાનનું એક ઉદરમાંથી બીજા ઉદરમાં મુકાવું. તેવું ગર્ભહરણ ક્યારેય બન્યું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) તીર્થંકરની દેશનાને પાત્ર જીવની અનુપસ્થિતિ. તીર્થંકરની દેશના નિષ્ફળ ન જાય. શ્રી વીરપ્રભુના કેવળજ્ઞાન પછી ઇંદ્રે રચેલા સમવસરણમાં પ્રભુએ દેશના આપી પણ કોઈ બોધ પામ્યું નહિ.

(૪) કૌશાંબી નગરીમાં ભગવાન શ્રી મહાવીરને વંદન કરવા સૂર્યચંદ્ર પોતાનાં મૂળ વિમાનો સાથે આવ્યા હતા તે આશ્ચર્યકારી ઘટના છે.

(૫) અમરેન્દ્રનું ઉપરના ક્ષેત્રે જવું. પૂરણ નામનો ઋષિ તપ તપીને અમરેન્દ્ર થયો હતો. તેણે અવધિજ્ઞાનમાં પોતાનાથી ઉપરના દેવલોકમાં સૌધર્મેન્દ્રને જોયો, તેથી તેને અતિ ઈર્ષા થઈ આવી. તેથી તે શસ્ત્રને ઘુમાવતો ઇંદ્રસભામાં પહોંચ્યો. ત્યાં તેણે આવેશમાં ઇંદ્રને અપશબ્દો કહ્યા, આથી તે ઇંદ્રે તેના પર વજ્ર છોડ્યું. અમરેન્દ્ર ભયભીત થઈ છેક ધરતી પર પ્રભુ મહાવીરના ચરણમાં શરણે આવ્યો. વજ્ર પણ તેની પાછળ આવતું હતું. ત્યાં તો ઇંદ્રે જોયું કે અમરેન્દ્ર તો પ્રભુના શરણમાં રહ્યો છે. આશાતનાના ભયે ઇંદ્રે તે વજ્રને સંહરી લીધું, અને અમરેન્દ્રને છોડી દીધો. ૧થી ૫ આશ્ચર્ય ભગવાન મહાવીરના વખતમાં થયાં.

(૬) સ્ત્રીદેહે તીર્થંકરનું પ્રાપ્ત થવું. સર્વ ચોવીસીમાં પુરુષ જ તીર્થંકર થયા છે. છેલ્લી ચોવીસીમાં મલ્લિકુંવરી સ્ત્રીદેહમાં તીર્થંકર થયાં.

(૭) હરિવંશકુલની ઉત્પત્તિ : કૌશાંબી નગરીના રાજા સુમુખે વીરક નામના સાળવીની અત્યંત રૂપાળી સ્ત્રીને પોતાના અંતઃપુરમાં રાખી. આથી વીરક વિયોગના કારણે ગાંડો થઈ ગયો. એક વાર તે 'વનમાલા વનમાલા' નામની બૂમો મારતો રાજમહેલ પાસે આવ્યો. ત્યારે રાજા અને વનમાલા તેની આવી દશા જોઈ દુઃખી થયાં. ત્યાં અચાનક વીજળી પડવાથી તેઓ મરીને યુગલિયા તરીકે જન્મ પામ્યાં.

આમ બંનેને મૃત્યુ પામેલાં જોઈ વીરક રાજી થઈ ગયો, પણ પાછળથી તેની મતિ શુદ્ધ થવાથી તેને વૈરાગ્ય આવ્યો. તેથી તે તાપસ થઈ સાધના કરવા લાગ્યો. ત્યાંથી મૃત્યુ પામી વ્યંતર દેવ થયો. તેણે પોતાના વિભંગ જ્ઞાનમાં જોયું કે રાજા અને વનમાળા તો સુખ ભોગવી રહ્યાં છે. અને વળી પાછાં દેવલોકમાં જઈને સુખ ભોગવશે. આથી તેની વેરભાવના જાગી ઊઠી. તેણે પોતાની શક્તિના સહારે તે બંનેને ભરતક્ષેત્રમાં લાવીને મૂકી દીધાં અને સાત વ્યસનમાં આસક્ત થવાનાં સાધનો પૂરાં પાડ્યાં. તે બંનેનાં નામ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે હરિ અને હરિણી રાખ્યાં. આથી તેમનો વંશ હરિવંશ તરીકે ઓળખાવા લાગ્યો. તે બંને વ્યસનાદિના નિમિત્તે દુર્ધ્યાન વડે નરકમાં ગયાં. આમ યુગલિયાનું ભરતક્ષેત્રે આવવું અને નરકે જવું તે આશ્ચર્ય છે. તે શ્રી શીતલનાથના સમયમાં થયું.

(૮) શ્રીકૃષ્ણ વાસુદેવનું અપરકંકા નામે નગરીમાં જવું. એક વાર દ્રૌપદીથી નારદજીનું અપમાન થઈ ગયું. તેથી નારદજીએ અપરકંકાના રાજા પદ્મોત્તર પાસે દ્રૌપદીનું હરણ કરાવ્યું. દ્રૌપદી ત્યાં પોતાનું સતીપણું જાળવી રહી છે. શ્રીકૃષ્ણને નારદજીના આ કૃત્યની જાણ થઈ. તે કોઈ દેવની સહાય લઈ પાંડવોની સાથે ધાતકી ખંડની અપરકંકા નગરી પહોંચ્યા અને દ્રૌપદીને છોડાવી. તે પ્રદેશના વાસુદેવ કપિલે શ્રીકૃષ્ણનો શંખનાદ સાંભળી વળતો શંખનાદ કર્યો. આમ બે વાસુદેવનું મળવું કોઈ દિવસ થયું નથી. તે શ્રી નેમિનાથના સમયમાં થયું.

(૯) ઉત્કૃષ્ટ અવગાહનવાળા એકસો આઠ આત્મા એક સમયે સિદ્ધ ન થાય. શ્રી ઋષભદેવ, તેમના ભરત સિવાય નવ્વાણું પુત્રો, આઠ પૌત્રો, ઉત્કૃષ્ટ, વધુ ઊંચાઈવાળા જીવો એક સમયમાં સિદ્ધ થયા.

(૧૦) અસંયતિઓની પૂજા : પરિગ્રહયુક્ત અને તેમાં આસક્ત એવા ગૃહસ્થોની પૂજા નવમા અને દસમા જિનેશ્વરના સમયમાં થઈ. સંયતિની પૂજા હોઈ શકે પણ અવસર્પિણી કાળમાં અસંયતિની પૂજા થઈ.

## સાપેક્ષ કથન

ભગવાન મહાવીરે મરીચિના ભવમાં કુળનું અભિમાન કરી નીચ ગોત્રનું કર્મબંધન કર્યું હતું. તે કર્મના ઉદયબળે તેમનો બ્રાહ્મણવંશમાં ગર્ભધારણ થયો. એના અનુસંધાનમાં હવે ભગવાન મહાવીરના સત્તાવીસ ભવનું વર્ણન કહેવામાં આવશે. બ્રાહ્મણવંશ એકાંતે હલકો છે તેમ ન વિચારવું પણ ક્ષત્રિયકુળમાં પુરુષાર્થ બળ સાહસ અધિક હોય તે અપેક્ષાએ એમ કહેવામાં આવ્યું છે. જ્ઞાન-અધ્યયનની દૃષ્ટિએ બ્રાહ્મણવંશ ઉત્તમ મનાયો છે. બ્રાહ્મણકુળમાં ગૌતમ ગણધર વગેરે શાસ્ત્રજ્ઞો ભગવાનના શિષ્ય થવાનો અધિકાર ધરાવતા હતા. માટે આ કથન સાપેક્ષ સમજવું. જૈન શાસનમાં કોઈ ઊંચ કે નીચ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન મહાવીરના છવ્વીસ ભવ

## પહેલો ભવ — નયસાર મુખી

ભગવાન મહાવીરનો જીવ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં એક ગામનો નયસાર નામે મુખી નામે હતો. તે એક વાર લાકડાં લેવા વનમાં ગયો હતો. બપોરે ભોજન-સમય થતાં તેને એક ભાવના થઈ કે કોઈ અતિથિને ભોજન આપી પછી હું ભોજન કરું. ભાવનાનું પણ એક બળ છે. તેની ભાવનાના બળે કોઈ સાધુજનો પોતાના સાર્થથી ભૂલા પડેલા ત્યાં આવી ચડ્યા. તે સાધુઓને આવેલા જોઈને અતિ રોમાંચિત થઈ ગયો અને પછી વિનયાન્વિત થઈ વંદન કરી તેણે તેમને યોગ્ય ભિક્ષા આપી. પછી તે સાધુઓને માર્ગ બતાવવા તેમની સાથે ગયો. માર્ગમાં સાધુજનોએ તેને ધર્મોપદેશ આપ્યો. એક તો તેની શુભભાવના તેમાંય સાધુજનો પ્રત્યેનાં આદર અને ભક્તિ. આવી ભૂમિકામાં ઉપદેશ શ્રવણ થતાં તેનામાં સમકિત બીજ રોપાઈ ગયું. સમય થતાં સાધુજનોને માર્ગ બતાવી તે પાછો વળ્યો, અર્થાત્ વાસ્તવમાં તો તે સંસારથી પાછો વળ્યો હતો. ઉત્તમ શ્રાવકધર્મ પાળીને આયુષ્ય પૂર્ણ થતાં સમાધિમરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## બીજો ભવ — સ્વર્ગલોક

સમકિત સાથે સગાઈ કરીને સમાધિમરણને પ્રાપ્ત થઈ તે સૌધર્મ દેવલોકમાં પલ્યોપમના (લાંબું આયુષ્ય) આયુષ્યવાળો દેવ થયો.

## ત્રીજો ભવ — મરીચિ ત્રિદંડી (ભગવાન ઋષભદેવનો પૌત્ર)

દેવલોકમાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં ભરત ચક્રવર્તીનો તે મરીચિ નામે પુત્ર થયો. તેણે ભગવાન ઋષભદેવ (દાદા) પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. તે કાળે તે અગિયાર અંગોનો જ્ઞાતા થયો. સમય પસાર થતાં એક વાર ગ્રીષ્મ ઋતુના તાપથી પીડિત થઈ તેના પરિણામ શિથિલ થતા ગયા. તેણે વિચાર કર્યો કે આ સંયમ તો ઘણો આકરો છે તે પાળવાને હું શક્તિમાન નથી. સંયમનો ત્યાગ કરી સંસારમાં જવું તે પણ શોભે તેવું નથી, તેમ વિચારી તેણે સ્વયં એક નવીન જાતનો વેષ રચ્યો. તેમાં તેણે પોતાની શિથિલતાને લક્ષમાં રાખીને રચના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે વિચાર્યું કે મારા ગુરુભાઈઓ – અન્ય સાધુજનો મન, વચન, કાયાના દંડથી (યોગ) અનાસક્ત છે. હું તો તેમ કરી શકતો નથી માટે કપાળમાં ત્રિદંડનું ચિહ્ન કરવું. તથા તેઓ દ્રવ્ય અને ભાવથી મુંડિત – સંયમી છે. હું તેમ કરી શકતો નથી માટે મસ્તક પર ચોટલી રાખીશ. વળી હું તેમના જેવાં અહિંસાદિ પાળી શકતો નથી. તેથી વિલેપન, સ્નાન, છત્ર, પાવડી વગેરેનો ઉપયોગ કરીશ. મેં મોહને જીત્યો નથી, કષાયયુક્ત છું તેથી ભગવાં વસ્ત્ર ધારણ કરીશ. આવો વેશ ધારણ કરી તે ભગવાન સાથે વિહરવા લાગ્યો. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી પોતે જેને ઉપદેશ આપતો તેને કહેતો કે સાચો ધર્મ ભગવાન પાસે છે, અને દીક્ષા પણ તેમની પાસે અપાવતા. ભગવાન ઋષભદેવ દીક્ષાગ્રહણ કર્યા પછી છ માસ મૌન રહ્યા હતા. પ્રભુ કેવળજ્ઞાન પામ્યા પછી મુનિઓ સાથે એક વાર અયોધ્યામાં પધાર્યા હતા.

## કુળમદ

તે કાળે તે સમયે ભરત ચક્રવર્તી ભગવાન ઋષભદેવને વંદન કરવા આવ્યા હતા. ત્યારે તેમણે ભગવાનને ભક્તિ વડે પૂછ્યું કે હે પ્રભુ ! આ પર્ષદામાં કોઈ જીવ ભાવિ તીર્થંકર છે ?

પ્રભુ – હે ભરત ! તારો પુત્ર મરીચિ આ જ આરાના અંતિમ કાળમાં અંતિમ તીર્થંકર થશે, વળી તે ચક્રવર્તી, વાસુદેવ પણ થશે.

પ્રભુના શ્રીમુખે આ વાત સાંભળી ભરત મહારાજા અતિ ઉલ્લસિત થયા અને મરીચિને વંદન કરવા ગયા. અને કહ્યું હે મરીચિ ! હું તમારા આ જન્મના આ પરિવ્રાજકપણાના વેષને વંદન કરતો નથી, પણ સાંભળો, તમે ચક્રવર્તી અને વાસુદેવ થશો, તથા ભગવાન મહાવીર નામે ભાવિ અંતિમ તીર્થંકર થશો તેથી વંદન કરું છું. તે પ્રમાણે તેમની વારંવાર સ્તુતિ કરી ભરત મહારાજા વિદાય થયા.

ભવિષ્યને કોણ મિથ્યા કરી શકે ? જ્ઞાનીના જ્ઞાનમાં જે જીવનું જે ભવિતવ્ય હોય છે તે જણાય છે. પિતાના મુખે સાંભળેલી વાતને મરીચિ દુહરાવવા અને નાચવા લાગ્યો. અહો ! હું કેવો ભાગ્યવાન કે પ્રથમ વાસુદેવ થઈશ, ચક્રવર્તી થઈશ, અને છેલ્લો તીર્થંકર થઈશ. વળી મારું કુળ પણ કેવું ઉત્તમ છે ! હું પ્રથમ વાસુદેવ થઈશ. મારા પિતા પ્રથમ ચક્રવર્તી થયા. મારા દાદા પ્રથમ તીર્થંકર અને હું છેલ્લો તીર્થંકર થઈશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મસિદ્ધાંત કંઈ નિરાળો છે. ન માગ્યે મળે અને માગે તો દૂર રહે. માન કરે તો હલકું ગોત્ર મળે અને નમ્ર રહે તો ઉચ્ચ સ્થાન મળે. મરીચિ તો તાનમાં આવી ગયો. એવા તાન, ગાન અને માનના સેવનથી તેણે નીચ ગોત્રનું કર્મ ઉપાર્જન કર્યું.

વણથંભ્યો સમય વહ્યો જાય છે. ભગવાન તો મોક્ષે સિધાવ્યા હતા. મરીચિ માણસોને પ્રતિબોધ પમાડી ભગવાનના સાધુઓની પાસે મોકલી આપતો. હજી તેણે એક પણ શિષ્યને પોતાની પાસે રાખ્યો નથી. એક વાર તે સખત બીમાર પડી ગયો. પણ તે અસંયમી હોવાથી તેની સેવાચાકરી કોઈ કરતું નહિ. તેથી તે દુઃખી થયો છતાં સાચી વાતનો સ્વીકાર કરતો કે સંયમી સાધુઓ મારી અસંયમીની સેવા કેવી રીતે કરે ? માટે હવે હું જ એક શિષ્ય કરીને રાખીશ, જેથી આવા સમયે કામ આવે.

એક દિવસ કપિલ નામે રાજપુત્ર તેનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો. નિયમ મુજબ મરીચિએ તેને સાધુઓ પાસે જવા કહ્યું. પણ કપિલનું ભાવિ કંઈ જુદું નિર્માણ થયું હતું. તેણે સાચા મુનિમાર્ગનાં કષ્ટો પ્રત્યે પોતાની નબળાઈને કારણે કહ્યું કે હું તમારી પાસે રહીશ. પ્રથમ તો મરીચિએ સમજાવ્યો કે હું મુનિધર્મ પાળવાને અશક્ત છું. સાચો ધર્મ ત્યાં છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

કપિલ — તો પછી શું તમારા મતમાં ધર્મ નથી ?

મરીચિએ વિચાર્યું કે આ જીવ સાચો જિજ્ઞાસુ નથી અને ભારેકર્મી છે. વળી મારે એક શિષ્યની આવશ્યકતા છે. આમ મનમાં રહેલી વાસનાએ મરીચિની ભાવનાને વિપરીત કરી નાખી અને તેના ઉદ્‌ગાર નીકળી પડ્યા કે,

"જેમ ત્યાં ધર્મ છે તેમ અહીં પણ ધર્મ છે."

આવા ઉત્સૂત્ર વાક્યની પ્રરૂપણાથી મરીચિએ પુનઃ વળી કર્મમાં વૃદ્ધિ કરી. એ પાપની ક્ષમા-આલોચના કર્યા વગર તેણે સમકિત બીજને ઊખેડી નાખ્યું અને ચોરાસી લાખ પૂર્વનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામ્યો.

## ચોથો ભવ — સ્વર્ગલોક

મરીચિના ભાવ સારા હતા. તાપસ તરીકે રહી ઉપદેશાદિ કરતો તેથી શુભ ગતિનો બંધ કરી ચોથા ભવમાં બ્રહ્મલોકની દેવયોનિમાં દેવ થયો અને સુખભોગ ભોગવવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાંચમો ભવ — માનવજન્મ

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી કોલ્લાક નામના ગામમાં એંશી લાખ પૂર્વના આયુષ્યવાળો કૌશિક નામે બ્રાહ્મણપુત્ર તરીકે ઉત્પન્ન થયો. યુવાવય થતાં તે વિષયમાં અતિ આસક્ત બન્યો. ધનનો પૂજારી બન્યો. તે માટે ગમે તેવાં હિંસાદિ ક્રૂર કાર્ય કરવામાં પાછો પડતો નહિ. આવો ગૃહસ્થાવાસ ભોગવી પાછલી ઉંમરમાં ત્રિદંડી તાપસ બની જંગલમાં તપ કરવા લાગ્યો. ત્યાંથી મૃત્યુ પામીને કર્મના વિપાકરૂપે ઘણા પ્રકારના નાના ભવોમાં જન્મમરણ કરીને સંસારમાં ભમ્યો, અને ઘણાં દુઃખ સહન કર્યાં.

## છઠ્ઠો ભવ — માનવજન્મ

ઘણો કાળ સંસારભ્રમણ કર્યા પછી સ્થૂણા નગરીમાં બોંતેર લાખ પૂર્વના આયુષ્યવાળો પુષ્પ નામે બ્રાહ્મણ થયો. તે ભવમાં પણ ત્રિદંડીપણે રહી શુભભાવ વડે મૃત્યુ પામ્યો.

## સાતમો ભવ — સ્વર્ગલોક

સાતમે ભવે સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો.

## આઠમો ભવ

આઠ લાખ પૂર્વના આયુષ્યવાળો માનવભવ.

## નવમો ભવ

મધ્યમ સ્થિતિવાળો દેવ. સ્વર્ગલોક.

## દશમો ભવ

છપ્પન લાખ પૂર્વના આયુષ્યવાળો માનવજન્મ.

## અગિયારમો ભવ

સનત્કુમાર દેવલોકમાં મધ્યમ આયુવાળો દેવ.

## બારમો ભવ

શ્વેતાંબી નગરીમાં ચુમ્માલીસ લાખ પૂર્વના આયુષ્યવાળો માનવજન્મ પામી તાપસ થયો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તેરમો ભવ

માહેન્દ્ર દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. વળી વચમાં કેટલોક કાળ નાનામોટા ભવ તે જીવ સંસારના દુઃખને સહન કરતો રહ્યો.

## ચૌદમો ભવ

રાજગૃહ નગરમાં ચોત્રીસ લાખ પૂર્વના આયુષ્યવાળો માનવજન્મ. પાછળથી તાપસ થયો.

## પંદરમો ભવ

બ્રહ્મલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી વળી સંસારમાં ઘણો કાળ પરિભ્રમણ કર્યું.

## સોળમો ભવ — વિશ્વભૂતિ મુનિ

રાજગૃહ નગરમાં વિશાખાભૂતિ નામે યુવરાજની પત્ની ધારિણીની કુક્ષીમાં તે કરોડ વર્ષના આયુષ્યવાળો વિશ્વભૂતિ નામે જન્મ પામ્યો. યુવાનવયે પત્નીઓથી વીંટળાયેલો તે રાજ્યમાં ઉદ્યાનમાં ક્રીડા કરતો હતો. તે જોઈને તેના કાકાના પુત્ર વિશાખાનંદીને ઈર્ષા આવી કે વિશ્વભૂતિ ઉદ્યાનમાં છે તેથી મારાથી અંદર નહિ જવાય. તેથી કપટ કરી વિશ્વભૂતિને બહાર કાઢ્યો, અને પોતે પોતાના અંતઃપુર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા લાગ્યો. પાછળથી આ વાતની વિશ્વભૂતિને જાણ થઈ તેથી તે ગુસ્સે થઈ ગયો. પોતે ઘણો બળવાન હતો, તેથી ગુસ્સાના આવેશમાં તેણે ત્યાં આવેલા કોઠાના વૃક્ષ પર મુષ્ટિ વડે પ્રહાર કરીને બધાં ફળોને તોડી નાખ્યાં અને વિશાખાનંદીને કહ્યું કે આ કોઠાના ફળની જેમ તમારાં સૌનાં મસ્તક મુષ્ટિ વડે પૃથ્વીમાં રગદોળી નાખું તેવી મારી તાકાત છે પણ શું કરું ? તમે સૌ મારા વડીલો છો, તેથી આદરને કારણે હું તેમ કરી શકતો નથી. વળી તેને એક વિચાર સતાવતો રહ્યો કે અરે ! જગતમાં ભોગ ખાતર લોકો કેવાં કપટ કરે છે ! મારે એવા ભોગોથી સર્યું. આમ વિષયોથી વિરામ પામી સંભૂતિ મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરે છે.

## મુનિપણું વીસરી ગયા

તે કાળના જીવોમાં ત્યાગ-વૈરાગ્યની ભાવના સતેજ બની જતી. તે વિશ્વભૂતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિએ એક હજાર વરસનું ઉગ્ર તપ આદર્યું હતું. વળી એક વાર માસખમણનું તપ પૂરું થતાં ભિક્ષા-ગોચરી માટે મથુરામાં આવ્યા. તપથી અત્યંત કૃશ એવા મુનિ નીચી નજરે રાજમાર્ગે ચાલ્યા જાય છે. ત્યાં એક ગાયે શિંગડું મારવાથી પડી ગયા. યોગાનુયોગ તે સમયે વિશાખાનંદી મથુરામાં પરણવા માટે આવ્યો હતો. તેણે આ દૃશ્ય જોયું અને મહેલને ઝરૂખે ઊભો રહીને અટ્ટહાસ્યસહ બોલ્યો કે, "કોઠાના ફળને પાડવાનું તારું બળ ક્યાં ગયું ? એક ગાયથી તો તું તારું રક્ષણ કરી શકતો નથી."

આવા કટાક્ષ-શબ્દો શ્રવણ થતાં વિશ્વભૂતિમાં રહેલા ક્રોધના સંસ્કાર એકાએક ભભૂકી ઊઠ્યા અને તેમણે વગર વિચાર્યું કૃત્ય કરી નાખ્યું. તે ગાયને શિંગડાંથી પકડીને આકાશમાં ભમાવી. અને વળી આવેગમાં ને આવેગમાં શલ્યથી પણ ઘેરાઈ ગયા. ઉગ્ર તપશ્ચર્યાના અને રત્નત્રયીના મૂલ્યને વેડફી નાખી નિયાણું – પ્રબળ આકાંક્ષા કરી કે, "હું આ તપસ્યાના પ્રભાવથી ભવાંતરે ઘણા બળ અને પરાક્રમવાળો થાઉં અને આ વિશાખાનંદીનો પરાભવ કરું." જે વિશ્વભૂતિએ કપટ-ભોગથી સંસારનો ત્યાગ કર્યો તે કટાક્ષને જીરવી શક્યા નહિ. કર્મની ગતિ કેવી વિચિત્ર છે ! આત્મભાન ભૂલેલો મહાતપસ્વી પણ તેના સકંજામાં ભરાઈ પડે છે. આયુષ્ય પૂર્ણ કરીને મુનિ કાળધર્મ પામ્યા અને સાથે શલ્યકર્મને લેતા ગયા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**સત્તરમો ભવ**

ઉગ્ર તપાદિને લીધે મહાશુક્ર દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવ થયા.

**અઢારમો ભવ : ત્રિપુષ્ઠ વાસુદેવ**

પોતનપુરના રિપુપ્રતિશત્રુ રાજાને ભદ્રા નામની રાણી હતી, તેને અચલ નામે રાજકુમાર અને મૃગાવતી નામે કુંવરી હતી. તે યુવાન વયમાં આવી ત્યારે તેનું સૌંદર્ય જોઈ પોતાનો જ પિતા મોહાંધ થઈ કામાતુર થયો. કામાંધ બનેલા તે રાજાએ એક યુક્તિ કરી. તેણે મંત્રી આદિની એક સભા બોલાવી અને કપટથી પૂછ્યું કે, આ રાજમાં જે ઉત્તમ રત્ન – વસ્તુઓ હોય તે કોની સમજવી ? સભાજનોને તેના કપટની ખબર ન હતી તેથી સૌએ કહ્યું કે રાજન ! આપ જ તેના સ્વામી કહેવાઓ. તે વાત સાંભળીને રાજાએ મૃગાવતીને રાજસભામાં બોલાવી અને સભાજનોને કહ્યું કે તમારા કહેવા મુજબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉત્તમ કન્યારત્નનું પાણિગ્રહણ કરું છું. સભાજનો આ સાંભળી લજ્જિત થયા. પણ કામાતુર રાજાએ તે વાતને લક્ષમાં લીધી નહિ, અને મૃગાવતી સાથે ગાંધર્વવિધિથી લગ્ન કર્યું. આથી લોકોએ તેનું નામ પ્રજાપતિ પાડ્યું.

કેટલોક સમય પસાર થયા પછી પ્રજાપતિ રાજાની મૃગાવતી રાણીએ ચોરાશી લાખ વરસના આયુષ્યવાળા ત્રિપુષ્ઠ નામે પુત્રને જન્મ આપ્યો. તે બાલ્યાવસ્થાથી જ ઘણો બળવાન હતો. તેણે સિંહને શસ્ત્ર વગર ચીરી નાખ્યો હતો અને પ્રતિવાસુદેવને મારીને ત્રણ પૃથ્વીનો અધિપતિ તે વાસુદેવ બન્યો હતો.

એક વાર તે વાસુદેવના શયન સમયે ગવૈયા મધુર સ્વરે ગીતવાજિંત્ર બજાવતા હતા. ત્યારે વાસુદેવે શય્યાપાલકને કહ્યું હતું કે મારા ઊંઘી ગયા પછી ગાયન બંધ કરાવજે. વાસુદેવ ગાયનનું શ્રવણ કરતાં નિદ્રાવશ થઈ ગયો. પણ શય્યાપાલક ગાયન-શ્રવણમાં એવો મગ્ન થઈ ગયો કે તે ગાયન બંધ કરાવવાનું વીસરી ગયો. અર્ધી રાત્રે વાસુદેવની નિદ્રા ઊડી જતાં ગાયનના સ્વરો સાંભળી તે અતિ ક્રોધાયમાન થઈ ગયો અને ક્રોધાવેશમાં તેણે શય્યાપાલના કાનમાં તપાવેલું સીસું રેડાવી દીધું અને કુકર્મને નોતરી દીધું. આવાં બીજાં દુષ્કૃત્યો કરીને વળી આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામ્યો, અને નરક ગતિમાં ગયો.

## ઓગણીસમો ભવ

વિશ્વભૂતિના જન્મમાં બાંધેલા નિયાણા પ્રમાણે વાસુદેવ તરીકે જન્મ પામી ઘોર અને ક્રૂર કૃત્યો કરીને તે સાતમી નરકે તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો. કર્મની વિચિત્રતા તો જુઓ, ભગવાન મહાવીરના જીવને પણ ભવિતવ્ય છોડતું નથી.

## વીસમો ભવ : સિંહ થયા. પશુયોનિ

ભગવાન મહાવીરનો જીવ નારકીમાંથી નીકળી જંગલમાં એક બળવાન સિંહપણે ઉત્પન્ન થયો.

## એકવીસમો ભવ

સિંહના જન્મમાં વળી ઘોર અજ્ઞાનવશ કર્મ ઉપાર્જન કરી ચોથી નારકીમાં ગયા. ત્યાંથી નીકળી બીજા ઘણા ભવો કરી દુઃખ સહન કર્યાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બાવીસમો ભવ

નારકીના જેવાં દુઃખો સહન કરી વળી પુણ્યયોગે તે મનુષ્યપણું પામ્યો. ત્યાં ઘણાં શુભકર્મો ઉપાર્જન કર્યાં.

## ત્રેવીસમો ભવ

વિદેહક્ષેત્રમાં મૂકા નામની રાજધાનીમાં ધનંજય રાજાની રાણી ધારિણીની કુક્ષીમાં ચોરાશી લાખ પૂર્વના આયુષ્યવાળો પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયો. પાછળના આયુકાળમાં સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ ઉગ્ર સંયમ પામ્યો. હવે અહીંથી તે જીવે પુનઃ સાચો માર્ગ પકડી લીધો.

## ચોવીસમો ભવ

મુનિધર્મનું પાલન કરી અતિશય પુણ્ય બાંધી તે મહાશુક્ર દેવલોકમાં સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં સત્તર સાગરોપમવાળો દેવ થયો ! ત્યાં સુખ ભોગવી આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામ્યો.

## પચ્ચીસમો ભવ

ભરતક્ષેત્રના છત્રિકા નામે નગરના જિતશત્રુ રાજાની ભદ્રા નામની રાણીથી પચીસ લાખ વરસના આયુષ્યવાળો નંદન નામે પુત્ર થયો. ઘણાં વરસ રાજસુખ ભોગવ્યાં. અંતે દીક્ષિત થઈ નંદનમુનિએ ઉગ્ર તપશ્ચર્યા આદરી. વીશ સ્થાનકની ભાવના સહિત આરાધન કરી, જગતના જીવોની કલ્યાણ ભાવનાના બળે તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કર્યું. તે મુનિએ એક માસની સંલેખના પાળી અને કાળધર્મ પામ્યા.

## છવ્વીસમો ભવ

સંયમ-તપના પુણ્યબળે પ્રાણત નામના દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક વિમાનમાં વીસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો.

## સત્તાવીસમો અંતિમ ભવ

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી દેવાનંદાની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થયા. મરીચિના ભવમાં કરેલા અહંકારના ફળરૂપે ક્ષત્રિય જેવા ઉચ્ચ કુળને બદલે નીચ ગોત્રમાં ગર્ભમાં

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આવ્યા. કર્મની વિચિત્રતા છે કે કરોડો વર્ષે તેની સ્થિતિ પાકતાં તે સ્વયં હાજર થઈ જાય છે.

## ગર્ભનું સંક્રમણ – એક આશ્ચર્ય

આશ્ચર્યજનક આ ઘટના જોઈ સૌધર્મેન્દ્ર વિચારમાં પડી ગયા. અને તરત જ ઉપાય શોધી કાઢ્યો કે ભગવાનના ગર્ભને દેવાનંદાની કુક્ષીમાંથી લઈને ક્ષત્રિય રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીમાં ગર્ભપણે મૂકવો જોઈએ. અને ત્રિશલા રાણીના પુત્રીપણાના ગર્ભને દેવાનંદાની કુક્ષીમાં મૂકવો.

આમ વિચાર કરી હરિણગમેષી નામના દેવને તેમણે બોલાવ્યો અને ભગવાનના ગર્ભ વિષે વાત કરી કે તીર્થંકર વિષે આવું બનવું ન જોઈએ તે બન્યું છે. માટે હે દેવાનુપ્રિય ! તું જા અને શક્તિ વડે ઉપાય કરીને ગર્ભનું સંક્રમણ કરી આ ગર્ભને બદલાવી નાખ અને કામ પતાવી મને તરત જ સમાચાર આપ.

હરિણગમેષીએ ઇંદ્રની આજ્ઞા વિનયપૂર્વક મસ્તકે ચડાવી, વૈક્રિય શરીરની લબ્ધિ વડે અસાર પુદ્‌ગલોને ત્યજી સારભૂત રત્નસમા પુદ્‌ગલોને ગ્રહણ કર્યા. ત્યાર પછી દેવગતિ વડે તે ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘરે આવ્યા અને દેવાનંદાના શયનગૃહમાં પ્રવેશ કરી ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા. દેવાનંદાને અવસ્વાપિની નિદ્રા આપીને ભગવાનની મનોમન આજ્ઞા માગી. ત્યાર પછી પોતાની દિવ્યશક્તિ વડે હસ્તકમળમાં ભગવાનના ગર્ભને ગ્રહણ કરીને સિદ્ધાર્થ રાજાની ત્રિશલા રાણીના શયનખંડમાં આવી, તેને અવસ્વાપિની નિદ્રા આપી. રાણીના શરીરના અપવિત્ર પુદ્‌ગલોને શક્તિ વડે દૂર કરી પ્રભુના ગર્ભને કંઈ પણ બાધા ન પહોંચે તે રીતે સંક્રાન્ત કરી પછી જેમ તે દેવ આવ્યો હતો તેમ તે દિશાએ પાછો ફર્યો અને સૌધર્મદેવને ગર્ભસંક્રમણની વિગત જણાવી. આમ બ્યાસી રાત્રિદિવસ પછી ભગવાન ત્રિશલા રાણીની કુક્ષીમાં ધારણ થયા.

નીચ ગોત્રનો અર્થ એકાન્તે લેવાનો નથી. ક્ષત્રિયોની અપેક્ષાએ બ્રાહ્મણો યાચકકુળમાં હોવાથી નીચા મનાય છે. યાચક એટલે ક્ષત્રિયોની દૃષ્ટિએ નબળા અને વિદ્યાધ્યયનની દૃષ્ટિએ તો બ્રાહ્મણો ઊંચા છે અને ક્ષત્રિયો નીચા છે. જેમ પુત્ર-પુત્રીની દૃષ્ટિએ સ્ત્રી માતા તરીકે ઉચ્ચ છે, તેમ આ વિધાન સાપેક્ષ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગર્ભહરણનું કારણ

વળી આ ગર્ભહરણ તે પણ કર્મઉદયની અપેક્ષાએ છે. કોઈ એક ભવમાં દેવાનંદા અને ત્રિશલા જેઠાણી-દેરાણી હતાં. જેઠાણી દેવાનંદા દેરાણી ત્રિશલા પર વધુ અધિકાર ધરાવતી. એક વખત તેણે ત્રિશલાનો હાર ચોર્યો. કંઈક ફેરફાર કરીને તે પહેરવા લાગી. ત્રિશલાને બધી ખબર પડવા છતાં તે મૌન જ રહી. સમય થતાં દેવાનંદાનો જીવ મૃત્યુશય્યાએ પડ્યો ત્યારે તેને આ વાતનો પશ્ચાત્તાપ થયો. તેને થયું, મારી દેરાણી તો સતી છે, દેવી છે. તેણે દેરાણીની માફી માગી. આમ તે કર્મભારથી હળવી થઈ. છતાં કર્મનું પરિણામ આવ્યું. ચોરી એ કપટ અને માનસિક હિંસા છે. તે કર્મના ફળથી તેના ગર્ભનું હરણ થયું. અર્થાત્ દેવાનંદા ગર્ભહરણ થવાથી દુઃખી થયાં તે પૂર્વકર્મનો સંયોગ હતો.

## ત્રિશલા ક્ષત્રિયાણીએ ચૌદ મહાસ્વપ્ન જોયાં

(પાંચમા વ્યાખ્યાનના આધારે)

દેવાનંદા અને ત્રિશલા રાણી બંને જાગી ગયાં પરંતુ બંનેની દશામાં કેટલું અંતર પડી ગયું ! એકે પોતાની પુણ્યહીનતાથી કંઈક ગુમાવ્યું, અને બીજીએ મહત્ પુણ્યયોગે કંઈક મેળવ્યું. નિમિત્તાધીન જીવો ઇષ્ટના ગુમાવ્યાથી દુઃખી થાય છે અને મનમાન્યું મળવાથી સુખી થાય છે.

ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના સર્વ રીતે શોભાયમાન, સુસજ્જ, અતિસુંદર એવા શયનગૃહમાં સુખશય્યામાં સુખેથી નિદ્રા લઈ રહી છે. ત્યાં મધ્યરાત્રિને વિષે કંઈક જાગતી-ઊંઘતી એવી દશામાં તે પ્રશસ્ત અને મંગળરૂપ ચૌદ સ્વપ્ન જુએ છે. તેણે પ્રથમ સિંહ જોયો હતો પણ અન્ય તીર્થંકરોની માતાએ મુખ્યતાએ હાથી જોયો હતો તેથી તે પ્રમાણે વર્ણન કહેવાની પ્રણાલી છે.

૧. ત્રિશલા ક્ષત્રિયાણીએ જોયેલો હાથી અત્યંત સફેદ, મદજળ વડે સુગંધમય હતો. ઈંદ્રના ઐરાવણ હાથી જેવું સપ્રમાણ શરીર, ગંભીર અને મનોહર ગર્જનાવાળો, સર્વ શુભલક્ષણોનો સમૂહ, સર્વ હાથીઓમાં ઉત્તમ એવો વિશાળકાય, શુભ કરનારો હાથી જોયો.

૨. બીજે સ્વપ્ને અત્યંત રૂપવાન સફેદ વૃષભ જોયો. તેની રૂપકાન્તિ વડે દિશાઓમાં પ્રકાશ પાથરતો, રમણીય ખૂંધવાળો, કોમળ રોમવાળો, મજબૂત, હૃષ્ટપુષ્ટ સપ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવયવવાળો, તીક્ષ્ણ શિંગડાંવાળો, છતાં ક્રૂરતારહિત, ઉપદ્રવોને દૂર કરનારો, સફેદ દાંતવાળો, મંગળોને આવવાના દ્વારરૂપ વૃષભને (બળદને) જોયો.

૩. ત્રીજે સ્વપ્ને સિંહ જોયો. તે પણ ક્ષીરસમુદ્ર અને ચંદ્રનાં કિરણો જેવો અતિશય સફેદ હતો. તેના પંજા મજબૂત અને મનોહર હતા. ગોળાકાર તીક્ષ્ણ દાઢો વડે શોભતું મુખ, ચકચકિત નેત્રોવાળો, લાંબી કેશરાવાળો, પૂંછડું જેણે કુંડલાકારે વાળેલું હતું, તેને જમીન સાથે અફળાવતો છતાં ક્રૂરતારહિત મંદ મંદ ગતિવાળો તે આકાશથી ઊતરતો અને પોતાના મુખમાં પ્રવેશ કરતો ત્રિશલા ક્ષત્રિયાણીએ જોયો.

૪. ચોથે સ્વપ્ને તેણે લક્ષ્મીદેવીને જોયાં. અતિસુંદર અને ગગનચુંબી હિમવાન પર્વતની મધ્યમાં વિશાળ અને સુંદર સરોવર હતું. તે પાણીના મધ્યભાગમાં વજ્રમય દાંડી સહિત સર્વ પ્રકારે સુવર્ણમય વિશાળ કમલ – પદ્મ હતું. તેના મધ્યભાગમાં એક સુંદર મંદિર હતું. તેની શોભાયમાન વેદી ઉપર અત્યંત કાન્તિમાન, સપ્રમાણ અને સૌંદર્યથી ભરપૂર ઐશ્વર્યાદિક ગુણયુક્ત લક્ષ્મીદેવીને ત્રિશલા રાણીએ જોયાં.

૫. તે ત્રિશલા ક્ષત્રિયાણીએ પાંચમે સ્વપ્ને પુષ્પોની માળા જોઈ હતી. તે માળા કલ્પવૃક્ષોના રસસહિત પુષ્પો તથા અન્ય અનેક સુવાસિત ફૂલોથી યુક્ત હતી. અનુપમ અને મનોહર સુગંધ વડે સર્વ દિશાઓને સુવાસિત કરતી તે સફેદ માળા અન્ય રંગબેરંગી પુષ્પોથી ગૂંથાયેલી શોભી રહી હતી. વળી ભ્રમરના કર્ણપ્રિય ગુંજારવ વડે યુક્ત તે માળા આકાશથી ઊતરતી જોઈ.

૬. તે ત્રિશલા ક્ષત્રિયાણીએ છઠ્ઠે સ્વપ્ને ચંદ્રને જોયો હતો. તે ગોદૂધના ફીણ અને રૂપાના કળશ જેવો શ્વેત હતો. શીતળ અને લોકરંજિત એવો સોળે કળાએ પૂર્ણ હતો. અંધકાર દૂર કરનારો પૂર્ણ ચાંદની રેલાવતો ઉજ્જ્વળ દર્પણ જેવો, વિયોગીઓને શોકગ્રસ્ત કરતો, છતાં સૌમ્ય અને રમણીય સંપૂર્ણ ચંદ્રને જોયો.

૭. ત્રિશલા ક્ષત્રિયાણીએ સાતમે સ્વપ્ને સૂર્યને જોયો હતો. અંધકારને ભેદતો, તેજોમય અને છતાં શીતળ હતો. જ્યોતિશ્ચક્રનાં લક્ષણવાળો, હિમસમૂહને ઓગાળનારો, રાત્રિનો નાશ કરનાર, ચોર-વ્યભિચારીને અટકાવનાર, મેરુ પર્વતની આસપાસ ભ્રમણ કરનાર, અનેક કિરણોયુક્ત સૂર્ય જોયો.

૮. ત્રિશલા ક્ષત્રિયાણીએ આઠમા સ્વપ્ને સુવર્ણમય દંડ પર રહેલો ધ્વજ જોયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પચરંગી મોરપીંછવાળો હોય તેવો શોભાયમાન, વળી તેમાં સિંહ ચીતરેલો હતો. વાયુથી તે ધ્વજ ફરકી રહ્યો હતો. ત્યારે તેના પરનો સિંહ પણ આકાશમાં ઊડતો જોયો હતો. માનવનેત્રને રંજિત કરવાવાળો ધ્વજ જોયો.

૯. ત્રિશલા ક્ષત્રિયાણીએ નવમે સ્વપ્ને નિર્મળ જળથી સંપૂર્ણ ભરેલા કળશને જોયો હતો. તે કળશ રત્નજડિત શુદ્ધ સુવર્ણનો હતો. તેની ચારે બાજુ કમળો હતાં. સર્વ મંગળોને સૂચવનારો હતો. ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગ સંપત્તિને સૂચવનારો, સુગંધી પુષ્પમાળાઓથી શોભતો કળશ જોયો હતો.

૧૦. ત્રિશલા ક્ષત્રિયાણીએ દશમે સ્વપ્ને પદ્મસરોવર જોયું હતું. સૂર્યનાં કિરણોથી ખીલેલાં સુગંધી કમળોથી વ્યાપ્ત રતાશવર્ણના પાણીવાળું જણાતું હતું. પાણીમાં વસનારાં અનેક પ્રાણીઓથી સેવાયેલું, પાંદડાં પર રહેલાં જળબિંદુઓ જાણે નીલરત્ન હોય તેવી રીતે શોભતું પદ્મસરોવર જોયું.

૧૧. ત્રિશલા ક્ષત્રિયાણીએ અગિયારમે સ્વપ્ને ક્ષીરસમુદ્ર જોયો હતો. ચંદ્રનાં કિરણોની કાન્તિ જેવો શ્વેત, ચારે દિશામાં અતિશય વધતો પાણીનો સમૂહ જેનો છે, અતિશય ઊંચાં મોજાંઓ જેમાં ઊછળે છે, અનેક તરંગો દ્વારા કાંઠા બાજુ દોડતો, અનેક જળચર પ્રાણીઓથી ભરેલો, જેમાં મોટી મોટી નદીઓ દોડીને ભળે છે તેવા ક્ષીરસમુદ્રને જોયો.

૧૨. ત્રિશલા રાણીએ બારમે સ્વપ્ને વિમાન જોયું. નવા ઊગેલા સૂર્યની કાન્તિ જેવું, સુવર્ણ અને રત્નોથી જડિત, મોતીઓનાં તોરણોથી શોભતું, દેવતાઓની સુગંધિત માળાઓથી યુક્ત, અનેક પ્રકારનાં વાજિંત્રોના નાદથી ગાજતું, દેવતાઓથી શોભતું સફેદ વિમાન જોયું.

૧૩. ત્રિશલા રાણીએ તેરમે સ્વપ્ને રત્નોનો રાશિ જોયો. અગણિત બહુમૂલ્ય અનેકવિધ રત્નોનો ઢગલો આકાશને પણ શોભા આપતો હતો. મેરુ પર્વત જેવો ઊંચો રત્નરાશિ જોયો.

૧૪. ત્રિશલા ક્ષત્રિયાણીએ ચૌદમે સ્વપ્ને ધુમાડારહિત અગ્નિશિખા જોઈ. મનોહર અને ઉજ્જવળ જ્વાળાઓ ફેલાવતા, આકાશને અજવાળતા અગ્નિને જોયો.

સર્વ જિનેશ્વરોની માતાઓ ગર્ભધારણ થાય ત્યારે મંગળસૂચક ચૌદ મહાસ્વપ્નો જુએ છે. તેના ક્રમમાં કથંચિત્ ફરક હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિશલા રાણી મંગળસૂચક ઉજ્જ્વળ ચૌદ સ્વપ્ન જોઈ વિસ્મય પામી, પ્રસન્નતાપૂર્વક સ્વપ્નનું સ્મરણ કરીને શય્યાનો ત્યાગ કરી, ધીર ગંભીર પગલે તે સિદ્ધાર્થના શય્યાભવનમાં ગઈ અને મધુરવાણીથી તેમને જાગ્રત કર્યા. ત્યાર પછી સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પ્રમાણે તે સુવર્ણમય સિંહાસન પર બેઠી અને મનોહર વાણી વડે કહેવા લાગી કે, હે સ્વામી ! આજે મધ્યરાત્રિએ જ્યારે હું અર્ધનિદ્રિત દશામાં હતી ત્યારે મેં ચૌદ મહાસ્વપ્ન જોયાં. તેનું શું ફળવિશેષ હશે ?

રાજા સિદ્ધાર્થ સ્વપ્નનું ક્રમસહ શ્રવણ કરીને અત્યંત આશ્ચર્ય પામ્યા. અને સ્વપ્નના વર્ણનને ધારણ કરી વિચારણા કરવા લાગ્યા પછી બોલ્યા કે, હે દેવી ! તમે પ્રશસ્ત અને કલ્યાણરૂપ સ્વપ્ન જોયાં છે. અને એમ લાગે છે કે રાજ્યમાં રત્નસુવર્ણાદિનો લાભ થશે. સુખનો અને પુત્રનો લાભ થશે. તે પુત્ર કુળને દીપની જેમ અજવાળશે. કુળનો આધાર બનશે. દુશ્મનનો પરિહાર કરશે. પૂર્ણલક્ષણવાળો, ગુણોસહિત અને રૂપવાન પુત્ર તમને પ્રાપ્ત થશે. આવાં સામાન્ય ફળો જણાવી રાજા શાંત થયા.

રાજાના મુખેથી સ્વપ્નફળ જાણી રાણીએ બે કર જોડી અંજલિ કરી રાજાને કહ્યું કે, હે સ્વામી ! તમે જે સ્વપ્નફળ કહ્યાં તેને હું ગ્રહણ કરું છું. ત્યાર પછી તે અતિ ઉલ્લસિત ભાવવાળી મંદ ગતિએ પોતાની શય્યા પાસે પહોંચી પરંતુ હવે તે સ્વપ્નના ફળમાં કંઈ ક્ષતિ ન થાય તે માટે જાગ્રત રહી હતી.

પ્રભાત થતાં રાજા સિદ્ધાર્થે પ્રાતર્વિધિ પતાવી કુટુંબના સભ્યોને-મંત્રીઓને બોલાવી જણાવ્યું કે આજે આપણે માટે ઉત્સવનો દિવસ છે માટે રાજસભા વગેરેને શણગારો. ત્યાર પછી સ્વયં વ્યાયામ, સ્નાન ઇત્યાદિ વિધિ પતાવી વસ્ત્રાભૂષણોથી સંપૂર્ણ સજ્જ થઈ રાજસભામાં આવી રત્નજડિત સુવર્ણમય સિંહાસન પર બેઠા. ત્રિશલા રાણી માટે પણ ત્યાં યોગ્ય સિંહાસન મુકાવ્યું. નગરજનો અને મંત્રીઓને ઉદ્દેશીને તેમણે કહ્યું કે, તમે સ્વપ્નપાઠકોને બોલાવીને હાજર કરો. રાજઆજ્ઞા અંગીકાર કરીને કેટલાક પુરુષો સ્વપ્નપાઠકોને આદરસહિત બોલાવી લાવ્યા અને તેમને યોગ્ય આસને બેસાડવામાં આવ્યા. તેમાંથી એકને સૌએ અગ્રેસર બનાવ્યો. તે સૌએ રાજાને આશીર્વાદ આપ્યા.

ત્યાર પછી રાજાએ તેમની પાસે ત્રિશલા રાણીએ જોયેલાં ચૌદ મહાસ્વપ્નો કહી સંભળાવ્યાં. તેનું ફળ શું થશે તે જણાવવા કહ્યું. સ્વપ્નપાઠકો પણ આ ચૌદ મહાસ્વપ્નની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિગત જાણી આંશ્ચર્ય પામ્યા અને પ્રથમ તો વિવિધ સ્વપ્નનાં પ્રકારો અને પરિણામો ગ્રંથો દ્વારા તેમણે રાજાને સમજાવ્યાં.

## મનુષ્યના સ્વપ્નના નવ પ્રકાર

૧. અનુભવેલી વસ્તુથી સ્વપ્ન જુએ.

૨. સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં જુએ.

૩. પૂર્વના સંસ્કારથી સ્વપ્ન જુએ.

૪. વાત, પિત્ત, કફના વિકારથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન જુએ.

૫. સહજ સ્વાભાવિક સ્વપ્ન જુએ.

૬. ચિંતાની પરંપરાથી સ્વપ્ન જુએ.

આ છ પ્રકારનાં સ્વપ્ન શુભાશુભ હોય છે પણ તે નિષ્ફળ જાણવાં.

૭. દેવતાના સાન્નિધ્યથી સ્વપ્ન જુએ.

૮. ધર્મકાર્યના પ્રભાવથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન જુએ.

૯. અતિશય પુણ્ય-પાપના ઉદયથી સ્વપ્ન જુએ.

जैन साईट JAINSITE .com जयम् ज्याति शासनम्

આ ત્રણ સ્વપ્ન શુભાશુભ છે તે ફળ આપે છે. સૂર્યોદય થતાં પહેલાંનાં સ્વપ્ન કથંચિત્ ફળ આપે છે. ઉપરાઉપરી આવતાં સ્વપ્ન, માનસિક ચિંતા કે વ્યાધિથી આવતાં સ્વપ્ન, મળમૂત્રાદિક રોકવાથી આવતું સ્વપ્ન કાંઈ ફળ આપતું નથી. ખરાબ સ્વપ્ન કોઈને કહેવું નહિ, અને શુભસ્વપ્ન ગુણિયલ જનો કે ગુરુજનોને કહેવું, ઉત્તમ સ્વપ્ન જોઈને સૂવું નહિ. આમ અનેક પ્રકારનાં સ્વપ્નનું વર્ણન કરી તેમણે કહ્યું કે,

' હે રાજન ! તીર્થંકર અને ચક્રવર્તીની માતાઓ આવાં મહાસ્વપ્ન જુએ છે. ત્રિશલા રાણી બરાબર નવ માસ અને સાડાસાત દિવસ પછી ઉત્તમ પુત્રરત્નને જન્મ આપશે. તે પુત્ર કુળને માટે દીપકસમાન, પ્રજાનું રક્ષણ કરનારો, પૂર્ણ લક્ષણયુક્ત, સુકોમળ હશે. તે સઘળું વિજ્ઞાન જાણશે. યુવાવયમાં કાર્યનિર્વાહમાં, રણસંગ્રામમાં નિપુણ થશે. મહાન ચક્રવર્તી થશે અથવા ત્રણ લોકના નાયક ધર્મચક્રવર્તી જિન થશે. વળી તે સ્વપ્નનું વિશેષ ફળ આ પ્રમાણે છે :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સ્વપ્નના ફળની વિશેષતા

૧. ચાર દંતૂશળવાળા શ્વેત હાથી — ચાર પ્રકારે ધર્મની સ્થાપના કરશે.

૨. શ્વેત બળદ — ભરતક્ષેત્રમાં બોધબીજની વાવણી કરશે.

૩. સિંહ — રાગદ્વેષાદિ વડે પીડાતાં ભવ્ય પ્રાણીઓનું રક્ષણ કરશે.

૪. લક્ષ્મી — વાર્ષિક દાન આપશે અને તીર્થંકરના પુણ્યાતિશય પ્રાપ્ત થશે.

૫. પુષ્પમાળા — ત્રણ ભુવનને પૂજનીય થશે.

૬. ચંદ્ર — પૃથ્વીમંડળને આનંદ અને શીતલતા આપનારો થશે.

૭. સૂર્ય — પ્રકાશિત ભામંડલથી વિભૂષિત થશે.

૮. ધ્વજ — ધર્મરૂપી ધ્વજ ફરકાવશે.

૯. કલશ — મહેલના શિખર પર વિરાજમાનયુક્ત માન પામશે.

૧૦. પદ્મસરોવર — દેવો રચિત કમળો પર ચરણ સ્થાપશે.

૧૧. સમુદ્ર — કેવળજ્ઞાનરૂપ જ્ઞાનસાગરને વરશે.

૧૨. વિમાન — વૈમાનિક દેવોને પૂજનીય થશે.

૧૩. રત્નરાશિ — રત્નના કિલ્લા વડે શોભશે.

૧૪. નિર્ધૂમ અગ્નિ — ભવ્ય પ્રાણીઓની શુદ્ધિ કરનારો થશે.

અંતમાં ચૌદ રાજલોકની ઉપર રહેનારો તે પુત્ર થશે. ત્યાર પછી સ્વપ્નપાઠકોને યોગ્ય પુરસ્કાર આપી સભા સંપન્ન થઈ. રાજા સિદ્ધાર્થ અને રાણી અંતઃપુર પ્રત્યે વિદાય થયાં.

જ્યારથી ભગવાન મહાવીર ત્રિશલા રાણીના ગર્ભમાં આવ્યા છે ત્યારથી ઇંદ્રની આજ્ઞા પ્રમાણે કુબેર જ્યાં જ્યાં નિઃસંતાનિક ધન દાટેલું છે તે તથા સર્વ મહાનિધાનો સિદ્ધાર્થ રાજાના ભુવનમાં લાવીને મૂકતા હતા. કુબેરે તો મહાકાર્ય આરંભી દીધું હતું. ચારે દિશામાં જ્યાં જ્યાં કોઈને દુઃખ ન પહોંચે, જેમાં ચોરી જેવું તત્ત્વ ન હોય તેવાં નિધાનોથી રાજા સિદ્ધાર્થનો ખજાનો ભરી દીધો.

આ ઉપરાંત રાજ્યમાં ચારે બાજુ ધનધાન્ય, રૂપું, સોનું સૌ વૃદ્ધિ પામવા લાગ્યાં. રોજે, રાજસભામાં એક પ્રવાહ ચાલુ થઈ ગયો. કોઈ ધન લઈને આવે કે આ સમયે ધન ઘણું વૃદ્ધિ પામ્યું છે, ખેડૂતો ધાન્ય લઈને આવતા કે ધાન્ય ઘણું વૃદ્ધિ પામ્યું છે. ચારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાજુ વૃદ્ધિ જ વૃદ્ધિ. આ સર્વ વૃદ્ધિનું નિમિત્ત ભાવી પુત્ર છે તે વાત રાજા સિદ્ધાર્થના મનમાં દૃઢ થઈ ગઈ તેથી તેમણે મનોભાવ કર્યા કે બાળકનું નામ 'વર્ધમાન' પાડશું.

## માતૃભક્તિનું માહાત્મ્ય

ભગવાન મહાવીર વસ્તુના સ્વરૂપને, કુદરતી નિયમને આધીન હતા. તેથી નવ માસ ગર્ભમાં રહેવાનું હતું. છતાં મહાન અંતર હતું. તેમના જ્ઞાન અને પવિત્રતાને કારણે માતાનું શરીર સામાન્ય સ્ત્રીઓ જેવું અશુચિ પુદ્દગલોને બદલે શુચિમય હતું. એક વાર એ બાળકે ગર્ભમાં રહ્યા રહ્યા જગતને માતૃપ્રેમનો પાઠ શીખવ્યો. તેને સહજભાવ ઉત્પન્ન થયો કે મારા હલનચલનથી મારી માતા દુઃખ ન પામો. અને તેથી તે બાળગર્ભે હલનચલન બંધ કરી જાણે ધ્યાનાવસ્થામાં રહી ભવિષ્યની તૈયારી કરી ! અંગોપાંગને સ્થિર કરી આત્મભાવમાં લીન થઈ ગયા ! એક બાજુ માતૃપ્રેમ હતો, તો બીજી બાજુ વાત્સલ્યભાવ પ્રગટ થઈ ગયો. અને આખું અંતઃપુર ઊંચુંનીચું થઈ ગયું.

ગર્ભની નિશ્ચલાવસ્થા જોઈ માતા અતિવ્યાકુળ થઈ ગયાં. અને અનેક શંકાઓ કરવા લાગ્યાં કે, મારો ગર્ભ હરાઈ ગયો હશે કે મૃત્યુ પામ્યો હશે ? ગળી ગયો હશે ? શું થયું હશે ? આમ વિચારી તે અતિશોકમગ્ન થઈ ગયાં. શંકા-કુશંકાઓથી માતા ઘેરાઈ ગયાં. પોતાને ભાગ્યહીન માનવા લાગ્યાં અને દૈવને દોષ દેવા લાગ્યાં. આવું નિધાન આપીને પ્રારબ્ધે ઝૂંટવી લીધું. અરે, વિધાતા ! મેં આ ભવમાં કે ભવાંતરમાં એવો તારો કેવો અપરાધ કર્યો હતો કે જેથી મને આવું દુઃખ આપ્યું ? અરેરે ! હવે ક્યાં જાઉં ? શું કરું ? ત્રણે ભુવનના મનુષ્યોને સુખ આપનારા ચૌદ મહાસ્વપ્ન-સૂચિત એવા પુત્ર વિના હવે મારાં આ રાજ્યાદિ કૃત્રિમ સુખોની જરૂર પણ શી છે ? આ સંસારથી પણ મને ધિક્કાર છે. મધથી લીંપેલી તરવારની ધાર ચાટવા જેવાં સુખદુઃખવ્યાપ્ત આ ચંચલ વિષયસુખોના લવલેશથી પણ ધિક્કાર છે.

પૂર્વભવમાં મેં કોઈ દુષ્કૃત્ય કર્યું હશે. મેં પૂર્વજન્મમાં મનુષ્યનાં બાળકોને વિયોગ કરાવ્યો હશે. પશુઓનાં બચ્ચાંઓને દુઃખ આપ્યું હશે. પક્ષીઓનાં ઈંડાંનો નાશ કર્યો હશે. કીડી આદિનાં દર પૂરી દીધાં હશે. કોઈ બાળહત્યા કરી હશે. ગર્ભનો નાશ કર્યો હશે. શીલખંડન કર્યું હશે. શીલખંડન તે મહાપાપ છે. તેનાથી વિધવાપણું, નિઃસંતાનપણું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પમાય છે. આમ અનેક વિચારોથી રાણી વ્યાકુળ થઈ ગઈ. ત્યારે તેની સખીઓએ તેમને ચિંતાગ્રસ્ત થયેલાં જોઈ તેનું કારણ પૂછ્યું. ત્યારે ત્રિશલા રાણી ગર્ભસ્તંભનની વાત જણાવીને બેશુદ્ધ થઈ ગયાં. સખીઓએ શીતળ ઉપચાર વડે તેને શુદ્ધિમાં લાવવા પ્રયત્ન કર્યો. વળી ભાન આવતાં માતા પુનઃ વિલાપ કરવા લાગ્યાં.

હે પ્રભુ ! હું મારા ઇચ્છિતને મેળવી શકતી નથી તેમાં મારા કર્મનો દોષ છે. ઘુવડ દિવસે જોઈ શકતો નથી તેમાં સૂર્યનો દોષ નથી. વસંત ઋતુ આવતાં વૃક્ષ નવપલ્લવિત થાય છે પણ કેરડાના વૃક્ષને પાંદડું બેસતું નથી તેમાં શું વસંત ઋતુનો દોષ છે ? હવે મારે મરણનું જ શરણ હો.

ત્રિશલા રાણીના વિલાપથી સખીઓ અને વૃદ્ધ સ્ત્રીઓ સૌ મતિ પ્રમાણે શાંતિકર્મ આદિ ધર્મક્રિયામાં પ્રવૃત્ત થઈ ગયાં. આ દુઃખદ સમાચાર રાજા સિદ્ધાર્થના જાણવામાં આવતાં તે પણ ચિંતાતુર થઈ ગયા. મંત્રીઓ પણ દુઃખી થયા અને રાજમહેલ તથા અંતઃપુરમાં ચાલતાં નૃત્ય, વાજિંત્રો સર્વને બંધ કરાવવામાં આવ્યાં. આખું રાજભવન સૂમસામ, શોકમય બની ગયું. મોહની ગતિ કેવી વિચિત્ર છે !

તે કાળ અને તે સમયને વિષે ભગવાન મહાવીરના જીવે અવધિજ્ઞાનથી જોયું કે અરે, આ મોહરાજાની વિચિત્રતા તો જુઓ ! મેં જે કંઈ માતાના સુખને માટે કર્યું તે તો માતાને ખેદ ઉપજાવનારું થયું. આ પાંચમા આરાનું પરિબળ દર્શાવે છે કે મનુષ્યોને ગુણ, દોષ આપનારો થશે. આમ વિચારી જાણે ભગવાને ધ્યાનાવસ્થાની સ્થિર અવસ્થાનો સંક્ષેપ કરી હલનચલનની સહજક્રિયાનો સંચાર કર્યો, ત્યારે વળી ત્રિશલા રાણી હર્ષિત થઈ સખીઓને કહેવા લાગી કે ખરેખર મારો ગર્ભ હરાયો નથી. હવે તે કંપે છે. ત્રિશલા ક્ષત્રિયાણીને સંતોષ પામેલી અને પ્રસન્નચિત્ત જોઈ સૌ પ્રસન્ન થયાં.

ત્રિશલા રાણી વિચારવા લાગી કે મારો ગર્ભ કલ્યાણરૂપ છે. મને ધિક્કાર છે કે અતિશય મોહમાં તેના માહાત્મ્યને વિચાર્યું નહિ કે મહાકલ્યાણકારી સ્વપ્નસૂચિત તે મહાન આત્મા કોઈથી હરાય નહિ. મેં અનુચિત કુવિકલ્પો કર્યા. મારો જન્મ આ ગર્ભને ધારણ કરી કૃતાર્થ થયો છે. મારા પર ધર્મરૂપ કલ્પવૃક્ષની કૃપા છે. મેં નિરર્થક વિલાપ કરીને સૌને શોકગ્રસ્ત કર્યાં. હું તો સદ્ભાગી છું. મારો ગર્ભ સકુશળ છે.

ત્રિશલા રાણીને પુનઃ પ્રસન્નચિત્ત જોઈને તથા ગર્ભના સકુશળ સમાચાર જાણીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજભવનમાં સૌ પ્રસન્ન થયાં. વાજિંત્રોની સૂરાવલિઓ શરૂ થઈ. મંગળ ભાવનાઓનો પ્રવાહ શરૂ થયો. સર્વત્ર આનંદમંગળ વરતાઈ રહ્યો. રાજા સિદ્ધાર્થ જ્યોતિષીઓથી વીંટળાયેલો ચિંતાતુર હતો. તે પણ આ મંગળ સમાચાર સાંભળી પ્રસન્ન થયો. અને તેણે તરત જ દાનકર્મનો આરંભ કર્યો.

અવધિજ્ઞાનયુક્ત એવા ભગવાને આ સર્વ બનાવને જાણીને વિચાર્યું કે અહો ! માતાને મારા પર કેવો અનુરાગ છે ! તેમને સાચો ધર્મ પમાડી, સમાધિમરણને પ્રાપ્ત કરાવી, પછી હું સંસારત્યાગ કરીશ. આમ સહજવિચારની સ્ફુરણા થઈ આવી. જ્ઞાનની પ્રબળતા એવી છે કે જીવ ગર્ભમાં પણ તેના આવિર્ભાવ પામે છે. અને બાળવય છતાં તે જ્ઞાનવૃદ્ધ હોય છે. અજ્ઞાનદશા એવી છે કે અનંતકાળ જાય છતાં એક કિરણ પણ ફૂટતું નથી. અને ઉંમર પૂરી થવા આવે તો પણ તે જીવ જ્ઞાનવિમુખ બાળચેષ્ટાપણે રહે છે.

તે કાળે તે સમયે ત્રિશલા રાણી ધર્મભાવના સહિત ધર્મપૂજન આદિ કરતાં. ગર્ભના યોગ્ય નિયમોને પાળતાં. સંયમી જીવનપૂર્વક સુખે દિવસો પસાર કરતાં હતાં. તે ત્રિશલા ગર્ભને હિતકર આહારાદિથી સેવતાં હતાં. ઉચિત સ્થાને જતાં-આવતાં હતાં. પરિવારના માણસોમાં રહી એકાન્ત જગામાં સુખપૂર્વક બેસતાં હતાં અને સૂતાં હતાં. અતિ ખારા ખાટા કે વિકારી પદાર્થોનું સેવન કરતાં ન હતાં. ઉચિત સમયે ભોજન લેતાં હતાં.

વળી તેમને સુંદર વિચારો અને ભાવ ઉત્પન્ન થતા હતા કે, રાજ્યમાં અહિંસાધર્મનું પાલન કરાવું, દાન દઉં, સત્‌દેવ-ગુરુની પૂજા કરું, સાધર્મિક વાત્સલ્ય કરું, સિંહાસન પર બેસી સમ્યક્ પ્રકારે આદેશ આપું, હાથી પર બેસું, લોકો દ્વારા 'જય જય' શબ્દોથી સ્તુતિ સાંભળું. આવા મંગળકારી વિચારો અને તેમના વિશેષ મનોરથોને રાજા સિદ્ધાર્થ સર્વ પ્રકારે સહર્ષ પૂરા કરતા હતા. આમ ત્રિશલા રાણી સુખપૂર્વક દિવસો પસાર કરતાં હતાં.

## જગદુદ્ધારક અવતર્યા (જન્મકલ્યાણક)

તે કાળે અને તે સમયે ગ્રીષ્મકાળનો ચૈત્ર માસ, શુક્લ પખવાડિયું, તેરશની તિથિ, નવ માસ અને સાડાસાત દિવસ પૂર્ણ થયા હતા, જ્યારે સર્વ ગ્રહો શુભસ્થાનમાં હતા, સર્વ વાતાવરણ શાંત હતું, અંધકાર અને ઉપદ્રવરહિત વિશુદ્ધ હતું. દિશાઓ પ્રકાશિત હતી. પક્ષીઓ પણ પ્રસન્ન હતાં. સુગંધી, મંદ અને શીતલ વાયુ વાતો હતો. પૃથ્વી ધાન્યથી ભરપૂર હતી. દેશવાસી લોકો પ્રસન્ન અને સુખી હતા. એવી રાત્રિને વિષે આરોગ્યવાળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પીડારહિત ત્રિશલા રાણીએ પુત્રને જન્મ આપ્યો. અને ચારે દિશાઓ ચેતનવંતી બની ગઈ. ત્રણે જગતમાં પ્રકાશ પથરાઈ ગયો અને સૌએ સુખનો અનુભવ કર્યો.

## તીર્થંકરના જન્મ-ઉત્સવની વિશેષતા

ભગવાન મહાવીરનો પૃથ્વી પર જન્મ થતાં છપ્પન દિક્કુમારીઓનાં આસન કંપવાથી તેમના અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયેલો જાણી તેઓ સૌએ પ્રભુની માતા પાસે આવી નમન કર્યું, અને સુગંધી જળ-પુષ્પની વૃષ્ટિ કરી. વળી બીજી સ્નાનાદિ વિલેપનની સુંદર રચના કરી તેઓ વિદાય થઈ.

ત્યાર પછી શક્રમહારાજા સૌધર્મેન્દ્રનું સિંહાસન ચલાયમાન થતાં તેમણે પણ પ્રભુનો જન્મ અવધિજ્ઞાન વડે જાણ્યો અને તેમણે સુઘોષા નામનો ઘંટ વગડાવ્યો. તેના અવાજને અનુસરીને દેવલોકના અન્ય ઘંટોના નાદ પણ ધણધણી ઊઠ્યા, આથી અન્ય દેવોને પણ પ્રભુના જન્મની જાણ થઈ. વળી શક્રેન્દ્રની આજ્ઞા થતાં અન્ય હજારો દેવો શીઘ્ર ગતિએ ભેગા થઈ ગયા. કેટલાક દેવો ઇન્દ્રની આજ્ઞાથી, કેટલાક દેવો મિત્રની કે પ્રિયાની પ્રેરણાથી, કેટલાક નિજભાવથી, કેટલાક કૌતુકથી, આશ્ચર્યથી, ભક્તિથી, આમ હજારો દેવો વિવિધ વાહનો લઈ ચાલવા લાગ્યા ત્યારે અનેક પ્રકારનાં વાજિંત્રો અને ઘંટનાદોથી આકાશ ગાજી ઊઠ્યું. વળી વાહનોની ભીડ તો એવી જામી કે દરેકની આગળ થવાની હોડ ઊભી થઈ. આકાશના માર્ગો જાણે સાંકડા થઈ ગયા. આવી રીતે લાખો દેવોથી વીંટળાયેલા ઇંદ્ર નંદીશ્વરદ્વીપ પર વાહનોને મૂકીને ભગવાનના જન્મસ્થાનકે આવ્યા.

ત્યાર પછી ભગવાન અને તેમની માતાને ત્રણ પ્રદક્ષિણા કરી નમન કર્યા પછી માતાને અવસ્વાપિની નિદ્રા આપી. તેમની પાસે જિનબિંબની પ્રતિકૃતિ મૂકી, પોતે લબ્ધિ વડે પાંચ રૂપને પેદા કરીને પ્રભુને ગ્રહણ કર્યા, ચામર વીંઝવા લાગ્યા અને છત્ર ધરી રહ્યા. અન્ય દેવો સાથે તે પાંડુક નામના વનમાં મેરુપર્વત પરની અતિપાંડુકંબલા નામની શિલા પર સિંહાસન રચી પોતાના ખોળામાં પ્રભુને ગ્રહણ કરી પૂર્વ દિશા પ્રતિ મુખ રાખીને બેઠા. તેમણે દરેક ઈંદ્ર પાસે રત્નજડિત એક હજાર આઠ સુવર્ણ કળશ અને થાળ પત્ર-પુષ્પથી ભરેલા મંગાવ્યા. તે સર્વ કળશોમાં ક્ષીરસમુદ્રનું પાણી લાવવામાં આવ્યું. અને દરેક ઇંદ્ર કળશ લઈને શ્રેણીબદ્ધ ઊભા રહ્યા અને અન્ય દેવો પણ ક્રમમાં અધિકાર પ્રમાણે ગોઠવાઈ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇંદ્રના હર્ષનો પાર નથી. પણ જ્યારે તેણે હજારો દેવોને હારમાં કળશો લઈને ઊભેલા જોયા ત્યારે ભક્તવત્સલ તેને ચિંતા થઈ કે લઘુશરીરવાળા પ્રભુ આટલા કળશોનું જળ કેવી રીતે સહન કરશે ? પ્રભુના અવધિજ્ઞાનમાં આ વાત આવી ગઈ અને તેમણે ફક્ત ઇંદ્રની શંકાનું નિવારણ કરવા ડાબા પગના અંગૂઠાના અગ્રભાગથી મેરુ પર્વતની શિલાને દબાવી અને આખો મેરુ પર્વત ધ્રૂજી ઊઠ્યો. સૌના જીવ તાળવે ચોંટી ગયા. અચાનક આ શું વિઘ્ન આવી પડ્યું ? ઇંદ્રે અવધિજ્ઞાનથી પ્રભુના પરાક્રમની લીલા જાણી અને બોલ્યા કે,

હે પ્રભુ ! આપના અતુલ બળને મેં જાણ્યું નહિ, માટે મારા અપરાધની ક્ષમા ચાહું છું. ત્યાર પછી અચ્યુતપતિએ તથા ક્રમમાં સૌ દેવોએ પ્રભુનો અભિષેક કર્યો. આરતી, મંગળદીવો અને સ્તુતિ કરી વિવિધ પ્રકારે દેવોએ જન્મમહોત્સવ ઊજવ્યો. ત્યાર પછી ઇંદ્રે પ્રભુને ધારણ કર્યા અને માતા પાસે મૂકી દીધા. પ્રભુના જન્મભવન પર સુગંધિત પુષ્પોની વૃષ્ટિ કરી, રત્નો અને દેવદૂષ્યોની વૃષ્ટિ કરી. તે વૃષ્ટિના ધારાપ્રવાહથી આખું નગર છવાઈ ગયું.

તે કાલે તે સમયે જ્યારે પ્રભુનો જન્મ થયો ત્યારે પ્રિયંવદા નામની દાસીએ દોડીને સિદ્ધાર્થ રાજાને શુભ વધામણી આપી. તે સાંભળી રાજાએ હર્ષિત થઈ તેને મુગટ સિવાયનાં સર્વ આભૂષણો ભેટ આપ્યાં અને તેને દાસીપણાથી મુક્ત કરી અને તરત જ કોટવાળને બોલાવી અન્ય કેદીઓને પણ મુક્ત કર્યા. આખા નગરને સ્વચ્છ કરી શણગારવાનો આદેશ આપ્યો. મંત્રીઓને મહોત્સવ ઉજવવાની અનુજ્ઞા આપી. નગરના દરવાજા શણગારવામાં આવ્યા. ઠેકઠેકાણે મંડપો ઊભા કરી નાચગાન, નાટકો શરૂ થયાં. ચારે બાજુ વાજિંત્રો અને શરણાઈઓ વાગવા લાગી. ઈંદ્રાદિ દેવોએ જેમ આકાશ ગજવી દીધું હતું, તેમ હવે નગર પણ ગાજી ઊઠ્યું.

રાજા સિદ્ધાર્થ અતિ પ્રસન્ન હતા. તેમણે આદેશ કર્યો કે દરેક જાતના કર માફ કરો. મનુષ્યોને જોઈતી ચીજો વિના મૂલ્યે આપી દો અને તેની કિંમત રાજ્યના ખજાનામાંથી ચૂકવી દેવાઈ. સર્વ પ્રકારનાં દંડ અને સજાને માફ કરવામાં આવ્યાં. આમ નગરમાં દસ દિવસ સુધી જન્મમહોત્સવ ઊજવવામાં આવ્યો. ધન્ય નગરી ! ધન્ય તે વેળા ઘડી !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ તે દિવસે દાનાદિ સુકૃત્યો કર્યાં અને પુત્રજન્મને યોગ્ય અનેક વ્યાવહારિક વિધિઓ પણ કરવામાં આવી. બારમે દિવસે સૌ સમાન રાજાઓ, અગ્રગણ્ય નગરજનો તથા મિત્રોને જમણ આપવામાં આવ્યું અને સૌનું ઉચિત સન્માન કરવામાં આવ્યું. સૌની વચ્ચે અગાઉ કરેલા મનોરથ પ્રમાણે તેનું નામ 'વર્ધમાન' પાડવામાં આવ્યું. તેઓ જ્ઞાન વૈરાગ્ય સહિત તપ:શક્તિવાળા હોવાથી તેમનું બીજું નામ શ્રમણ પાડવામાં આવ્યું હતું, અને અતિકઠિન ઉપસર્ગોને સહન કરનારા કર્મશત્રુને અસાધારણપણે જીતનાર તે વર્ધમાનનું ત્રીજું નામ દેવોએ શ્રમણ ભગવાન મહાવીર પાડ્યું હતું.

## ભગવાનની બાળક્રીડા

એક કિંવદંતી એવી છે કે એક વાર સૌધર્મેન્દ્રે દેવસભામાં ભગવાનનાં ગુણગાન ગાયાં અને તેમનાં બળ-પરાક્રમની પ્રશંસા કરી. જગતમાં બે પ્રવાહ હોય છે : પ્રશંસક હોય અને વિદ્રોહી પણ હોય. ઇંદ્રમુખે ભગવાનનાં પરાક્રમની ગાથા સાંભળી. મિથ્યાદૃષ્ટિ દેવ વિચારવા લાગ્યો કે ઇંદ્રે એક માનવને કેવો ઊંચો કલ્પ્યો છે ! દેવોથી વધુ પરાક્રમી પૃથ્વીનો માનવ કેવી રીતે હોઈ શકે ? માટે હું હમણાં જ પૃથ્વી પર જાઉં અને આ કથનને જૂઠું પાડું. આમ વિચારી અધીર એવો તે પૃથ્વી પર અતિવેગે ધસી આવ્યો અને ભગવાન જ્યાં બાળકો સાથે રમતા હતા ત્યાં મોટો ફણીધર થઈને ફૂંફાડા મારવા લાગ્યો. આવા ભયંકર સર્પને વૃક્ષ નજીક આવી ફૂંફાડા મારતો જોઈ અન્ય કુમારો નાસભાગ કરવા લાગ્યા, ત્યારે બાળવર્ધમાને જરા પણ ભય પામ્યા વગર દોરડી પકડે તેમ સર્પને પકડીને દૂર મૂકી દીધો.

ત્યાર પછી સૌ કુમારો દડાની રમત રમવા લાગ્યા. એટલે પેલો દેવકુમારનું રૂપ લઈ તેમાં ભળી ગયો. કુમારોની શરત હતી કે, જે હારે તે જીતેલાને પોતાના ખભા પર બેસાડે. પેલા દેવ વર્ધમાનકુમાર સાથે રમતાં જાણીજોઈને હારી ગયો. શરત પ્રમાણે કુમાર તેના ખભા પર બેઠા. દેવને તો આ લાગ જોઈતો જ હતો. જેવા કુમાર તેના ખભા પર બેઠા કે તેણે પોતાની કાયાને લાંબીપહોળી વિશાળ કરી દીધી અને વિકરાળ રૂપ ધરી રહ્યો. તે જ વખતે વર્ધમાનકુમારે તેની પીઠ પર એક મુષ્ટિનો પ્રહાર કર્યો કે તરત જ તે શિથિલ થઈ ગયો અને શરીર મચ્છર જેવું સંકોચાઈ ગયું. કળ વળતાં તે મૂળ રૂપે પ્રણામ કરીને ઊભો રહ્યો. વળી વારંવાર ક્ષમા યાચીને સર્વ હકીકત જણાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વિદાય થયો. આઠ વર્ષના બાળકનું આ પરાક્રમ જોઈને દેવોએ પ્રભુનું નામ 'વીર' પાડ્યું.

## ભગવાનનો અભ્યાસકાળ

( છઠ્ઠા વ્યાખ્યાનને આધારે )

ભગવાને માનવ તરીકે જન્મ લીધો હતો. પૂર્ણ ભગવત્પણું તે દેહમાં રહેલી આત્મસત્તામાં છુપાયેલું હતું. પણ માનવદેહ ધારણ થવાની જે વ્યાવહારિકતા હતી તે તો નિયમથી થતી રહી. માતાના ગર્ભમાં આવ્યા, સંક્રમણ થયું, જન્મ થયો, વળી નિર્દોષ રમત રમ્યા. માતાપિતાને મન તો અતિ પ્રિય પુત્રપણે હતા. આથી આઠ વર્ષના વર્ધમાનકુમારને માતાપિતાએ ઉત્સવસહિત અને ઉલ્લાસસહિત શુભ મુહૂર્તે નવાં વસ્ત્રાભૂષણથી અલંકૃત, વાજિંત્રોના સૂરો વચ્ચે પરિવારથી સજ્જ, પંડિતોને ત્યાં પાઠશાળામાં ભણવા મોકલ્યા. પંડિતોએ પણ તે રાજકુમારનું સ્વાગત કરી યોગ્ય આસને બેસાડ્યા. તે સમયે ઇંદ્રનું આસન કંપિત થયું. પવિત્ર સ્પંદનોની આ એક વિશેષતા છે. વળી પ્રભુના પ્રેમને કારણે ઇંદ્રનું આસન કંપતું, પણ તે સ્વયં કંપી જતા નહિ. તે તો અવધિજ્ઞાન વડે પ્રભુની વિશેષતાઓ જોઈ સાનંદ સેવામાં હાજર થતા.

ઇંદ્રે અવધિજ્ઞાન વડે જોઈને કહ્યું કે, હે દેવો ! ત્રણ જ્ઞાનના સ્વામી ભગવાનને, સર્વ શાસ્ત્રોના પારંગત પ્રભુને, માતાપિતાએ સ્નેહવશ અલ્પ વિદ્યાવાળા પંડિતો પાસે ભણવા મોકલ્યા છે. આ તો આંબા પર તોરણ બાંધવાની કે સરસ્વતીને ભણાવવા જેવી આશ્ચર્યજનક ઘટના છે, માટે મારી ફરજ છે કે પ્રભુનો અવિનય થવા ન દેવો. આમ વિચારીને તે બ્રાહ્મણનું રૂપ કરી પેલા પંડિતની પાઠશાળામાં આવ્યા. પ્રથમ પ્રભુને યોગ્ય આસને બેસાડ્યા અને ન્યાયશાસ્ત્રના અને વ્યાકરણના કઠિન પ્રશ્નો તેમને પૂછવા લાગ્યા. સૌ વિચાર કરવા લાગ્યા કે આવાં કઠિન શાસ્ત્રોનાં કથનોનો જવાબ બાળક કેવી રીતે આપશે ? ત્યાં તો પ્રભુએ તરત જ સુંદર અને સ્પષ્ટ રીતે તે બ્રાહ્મણ પંડિતને પ્રશ્નોના જવાબ આપ્યા. વાસ્તવપણે તો પંડિતોના મનમાં જે જે શંકાઓ હતી તેના જ પ્રશ્નો ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને પૂછ્યા હતા. વર્ધમાનકુમાર પાસેથી ઉત્તર સાંભળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌ આશ્ચર્ય પામ્યા કે, આ બાળક આવાં વ્યાકરણ ક્યાં શીખવા ગયો હશે ? ત્યારથી 'જૈનેન્દ્ર' નામનું વ્યાકરણ પ્રસિદ્ધ થયું.

ત્યાર પછી ઇંદ્રે પંડિત વિપ્રને કહ્યું કે તમારે આને કોઈ સામાન્ય માનવી ન ધારવો. આ તો ત્રણ જગતના નાયક અને શાસ્ત્રના પારગામી અવધિજ્ઞાન સહિત જન્મેલા શ્રી વીરભગવાન છે. ઇંદ્રે આ પ્રમાણે ઉચિત કાર્ય કરી વિદાય લીધી, અને વર્ધમાનકુમાર સૌ પરિવાર સાથે રાજમહેલે સિધાવી ગયા. બાળક છતાં જ્ઞાનવૃદ્ધિ અને કેવી ગંભીરતા હતી !

## યૌવનકાળ અને ગૃહવાસ

માનવમાત્ર; બાળ, યુવાની અને વૃદ્ધાવસ્થાની સીમાને આધીન છે. સમયનો કાંટો વણથંભ્યો ગતિ કરતો રહે છે. જન્મને તે મૃત્યુમાં પરિવર્તિત કરે છે.

શિશુવય વટાવી વર્ધમાને યુવાનીમાં પ્રવેશ કર્યો. સૌંદર્યમાં યુવાની ભળી અને સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું. શારીરિક બળ પણ વિકસિત થયું. રાજવંશીની સઘળી કળાઓમાં નિપુણ થયા. કોઈવાર મિત્રો સાથે વન-ઉપવનમાં જાય છે. શસ્ત્ર સજે છે, પણ શસ્ત્રનો ઉપયોગ નથી કરતા. વર્ધમાન વિચારે છે કે જગતમાં કેટલી રમણીયતા છે. સૌ જીવો સુખ માટે તલસે છે. તેમને દુઃખ આપવાનો માનવને શું અધિકાર છે ?

વર્ધમાન મિત્રોને સમજાવે છે, મિત્રો ! અન્ય જીવોને મારીને તમે શું સુખ મેળવશો ? તમે મોટા મત્સ્યને મારી શકશો પણ જંતુને જીવન આપી શકતા નથી. નિર્દોષ જીવો પર તીર ચલાવવું, તેમનો ઘાત કરો, તે ક્ષત્રિયોનું સાહસ નથી. બળિયા સાથે બાથ ભીડો.

મિત્રો કહે : આપણે ક્ષત્રિયો છીએ. રણે ચઢવાવાળા છીએ. શસ્ત્રવિદ્યાનો ઉપયોગ ક્ષત્રિયોનો ધર્મ છે. આપણને કાયરતા ન શોભે. શત્રુને મારવા, રાજ્યનો વિસ્તાર વધારવો તે રાજધર્મ છે.

વર્ધમાન સૌને પોતાના ત્યાગ અને તપશ્ચર્યા વડે, જીવનની નિર્દોષતા સમજાવતા. તેનું ગાંભીર્ય અને ઉદાસીનતા જોઈ મિત્રો પણ આશ્ચર્ય પામતા.

વર્ધમાન યૌવનમાં હતા પણ તેમનાં લક્ષણ વૈરાગ્યનાં હતાં. આથી માતાપિતા

Jain Site जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂંઝાતાં કે વર્ધમાનને લગ્ન બાબત કેવી રીતે સંમત કરવા. મિત્રો દ્વારા પ્રસ્તાવ મૂક્યો. વર્ધમાનને એમાં સુખ નહિ પણ બંધન હતું. તેમણે મિત્રોને ઉપદેશ આપી વાતને ટાળી. ત્યારે ત્રિશલારાણી સ્વયં ત્યાં આવ્યાં, તેમણે વર્ધમાનને પોતાના મનોરથ જણાવ્યા. વર્ધમાને વિચાર્યું કે આ જગતમાં જે ઋણ લઈ આવ્યો છું તે ભોગવવું પડશે. વળી માતાપિતાને દુઃખ ન લાગે તેથી તેમણે માતાનો પ્રસ્તાવ મંજૂર રાખ્યો. માતાનું હૈયું પુલકિત થઈ ઊઠ્યું છતાં, તેની આંખમાં અશ્રુજળ ઊભરાઈ ગયાં.

વર્ધમાન ઊભા થયા. માને વંદન કરી પૂછ્યું; મા, તમારાં લોચન અશ્રુભીનાં કેમ થયાં ? તમે જાતે શા માટે આવ્યાં. મને આજ્ઞા કરીને બોલાવવો હતો.

વત્સ, તારો વૈરાગ્ય જોઈને મૂંઝવણ થાય છે કે તું અમને છોડીને જતો નહિ રહે ને ! અમારું સમાધિમરણ કોણ કરાવશે ? અમે વૃદ્ધ થયાં છીએ. તારા વિયોગમાં ઝૂરીને મરણ પામશું તો શી ગતિ થશે ?

હે વત્સ ! તમે અનેક પ્રકારના ઉદયના કારણભૂત અમારા ગૃહે આવ્યા છો, તે અમારો મહાપુણ્યોદય છે. તમારું અવલોકન કરતાં તૃપ્તિ થતી નથી.

હે વત્સ ! અમે જાણીએ છીએ કે તમે જન્મથી વૈરાગી છો. સંસારવાસથી વિરક્ત છો, તમે અમારા પરની અનુકંપાથી ગૃહવાસમાં રહ્યા છો, તે તમે દુષ્કર કૃત્ય કર્યું છે. પરંતુ અમને તૃપ્તિ થતી નથી. માટે યશોદા નામની ગુણવાન કન્યા સાથે વિવાહ-સંબંધ કરો.

વર્ધમાન તો જ્ઞાની હતા, જગતનું સ્વરૂપ જાણતા હતા. જગતના સંબંધોના, સ્નેહના તાણાવાણા તેમણે જોયા હતા. અને માતાને સમજાવ્યાં, આશ્વાસન આપ્યું કે તમારી ભાવના પ્રમાણે તમારો પુત્ર આજ્ઞા જાળવશે. સંસારમાં છતાં અસંસારીપણે રહેતાં એને આવડે છે.

વર્ધમાનનાં લગ્ન યશોદા સાથે થઈ ગયાં. દેવોએ અને માનવોએ ઉત્સવ માણ્યો. વર્ધમાન ભોગમાં હોવા છતાં જાગૃત હતા. લેપાઈ જવાનો સંભવ ન હતો. યશોદા પણ ગુણવાન રાજા સમરવીર અને યશોદયા રાણીનું કન્યારત્ન હતું. વર્ધમાનની વૈરાગી દશાની વાત જાણતી હતી, પણ તેણે વિચાર્યું કે આવો યોગ ક્યાંથી મળે ? વર્ધમાન રાગી નહિ થાય તો તેમની સેવાનો લાભ મળશે. અને તેમને માર્ગે ચાલવાનું સામર્થ્ય મળશે તો જીવન ધન્ય બનશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગૃહવાસ છતાં યોગી

ગૃહવાસ છતાં યોગી, વન અને મહેલ જેને સમાન, બોલે તો મુખમાંથી અમીરસ ઝરે, મૌન રહે તો વીતરાગતા ઝલકે, આહાર લે તો સંયમની વૃદ્ધિ માટે, આહાર ન લે તો તપની વૃદ્ધિ માટે, આત્મભાવમાં સંતુષ્ટ વર્ધમાનને લગ્ન-જીવન એ પૂર્વનાં ઋણ ચૂકવવાનો સંયોગ હતો. તેઓ સતત જાગૃત હતા. તેથી ભોગ પાછળ તેમની દોડ ન હતી.

ગૃહસ્થજીવનના સુખભોગને પરિણામે નિયમથી જે બને તે પ્રમાણે વર્ધમાન કન્યાના પિતા થયા. વર્ધમાન તો આવા પ્રસંગના દ્રષ્ટા હતા. પણ માતાપિતાનું જીવન આનંદથી ગૂંજી ઊઠ્યું. વર્ધમાન તો જળકમળવત્ આ સર્વ જોતા હતા, અને અંતરાત્મામાં એક અવાજ ઊઠી જતો. મારો જન્મ શા માટે છે ? આ સર્વ શું બની રહ્યું છે ? હું ક્યારે મુક્ત થઈશ ?

સમયના વહેણ સાથે કન્યા પણ યુવાન થઈ, માતાપિતાએ તેને માટે પણ યોગ્ય પાત્ર શોધી જમાલિ સાથે લગ્ન કર્યાં.

આવા પ્રસંગો બનતા જાય છે, અને વર્ધમાનની ઉદાસીનતા ઘેરી થતી જાય છે, તે સર્વમાં મોહની છાયા જુએ છે અને વિચારે છે, કે આ સર્વ જીવો મોહદશાથી કેવી રીતે મુક્ત થાય ! હા, પણ તે પહેલાં તો મારે મુક્ત થવું પડશે. અને આવા ચિંતનમાં વર્ધમાનની નિદ્રા પણ અનિદ્રા બની રહી હતી.

પત્ની અને પુત્રીને સ્નેહથી જુએ છે પણ અંતરમાં અન્યત્વની ભાવના ભરી પડી છે. તેથી વળી જાગૃત થઈ વિચારે છે અને અંતરમાં વધુ ઊંડા ઊતરે છે. ત્યારે યશોદા મૂંઝાય છે. ત્યારે વર્ધમાન તેને નિર્દોષ સ્નેહથી સમજાવે છે :

“હે દેવી ! આ સંસારના મોહરૂપ ઝંઝાવાતમાં સહુ સપડાયાં છે. અનેક વાર પરિભ્રમણ થવા છતાં જીવોને સાચો માર્ગ મળતો નથી. રાગાદિ ભાવથી દુ:ખ પામવા છતાં નિરંતર એ જ ભાવને સેવે છે. જુઓ જગતમાં કેવી વિચિત્રતા છે !”

“જીવો જાણતા નથી કે મૃત્યુ તેમને રોજ ગ્રસી રહ્યું છે. જીવનનો મેળો એક દિવસ વીંખાઈ જવાનો છે. આજે ખીલેલાં પુષ્પો કાળક્રમે કરમાઈ જાય છે. ઉદય પામેલો સૂર્ય અસ્ત થાય છે તેમ જીવન પણ મરણથી બંધાયેલું છે.”

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હે દેવી ! માટે સમજો કે ગયો સમય આવવાનો નથી. આ ભોગસુખ ક્ષણિક છે. જગતના જીવોની જેમ તમે અને હું પણ આ સંસારમાં જકડાયેલાં રહીશું તો શું થશે ?"

યશોદા જ્ઞાની નથી પણ સમજદાર છે, જ્ઞાની નથી પણ જ્ઞાનીની સહયોગિની છે. તેનામાં પણ જીવનને સમજવાનું ખમીર છે, પતિપરાયણ છે, દરેક ક્ષણે તેનું ધ્યાન પતિની ચર્યા સાથે જોડાયેલું છે. તે પતિની બધી વાતો સમજી શકતી નથી પણ પતિની ઉદાસીનતાનો તેને ખ્યાલ છે. પૂરી રાત્રિ જાગતા એવા પતિને સૂવા માટે સમજાવે છે. વર્ધમાન હાસ્યથી જવાબ ટાળે છે.

ત્યારે યશોદાનાં ચક્ષુમાં અશ્રુબિંદુ ટપકી પડે છે, "સ્વામી ! શું તમે મારો ત્યાગ કરશો ? ભલે સંસારનો ત્યાગ કરવામાં કે મારો ત્યાગ કરવામાં તમને સુખ મળે તો તેમાં મારાં અહોભાગ્ય માનીશ અને તમારે માર્ગે ચાલવા માટે ભાવના રાખીશ. તમને જેમાં સુખ મળે તેને અનુસરવું તે સતીત્વનું કાર્ય છે."

વર્ધમાન કંઈ કઠોર ન હતા. જગતના જીવોનું સુખ ઇચ્છનાર, માતાપિતાના સુખમાં સુખ જોનાર, પત્નીને દુઃખી કેમ કરે ! પરંતુ પૂર્વે કરેલી આરાધનાનું વૈરાગ્યબળ પ્રગટ થયું હતું, તેથી પોતાની જાતને સંસારમાં રોકી શકતા નથી. તેમનાથી મમત્વના તાંતણે બંધાઈ શકાતું નથી.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

"યશોદા ! જગતમાં સૌ મોહવશ અન્યોન્ય કહે છે, અમે તમારાં છીએ, તમે અમારા છો, પણ કોણ કોનું થઈ શક્યું છે ? વિષય-સુખથી કોઈનું ભલું થયું નથી. માટે વિષયોનો પરિહાર, મમત્વનો ત્યાગ કરવો જરૂરી છે. જે સંસારમાંથી સુખબુદ્ધિને ત્યાગે છે તે ખરો મહામાનવ છે."

યશોદા સ્વામીની મહાનતાને કળી જાય છે, તેમની સાથે ચાલવા પ્રયત્ન કરે છે. પતિને શરીરચેષ્ટાથી મોહિત કરવાનો પ્રયત્ન તેણે છોડી દીધો છે, વર્ધમાને રાજવૈભવનો ત્યાગ કર્યો છે, પછી યશોદા તે રાજવૈભવમાં કેમ ઝૂકે, તે પણ ત્યાગમાર્ગે ચાલી રહી છે.

વર્ધમાન જીવોના સ્નેહથી પરિચિત છે, પણ તેમાં તેમને બંધન જણાયું છે. તે યશોદાનું દુઃખ જાણે છે, જગતમાં પતિ વગરની પત્નીના વિરહને જાણે છે. પણ તેમનું અંતરંગ હવે મારા-તારાના ભેદથી કે દેહભાવથી ઊઠી ગયું છે. તેમણે કાળને અકાળ કરવો છે, તેમણે મૃત્યુને મારવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશોદાને સમજ પડી નથી કે મૃત્યુ કેમ મરે ! તે જન્મને જાણે છે તેવી રીતે મરણને જાણે છે, જન્મ જિતાય ક્યારે ? મરણ મરે ત્યારે.

એક દિવસની વાત છે. માતાપિતા વૃદ્ધાવસ્થાને વર્યાં છે, વર્ધમાન માતાપિતાને ધર્મ પમાડી રહ્યા છે. માતાપિતાનો વર્ધમાન પ્રત્યે અતિ સ્નેહ છે, પણ વર્ધમાન જ્ઞાની હોવાથી તેમને તે સ્નેહસંબંધથી મુક્ત કરવાનો બોધ આપે છે. માતાપિતાને એ બોધ સ્પર્શી જાય છે, અને સંસારભાવથી મુક્ત થઈ સમતાથી સમાધિમરણને પામી દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાર પછી મનુષ્યભવ પામી મુક્તિ પામશે.

રાજવંશીઓની પ્રણાલિ પ્રમાણે રાજારાણીની અંતિમ-સંસ્કાર-ક્રિયા થઈ. જનપ્રિયત્વ ધરાવતા રાજારાણીના વિયોગે નગરમાં શૂનકાર વ્યાપી ગયો છે. રાજકુળ શોકમગ્ન છે. વર્ધમાન મૃત્યુના રહસ્યને જાણે છે.

સાંજ ઢળી છે. વર્ધમાન પોતાને આવાસે આવે છે. યશોદા જુએ છે; પતિના મુખ ઉપર ઘેરી ઉદાસીનતા છવાઈ ગઈ છે. પતિની આવી પળોથી તે મૂંઝાય છે, ત્યારે વર્ધમાન તેને નિર્દોષ સ્નેહથી સમજાવે છે :

"યશોદા ! જીવન પછી મૃત્યુ એ જગતનો નિયમ છે. મારે મરણને મારવું છે. અને તે સંસારમાં રહીને શક્ય નથી."

"સ્વામી ! સંસાર તમને રોકે છે ?"

વર્ધમાન : "ના, સંસાર મને રોકતો નથી પણ, સંસાર અને મોક્ષ બે સાથે બનતાં નથી. મોક્ષ થાય ત્યારે જીવનમરણ ટળે છે. એ માટે સંસારનો ત્યાગ જરૂરી છે, અને હવે તેનો સમય પાકી ગયો છે."

યશોદાની સમજમાં આવી ગયું કે હવે સ્વામીને કોઈ રોકી શકશે નહિ. તેથી શક્ય તેટલું પતિના માર્ગને અનુરૂપ થવાનું તેણે યોગ્ય માન્યું. વર્ધમાનની ઉદાસીનતા અને યશોદાનો તેમના પગલે ચાલવાનો પ્રયાસ, એમ દિવસો વ્યતીત થયા. રાજપરિવારને વર્ધમાનની ચર્યા પસંદ નથી, પણ સૌ નિરુપાય હતા. વર્ધમાન વૈરાગ્ય-વેગે વધી રહ્યા હતા.

ભગવાન તો જન્મથી જ અભોગી હતા. સમ્યક્ અવધિજ્ઞાન સહિત હતા. ફક્ત પૂર્વ પ્રારબ્ધનું ઋણ ચૂકવી દેતા હતા. સૌની સાથેનો તેમનો વ્યવહાર આત્મભાવનો હતો. નંદિવર્ધન ભાઈને આપેલાં બે વર્ષમાં પ્રભુ તો નહિવત્ વસ્ત્રાલંકારનો ઉપયોગ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા, નિરવદ્ય નિર્દોષ આહાર ગ્રહણ કરતા. સચિત્ત વસ્તુ અને પાણી તેમને વર્જ્ય હતાં. બ્રહ્મચર્ય પાળતા હતા. આરંભ-પરિગ્રહાદિથી મુક્ત હતા. સંપૂર્ણપણે સંયમિત જીવન ગાળતા. આવા સાધુચરિત બંધુને જોઈને નંધિવર્ધન પણ વિચાર કરતા કે મેં મોહવશ ખોટો અંતરાય ઊભો કર્યો છે. આમ એક વર્ષ પસાર થઈ ગયું. આવા સાધુજીવનના આચારો જોઈ પ્રથમ જે રાજાઓ માનતા હતા કે વર્ધમાન ચક્રવર્તી થશે ત્યારે તેઓને ઘણો લાભ થશે, તે સર્વેએ જાણ્યું આ કુમાર તો સાધુબાવા થઈ જશે તેથી સ્વદેશે વિદાય થઈ ગયા. પ્રભુ તો અસંગ જ હતા.

નંદિવર્ધન માતાપિતાની શીળી છાયાવિહોણા થયા હતા, ત્યારથી તેમને શોકે ઘેરી લીધા હતા. ત્યાં તેઓ વર્ધમાનને રાજચિહ્નોરહિત જોઈ ક્ષોભ પામી ગયા. આમે તેમને વર્ધમાનની ત્યાગપદ્ધતિ પસંદ ન હતી. વર્ધમાને બે કર જોડી કહ્યું કે 'ભાઈ ! મને સ્વતંત્ર કરો.'

નંદિવર્ધન કહે 'ભાઈ ! તું સ્વતંત્ર છું. માતાપિતા ચિરવિદાય થયાં. હવે તું આ રાજ્યનું પાલન કરવાને સમર્થ છું. આ વિશાળ વૈશાલીના સેંકડો રાજા ઉપર તારી આણ પ્રવર્તશે. વૈશાલી રાજાનો તું માનવંતો ભાણેજ છું. તને કોઈ જાતની પરતંત્રતા નથી. હું તને સ્વેચ્છાએ રાજ્ય સુપ્રત કરું છું.'

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વર્ધમાન વડીલ ભ્રાતાના આવા અગાધ અને નિઃસ્પૃહ સ્નેહ પાસે ક્ષણભર મૌન રહ્યા. પછી વંદન કરી તેમના ચરણ પાસે બેસી ગયા. એક નિર્દોષ બાળકની જેમ ભાઈ સામે જોઈ રહ્યા. આખરે તેમણે મૌન છોડ્યું. "વડીલબંધુ ! આપનો મારા પરનો સ્નેહ માતાપિતાની ખોટ લાવવા દે તેવો નથી. પણ મારી સ્વતંત્રતાની વાત જુદી છે. આ સંસારમાં ચક્રવર્તીનું શાસન પણ સુખદાયી નથી. જે રાજશાસનમાં ઊંચનીચના ભેદ, રાજા-સેવકની પ્રણાલિ છે ત્યાં માનવજીવનની સ્વતંત્રતા ક્યાં છે ? રાજ્યવિસ્તારની આકાંક્ષાથી થતાં યુદ્ધો, તેમાં થતી ઘોર હિંસા. થોડા શાસકોના સુખ માટે કેવો મોટો ભોગ અને સંહાર. આવા શાસનનો અધિકાર શાસકને કોણ આપે છે ? તેવા શાસનની પ્રાપ્તિ પછી શું ? જે શાસન સબળો નબળાને દબાવે તેવું શાસન સ્વતંત્રતા કેવી રીતે આપશે ? સત્તાકાંક્ષી માનવ સિંહ જેવી પ્રકૃતિ ધરાવે છે. સિંહ વનનો રાજા કહેવાય છતાં પ્રાણીઓનું ભક્ષણ કરે; એ પ્રમાણે માનવની દુર્વૃત્તિ હું જોઈ રહ્યો છું."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નંદિવર્ધન કહે, "ભાઈ, તું રાજશાસન હાથમાં લઈને તેમાં સુધારો કર. માનવને સ્વતંત્ર કર."

"મોટાભાઈ, સંસાર એ તો ટોળાશાહીના સંસ્કારવાળો છે અને તેને બંધન સદી ગયું છે. હું બંધનના મૂળને છેદીને જગતમાં સ્વતંત્રતાનું સાચું રહસ્ય પ્રગટ કરીશ. તે માટે પ્રથમ મારે સંસારનો ત્યાગ કરવો જરૂરી છે."

"વર્ધમાન ! તમે જો સંસારત્યાગ કરો તો લોકો કહેશે કે મોટાભાઈએ નાનાભાઈને કાઢી મૂક્યો. અને તમે સાધુવેશે જાવ ત્યારે તો થઈ જ રહ્યું, લોકો કહેશે નંદિવર્ધનને એક વસ્ત્ર પણ આપવા મળ્યું નહિ. વળી તમે તો દયાભાવવાળા છો. મારા પર જ નિર્દયતાનો પ્રથમ ઘા કેમ કરો છો ? માતાપિતાના અવસાન પછી, હજી મને કંઈ પણ શાતા પહોંચે તે પહેલાં તમે મને વધુ દુઃખ પહોંચાડવા માગો છો, માટે હાલ આ ત્યાગ શક્ય અને હિતાવહ નથી."

"મોટાભાઈ ! મને ક્ષમા કરો. હું હવે આવા રાજશાસનમાં રહી શકું તેમ નથી."

નંદિવર્ધનની આંખો અશ્રુ વડે ઊભરાઈ છતાં તેમણે જાણ્યું કે હવે આ વર્ધમાન રાજ્યમાં રહી શકે તેમ નથી, તેવું હાલનો વેશ અને ભાવ સૂચવે છે કે તે રાજમહેલમાં રહે કે ન રહે, સર્વ સમાન છે માટે અવરોધ કરવો હિતાવહ નથી.

છેવટે નંદિવર્ધને મૌન છોડ્યું, "વર્ધમાન ! ભલે તમે સંસારનો ત્યાગ કરો, પણ મને સાંત્વન મળે તે માટે બે વર્ષ રોકાઈ જાવ."

"ભલે."

પ્રભુએ હવે સંસારત્યાગનો નિર્ધાર કરી લીધો હતો. ત્યાં વળી દેવોના આચાર મુજબ એક વરસ બાકી રહ્યું ત્યારે લોકાંતિક દેવોએ ભગવાનને પ્રાર્થના કરી કે, હે પ્રભુ ! આપ જય પામો, કલ્યાણવંત આપનું કલ્યાણ થાઓ, આપ બોધ પામો, અને જગતનો ઉદ્ધાર કરો. આમ કહીને પ્રભુના જન્મસમયની જેમ વળી દેવોએ ચારે બાજુથી દાટેલા મહાનિધિ વડે ખજાનો ભરી દીધો. એ સર્વ પદાર્થો અનિત્ય છે તે પ્રભુ તો જાણતા હતા, તેથી નગરમાં ઉદ્દ્‌ઘોષણા કરાવી કે જેને જે વાંછિત હોય તે લઈ જાય. અને પ્રભુ રોજે અસંખ્ય સોનૈયા અને વસ્તુનું દાન કરતા. એક વર્ષ સુધી આ પ્રમાણે દાન કરીને પ્રભુએ નંદિવર્ધન પાસે દીક્ષા અંગીકારની અનુજ્ઞા માગી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સર્વસંગપરિત્યાગ

નંદિવર્ધન રાજા પણ સમજી ગયા હતા કે હવે ભાઈને રોકી શકાય તેમ નથી. તેથી અપૂર્વ દીક્ષા-મહોત્સવની તૈયારી કરવાનો આદેશ આપ્યો. નિયમથી તીર્થંકરના જન્મ, દીક્ષા, આદિ કલ્યાણકો - પ્રસંગોએ દેવો જ ઉત્સવ-રચના કરે છે. શક્રેન્દ્રની આજ્ઞાથી સર્વ દેવોએ પણ યોગ્ય તૈયારી કરી. સંપૂર્ણ નગરને શણગારવામાં આવ્યું અને દેવપુરી જેવું બનાવી દીધું.

ત્યાર પછી દેવોએ લાવેલા ક્ષીરસમુદ્રના જળથી ભરેલા કળશો વડે ભગવાનને અભિષેક કરવામાં આવ્યો, અને ભગવાનને દેવરચિત પાલખીમાં બેસાડવામાં આવ્યા. અદ્ભુત વસ્ત્રાલંકારોથી શોભતા પ્રભુ ઇંદ્રથી પણ સૌંદર્યવાન જણાતા હતા. તે સમયે ભગવાનને છઠ્ઠનો તપ હતો. કારતક માસના કૃષ્ણ પખવાડિયાની દશમે રાજાના અનુચરોએ ઊંચકેલી પાલખીમાં બેસી અનેક દેવો અને નગરજનોથી વીંટળાયેલા પ્રભુ દીક્ષા અંગીકાર માટે નગરમાંથી નીકળ્યા, ત્યારે યથાપદવી માનવો અને દેવો તે પાલખી ઉપાડવા લાગ્યા. બીજા દેવો પ્રભુને ચામરછત્ર ધરી રહ્યા. આમ નગર, પૃથ્વી અને આકાશ સર્વત્ર શોભા જ પ્રવર્તતી હતી. આથી નગરના સૌ આબાલવૃદ્ધ પણ આશ્ચર્યચકિત થઈ, આ સર્વ વસ્તુને નિહાળવા ઉત્સુક હતા. તેમાંય જ્યારે પ્રભુ પાલખીમાં નીકળ્યા ત્યારે તેમના દર્શનમાત્રથી સૌ એવા મુગ્ધ થઈ ગયા કે કાર્ય છોડીને દોડી દોડીને પ્રભુને નિહાળવા માટે પડાપડી કરવા લાગ્યા.

શાસ્ત્રકારો લખે છે કે ઉમંગની શી વાત લખવી ? સ્ત્રીઓએ કાજળ આંખને બદલે ગાલે લગાવ્યું. પગનાં ઝાંઝર કંઠે લગાવ્યાં અને કંઠનો મનોહર હાર પગે લગાવી લીધો. કોઈક સ્ત્રીઓ તો વિલેપન સહિત કપડાં પહેરીને બહાર નીકળી ગઈ. એવું જોઈને વળી અંદર અંદર હસવા લાગી. વળી કોઈએ રડતું બાળક લેવાનું મૂકીને બિલાડીનું બચ્ચુ તેડી લીધું. આમ સર્વત્ર આનંદનું અને ઉત્સાહનું એક મોજું એવું ઊછળ્યું કે સૌ પોતાની સૂધબૂધ છોડીને પ્રભુમય બની ગયાં.

તે કાળે, એ સમયે પ્રભુના ઐશ્વર્ય વિષે તો શું વર્ણન કરવું ? સુવર્ણમય રત્નજડિત સિંહાસનવાળી પાલખી, આગળપાછળ સુસજ્જિત વિવિધ પ્રકારનાં સૈન્ય, હાથીઘોડાનો તો પાર નહિ. વળી નૃત્ય-નાટક-મંડળીઓ પણ તેમાં જોડાઈ. મનુષ્યકૃત ઉત્સવની

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેદની ચારે બાજુ ઊમટી હતી તો બીજી બાજુ દેવકૃત અનેક પ્રકારની આશ્ચર્યજનક રચનાઓ થઈ હતી. દેવો સ્તુતિ કરતાં બોલતા હતા : "હે પ્રભુ ! તમે જય પામો, જય પામો ! તમે જિતેન્દ્રિય છો. શ્રમણધર્મના પાલનકર્તા છો. રત્નત્રયયુક્ત છો. અંતરાયરહિત છો. બાહ્ય-અભ્યંતર તપ વડે રાગદ્વેષને જીતેલા છો. આપ શુક્લ-ધ્યાન વડે આઠે કર્મોના મળનો નાશ કરવાના છો. હે પ્રભુ ! કેવળજ્ઞાનને પ્રાપ્ત કરો ! હે પ્રભુ ! તમે જય પામો, જય પામો, આનંદ પામો."

આમ, માનવ અને દેવોની સ્તુતિઓ અને મંગળભાવનાઓ વડે અલંકૃત પ્રભુની પાલખી અત્યંત મંદ ગતિએ ચાલતી હતી, કારણ કે ચારે બાજુ માનવો અને દેવોની ભીડ જ એવી જામી હતી. ત્યાર પછી જ્ઞાતખંડવન નામના ઉદ્યાનમાં પહોંચી, અશોક વૃક્ષની નીચે પાલખીને મૂકવામાં આવી. ત્યારે ભગવાને તેમાંથી નીચે ઊતરી સર્વ આભૂષણો અને વસ્ત્રો ઉતારી નાખ્યાં. તે સર્વ કુળની વડીલ સ્ત્રીઓએ પોતાની સાડીમાં ગ્રહણ કરી લીધાં અને આશીર્વચન ઉચ્ચાર્યાં કે, હે ઉત્તમ કુળના પુત્ર ! તમે ક્ષત્રિયાણી ત્રિશલાના પુત્ર છો. દેવેન્દ્ર અને નરેન્દ્રો વડે પૂજિત છો. છતાં સંયમમાર્ગમાં સાવધાન થઈને ચાલજો. મહાપુરુષોના માર્ગે આચરણ કરજો. હે કલ્યાણસ્વામી ! તમે જિતેન્દ્રિય થાઓ. આપના બાહુબળથી આઠ કર્મરૂપી મહાશત્રુઓને જીતનારા થાઓ. હે સ્વામી ! કેવળજ્ઞાન પામી જગતનાં દુ:ખો દૂર કરનારા થાઓ.

ત્યાર પછી ભગવાન મહાવીર જે છઠ્ઠ તપ વડે યુક્ત હતા તેમણે સ્વયં દાઢી, મૂછ અને કેશનો અનુક્રમે પંચમુષ્ટિ લોચ કર્યો. તે સમયે ઇંદ્રે ભગવાનને શરીરે દેવદૂષ્ય સ્થાપન કર્યું. આમ, રાગદ્વેષરહિત પ્રભુએ દીક્ષા ગ્રહણ કરી એકાકીપણે અનગારપણાને પ્રાપ્ત કર્યું અને મહાત્માના નિયમને અનુસરીને "નમો સિદ્ધાણં" ઉચ્ચરી સંસારત્યાગનો નિયમ સ્વીકાર્યો તે જ સમયે તેમને મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

## એકાકી વિચરતા પ્રભુ

ભગવાને સંસારત્યાગ રૂપ દીક્ષા ગ્રહણ કરી, સર્વ મેદનીથી દૂર થઈ બંધુવર્ગની વિદાય લીધી ત્યારે સારીયે માનવમેદનીમાં એક સન્નાટો છવાઈ ગયો. રાજકુમારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેશમાં પાલખીમાં નીકળેલા પ્રભુને જોવાનો આનંદ જાણે ક્યાંય ઓસરી ગયો અને સૌ પ્રભુવિરહની સાચી પરિસ્થિતિને પામી ગયા અને વિષાદમય થઈ ગયા. સંસાર જાણે તેમને સૂનો લાગવા માંડ્યો.

પ્રેમવશ નંદિવર્ધન-આદિ બંધુવર્ગ તો ગદ્ગદ થઈ ગયો અને સૌ બોલવા લાગ્યા કે હે વીર ! તમારા વિના શૂન્ય જંગલ જેવા મહેલમાં હવે કેમ જઈને રહીશું ? હે બંધુ ! તમારા વિના મીઠી ગોષ્ઠિ કોની સાથે કરીશું ? સમયે સમયે 'વીર વીર' કહીને કોને બોલાવશું ? તમારા દર્શનથી અમે હર્ષ પામતા હતા. હવે શું કરશું ? કોનો આશ્રય કરશું ? હે બાંધવ ! આંખોને અમૃત જેવું તમારું મુખદર્શન હવે અમે ક્યાં જઈને કરશું ? તમે તો રાગરહિત છતાં કરુણાવંત છો. કોઈ દિવસ અમને સંભારજો. આમ સૌ વિલાપ કરીને નિસ્તેજ મુખવાળા થઈ ગયા અને નિરાશ વદને પોતપોતાને સ્થાને ગયા.

### વનમાં શું બન્યું

ઇંદ્રાદિ દેવો પણ જ્યાં સુધી પ્રભુ દેખાયા ત્યાં સુધી જોઈ રહ્યા. પછી સ્વસ્થાને ગયા. તેઓએ પ્રભુને ઉત્સાહ સહિત ચંદનાદિ વડે પૂજ્યા હતા તે સુગંધી પદાર્થોની ચાર માસ સુધી અસર રહી. ત્યાં સુધી તે અલૌકિક સુગંધીથી આકર્ષાઈને ભમરાઓએ ઠીક ઠીક ઉપદ્રવ કર્યો. કેટલાક યુવાનો તે સુગંધિત પદાર્થો માગવા લાગ્યા. તે ન મળતાં પ્રભુને હેરાન કરવા લાગ્યા. સ્ત્રીઓ પ્રભુનું અદ્ભુત સ્વરૂપ જોઈને સુખભોગની કામનાને ઇચ્છવા લાગી. આ સર્વ ઉપસર્ગમાં પ્રભુ મૌન અને અચળ રહ્યા. અહો ! પ્રભુ તો એકાકી ભવાટવીનો ત્યાગ કરવા જંગલની ભયંકર કેડીએ વીર, મહાવીરપણે પ્રગટ થવા ચાલી નીકળ્યા. પ્રભુના અંતરંગના મુક્તપણાનો જગતના જીવોને સહજપણે બોધ પ્રાપ્ત થાય તેવો કુદરતે કરાર કર્યો હતો તેમ એક એકથી ચઢે તેવા ઉપસર્ગો થયા. પ્રભુની અવિચલિત મનોદશા દ્વારા તેમનું સામર્થ્ય પ્રગટતું રહ્યું. આશ્ચર્ય ! આશ્ચર્ય !

## ઉપસર્ગોનો પ્રારંભ

સર્વસંગપરિત્યાગીને પ્રભુએ જંગલની વાટ પકડી અને કુમારગામે પહોંચ્યા. ત્યાં રાત્રિએ પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તે દરમ્યાન એવું બન્યું કે એક ગોવાળિયો પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બળદોને ભેગા કરી પ્રભુ પાસે મૂકી, (કેમ જાણે તેને વગર વેતને ચોકીદાર મળ્યો હોય !) ગાયો દોહવા ઘેર ગયો. બળદોને આવો નિર્દોષ ચોકીદાર ક્યાં મળે ? આથી બળદો તો મનમોજથી ચરતા ચરતા જંગલમાં દૂર દૂર નીકળી ગયા.

ગોવાળિયો પાછો આવ્યો. તેણે બળદ જોયા નહિ તેથી તેણે પ્રભુને પૂછ્યું : "મારા બળદો ક્યાં છે ?" પ્રભુ તો મૌન હતા. તેથી ગોવાળિયો બળદોને જંગલમાં શોધવા ચાલ્યો.

હવે બળદો તો બીજી દિશામાં ગયેલા તે વળી ચરતા ચરતા પાછા આવી પ્રભુની આજુબાજુ બેસી ગયા. ગોવાળિયો રાત્રે જંગલમાં ભટકીને પાછો આવ્યો. બળદો ત્યાં બેઠેલા જોઈને તેને ગુસ્સો આવ્યો. ભૂખ્યા, થાકેલા તેણે વિચાર્યું કે, આ માણસે ખબર હોવા છતાં મને આખી રાત હેરાન કર્યો. આથી બળદની રાશ - બાંધવાનું દોરડું - હાથમાં લઈ પ્રભુને મારવા એવું ગોળ ભમાવ્યું કે, હમણાં પ્રભુના વાંસમાં પડ્યું સમજો, ત્યાં વળી પ્રભુભક્ત શક્રેન્દ્ર દીક્ષાઉત્સવમાંથી રાજસભામાં માંડ પહોંચ્યા હતા, પણ ચિત્ત તો પ્રભુમાં લાગેલું હતું. તેમને થયું કે, પ્રભુ આજે પ્રથમ રાત્રિએ ક્યાં હશે ? તેમણે તરત જ અવધિજ્ઞાનમાં જોયું. અરે ! આ શું ? પ્રભુ પર તો દોરડું વીંઝાયું હતું ! અને પોતાની લબ્ધિ વડે તેમણે પ્રથમ ગોવાળિયાના હાથ થંભાવી દીધા અને શીઘ્રપણે ધરતી પર આવી ગોવાળિયાને શિક્ષા કરી, પોતે પ્રભુને પ્રણમી રહ્યા.

## ઇંદ્રની વિનંતી

આ દૃશ્ય જોઈને ઇંદ્ર ખૂબ દ્રવિત થઈ ગયા અને વિચાર્યું કે પ્રભુને અતિશય કઠણ ઉપસર્ગો થવાના છે. તેથી તેમણે પ્રભુને વિનંતી કરી કે, મને તમારી સેવામાં રહેવા દો. આવા તો ઘણા ઉપસર્ગ થશે અને આપ તો દેહ પ્રત્યે જોતા નથી. પ્રભુએ જવાબ આપ્યો કે, "હે ઈંદ્ર ! કોઈ તીર્થંકર કોઈ દેવેન્દ્રની મદદથી કર્મોનો નાશ કરે અને કેવળજ્ઞાન પ્રગટ થાય, એવું કદાપિ થયું નથી કે થશે નહિ. વળી તીર્થંકર સ્વાધીન હોય છે. પરદ્રવ્યોની સહાયથી રહિત હોય છે. તેઓ પોતાના જ પુરુષાર્થથી, પરાક્રમથી કેવળજ્ઞાન પ્રગટ કરે છે કે મોક્ષને વરે છે." છતાં પણ ઇંદ્રથી રહેવાયું નહિ. તેઓ સિદ્ધાર્થ નામના એક વ્યંતર દેવને પ્રભુની સંભાળ રાખવા આજ્ઞા આપી સ્વસ્થાને ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રભુનો વિહાર

ત્યાર પછી પ્રભુ વિહાર કરી કોલ્લાક સન્નિવેશ ગામે ગયા. ત્યાં બહુલ નામના બ્રાહ્મણને ઘેર તેના પાત્રમાં પરમાન્નથી પ્રથમ સહજ પારણું કર્યું. સર્વસંગત્યાગ પછીના પ્રભુના પ્રથમ પારણા નિમિત્તે આકાશમાં વસ્ત્ર, સુગંધી પુષ્પ, દુંદુભિનાદ, સોનૈયા અને અહો દાનમ્ અહો દાનમ્ એવાં પાંચ દિવ્યો પ્રગટ થયાં. જોકે પ્રભુને તેનું કાંઈ પ્રયોજન ન હતું.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ મોરાક સન્નિવેશ ગામમાં તાપસોના આશ્રમમાં ગયા. તે તાપસોનો કુલપતિ સિદ્ધાર્થ રાજાનો મિત્ર હતો. મિત્રપુત્રના સદ્‌ભાવથી તે પ્રભુને સામે મળવા ગયો અને તેણે પ્રભુને આલિંગન આપ્યું. પ્રભુએ પણ સહજ હાથ પસારીને તેના સદ્‌ભાવને ગ્રહણ કર્યો. તેની પ્રાર્થનાથી પ્રભુ ત્યાં રહ્યા. સવારે પ્રભુને વિહાર માટે જતા જોઈ તેણે પુનઃ વિનંતી કરી કે, આ વર્ષાકાળ આવે ત્યારે આપ અહીં જ પુનઃ સ્થિરતા કરજો. પ્રભુએ સહજ ભાવે તેનો સ્વીકાર કરી વિહાર કર્યો. જ્યારે ચાતુર્માસનો પ્રારંભ થવાનો હતો ત્યારે પેલા કુલપતિની વિનંતી મુજબ પ્રભુ પાછા પધાર્યા અને તેણે બનાવેલી એક ઘાસની ઝૂંપડીમાં નિવાસ કર્યો.

હવે બન્યું એવું કે, ત્યાં આજુબાજુ ગાયો પણ હતી. તે જંગલમાં આજુબાજુ ઘાસ ન હોવાથી તાપસોની ઝૂંપડીનું જ ઘાસ ખાવા દોડી આવતી, ત્યારે તાપસો તેમને કાઢી મૂકતા. તે ગાયો પ્રભુ હતા તે ઝૂંપડી આગળ આવી ઘાસ ખાવા લાગી. ધ્યાનસ્થ પ્રભુનું તેના તરફ લક્ષ જ ન હતું, અને જાય તોપણ કોની ઝૂંપડી, કોનું ઘાસ ને કોની ગાય ! પ્રભુએ ગાયોને દૂર કરવા પ્રયત્ન ન કર્યો, ત્યારે અન્ય તાપસોએ કુલપતિ પાસે ફરિયાદ કરી. કુલપતિને પણ વાત ઠીક લાગી. પોતે મિત્રના પુત્રના વડીલ પણ હતા ને ? તેણે પ્રભુ પાસે આવીને કહ્યું કે, "હે વર્ધમાન ! પંખીઓ પણ પોતાના માળાનું રક્ષણ કરે છે. તમે તો રાજપુત્ર છો, ભલે આશ્રમનું રક્ષણ ન કરો પણ તમારી ઝૂંપડીનું રક્ષણ કરવાને શું અસમર્થ છો ?" પ્રભુએ સમભાવથી કુલપતિને સાંભળી લીધા. પછી વિચાર કર્યો કે, અહીં રહેવાથી કોઈને પણ અપ્રીતિ થવાનું કારણ થશે, એમ ચિંતવી પ્રભુએ પાંચ પ્રકારોનો જનહિત માટે નિર્ણય કર્યો. જગતમાં જ્ઞાનીને કોઈ ઓળખે નહિ ત્યારે તેમના દ્વારા થતી આશાતના ટાળવા જ્ઞાનીનો આવો સહજ આચાર હોય છે. જૈનદર્શનનું એમાં માહાત્મ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

o હંમેશાં પ્રતિમા ધરીને રહેવું.

o ગૃહસ્થનો વિનય-ઉપચાર ન કરવો.

o છદ્મસ્થ અવસ્થામાં પ્રાયે મૌન રહેવું.

o હાથમાં આહાર કરવો (કરપાત્રી)

o અપ્રીતિ થાય તેવા ઘરે રહેવું નહિ.

વર્ષાકાળ પૂરો થતાં પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

## પ્રભુનું અચેલકપણું

(દિગંબરત્વ)

પ્રભુ દીક્ષિત થઈને વિચરતા હતા ત્યારે એક વરસ ને એક માસ પછી દક્ષિણ વાચાલની નજીકમાં સુવર્ણવાલુકા નામની નદીને કાંઠે ચાલતાં દેવદૂષ્યનો અર્ધો ભાગ કાંટામાં ભરાઈ જવાથી રહી ગયો. કેમ જાણે આગામી કાળમાં ધર્મશાસન કાંટાવાળું થવાનું હોય ! પ્રભુ તો સહજપણે આગળ વધ્યા. ત્યાં એમ બન્યું કે પ્રભુએ જ્યારે વરસીદાન આપ્યું હતું ત્યારે સોમ નામનો દરિદ્ર બ્રાહ્મણ અન્યત્ર હોવાથી કંઈ લાભ પામી શક્યો ન હતો. તે પરદેશથી પણ ધનપ્રાપ્તિ વગર નિરાશ થઈને પાછો આવ્યો. ત્યારે પત્નીએ ધમકાવ્યો કે,

"તમારું ભાગ્ય જ ફૂટેલું છે. જ્યારે અહીં ધનવર્ષા થઈ ત્યારે પરદેશ રહ્યા, અને નિર્ધનતા સાથે પાછા ફર્યા. છતાં હજી ભગવાન બહુ દૂર નહિ ગયા હોય. તેમની પાછળ જાઓ અને મને મોં બતાવવા જેવું કંઈ કરીને આવો."

બિચારો બ્રાહ્મણ આવ્યો હતો તેવો પાછો ઘરેથી જંગલ તરફ નીકળ્યો. તેણે જંગલમાં કાંટામાં ભરાયેલું દેવદૂષ્ય જોયું. તે લઈને હર્ષભેર નગરમાં ગયો. એ વસ્ત્ર વેચવા તે સોની પાસે ગયો. તે સોનીએ તેને કહ્યું કે જો તું બાકીનું અર્ધું વસ્ત્ર લાવે અને તે બંનેને જોડી દઉં તો પૂરા એક લાખ સોનૈયા મળે.

ધનની લાલચે બ્રાહ્મણ તો નીકળ્યો. શોધતો પ્રભુ પાસે આવ્યો. પણ પ્રભુ તો સદા ધ્યાનમગ્ન રહેતા હોવાથી તે વસ્ત્ર માગી શક્યો નહિ. તેથી તેમની પાછળ પાછળ ફરવા લાગ્યો. એક વાર તે વસ્ત્ર (તેના ભાગ્યથી) સ્વયં સરી પડ્યું. ત્યારે તેણે તે વસ્ત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાડી લીધું અને ચાલતો થયો. ત્યાર પછી પ્રભુ અચેલક (દિગંબર) અને કરપાત્રી જ રહ્યા, જોકે પ્રભુ તો સંસારનો ત્યાગ કર્યો ત્યારે અચેલક જ હતા અને તેમણે પોતાની પાસે પાત્ર પણ રાખ્યું ન હતું. દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રથમ પારણું પ્રભુએ શ્રાવકના પાત્રમાં કર્યું હતું.

## જ્યોતિષીનું આશ્ચર્ય

એક વાર ભગવાન ગંગા નદીને કિનારેથી ચાલ્યા જતા હતા. તેની પાછળ એક જ્યોતિષી નીકળ્યો. તેણે નદીની રેતીમાં જે પગલાં જોયાં તેમાં ચક્ર, ધ્વજ વગેરે ચિહ્નો હતાં. તે જોઈને વિચારવા લાગ્યો કે આ માર્ગે કોઈ ચક્રવર્તી ગયા છે. માટે તેમની સેવા કરું, જેથી મને મહાન લાભ થાય. એમ ચિંતવી તે પ્રભુના પગલે પગલે ચાલીને પ્રભુની પાસે આવ્યો. પરંતુ પ્રભુને તો તેણે નિર્ગ્રંથ - નિર્વસ્ત્ર જોયા. તેથી હતાશ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે, હું કેટલું કષ્ટ વેઠીને આ જ્યોતિષના શાસ્ત્રને ભણ્યો, અને મારું ધારેલું જ્યોતિષ તો ખોટું ઠર્યું. ચક્રવર્તીને બદલે હું તો આ કોઈ નિર્ગ્રંથને જોઉં છું. રાજસુખને બદલે આ તો કષ્ટ વેઠે છે. માટે મારે આ બધા ગ્રંથો વ્યર્થ છે તે પાણીમાં બોળવા જોઈએ, તેથી તે નાખી દેવા પ્રેરાયો.

તે સમયે અવધિજ્ઞાન વડે ઇંદ્ર પ્રભુને જોતા હતા. ત્યાં તેમણે આ જ્યોતિષીને ખેદ કરતો જોયો અને ઇન્દ્ર તરત તે સ્થાને આવ્યા. પ્રભુને પ્રણમીને તેમણે આ જ્યોતિષીને કહ્યું કે, તું ખેદ ન કર, તારું શાસ્ત્રજ્ઞાન સાચું છે. પણ તું તેના પૂરા અર્થને સમજ્યો નથી. તેં જે ચક્રવર્તીનાં લક્ષણો જોયાં તે સાચાં છે. આ પુરુષ ચક્રવર્તીથી વિશેષ છે. ત્રણે લોકને પૂજનીય છે. તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ધર્મચક્રનું પ્રવર્તન કરશે. તું જ જોને તેમની કાયા પ્રસ્વેદરહિત છે, શ્વાસોચ્છ્વાસ સુગંધી છે અને તેમનાં લોહીમાંસ ગાયના દૂધ જેવાં પવિત્ર અને સફેદ છે. આવાં તેમનાં બાહ્ય-અભ્યંતર અનેક લક્ષણો છે. જ્યોતિષીને તે વાતથી સંતોષ થયો. તેણે પ્રભુને વંદન કર્યું. ઇંદ્રે તેને રત્નો અને સુવર્ણ આપી તેના મનોરથો અને ધારણા પૂરી કરી, બંને પ્રસન્ન ચિત્તે સ્વસ્થાને ગયા અને પ્રભુ પણ ત્યાંથી આગળ વિહાર કરી ગયા.

શ્રમણ ભગવાન મહાવીરે વસ્ત્ર-પાત્રનો કે રાજપાટનો ત્યાગ કર્યો તે તો એક બાહ્ય પ્રકાર હતો, પણ દેહ હોવા છતાં દેહભાવનો ત્યાગ કર્યો હતો, અર્થાત્ તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેહની સેવાસુશ્રૂષા કરતા નહિ કે કરાવતા નહિ. ઉપરથી જે ઉપસર્ગો ઉત્પન્ન થયા તે મૌનપણે સહી લીધા. આ ઉપસર્ગો દેવોએ કર્યા, મનુષ્યોએ કર્યા, તિર્યંચોએ કર્યા. દેવદેવીઓએ આકર્ષિત કરે તેવાં નાટકચેટક કર્યાં. સ્ત્રીઓએ આલિંગન કર્યાં, કામભોગની પ્રાર્થના કરી, એવા પ્રતિકૂળ અને અનુકૂળ અનેક ઉપસર્ગો થયા છતાં પ્રભુએ તે સૌમાં સમતા અને દૃઢતા રાખી સહી લીધા.

## શૂલપાણિનો કોપ શમ્યો, તે મૈત્રીભાવ પામ્યો

એક વાર ધનદેવ નામનો કોઈ વ્યાપારી પાંચસો ગાડાં લઈને નદીમાં ઊતરતો હતો. તે નદીમાં ઘણો કાદવ હોવાથી તેનાં પાંચસો ગાડાં ખૂંચી ગયાં. બળદો ઘણું જોર કરવા લાગ્યા પણ ગાડાં નીકળી શક્યાં નહિ, તેમાં એક બળદ ઘણો જોરાવર અને ઉત્સાહી હતો. મૂક પ્રાણી પણ માલિક પ્રત્યેની વફાદારીને સ્વીકારીને, તે બધાં ગાડાંની બીજી ધોંસરીમાં જોડાઈ જતો અને વારાફરતી બધાં જ ગાડાં તેણે બહાર ખેંચી કાઢ્યાં. પરંતુ અતિશય શ્રમને કારણે તે બળદના સાંધા તૂટી ગયા. હવે તે ચાલવાને અશક્ત થઈ ગયો. ધનદેવને તેના પ્રત્યે ઘણો સદ્ભાવ હતો, પણ તે રોકાઈ શકે તેમ ન હતો અને બળદ ચાલી શકે તેમ ન હતો, તેથી તેણે લાચાર થઈને તેને છોડી દેવાનો વિચાર કરવો પડ્યો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ધનદેવ નજીકના ગામમાં ગયો. ત્યાં જઈ એક વર્ધમાન નામના અગ્રેસરને ઘાસચારાની પૂરતી સગવડ આપી બળદ સોંપ્યો. પણ પાછળથી તે અગ્રેસરે બળદની સંભાળ ન લીધી. ઘાસચારો પૂરતો આપ્યો નહિ. આથી તે બળદ ભૂખતરસથી પીડાઈને દુઃખ સહીને મૃત્યુ પામીને શૂલપાણિ નામે યક્ષ થયો. તેણે અવધિજ્ઞાન વડે પૂર્વભવને જાણીને તે ગામ પર વેર વાળવા મરકી જેવો ઉપદ્રવ કરવા માંડ્યો. તેમાં ઘણા માણસો મૃત્યુ પામ્યા. અગ્નિસંસ્કાર કરનારા પણ મળતા નહિ. આમ મડદાનાં હાડકાંનો એટલો ઢગલો થઈ ગયો કે તે ગામનું નામ પણ અસ્થિગ્રામ જાહેર થઈ ગયું.

જે થોડા માણસો જીવતા રહ્યા તેમણે કોઈ વડીલની સલાહ મુજબ યક્ષને પ્રસન્ન કર્યો અને તેની મૂર્તિ સ્થાપી એક મંદિર બંધાવ્યું. લોકો તેની પૂજા કરવા લાગ્યા. યક્ષ શાંત થયો પણ જો કોઈ અજાણ્યો માનવ તે મંદિરમાં રાત રહેતો તો તેને તે શૂલપાણિ મારી નાખતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન વિહાર કરતા અસ્થિગ્રામ પધાર્યા અને શૂલપાણિ યક્ષના મંદિરમાં ચોમાસું રહેવા વિચાર્યું. ગામજનોએ કહ્યું, હે ભગવાન ! શૂલપાણિ યક્ષ રાત્રિએ કોઈને જીવતા મૂકતો નથી. આપને અમે અન્યત્ર વ્યવવસ્થા કરી આપીએ. નિર્ભય છતાં કરુણાળુ પરમાત્માએ શૂલપાણિના કલ્યાણ માટે તે મંદિરમાં રહેવાની લોકો પાસે અનુમતિ માગી. રાત્રિ થતાં ગામજનો વિદાય થયા, અને પ્રભુ તો ધ્યાનમાં રહ્યા. ત્યાં તો રાત્રે તે યક્ષે માનવને જોયો અને અતિ ક્રોધાવેશમાં ચિત્કાર કરવા લાગ્યો. તેના અવાજથી જાણે આકાશ ભેદાયું ન હોય ! પણ પ્રભુ ધ્યાનમાં મગ્ન હતા.

આવી ધીરતા જોઈને યક્ષ વધુ ઉશ્કેરાયો. તેથી તેણે સર્પ વિકૂર્વી પ્રભુના દેહ પર વીંટાળી દીધા. છતાં પણ પ્રભુ તો વૃક્ષની જેમ નિશ્ચળ રહ્યા. ત્યાર પછી તેણે હાથીઓ વિકૂર્વી પ્રભુને ધક્કે ચઢાવ્યા પણ પ્રભુ કંઈ ક્ષોભ ન પામ્યા. આથી યક્ષ વધુ આવેશમાં આવ્યો અને તેણે પ્રભુના શરીરમાં અતિશય વેદના થાય તેવા પ્રકારો અજમાવ્યા, છતાં પ્રભુ જરાય કંપિત ન થયા. ત્યાં તો સિદ્ધાર્થ નામનો યક્ષ અચાનક ત્યાં આવી ચઢ્યો. તેને આમ તો ઇંદ્રે પ્રભુની સેવામાં મૂક્યો હતો. તેણે શૂલપાણિને કહ્યું કે, અરે અભાગિયા ! તું શું કરે છે ? ઇંદ્રોને પણ પૂજનીય એવા પ્રભુને તેં આવો ત્રાસ આપ્યા ? જો ઇંદ્ર જાણશે તો તને ભારે શિક્ષા કરશે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સિદ્ધાર્થ યક્ષનાં આવાં વચન સાંભળી તે ઘણો ભયભીત થઈ ગયો. તેણે તરત જ પ્રભુના ચરણમાં નમીને માફી માગી અને પ્રભુને જાણે રીઝવવા નાચગાન કરવા લાગ્યો. વહેલી સવારે મંદિરમાં નાચગાનના અવાજો સાંભળીને લોકો સમજ્યા, કે ભગવાનને મારીને યક્ષ ખુશી મનાવવા નાચગાન કરતો લાગે છે. આમ વિચારી ગ્રામજનો યક્ષના મંદિરમાં આવ્યા, ત્યારે પ્રભુને દિવ્ય પુષ્પો આદિથી પૂજાયેલા જોઈને આશ્ચર્યસહ હર્ષ પામ્યા અને ભક્તિપૂર્વક વંદન કરવા લાગ્યા. લગભગ ચાર પ્રહર જેવો સમય ઉપસર્ગ સહન કર્યા પછી પ્રભુએ જ્યારે અલ્પ નિદ્રા લીધી ત્યારે તેમણે દસ સ્વપ્ન જોયાં હતાં. ગ્રામજનો સાથે ઉત્પલ નામનો નિમિત્તશાસ્ત્રી પણ હતો. તેણે કહ્યું કે, પ્રભુએ જે સ્વપ્ન જોયાં છે તેનું ફળ આ પ્રમાણે છે. પ્રભુ ! આપ તો મહાજ્ઞાની છો છતાં હું ભક્તિવશ તે જણાવું છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાનનાં દસ સ્વપ્નનું ફળ

૧. તાડ જેવા ઊંચા પિશાચને હણ્યો, તેથી થોડા સમયમાં મોહનીય કર્મરૂપી પિશાચને હણશો.

૨. આપની સેવામાં શ્વેત પક્ષી જોયું તેનું ફળ આપ શુકલધ્યાનને ધારણ કરશો.

૩. વળી આપની સેવામાં કોયલ જેવું વિચિત્ર સ્વપ્ન જોયું તેથી આપ દ્વાદશાંગની પ્રરૂપણા કરશો.

૪. વળી આપે સેવામાં ગાયોનો સમૂહ જોયો તેથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરશો.

૫. આપ સમુદ્ર તર્યા તે જોયુ તેથી સંસારસમુદ્રને તરી જશો.

૬. આપે ઊગતો સૂર્ય જોયો તેથી આપ કેવળજ્ઞાન પામશો.

૭. આપે જોયું કે આંતરડાં વડે માનુષોત્તર પર્વતને વીંટી લીધો. તેથી આપની યશકીર્તિ ત્રણ લોકમાં વ્યાપી જશે.

૮. આપ સ્વપ્નમાં મેરુ પર્વતના શિખર પર ચઢ્યા તેથી આપ સમવસરણમાં સિંહાસન પર ચઢી દેવો અને મનુષ્યોની સભામાં ધર્મની સ્થાપના કરશો.

૯. આપે દેવોથી શોભિત પદ્મસરોવર જોયું તેથી ચારે નિકાયના લોકો આપની સેવા કરશે.

૧૦. આપે સ્વપ્નમાં બે પુષ્પમાળાઓ જોઈ તેનો અર્થ મારી સમજમાં આવ્યો નથી.

ભગવાને કહ્યું કે, ઉત્પલ ! સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારના ધર્મોનો ઉપદેશ કરીશ. આ પ્રમાણે સ્વપ્નદર્શન-ફળને જણાવી ઉત્પલ તથા સૌ સ્વસ્થાને ગયા. પ્રભુએ પૂરું ચોમાસું ત્યાં રહી ઉગ્ર તપશ્ચર્યા કરી.

ત્યાર પછી અસ્થિગ્રામથી વિહાર કરી પ્રભુ મોરાક સન્નિવેશના બહારના ઉદ્યાનમાં પ્રતિમા ધારણ કરીને રહ્યા. ત્યાંથી વિહાર કરીને પ્રભુ શ્વેતાંબીનગરી તરફ ચાલ્યા. ત્યાં માર્ગમાં તેમને ગોવાળિયા મળ્યા. તેમણે કહ્યું, “ભગવાન ! એ માર્ગે આપ જશો નહિ. ત્યાં રસ્તામાં ચંડકૌશિક નામે એક દૃષ્ટિવિષ સર્પ રહે છે. તેનું વિષ કાતિલ છે. ત્યાં જીવજંતુ પણ જીવતાં નથી અને તેણે ત્યાં જતા ઘણા માણસોના પ્રાણ હરી લીધા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ માર્ગ ટૂંકો અને સરળ છે પરંતુ ત્યાં આવું વિઘ્ન છે." છતાં પ્રભુ તો તે સર્પના કલ્યાણ માટે તે દિશામાં ગયા.

## ચંડકૌશિકની કથા, પ્રભુએ કરુણા વરસાવી.

ચંડકૌશિક પૂર્વભવમાં એક તપસ્વી હતો તે માસક્ષમણને પારણે એક વાર શિષ્ય સાથે ભિક્ષા લેવા ગયો. માર્ગમાં ચાલતાં એક દેડકી તેના પગ નીચે આવી જવાથી કચરાઈ ગઈ. તે વિરાધનાને કારણે હિતચિંતક એવા તેના વિચક્ષણ શિષ્યે તેને ગોચરી સમયે પ્રાયશ્ચિત માટે સ્મૃતિ આપી. તપસ્વીને થયું કે પ્રાયશ્ચિત્ત પછી કરી લઈશ. વળી સાંજ વેળાએ શિષ્યે યાદી આપી ત્યારે તપસ્વી ગુરુએ કહ્યું કે મને યાદ છે, છતાં પ્રમાદવશ પ્રાયશ્ચિત્ત વીસરાઈ ગયું. છેવટે જ્યારે રાત્રિનો સમય થયો ત્યારે પેલા શિષ્યે પુનઃ સ્મૃતિ આપી. ત્યારે તપસ્વી અતિશય ક્રોધે ભરાયા અને શિષ્યને મારવા દોડ્યા. એક તો અમાસની અંધારી રાત, કૃશકાય શિથિલ શરીર, વળી ક્રોધનો આવેશ. તપસ્વી લથડિયું ખાઈ ગયા. પુનઃ ઊભા થઈ દોડવા ગયા ત્યાં તો થાંભલા સાથે અથડાઈને પડી જવાથી મૃત્યુને શરણ થયા.

શુભ અનુષ્ઠાનના કોઈ સમયે શુભ આયુષ્યનો યોગ હોવાથી તે સાધુ જ્યોતિષ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં જંગલના એક આશ્રમમાં પાંચસો તાપસોનો સ્વામી ચંડકૌશિક નામે તાપસ થયો. તેને આશ્રમ પ્રત્યે એવો મોહ થઈ ગયો કે અહર્નિશ તેના જ વિચારોમાં રહેતો. જો કોઈ ફૂલફળ તોડે તો તે અતિ કોપાયમાન થતો.

એક વાર તે આશ્રમમાં રાજકુમારોને ફૂલ તોડતા જોઈ તે અતિ ક્રોધે ભરાયો અને ઘણી ત્વરાથી દોડતાં દોડતાં વચમાં કૂવો આવ્યો તેમાં પડી ગયો, પોતાના જ હથિયારથી ઘવાઈને તેના દુર્ધ્યાનમાં પ્રાણ છૂટી ગયા. ક્રૂર પરિણામોને કારણે તે આ જંગલના આશ્રમમાં મહા દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયો હતો. તેનું વિષ એવું કાતિલ હતું કે આશ્રમના સૌ તાપસો મૃત્યુના ભયે ત્યાંથી અન્યત્ર ચાલી ગયા હતા. આજુબાજુ જંતુ પણ જીવિત રહી શકતાં નહિ. એવા જંગલમાં પ્રભુએ નિર્ભયપણે પ્રવેશ કર્યો અને કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા. જંગલમાં ભમીને સર્પ પાછો આવ્યો. ત્યાં માનવને જોઈએ સર્પ પ્રથમ આશ્ચર્ય પામ્યો. પણ પછી તો ગુસ્સે થઈ તે પ્રભુ સામે દૃષ્ટિવિષની જ્વાળાઓ ફેંકવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રકારે ત્રણ વાર દષ્ટિજ્વાળા ફેંકવા છતાં તે જ્વાળાઓ તો જળધારા જેવી થઈ ગઈ, આથી પ્રભુને ન ઓળખતો એવો સર્પ વધુ આવેશમાં આવી ગયો. તેને તો એમ કે દષ્ટિજ્વાળાથી જ આ માનવ ભસ્મીભૂત થઈ જશે. તેને ક્યાં ખબર હતી કે તારી એ જ્વાળાઓને ભસ્મીભૂત કરવા સમર્થ એવો તારો ઉદ્ધાર કરનાર વિભુ તારા સદ્ભાગ્યે પધાર્યા છે.

છેવટે અત્યંત આવેશમાં આવીને તેણે સઘળી શક્તિ ભેગી કરી પ્રભુને ડંખ માર્યો અને ત્યાંથી ખસી ગયો કે રખેને આ માનવ ડંખના ઝેરથી પડી જાય ને તેની નીચે હું ચગદાઈ જાઉં ! પરંતુ આ શું ! પ્રભુને જ્યાં જ્યાં ડસ્યો ત્યાં તો દૂધની ધારા ફૂટી. આથી તે ખૂબ જ આશ્ચર્ય પામ્યો કે મારા એક ડંખથી ભલભલા બલિષ્ઠ પણ મૃત્યુને શરણ થયા છે અને આ તો એવો ને એવો સ્થિર રહે છે ! આ પ્રમાણે વિસ્મય પામેલો તે સર્પ ક્ષોભ પામી હારેલો-થાકેલો તે પ્રભુની સામે જોઈ રહ્યો. પ્રભુની શાંત મુદ્રા જોઈ તેનો ક્રોધ સ્વયં શાંત થયો. ત્યારે પ્રભુ બોલ્યા :

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

હે ચંડકૌશિક ! બુજ્ઝ, બુજ્ઝ, બુજ્ઝ. પ્રભુનાં અમૃતવચન સાંભળી તે કંઈક શોચ કરવા લાગ્યો, ત્યાં તો તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પોતે કરેલા પૂર્વ-અપરાધોને યાદ કરતો તે પશ્ચાત્તાપના નિર્મળ ઝરણામાં સ્નાન કરવા લાગ્યો. પ્રભુ પ્રત્યે અહોભાવ લાવી ત્રણ પ્રદક્ષિણા ફરી, પ્રભુના ચરણકમળમાં વંદીને, ગુંચળું વળી બેસી ગયો. મનમાં ચિંતવવા લાગ્યો : અહો પ્રભુ ! આપ તો કરુણાવંત છો. મને અધોગતિમાં જતો બચાવ્યો છે. પ્રભુની દિવ્યવાણીના ઉપદેશે તે બોધ પામ્યો હતો. આથી તે જ વખતે તેણે અનશન લીધું.

'મારી વિષયુક્ત દૃષ્ટિ કોઈના પર ન પડો' તેમ ચિંતવી તેણે પોતાનું મુખ રાફડામાં - બિલમાં નાખ્યું અને સ્થિર થઈ ગયો, અંતરમુખ થયો. પ્રભુને પાછા વળેલા ન જોઈને ગામજનો પણ ધીમે ધીમે આવવા લાગ્યા. સર્પને સ્થિર થયેલો જોઈને તેઓ તેની ઘી-દૂધથી પૂજા કરવા લાગ્યા. તે પદાર્થોની સુગંધથી કીડી આદિ જંતુઓ તેના શરીર પર ચઢવા લાગ્યાં, અને તીક્ષ્ણ ચટકા મારવા લાગ્યાં, પરંતુ પ્રતિબોધ પામેલો તે સર્પ સમતાને ધારણ કરી નિશ્ચલ રહ્યો. વેદના થવા છતાં તે તો પોતાના પાપને નિંદતો રહ્યો. અને વળી હાલવાથી તેના શરીર નીચે જંતુઓ મરી જશે, તેવી અનુકંપા રાખી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુભભાવમાં સ્થિર રહ્યો. જે કાર્ય તે તપસ્વી સાધુ છતાં કરી ન શક્યો તે કાર્ય તેણે પ્રભુની દૃષ્ટિરૂપી અમૃતવૃષ્ટિથી બોધ પામી સિદ્ધ કર્યું. આમ એક પખવાડિયું વીત્યા પછી તે આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં દેવ થયો. પ્રભુએ કરુણા વરસાવી.

## પુનઃ વિહાર

ચંડકૌશિક સર્પને ઉગારી પ્રભુ ત્યાંથી વિહાર કરી ઉત્તરાવાચાલ ગામમાં ગયા. ત્યાં અર્ધમાસક્ષમણનું પારણું નાગસેન શ્રાવકને ત્યાં ખીરની ભિક્ષાથી કર્યું.

ત્યાંથી વિહાર કરી પ્રભુ શ્વેતાંબીનગરમાં પધાર્યા. ત્યાં પ્રદેશી રાજાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ત્યાંથી આગળ આગળ વિહાર કરતાં પ્રભુ ગંગા નદીને કાંઠે આવ્યા. ત્યાં એક નાવિક સૌને ગંગા નદી ઉતારવા પોતાની નાવ ચલાવતો હતો. પ્રભુ તે નાવમાં ચઢ્યા. નાવ ચાલવા લાગી, બરાબર મધ્યમાં આવી ત્યારે એક બનાવ બન્યો. ભગવાન જ્યારે વાસુદેવ હતા ત્યારે તેમણે ઉપદ્રવકારી એક સિંહને ફાડી નાંખ્યો હતો. તે ઘણો કાળ ભવભ્રમણ કરી ભુવનપતિમાં નાગકુમાર દેવ થયો હતો. તેણે પૂર્વના વૈરભાવથી પ્રભુને નાવમાં બેઠેલા જોઈ બદલો લેવા નાવ ડુબાવવા દરિયામાં તોફાન મચાવ્યું. પરંતુ તેવામાં કંબલ અને શંબલ નામના બે દેવોના ધ્યાનમાં આ વાત આવતાં તેમણે તે વિઘ્નનું નિવારણ કર્યું.

## કંબલ અને શંબલ કોણ હતા ?

મથુરાનગરીમાં જિનદાસ શેઠ અને સાધુદાસી નામે તેમની પત્ની રહેતાં હતાં. તેઓ પરમશ્રાવક વ્રત પાળતાં હતાં. તેમણે બાર વ્રત ગ્રહણ કર્યા હતાં. તેમાં ઢોર રાખવાં નહિ એવું વ્રત લીધું હતું. તેમને ત્યાં એક ગોવાળણ રોજે દૂધ આપવા આવતી. એક વાર સાધુદાસીએ કંઈ પ્રસંગે તેને મદદ કરી હતી તેથી તે ઉપકારવશ પોતાના ત્રણ વરસના બે સુંદર વાછડા કંબલ અને શંબલ નામે ભેટ આપવા આવી. હવે આ દંપતીને તો પરિગ્રહ-પરિમાણ હતું. તેથી તેમણે તેને તે પાછા લઈ જવા ઘણી સમજાવી પણ તે ગોવાળણ તો તે કંબલ અને શંબલને તેમને આંગણે બાંધીને જતી રહી.

આથી તે દંપતીએ વિચાર્યું કે જો આમને છોડી દઈશું તો તે વાછડા ગમે ત્યાં ભટકશે અથવા લોકો તેમનો દુરુપયોગ કરશે. આથી તેમણે તેમનું પુત્રની જેમ જતન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા માંડ્યું. વાછડાઓને ભલે વાચા નહોતી, પણ જ્યારે દંપતી માલિક ઉપવાસ કરતાં ત્યારે તે પણ સંજ્ઞાબળે ઉપવાસ કરતા. આમ જાણે તેઓ કુટુંબના સભ્યો હોય તેમ રહેવા લાગ્યા અને સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યા. એ તો વાછડા મટી હવે તો મોટા બળદ જેવા લાગતા હતા.

એક વાર ગામમાં વાહન-ક્રીડા મહોત્સવ હતો. ત્યારે જિનદાસનો કોઈ મિત્ર આ હૃષ્ટપુષ્ટ બળદો જોઈને છાનોમાનો લઈ ગયો. હવે બંને બળદોએ કોઈ દિવસ વાહન ખેંચેલું નહિ. તે બિચારાને વાહનને જોડીને ખૂબ દોડાવ્યા અને તે જુવાન મિત્રે જીત મેળવી. પણ તેમાં સુકોમળ બળદોના સાંધા તૂટી ગયા. તે મિત્ર આવીને બળદને પાછા મૂકી ગયો. જિનદાસ જ્યારે બહારગામથી આવ્યા ત્યારે બળદોની દશા જોઈને ખૂબ દુઃખી થયા. તેને લાગ્યું કે આ બળદો હવે છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે. કોઈ દયાહીન માનવે તેમને ખૂબ દોડાવ્યા છે. પોતાને ઘણો પશ્ચાત્તાપ થયો. પરંતુ સમય પારખી તેણે બળદોની માવજત કરી અને નમસ્કાર મંત્ર વગેરે સંભળાવી શુભભાવમાં રાખ્યા. તે બળદો આયુષ્ય પૂર્ણ થતાં સમતાપૂર્વક મૃત્યુ પામીને બંને નાગકુમાર દેવપણે ઉત્પન્ન થયા તે કંબલ અને શંબલ.

## ગોશાલાનો પ્રવેશ

પ્રભુ નાવમાંથી ઊતરી રાજગૃહી નગરમાં પધાર્યા. ત્યાં ચોમાસું કરવા માટે નાલંદા નામના સ્થાનમાં એક સાળવીની શાળાના એક ભાગમાં તેની રજા લઈ રહ્યા. ત્યાં એક મંખ નામનો ચિત્રકાર હતો. તેને સુભદ્રા નામની સ્ત્રી હતી. બંને ચિત્રપટ બતાવી ગુજરાન ચલાવતાં ગામેગામ ફરતાં હતાં. તે સ્ત્રીએ એક ગૌશાળામાં પુત્રને જન્મ આપ્યો, તેથી પુત્રનું નામ ગોશાલો પાડવામાં આવ્યું. તે અનુક્રમે યુવાવસ્થા પામ્યો. એક વાર તે ફરતો ફરતો આ રાજગૃહી નગરીમાં આવ્યો તે દિવસોમાં પ્રભુને માસક્ષમણનું પારણું વિનય નામના શ્રેષ્ઠીને ત્યાં થયું. તેથી આકાશમાં 'અહો દાનમ્ અહો દાનમ્' ધ્વનિ થયો અને પંચદિવ્યો પ્રગટ થયાં. આ હકીકત સાંભળી ગોશાલાએ વિચાર્યું કે આ કોઈ સામાન્ય સાધુ નથી. જેની પાસેથી તેણે ભિક્ષા લીધી તે મનુષ્ય જોતજોતામાં આવી સમૃદ્ધિ પામ્યો, તો પછી તેનો શિષ્ય થાઉં તો જરૂર સમૃદ્ધિ પામીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ વિચારી તેણે ચિત્રપટ બતાવવાનું કાર્ય છોડી દીધું અને તેણે પ્રભુને વિનંતી કરી કે, 'હે પ્રભુ ! અજ્ઞાનવશ મેં આપને ઓળખ્યા નહિ. આપ તો મહાપ્રતાપી મહાત્મા છો. આજથી હું આપનો શિષ્ય થાઉં છું. આપની સાથે રહીશ અને આપની સેવા કરીશ. આપ એક જ મારું શરણ છો.' પ્રભુ તો મૌન હતા તેથી તે પોતાની મેળે જ તેમનો શિષ્ય થઈને રહ્યો અને ભિક્ષાવૃત્તિ કરવા લાગ્યો. પ્રભુએ અનુક્રમે બીજાં ત્રણ માસક્ષમણ પૂર્ણ કર્યાં. સુશ્રાવકો દ્વારા ઉત્તમ પ્રકારે પારણાં થયાં. ચાતુર્માસ પૂર્ણ થતાં પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

પ્રભુ વિહાર કરી ગયા ત્યારે ગોશાળો ભિક્ષા લેવા ગયો હતો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેણે પ્રભુને જોયા નહિ તેથી તે આખા નગરમાં પ્રભુને શોધવા નીકળ્યો. પણ પ્રભુ તેને મળ્યા નહિ. આથી તેણે વિચાર્યું કે હું ગૃહસ્થ છું તેથી પ્રભુ મને સ્વીકારતા નથી અને મને મૂકીને ચાલ્યા ગયા. આમ વિચારી તે સાળવીને ત્યાં પાછો આવ્યો અને પોતાનાં ઉપકરણ ઉતારી નાખી, દાઢી, મૂછ તથા મસ્તક સર્વનું મુંડન કરી તે પ્રભુની પાછળ નીકળી ગયો. કોઈ ગામે પ્રભુને તેણે જોયા, અને કહેવા લાગ્યો કે, 'પ્રભુ ! હું સર્વ ઉપકરણો છોડી, મુંડન કરી નિઃસંગ થયો છું માટે મને હવે દીક્ષા આપી આપનો શિષ્ય બનાવો.' પ્રભુ તો મૌન હતા. છતાં ગોશાળો તેમની સાથે રહેવા લાગ્યો.

પ્રભુ ત્યાંથી વિહાર કરી સુવર્ણખલ નામના ગામ તરફ વિહાર કરતા હતા. માર્ગમાં કેટલાક ગોવાળિયા માટીની મોટી હાંડીમાં ખીર રાંધતા હતા. ગોશાળાને ભૂખ લાગી હતી. તેણે પ્રભુને કહ્યું કે, આપણે અહીં વિશ્રાંતિ કરી આ ખીર ખાઈને આગળ જઈએ. તે સમયે સિદ્ધાર્થ નામનો વ્યંતર અદૃશ્યપણે રહ્યો હતો. તે બોલ્યો કે, આ હાંડી ફૂટી જશે. ગોશાળાએ આ વાત પેલા ગોવાળિયાઓને જણાવી. આથી તેઓ હાંડીનું ઘણું જતન કરવા લાગ્યા. છતાં હાંડી ફૂટી ગઈ. તે જોઈ ગોશાળે એક તર્ક કર્યો કે જે સમયે જે થવાનું હોય તે થાય છે.

પ્રભુ તો મૌનપણે વિહાર કરતા હતા. ગોશાળો પોતે તેમનો શિષ્ય છે તેમ માની સાથે રહેતો હતો અને આવાં ટીખળ કરતો હતો. વળી પ્રભુને તો માસક્ષમણની તપશ્ચર્યા હતી. આમ વિહાર કરતાં પ્રભુ એક વાર કોલ્લાગસન્નિવેશના એક શૂન્યઘરમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા. તે ગામના જાગીરદારનો પુત્ર સિંહ તેની દાસી સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છાનોમાનો આ શૂન્યઘરમાં આવ્યો. ગાઢ અંધકારમાં તેણે કોઈને જોયા નહિ, અને દાસી સાથે રતિક્રીડા કરવા લાગ્યો. ગોશાળો તે બંનેને જોઈને હસી પડ્યો. આથી તે સિંહે તેને ખૂબ માર્યો. ત્યારે ગોશાળો પ્રભુને કહેવા લાગ્યો કે તમે તો મને માર પડ્યો તો પણ બચાવ્યો નહિ ? ત્યારે વળી પેલા સિદ્ધાર્થ વ્યંતરે જવાબ આપ્યો કે, તારે કોઈની મશ્કરી કરવી નહિ. આ વ્યતંરને ઇંદ્રે પ્રભુની અનિચ્છા છતાં સેવામાં મૂક્યો હતો. તે ક્યારેક અદશ્યપણે ગોશાળાને જવાબ આપતો હતો.

માન, ન માન, મૈં તેરા મહેમાનની જેમ ગોશાળો પ્રભુની સાથે ફરતો હતો. પ્રકૃતિ મુજબ ટીખળ કરતો અને ક્યારેક માર ખાતો હતો. ગામેગામ વિહાર કરતાં પ્રભુ કુમારસન્નિવેશમાં ચંપકરમણીય નામના ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તે સમયે શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય શિષ્ય મુનિચંદ્ર નામના આચાર્ય ઘણા શિષ્યોના પરિવાર સહિત વિહાર કરતા તે ગામના એક કુંભારની શાળામાં રહ્યા હતા. ગોશાલાએ વસ્ત્રધારી સાધુઓને જોઈને પૂછયું કે, તમે કોણ છો ?

તેઓ બોલ્યા, અમે નિર્ગ્રંથ છીએ.

ગોશાલો – અરે તમે નિર્ગ્રંથ ક્યાં અને મારા ધર્માચાર્ય ક્યાં ? તેઓ ભગવાન મહાવીરને જાણતા ન હતા તેથી બોલ્યા કે, જેવો તું છું તેવા જ તારા ધર્માચાર્ય હશે. આથી ગોશાળાએ ગુસ્સે થઈને શાપ દીધો કે, 'મારા ધર્માચાર્યના તપતેજથી તમારો આ નિવાસ બળી જાઓ.' પેલા સાધુઓએ કહ્યું કે, અમે તારાથી કે તારા શાપથી ડરતા નથી. વળી શાપ દેવા છતાં આશ્રયસ્થાન બળ્યું નહિ તેથી ગોશાળો વીલે મુખે ત્યાંથી પાછો ફર્યો અને તેણે પ્રભુ પાસે આ સર્વ વાતનું નિવેદન કર્યું. ત્યારે પણ ઉપસ્થિત તે સિદ્ધાર્થે જવાબ આપ્યો કે 'હે મૂર્ખ ! તેઓ પ્રભુ પાર્શ્વનાથના શિષ્યો છે. તે સાધુઓનું સ્થાન તારા શાપથી બળે નહિ.'

ત્યાર પછી પ્રભુ વિહાર કરી ચૌરા નામના ગામમાં આવ્યા. ત્યાં પ્રભુને અને ગોશાળાને છૂપી બાતમી લઈ જનારા જાસૂસો જાણી કોટવાળ પકડીને જેલમાં પૂરવા લઈ જતો હતો. પ્રથમ ગોશાળાને જેલમાં પૂર્યો અને પ્રભુને હજી તેઓ લઈ ગયા ન હતા. ત્યાં સોમા અને જયંતી નામની બે સંન્યાસિની જતી હતી. તેમણે કોટવાળને કહ્યું કે, હે મૂર્ખ ! તમે જેને મારવા ઇચ્છો છો તે તો સિદ્ધાર્થ રાજાના પુત્ર શ્રીમહાવીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન છે. આથી ભય પામી કોટવાળે ભગવાનને છોડી દીધા, અને તેમની ક્ષમા યાચી. ત્યાર પછી ગોશાળાને પ્રભુનો શિષ્ય જાણી છોડી દીધો.

ત્યાર પછી પ્રભુએ પૃષ્ઠચંપા નગરીમાં ચોમાસી તપ વડે ચાતુર્માસ નિર્ગમન કર્યું. ત્યાંથી વિહાર કરી વનઉપવન વટાવી શ્રીવસ્તી નગરીમાં પધાર્યા. પ્રભુ તો કાઉસગ્ગ ધ્યાને હતા. ગોશાળાએ ભિક્ષા લેવા જવા પૂછ્યું ત્યારે ઉપસ્થિત વ્યંતરે જવાબ આપ્યો કે, 'તને આજે માનવનું માંસ ખાવા મળશે.' આથી બિચારો સાવચેત રહી વૈશ્યોનાં ઘર શોધી ભિક્ષા લેવા નીકળ્યો. ત્યારે એવું બન્યું કે તે નગરીમાં પિતૃદત્ત નામે વૈશ્યની ભદ્રા સ્ત્રીને મૃતક બાળકો જન્મતાં હતાં. કોઈ નિમિત્તિયાએ તેને સલાહ આપી હતી કે, તારે એ મરેલા બાળકનું માંસ દૂધપાકમાં રાંધીને કોઈ ભિક્ષુકને આપવું. હવે એ જ દિવસે ભદ્રાને મૃત બાળક જન્મ્યો હતો. અને દૂધપાક રાંધીને દાસી રાહ જોઈ રહી હતી.

બિચારો ગોશાળો ત્યાં આવી ચઢ્યો અને ખુશ થતો દૂધપાકની ભિક્ષા નિર્દોષ છે એમ જાણી ખાઈ ગયો. ત્યાર પછી તેણે પ્રભુ પાસે આવી નિવેદન કર્યું. ત્યારે વ્યંતરે કહ્યું કે, તું વમન કરીને ખાતરી કરી જો. ગોશાળાએ તેમ કર્યું તો વમનમાં માંસ જણાયું. આથી ગુસ્સે થઈ તે જગ્યાએ પાછા જઈને તેણે શાપ આપ્યો કે, મારા ધર્માચાર્યના તપતેજથી તમારો વાસ બળી જાઓ. યોગાનુયોગ પેલા વ્યંતરે પોતાની શક્તિ વડે તે વાસને આગ લગાડી દીધી અને તે વાસને બાળી નાખ્યો. આમ ગોશાળક પ્રભુ સમીપે છતાં ભવિતવ્યને યોગે જ્યાં ત્યાં આથડી પડતો હતો.

ત્યાંથી વિહાર કરી પ્રભુ હરિદ્ર નામના સન્નિવેશની બહાર કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા. તે જગાએ કેટલાક મુસાફરોએ ઠંડીથી બચવા અગ્નિ સળગાવ્યો હતો. સવાર થતાં તે બુઝાવ્યા વગર તેઓ ત્યાંથી વિદાય થયા. પવનનો યોગ પામી તે અગ્નિ ધીરે ધીરે ફેલાતો ગયો અને પ્રભુના પગને દઝાડતો ગયો. પ્રભુ તો જાણે કર્મરૂપ ઈંધન બળતાં હોય તેમ ધ્યાનરૂપ અગ્નિમાં મગ્ન રહ્યા. પગ દાઝ્યા, પણ પ્રભુ તો સ્થિર હતા. અગ્નિને ફેલાતો જોઈ ગોશાળો તો દૂર ભાગી ગયો હતો. અગ્નિ શાંત થતાં તે પાછો આવ્યો.

ત્યાર પછી પ્રભુ આગળ વિહાર કરતા રહ્યા. ગોશાળો પ્રકૃતિ મુજબ ટીખળ કરતો રહ્યો. ક્યાંક માર ખાતો ગયો. ઘોર કર્મોને આમંત્રણ આપી ખપાવી દેવાનાં હોય તેમ પ્રભુએ અનાર્ય દેશમાં પ્રવેશ કર્યો. અજ્ઞાની લોકોએ પ્રભુને ઘણા પ્રકારે ત્રાસ આપ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈએ ચોર ગણ્યા, કોઈએ અપશુકન માન્યા અને ત્રાસ આપવા લાગ્યા. પ્રભુ એ સર્વ સંયોગમાં કર્મનો સ્વીકાર કરી સહન કરતા રહ્યા. ગોશાળો થોડો સમય છૂટો પડ્યો પણ લોકોના મારથી ત્રાસીને પાછો પ્રભુ પાસે આવીને રહ્યો.

એક વાર પ્રભુ શાલિશીર્ષ નામના ગામે પધાર્યા અને ઉદ્યાનમાં કડકડતી ઠંડીમાં ધ્યાનમાં રહ્યા હતા. પ્રભુ જ્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા ત્યારે વિજયવતી નામની એક અણમાનીતી રાણી હતી. તે મરીને ઘણા ભવ ભમીને વ્યંતરી થઈ હતી. વિભંગજ્ઞાન વડે તેણે પ્રભુને જોયા. પૂર્વનું વૈર સંભારી તેણે પ્રભુને ભયંકર શીત ઉપસર્ગ કર્યો. છતાં પ્રભુ તો નિશ્ચલ રહ્યા. એ જોઈ તે શાંત થઈ અને ક્ષમા માગી અદૃશ્ય થઈ.

ત્યાંથી વિહાર કરી પ્રભુએ ચોમાસી તપ કરી વિવિધ અભિગ્રહો વડે આત્મભાવના કરતા ભદ્રિકાપુરીએ ચાતુર્માસ પૂર્ણ કર્યું. મગધ દેશમાં ઉપસર્ગ રહિત વિહરવા લાગ્યા. ત્યાંથી નાનાંમોટાં સ્થાનોમાં પ્રતિમા ધ્યાને રહ્યા અને સાથે સાથે કર્મશત્રુઓનું દહન કરતા રહ્યા.

ત્યાંથી વિહાર કરતાં પ્રભુ કૂર્મગામ પહોંચ્યા. તે ગામની બહાર વૈશ્યાયન નામનો તાપસ મધ્યાહ્‌ન સમયે સૂર્ય સામે આતાપના લઈ કષ્ટ સહી રહ્યો હતો. તેની જટામાંથી જૂઓ જમીન પર પડતી તો તે તેને પાછી જટામાં મૂકતો. આ જોઈને ગોશાળો તેને ચીડવવા લાગ્યો કે તારી જટા જૂ-ની શય્યા છે. આથી તે તાપસે ગુસ્સે થઈ તેના પર તેજોલેશ્યા મૂકી, તેનાંથી ગોશાળો તત્ક્ષણ ભસ્મીભૂત થઈ જાત, પણ કરુણાસાગર પ્રભુએ તરત જ શીતલેશ્યા મૂકી તેથી તે તેજોલેશ્યા શમી ગઈ અને ગોશાળો બચી ગયો. પ્રભુની આવી શક્તિ જોઈ તે તાપસ વિસ્મય પામ્યો અને પ્રભુની ક્ષમા માગી વિદાય થયો.

ગોશાળો પણ પ્રભુની આ અલૌકિક શક્તિથી વિસ્મય પામ્યો અને વિનંતી કરવા લાગ્યો કે, પ્રભુ મને આ વિદ્યા શિખવાડો. પ્રભુ જાણતા હતા કે આ અપાત્રને આ વિદ્યા શિખવાડવાથી અનર્થ થશે છતાં ભાવિ ભાવ સમજીને પ્રભુએ તેને એ વિદ્યાપ્રાપ્તિની વિધિ બતાવી.

જે મનુષ્ય છ માસ સુધી સૂર્યની આતાપનાપૂર્વક નિર્જળા છઠ્ઠ કરે, એક મૂઠી અડદના બાકળા તથા અંજલિ માત્ર ગરમ પાણીથી પારણું કરે, તેને આ તેજોલેશ્યા લબ્ધિ પ્રાપ્ત થાય છે. આ વિધિને જાણીને ગોશાળો તેને સાધ્ય કરવા પ્રભુથી છૂટો પડ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તપ તપીને છ માસમાં તે વિદ્યા પ્રાપ્ત કરી, ત્યાર પછી પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો પાસે તે અષ્ટાંગ નિમિત્ત – જ્યોતિષશાસ્ત્ર ભણ્યો. તેના વડે ગર્વ પામી તે પોતાને સર્વજ્ઞ માનવા લાગ્યો.

## સંગમને સૂઝેલી દુર્બુદ્ધિ — પ્રભુએ વરસાવી અમીદૃષ્ટિ

આ બાજુ પ્રભુ અનુક્રમે વિહાર કરીને વળી પાછા અનાર્ય ભૂમિમાં ગયા અને દૃઢપણે પ્રતિમા ધારણ કરીને રહ્યા. એક વાર ઇંદ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં પ્રભુને ધ્યાનમગ્ન જોઈ વિસ્મય પામી સભામાં કહ્યું કે, પ્રભુ કેવા અડગ છે ! તેમને ચલાયમાન કરવાને કોઈ દેવેન્દ્ર પણ સમર્થ નથી. આમ ઘણા પ્રકારે સ્તુતિ કરી પ્રશંસા કરવા લાગ્યા. તે સભામાં સંગમ નામે દેવ આ પ્રશંસા સહી શક્યો નહિ. તેને લાગ્યું કે, ઇંદ્ર મહારાજ એક માનવની ખોટી પ્રશંસા કરી રહ્યા છે અને દેવોની અવગણના કરે છે તે યોગ્ય નથી. જે દેવો મેરુ પર્વતને ઢેફાની જેમ ઊંચકી શકે તેવા છે, સમુદ્રને ખોબામાં લે તેવા શક્તિવાળા છે, પૃથ્વીને માથે ધારણ કરે તેવા છે, તેવા પરાક્રમી દેવો આગળ આ એક માનવની શક્તિનું શું ગજું છે ? હું જાતે જ તે સાધુને ક્ષણવારમાં ચલાયમાન કરી શકું તેમ છું. અને તેણે તે વાત દેવસભામાં જાહેર કરી. હીનભાગી સંગમને દુર્બુદ્ધિ સૂઝી.

ઇંદ્રે વિચાર્યું કે, જો સંગમને જતો અટકાવીશ તો તે દુર્બુદ્ધિ પોતે તીર્થંકર વિષે ખોટો વિકલ્પ કરશે અને બીજા દેવો પણ તેની વાતને સાચી માની લેશે કે તીર્થંકર તો ઇંદ્રની સહાયથી તપ કરે છે. તેથી તેમણે તેને અટકાવ્યો નહિ. આથી ગર્વ ભરેલો સંગમ તરત જ સભામાંથી ઊઠી પ્રભુ ધ્યાનમાં સ્થિર હતા ત્યાં આવ્યો.

પ્રભુની શાંત મુદ્રા જોઈ છતાં તે મૂર્ખ પોતે અશાંત જ રહ્યો. અને પ્રથમ તો ધૂળની વૃષ્ટિ કરી પ્રભુનું આખું શરીર ઢાંકી દીધું અને નાકનાં દ્વાર પણ એવાં પૂરી દીધાં કે શ્વાસ રૂંધાઈ જાય. છતાં પણ પ્રભુ તો અડગ જ રહ્યા તેથી તે દુષ્ટ દેવે ધૂળને સમેટી લઈ વજ્ર જેવાં મુખવાળી કીડીઓ ઉત્પન્ન કરી, પ્રભુના શરીર પર છોડી દીધી. તે કીડીઓએ પ્રભુના શરીરને વીંધીને ચાળણી જેવું કરી મુક્યું. છતાં ક્ષમાસાગર પ્રભુ ચલાયમાન ન થયા. આથી સંગમ વધુ ઉશ્કેરાયો અને તેણે કીડીઓને સંહરી મોટા ડાંસ ઉત્પન્ન કર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના ડંખથી પ્રભુના શરીરનું પ્રવાહી બહાર ઝરવા માંડ્યું છતાં પ્રભુ ક્ષોભ પામ્યા નહિ. ત્યાર પછી પણ તીક્ષ્ણ ડંખ મારે તેવાં જંતુઓનો ઉપદ્રવ કરીને તે થાક્યો ત્યારે તેણે કાતિલ ડંખવાળા અસંખ્ય વીંછીઓ ભગવાનના શરીર પર મૂકી દીધા. અસહ્ય વેદના સિવાય શું હોય ? પણ પ્રભુ મહાવીર તો જાણે શરીર જ નથી તેમ અડગ રહ્યા.

સંગમ તો જાણે પ્રભુના શરીરને લાકડું સમજ્યો હતો, કાં તો પૂર્વનો કોઈ મહાવૈરી હતો. હજી પણ તે તો બીજા પ્રકારો યોજતો જ રહ્યો. હવે તેણે જંગલી નોળિયા ઉત્પન્ન કર્યા. સામાન્ય માનવી તો તેની આકૃતિ જોવામાત્રથી છળી ઊઠે. આ નોળિયા ખીં ખીં અવાજ સાથે પ્રભુના શરીર પર દોડતા જાય અને દાઢો વડે ભગવાનના શરીરનું માંસ લેતા જાય. છતાં મહાવીર તે મહાવીર જ હતા. પ્રભુ તો કેવળ આત્મવૃત્તિમાં લીન હતા, પ્રભુનું અતિશય પુણ્યબળ પણ સાથે હતું, તેથી શરીરના ઘા તરત જ રુઝાઈ જતા.

સંગમ પણ જાણે બરાબર પાછળ જ પડી ગયો હતો. તેણે નોળિયા દૂર કરીને હવે મોટા મોટા વિષધરોને ઉત્પન્ન કરી પ્રભુના શરીર પર વીંટાળી દીધા. તે ભયંકર સર્પોએ મોટી ફણાઓ વડે પ્રભુના શરીર પર પ્રહાર કર્યા અને ડસવા લાગ્યા. તેમનામાં જેટલું વિષ હતું તે બધું પ્રભુના શરીરમાં ઠાલવી દીધું. પણ પ્રભુનું શરીર અમૃતમય હતું, કારણ કે તેમના ચિત્તમાં કોઈ પ્રત્યે વૈરભાવ અંશે પણ હતો નહિ. તેથી શરીર નિર્વિકારી પવિત્ર હતું. એથી બન્યું એવું કે તે વિષ પ્રભુના શરીરને કંઈ પણ અસર ઉપજાવી શક્યું નહિ. સંગમ ઘડીભર આશ્ચર્ય પામ્યો. પણ હવે તે પણ વટે ચડ્યો હતો. એટલે વળી તેણે જંગલી ઉંદરો ઉત્પન્ન કર્યા. તેઓ દાંત અને નખથી પ્રભુના શરીરને ખોતરવા લાગ્યા, અને વળી તેના પર મૂત્રક્રિયા કરીને ઘા પર ખાર નાખવા લાગ્યા. પણ પ્રભુ તો એમ ને એમ અચલ રહ્યા.

એક બાજુ અપૂર્વ ક્ષમા અને શાંતિ, બીજી બાજુ પ્રચંડ ક્રોધાગ્નિની જ્વાળાઓ અનેક પ્રકારે ફેલાતી રહી. એવા ક્રોધાવેશમાં તેણે મદોન્મત્ત હાથીઓ ઉત્પન્ન કર્યા. તે હાથીઓએ ભયંકર ચિત્કાર કરી લાંબી સૂંઢ વડે પ્રભુના શરીરને પકડી આકાશમાં ઉછાળવા માંડ્યું. દંતૂશળ વડે પ્રહાર કરવા લાગ્યા. શું લેવા માટે સંગમ, તું આ કરી રહ્યો છું ? દેવસભા આખી સ્તબ્ધ થઈ ગઈ હતી, પણ સંગમ તો હવે વટ પર ચઢ્યો હતો. અત્યારે પ્રભુના કર્મનો પણ કોઈ અઘોર ઉદય હતો છતાં પ્રભુ પુણ્યવંતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના શરીરની રચના પુણ્યાતિશયો વડે થયેલી હતી. તેથી અસહ્ય વેદનાઓ અને ઘા પડ્યા પછી તરત જ તે રુઝાઈ જતા પણ તે રુઝાય ત્યાં તો નવી ભયંકર વેદનાઓ હાજર થઈ જતી. મદોન્મત્ત હાથી વડે પ્રભુ એક ઊની આંચ ન પામ્યા ત્યારે તેણે હાથણીઓ છોડી. વળી પાછી એ જ દશા.

વાંચનાર કે સાંભળનાર પણ વિચારમાં પડે કે હવે શું બાકી હશે ! ત્યાં તો તે દુષ્ટ દેવે પિશાચો ઊભા કર્યા. તેના શરીરના દીદાર જોઈને સામાન્ય માણસ મૂર્છિત થઈ જાય. તેવા એ ભયંકર પિશાચો હાથમાં હથિયાર ધારણ કરી પ્રભુ પર ભયંકર ચિચિયારીઓ સાથે તૂટી પડ્યા. અરે ! હમણાં જ જાણે પ્રભુ હતા ન હતા થઈ જ ગયા સમજો. ત્યાં તો પિશાઓએ વિકરાળ બનેલા મુખમાંથી અગ્નિજ્વાળાઓ ફેંકવા માંડી. ઓહ ! પણ પ્રભુની અચલતા અને નિશ્ચલતા આશ્ચર્યકારી હતી. પ્રભુનું આંતરબાહ્ય સામર્થ્ય કોઈ ગજબનું હતું.

હવે સંગમની મર્યાદા આવી રહી હોય તેમ તેણે સ્વયં જાતે વિકરાળ વાઘનું રૂપ ધારણ કર્યું. વજ્ર જેવી દાઢો વડે પ્રભુના શરીરને ખાવા લાગ્યો. તીક્ષ્ણ નહોર વડે શરીરને છાલની જેમ ખોતરવા લાગ્યો. છતાં પ્રભુ તો એમ ને એમ ધ્યાનમગ્ન રહ્યા. ત્યારે એ દુષ્ટાત્માએ જુદી જ બુદ્ધિ લડાવી. તેણે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાનું રૂપ ધારણ કર્યું. તેઓ કરુણ વિલાપ કરવા લાગ્યાં. "હે પુત્ર ! તેં આવી દુષ્કર દીક્ષા શા માટે લીધી ? અમે તારાં આ કષ્ટો જોઈ અત્યંત દુ:ખી થઈએ છીએ. વળી તારા વગર અમે સંસારમાં રઝળીએ છીએ. હવે તું અમારી સંભાળ લે અને આવાં કષ્ટ સહેવાં છોડી દે. છતાં પ્રભુ તો સભાનપણે ધ્યાનમગ્ન હતા તેથી જરા પણ વિચલિત થયા નહિ.

ત્યાર પછી તે સંગમે પ્રભુના પગ ઉપર અગ્નિ સળગાવી દીધો. હજી તે દેવની વેરવૃત્તિ શમી નથી. ત્યાર પછી તેણે ભયંકર વાવાઝોડું ઉત્પન્ન કર્યું. તેને વારનાર-જોનાર ભલે કોઈ ન હોય પણ આ દુષ્ટને કર્મની સજા મળશે ત્યારે તેને કોઈ બચાવી શકશે નહિ, પર્વતને ભેદી નાખે તેવા પવનના સુસવાટાથી પણ પ્રભુ ક્ષોભ ન પામ્યા. તીવ્ર વંટોળિયો ઉત્પન્ન કરી તેણે પ્રભુને આકાશમાં ભમાવ્યા. વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને મહાન મનોજયી આ આત્માને શરીર સાથે કંઈ લેવાદેવા જ ન હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંગમે વિચાર્યું કે ઇંદ્રસભામાં પ્રતિજ્ઞા કરીને આવ્યો છું તેથી પાછો પડું તો મોઢું શું બતાવું ? આ મુનિ પણ કોઈ વિચિત્ર લાગે છે. હજી સુધી જીવતો રહ્યો છે. જીવતો હશે ત્યાં સુધી ધ્યાન નહિ છોડે. એમ વિચારી ક્રૂર મનવાળા તે સંગમે છેવટે મરણિયો ઉપાય શોધી કાઢ્યો અને અતિ વજનદાર કાળચક્ર ઉત્પન્ન કર્યું, અને જોરથી પ્રભુના શરીર પર ઝીંકી દીધું, જેના પડવાથી મેરુ પર્વતની શીલાના ચૂરેચૂરા થઈ જાય. આશ્ચર્ય ! પ્રભુ તો અડગ જ રહ્યા. જોકે એ કાળચક્રના ભારથી પ્રભુનું શરીર ઢીંચણ સુધી જમીનમાં ઊતરી ગયું. વજનદાર કાળચક્ર અને વજ્ર જેવું પ્રભુનું શરીર, છતાં અતિ ઉપસર્ગથી પૃથ્વી પણ ત્રાસી ગઈ હોય તેમ પ્રભુના શરીરને પોતાના ખોળામાં ધરી રાખ્યું.

પ્રભુને ધ્યાનમાં નિશ્ચળ જોઈ સંગમ પોતે જ હવે ત્રાસી ગયો. તેણે વિચાર્યું કે અસ્ત્રશસ્ત્રથી આ મુનિને કંઈ આંચ આવતી નથી. પણ તે હઠ છોડવા તૈયાર ન હતો. તેણે પોતાની વિભંગ શક્તિ વડે પ્રભાતની રચના કરી અને માણસો ઉત્પન્ન કર્યા. તેઓ પ્રભુને કહેવા લાગ્યા કે, “હે મુનિ ! પ્રભાત થયું છે. હવે તમે ધ્યાનથી મુક્ત થાઓ.” પ્રભુને ધ્યાનાવસ્થામાં દિવસરાત્રિનો ભેદ જ ન હતો. તેથી પ્રભુએ આંખ ખોલીને જોયું જ નહિ.

વળી સંગમને એક નવો જ તુક્કો જડ્યો. તેણે દૈવી રચનાઓ ઉત્પન્ન કરી. વિમાનમાં બેસી પ્રભુને બોલાવવા લાગ્યો : “હે મહર્ષિ ! આપના ઉગ્ર તપ અને ધ્યાનથી હું પ્રસન્ન થયો છું. આપ વિમાનમાં બેસી જાઓ. આપને સ્વર્ગ કે મોક્ષ જ્યાં કહો ત્યાં લઈ જાઉં. અથવા આપ જે વરદાન માગો તે આપું.” નિર્લોભી પ્રભુને બહારનાં સ્વર્ગ અને મોક્ષની આકાંક્ષા જ ક્યાં હતી ? તે તો અંતરંગના સ્વર્ગ અને મોક્ષને માણતા હતા. અંતે છેલ્લો એક અતિ પ્રલોભનીય પ્રસંગ તેણે ઉત્પન્ન કર્યો. સાક્ષાત્ કામદેવને હાજર કરી દીધો. અતિરૂપવાન અપ્સરાઓનાં નૃત્ય શરૂ થયાં. ઝાંઝરના ઝમકાર, અલંકારોના વીજળી જેવા ઝબકારા. આશ્ચર્ય ! પ્રભુ તો મેરુ જેવા નિષ્કંપ છે. એક રૂંવાડું પણ સંચાર પામતું નથી. વિષ જેવા અતિકષ્ટદાયક અને પ્રલોભનીય ઉગ્ર ઉપસર્ગો થવા છતાં પ્રભુ તો અચળ અને અડગ રહ્યા. ખરેખર તે મહાત્મા મહાવીર હતા, અતિ મહાવીર હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કથનથી કવિના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા કે :

બલં જગદ્ધ્વંસન-રક્ષણક્ષમં, કૃપા ચ સાસંગમકે કૃતાગસિ,
ઇતીવ સંચિન્ત્ય વિમુચ્ય માનસં, રુષેવ રોષસ્તવ નાથ ! નિર્યયૌ.

હે નાથ ! આપનું બલ જગતનો નાશ કરવા અને રક્ષણ કરવા સમર્થ હોવા છતાં મહા અપરાધી એવા સંગમ પર આપે તો અનહદ કૃપા વરસાવી. તેમ વિચારી રોષ પોતે જ રોષ કરીને આપના મનને ત્યજીને ચાલ્યો ગયો. આટલું બળ હોવા છતાં ખરે સમયે મારો જરા પણ ઉપયોગ ન કર્યો અને અંત સુધી દયાને જ ધારણ કરી તો પછી મારે તેમના ચિત્તમાં શા માટે રહેવું ? તેમ વિચારી ક્રોધ સ્વયં ત્યાંથી દૂર ચાલી ગયો.

સર્વ પ્રકારે સંગમ નિષ્ફળ ગયો. છતાં હજી તેનો અહં છૂટ્યો ન હતો. સવાર થતાં પ્રભુ આગળ વિહાર કરી ગયા. સંગમ તેમની પાછળ જતો અને આહારને દૂષિત કરી નાખતો. આમ છ માસ સુધી તે પ્રભુની પાછળ ફરતો રહ્યો. પ્રભુએ છ માસના સહજ ઉપવાસ કર્યા. અને જ્યાં પારણા માટે નીકળ્યા ત્યાંયે વળી તે જ સ્થિતિ. વળી પાછા પ્રતિમા ધારણ કરીને રહ્યા. સંગમે નિરાશ થઈ જોયું કે કોઈ પ્રકારે પ્રભુ ચલિત થાય તેમ નથી. તેથી મનમાં ઉદ્વેગ પામ્યો, અંતે પ્રભુની ક્ષમા માગવા લાગ્યો, અને બોલ્યો કે :

"હે સ્વામી, શક્રેન્દ્રે સુધર્માસભામાં આપના પરાક્રમની જેવી પ્રશંસા કરી હતી તેવા, તેથી પણ અધિક બળવાળા છો. મેં આપની શક્તિને જાણી નહિ. ઘણા ભયંકર ઉપસર્ગ કરી, અનેક અપરાધ કર્યા છે. તેની મને ક્ષમા આપો." આ પ્રમાણે કહી તે લાચાર મુખવાળો સૌધર્મ દેવલોક તરફ વિદાય થયો. આ બાજુ ગામ તરફ જતી એક વૃદ્ધ ગોવાળણે પ્રભુને પારણું કરાવ્યું. તે દાનથી સંતુષ્ટ થઈ દેવોએ પાંચ દિવ્યો પ્રગટ કર્યા. ગોવાળણી તરી ગઈ.

શક્રેન્દ્રની સ્થિતિ કફોડી હતી. તે સંગમને વારી શકે તેમ હોવા છતાં પ્રભુના બળ માટે કોઈને વિકલ્પ ન થાય તેથી મૌન ધારીને બેઠા હતા. અરે ! તેની આખી સભા ઉદ્વેગ પામી ગઈ હતી અને ગાયન-નાચ વગેરે પણ બંધ થઈ ગયાં હતાં. શક્રેન્દ્ર અતિ શોકમગ્ન થઈ ગયા હતા. આ ઉપસર્ગોનું કારણ હું જ છું તેમ ચિંતવતા દીનદૃષ્ટિવાળા વ્યગ્રચિત્તે તે બેઠા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છ માસ સુધી ઘોર ઉપસર્ગો કરવા છતાં પ્રભુને ચલાયમાન ન કરી શકવાથી પ્રતિજ્ઞાભંગ થયેલા શ્યામ મુખવાળા સંગમને દેવલોક તરફ આવતો જોઈ ઇંદ્રે અન્ય દેવોને આજ્ઞા કરી કે આ પાપાત્માનું મોં જોવું તે પણ મહાપાપ છે. તેણે જગદ્વંદ્ય આપણા સ્વામીની ઘણી કદર્થના કરીને મહાઅપરાધ કર્યો છે. તેણે કોઈનો ડર પણ ન રાખ્યો. તે અપવિત્ર દુરાત્માને હવે સ્વર્ગમાં રાખી શકાય નહિ. અને ઇંદ્રે તેને લાત મારીને ધિક્કારી કાઢ્યો. તે જોઈને અન્ય દેવોએ તેના પર પ્રહાર કરી તેને સભામાંથી બહાર ખેંચી કાઢ્યો. દેવીઓ પણ તેના પર આક્રોશ કરવા લાગી. ચારે બાજુથી ધિક્કારને પામતો તે મ્લાનમુખે મેરુ પર્વતની એક શીલા પર ગયો. તેની અનુરાગિણી કેટલીક દેવીઓ ઇંદ્રની આજ્ઞા લઈ તેની સાથે રહી. સંગમે બાકીનું આયુષ્ય ત્યાં જ પૂર્ણ કર્યું.

પ્રભુ ઉપસર્ગરહિત વિહાર કરતા હતા. ત્યાં માર્ગમાં અનેક દેવો જે છ છ માસથી નિરૂપાય બનીને ઉદ્વેગ પામ્યા હતા તે સર્વ પ્રભુના ધૈર્યગુણથી પ્રભાવિત થઈ તેની પ્રશંસા કરી પ્રભુને વંદન કરી, સુખશાતા પૂછી પાવન થતા હતા. પ્રભુ આલંભિકા નગરી, વારાણસી, શ્વેતાંબિકા, કોશાંબી, રાજગૃહ, મિથિલા વગેરે નગરીઓમાં વિહાર કરીને વૈશાલી નગરીમાં ચાતુર્માસ રહ્યા. વળી પાછા કોશાંબી નગરીમાં પધાર્યા.

જૈનમ્ જયતિ શાસનમ્

## અભિનવ અભિગ્રહનો મર્મ

પ્રભુ મહાવીરની તપશ્ચર્યા પણ અનોખી હતી. તેમના અતીન્દ્રિયજ્ઞાનમાં અતીત અને અનાગત કેવા સ્વરૂપે ઝળકતા તે ઘટેલી ઘટનાઓ પરથી સમજાય છે. જ્યાં માનવીને મોત દેખાય ત્યાં પ્રભુને કોઈ અમરત્વનું રહસ્ય દેખાય, તેથી તો દૃષ્ટિવિષ સર્પની સન્મુખ જઈ, અમીદૃષ્ટિ વડે દૃષ્ટિવિષ તેમણે હરી લીધું અને સર્પને જીવનનું અમૃત આપ્યું.

એકસો પંચોતેર દિવસના એ તપમાં પણ એવું જ કોઈ ગૂઢ રહસ્ય નિર્મિત થયું હતું. પ્રભુએ એક ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો, એ પ્રગટ થયો એકસો પંચોતેર દિવસ પછી. ત્યાં સુધી કોઈ એનો મર્મ જાણી શક્યા ન હતા.

એ અભિનવ અભિગ્રહમાં કેટલાં તથ્યોનું પ્રભુએ નિરાકરણ કર્યું હતું. જે કાળમાં સ્ત્રીની જીવનદશા મહદંશે અત્યંત અંધકારમય હતી. એક રાજાને અનેક રાણીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રીનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નહિ, ગણિકાઓનું કાદવસમું જીવન, દાસીપણાની પરાધીનતા, રામયુગમાં ય આવું બન્યું અને મહાવીરયુગમાં પણ એ બનતું.

સ્ત્રીને જગતમાં આત્મવત્ માનવાની શિક્ષા આ દૃષ્ટાંતથી મહાવીરે પ્રગટ કરી છે. જાણે કે સહજપણે જ સ્ત્રીજીવનના અવમૂલ્યનને દૂર કરવા તેઓએ અભિગ્રહ ધારણ કર્યો.

"દાસત્વ પામેલી રાજકન્યાને હસ્તે પારણું કરીશ.

તેનું મસ્તક મૂંડિત હશે.

પગ જંજીરોથી જકડાયેલા હશે.

તેની પાસે સૂપડામાં ફક્ત બાફેલા અડદ હશે.

તે ઉંબરાની અંદર નહિ તેમ બહાર પણ નહિ એમ ઊભી હશે.

સમય મધ્યાહ્નનો હશે.

ત્રણ દિવસની ઉપવાસી હશે.

સજળ નયનો હશે."

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અતીન્દ્રિયજ્ઞાનની લબ્ધિ વગર કોઈ જીવનના ઉદ્ધારનું આવું અનુપમ દૃશ્ય અભિગ્રહમાં આવવું સંભવિત જણાતું નથી એવું લાગે છે. આવો ગૂઢ સંકેત કેવી રીતે પ્રગટ થયો તે જોઈએ.

સ્વયં ભગવાન સિવાય કોઈ જ જાણે નહિ એવો આ અભિગ્રહનો પ્રારંભ થયો. દિવસો વીતવા લાગ્યા અને મહિનાઓ પણ વીતવા લાગ્યા. પાંચ માસ ને પચીસ દિવસ પૂર્ણ થયા. કૌશંબીના રાજા અને પ્રજા સૌ ચિંતિત હતાં. ભગવાન ભિક્ષા માટે મધ્યાહ્ને નીકળતા, અને ભિક્ષા ગ્રહણ કર્યા વગર જ પાછા ફરી જતા. ભગવાનનો અભિગ્રહ પણ કોઈની કલ્પનામાં આવે તેવો ન હતો. યોગાનુયોગ જ ઘટના ઘટે તેવો અભિગ્રહ હતો.

## શુભ-અશુભનું તાંડવ, કેમ રચાયું ?

શુભયોગમાં ભરોસો રાખનાર પ્રાણી અશુભના ચોઘડિયામાં કેવો આવી જાય છે કે તેણે ભોગવેલાં સુખ તો સ્વપ્ન જ બની જાય છે. ચંદના માટે આવું જ કંઈ બની ગયું.

તે કાળના બે રાજાઓ. એક દધિવાહન ચંપાનગરીનો રાજા અને બીજો કૌશંબીનો શતાનીક રાજા હતો. શતાનીકનું કૌશંબીનું રાજ્ય કાંઈ તેને સૂવાબેસવા કે કોઈ પ્રકારના સાંસારિક સુખ માટે નાનું પડે તેવું ન હતું. પરંતુ મહત્ત્વાકાંક્ષાને માંડવે બેઠેલા એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાને રાજ્યવિસ્તાર માટે, અને કોઈ પૂર્વગ્રહની ગ્રસાયેલી તેની વૃત્તિએ ચંપાનગરી ઉપર હુમલો કર્યો, દધિવાહન રાજા હાર્યો.

સંગ્રામમાં જીતેલા સૈનિકોની પાશવી વૃત્તિએ નગરમાં જુલમ ગુજાર્યો, જાનને જોખમે લડેલા જાણે કંઈક બદલો લેવાનો હોય તેમ સૈનિકોએ નગરને લૂંટ્યું. તેમાં મુખ્ય સુભટ હતો કાકમુખ, જે ખરેખરો હતો તો કાળમુખ જેવો તે રાજમહેલ પર ત્રાટક્યો.

રાણી ધારિણીએ રાજકન્યા વસુમતી સહિત શીલની રક્ષા માટે વનની વાટે દોટ મૂકી. વિકારનો શિકાર બનેલો તે કાકમુખ તેમની પાછળ પડ્યો; અને મા-પુત્રીને પકડી પાડ્યાં. સુભટે ધારિણીને કહ્યું કે "તને મારી પત્ની બનાવીશ, પછી તું ખૂબ સુખી થઈશ." પરંતુ ધારિણીને શરીરના સુખ કરતાં શીલની રક્ષા પ્રિય હતી. આથી તેણે જ્યારે સાંભળ્યું કે આ સૈનિક તેને પોતાની પત્ની બનાવશે અને તેના જીવમાં એવો ફફડાટ વ્યાપી ગયો કે, તેનું પ્રાણપંખેરુ ક્ષણમાત્રમાં દેહને ત્યજીને ઊડી ગયું. આમ પ્રાણરહિત દેહ સૈનિકને સોંપી દીધો. પ્રાણ વગરના દેહને તે શું કરે ! ક્ષોભ પામેલા સુભટે વસુમતી તરફ જોયું. નિર્દોષ હરણી જેવી શિશુવયમાં આવેલી કન્યા ફફડતી હતી. કાકમુખને સ્વાર્થબુદ્ધિએ કંઈક સદ્‌બુદ્ધિ આપી કે આ કન્યા પણ જો માનો માર્ગ પકડશે તો કન્યા અને કંચન બંને જશે, આથી તેણે વસુમતી પ્રત્યે સ્નેહ દર્શાવ્યો અને તેની ક્ષમા માગી, તેની તરફ નિર્દોષ વર્તાવ કર્યો.

અશુભકર્મનો ભોગ બનેલી એ કન્યાને માટે હાલ તો નવકારમંત્રનું શરણ જ રક્ષક હતું. વસુમતીને લઈને તે સુભટ કૌશમ્બી પહોંચ્યો, અને પોતાના સ્વાર્થને કારણે વસુમતીને તેણે ગુલામના બજારમાં વેચાણ માટે ઊભી રાખી. કોઈ પુણ્યોદયે તે વખતે ત્યાં આવી ચઢેલા ધનાવહ શેઠે વસુમતીને જોઈ, અને તેના મુખ પરની કાંતિ, નિર્દોષતા અને નવકારમંત્રના સ્મરણથી ઊપસેલી સંસ્કૃતિએ, ધનાવહ શેઠના દિલમાં અનુકંપા અને સદ્‌ભાવ પેદા કર્યાં. ઘણું ધન આપીને પણ તેમણે એ કન્યાને ખરીદી લીધી, અને જાણે પિતા પુત્રીને લઈ જતા હોય તેમ તેને પોતાને ઘરે લઈ આવ્યા. કન્યાને મૂળા શેઠાણીને સોંપી, અને કહ્યું કે આ કન્યા આપણી પુત્રી જેવી છે, તેને સાચવજે. શીતળ સ્વભાવની એ કન્યાનું નામ ચંદના રાખવામાં આવ્યું.

વસુમતીએ પણ પોતાના ઉદયમાં આવેલી પ્રતિકૂળતાનો પ્રતિકાર ન કરતાં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિકૂળતાને પોતે અનુકૂળ થઈ રહી, કાર્યકુશળતા, વિનય અને નવા નામ પ્રમાણે શીતળ પ્રકૃતિને કારણે ઘરમાં સૌને પ્રિય થઈ પડી. છતાં રાજકન્યા મટી દાસી બની હતી, અને દાસીને યોગ્ય સર્વ કાર્ય કરતી હતી. જો કે શેઠ તેના પ્રત્યે પુત્રીવત્ અત્યંત સ્નેહભાવ દર્શાવતા હતા.

એ કોણ છે ? ક્યાંથી આવી છે તે પ્રશ્નમાં ચંદના હંમેશાં મૌન ધારણ કરતી. ગુપ્તપણે જીવમાં રહેલું હીર-નૂર પ્રગટ થવામાં કોઈક વાર અજબ ઘટનાઓ ઘટતી હોય છે. માનવપ્રાણીની બુદ્ધિ તેનું માપ કાઢી શકતી નથી. સમયના વહેણ સાથે ચંદનામાં યૌવન પ્રવેશ પામ્યું, આથી ચંદના તરફ પ્રીતિ ધરાવતી છતાં ક્યારેક મૂળા શેઠાણી કે જે ચાર દીવાલમાં સ્ત્રીપણે જીવેલી હતી, તેની પ્રકૃતિમાં કંઈક સંકુચિતતા ઊભી થતી. તેને ક્યારેક મૂંઝવણ થતી કે આવી રૂપાળી કન્યામાં ખીલતું યૌવન, શેઠનો તેના પરનો સ્નેહ, હાલ પુત્રી મનાતી આ કન્યા તરફ શેઠ મોહિત થઈ પરણે તો મારી દશા શું થાય ? મૂળા શેઠાણીમાં આ વિચારે એવો ઘેરો ઘાલ્યો કે તેનું ચિત્ત ક્ષુબ્ધ થઈ ગયું. પછી તે દરેક પ્રસંગને શંકાથી જોવા લાગી.

ભાઈ ! અશુભકર્મના ઉદયને આમંત્રણની જરૂર પડતી નથી. તે તેનો સમય પાકતાં સ્વયં ઉપસ્થિત થઈ જાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## મૂળાનો પ્રકોપ

એક દિવસની એ વાત છે. ગ્રીષ્મઋતુના દિવસોમાં ખરા બપોરે તાપથી અને કાર્યથી પીડિત થયેલા શેઠ ઘરે આવ્યા. ત્યારે ચંદના જ ફક્ત ત્યાં હાજર હતી, પિતૃભક્તિથી પ્રેરાઈને અન્ય સેવક હાજર ન હોવાથી તે ઠંડું પાણી લાવી અને શેઠના પગ ધોવા લાગી. તે જ વખતે તેના શ્યામ કેશકલાપને શું સૂઝ્યું કે તેણે પોતાનું સ્થાન છોડી ભૂમિને આલિંગન કર્યું, ધોવાતા પગના મલિન પાણીમાં કેશકલાપ મલિન ન થાય તેવા નિસ્પૃહ ભાવથી શેઠે તેને પોતાના હાથ વડે ધારણ કરી તેના ખભા પર ગોઠવી દીધો.

ઓહ ! એ જ વખતે મૂળાએ ઉપરના માળથી આ દશ્ય જોયું અને ચિત્તમાં પડેલા પેલા તર્કે તરત જ આ દશ્યને ઝડપી લીધું. પછી બીજા નાના ઘણા પ્રસંગો એ તર્કની સરિતામાં ભળી ગયા અને મૂળાનો તર્ક સાગર જેવો થઈ પડ્યો. મૂળા અત્યંત ભયભીત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગઈ, તેણે વિચાર્યું કે હવે આ ઉપાધિને મૂળમાંથી જ છેદી નાખવી જોઈએ. મૂળા આનાથી વિશેષ શું વિચારી શકે ?

ચંદનાનો શું દોષ ! મૂળાનો શું દોષ ? અને શેઠનો પણ શું દોષ ? કર્મની જ વિચિત્રતા.

શેઠ વિશ્રામ કરીને પાછા પેઢીએ ગયા. તે જ સમયે વિલંબરહિત મૂળાએ વાળંદને બોલાવ્યો. જે કેશકલાપે આ પ્રસંગની ભયંકરતા ઊભી કરી, પ્રથમ તો તેને દૂર કરાવી દીધો. ચંદનાનું મસ્તક મુંડિત થયું. પ્રસંગથી કોપાયમાન થયેલી મૂળાએ ચંદનાને એક ઓરડામાં લઈ જઈ, પગમાં બેડી નાંખી. અપશબ્દો સંભળાવી, ઓરડો બંધ કરી દીધો. અને સેવકવર્ગને ચેતવી દીધો કે કોઈએ ચંદના વિષે શેઠને કંઈ કહેવું નહિ. જે કહેશે, તેની દશા બૂરી થશે. આવી વ્યવસ્થા કરી નિશ્ચિંત થઈ પોતે પિયર ચાલી ગઈ.

સાયંકાળે શેઠ ઘરે આવ્યા. ન મૂળા દેખાય, ન ચંદના દેખાય. શેઠે પૂછ્યું 'મૂળા ક્યાં !'

"જવાબ મળ્યો પિયર ગયાં છે."

"ચંદના ક્યાં ?" સૌનું મૌન.

શેઠ સમજ્યા કે મૂળા નથી એટલે ચંદના વહેલી સૂઈ ગઈ હશે કે રમવા ગઈ હશે.

બીજે દિવસે એ જ પ્રશ્ન અને એ જ મૌન.

ત્રીજે દિવસે શેઠને મનમાં કંઈક શંકા ગઈ, તેથી તેમણે જરા ઉગ્રતાથી પૂછ્યું કે જો તમારામાંથી કોઈ ચંદના વિષે જવાબ નહિ આપે તો હું તમને સૌને દૂર કરીશ.

ત્યારે મૃત્યુને આરે ઊભેલી એક વૃદ્ધાએ હિંમત કરી, સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો અને શેઠને પેલા ઓરડા પાસે લઈ ગઈ. શેઠે બારણું ખોલ્યું. ચંદનાની દશા જોઈ શેઠ સ્વયં હેબતાઈ ગયા, હતપ્રભ થઈ ગયા. ચંદનાએ આંખ ખોલી ઊંચે જોયું, શેઠની નજરમાંના અનુકંપા અને વાત્સલ્યભાવે તેને ગદ્‌ગદિત કરી દીધી. ભલભલો ભડવીર પણ આ દૃશ્ય નિહાળીને ક્ષોભ પામી જાય. ત્યાં વાત્સલ્યમૂર્તિ શેઠની દશા કેવી હોય ? શેઠના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા.

"અરે દેવ ! આ હું શું જોઉં છું ?"

નિર્દોષ મૃગલી જેવી આ કન્યા. તેણે મૂળાનું શું બગાડ્યું હતું ? એની આ કેવી દશા ?"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ચંદના પર શું શું વીત્યું ? તે ચંદના પોતે પણ સમજી શકી ન હતી કે વાળંદ પાસે તેના કેશકલાપનો નાશ શા માટે કરવામાં આવ્યો ? અરે કયા અપરાધ માટે તેને પગમાં બેડી પહેરાવવામાં આવી ? કયા ગુના માટે તેને ઘસડીને ઓરડામાં પૂરી દેવામાં આવી ? કયા કારણસર તેને ક્ષુધાથી પીડિત કરવામાં આવી ?

શેઠની કે ચંદનાની બુદ્ધિમાં કંઈ વાત બેસતી ન હતી. છતાં નવકારમંત્રના શરણથી જે સત્ત્વ પ્રગટ થયું, તેણે ચંદનાને એક બળ આપ્યું કે તે ચંદનની જેમ શાંત-શીતળ ભાવે સમય કાપતી રહી. ન તેને રાજ્યનાં સુખોની સ્મૃતિએ સતાવી, ન તેને આ દિવસોના દુઃખે દીન કરી. ભાગ્યને દોષ દેતી બધી પ્રતિકૂળતાઓ હોવા છતાં નવકારમંત્ર દ્વારા તેણે ભગવાન મહાવીરના શરણમાં મનને સમર્પણ કર્યું.

વાત્સલ્યમૂર્તિ ધનાવહ ક્ષોભ પામીને ઊભા રહી ગયા, છેવટે દાસીએ શેઠને કહ્યું, કે ચંદના ત્રણ દિવસની ભૂખી છે. શેઠે તરત જ તેને ઓરડાની બહાર લાવી ઉંબરા આગળ બેસાડી, રસોડામાં ભોજનની તપાસ માટે ગયા. પણ ભોજન માટે કંઈ ન મળ્યું. ફક્ત પશુઓ માટે રાખેલા બાફેલા અડદના બાકુળા મળ્યા, તે તેમણે ત્યાં જ પડેલા એક સૂપડામાં રાખીને તેને ખાવા આપ્યા, અને શીઘ્રતાએ ઘરની બહાર નીકળી બેડીને તોડવા લુહારને બોલાવવા દોડ્યા.

સજળ નયનવાળી ચંદના પગની જંજીરો અને સૂપડામાં રહેલા બાકુળાને જોતી વિચાર કરે છે. અહો દૈવ ! કેવી તારી ગહનતા છે કે સંસારના જીવો તારા નચાવ્યા નાચે છે ? રાજકન્યા વસુમતીનાં લાડપાન ક્યાં ? અને આજની ચંદનાના આ અપમાનજનક પ્રસંગો ક્યાં ? રાજમહેલનાં રસવંતાં ભોજન ક્યાં ? અને આ સૂકા બાકુળા ક્યાં ? છતાં જ્યારે ત્રણ દિવસે આ ભોજન મળ્યું છે તો તેનો પ્રતિકાર શો કરવો ? પણ જો કોઈ અતિથિ આવે તો પ્રથમ તેને જમાડીને જમું તો આ અશુભનો ભાર હળવો થાય.

## ચંદનાને બારણે, પ્રભુ પધાર્યા પારણે

આખરે પાંચ માસ અને પચીસ દિવસથી ઘૂમતા તપસ્વી મહાવીરનાં ચરણ તેમને ચંદના પાસે લઈ આવ્યાં. પ્રભુને નિહાળીને ચંદનાનું રડતું હૃદય હસી ઊઠ્યું. આંખમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હર્ષાશ્રુ સાથે તે બોલી "પધારો, પ્રભુ પધારો" અને બળ કરીને તે ઉંબરા વચ્ચે બેડી સહિત ઊભી રહી. તે પોતાની સઘળી વિપત્તિ ભૂલી ગઈ અને પ્રભુને વંદન કરી બોલી.

"હે પ્રભુ ! આજે મારાં ધન્યભાગ્ય છે કે આપ આ દાસી સમક્ષ આવીને ઊભા છો. તેની ભાવનાપૂર્તિ માટે પધાર્યા છો, પણ મારું ભાગ્ય કંઈક હીણું છે. તેથી આપને ઉચિત ભોજન આપી શકતી નથી. છતાં આ બાકુળા ગ્રહણ કરીને મને ધન્ય બનાવો, પ્રભુ આપના દર્શનમાત્રથી મારા દુઃખનો નાશ થયો છે."

કદાચ આ ઘડી માટે જ કર્મરાજાએ આ નાટક ભજવ્યું હશે ? તપસ્વી પ્રભુએ ચંદના પ્રત્યે અમીદૃષ્ટિ કરીને જોયું. તેમના માનસપટ પર અભિગ્રહ માટે જે સંકેત અંકિત થયો હતો તે પૂર્ણ થયેલો જાણી, પ્રભુએ પોતાના કર ચંદના સામે પ્રસાર્યા, ચંદનાએ હર્ષોલ્લાસ સહિત પ્રભુને અડદના બાકુળા અર્પણ કર્યા. પ્રભુને પારણું થયું. સત્ય પાત્ર અને સત્‌પુરુષનો યોગ થતાં તે જ સમયે ચંદના પગની જંજીરોથી મુક્ત થઈ, અને પરિભ્રમણની મુક્તિનું બીજ પણ પામી ગઈ. તે સમયે શું બન્યું ?

અભિગ્રહ પૂર્ણ થવાથી દેવતાઓ પ્રસન્ન થઈને તે જ સમયે હાજર થયા. તીર્થંકરના પુણ્યાતિશયના બળે, ત્યાં દેવતાઓ વડે પાંચ દિવ્યો પ્રગટ થયાં. વળી ઇન્દ્રરાજની વૈક્રિય લબ્ધિ વડે તત્કાળ ચંદનાની બેડીનું સ્થાન સુવર્ણનૂપુરે લીધું. કેશકલાપ પૂર્વની જેમ મસ્તકે શોભી ઊઠચો. શરીરે સુંદર વસ્ત્રાલંકાર ધારણ થયાં અને ચંદનાની ક્ષુધા તો પ્રભુની અમીદૃષ્ટિથી શાંત થઈ ગઈ હતી.

પ્રભુના પારણાથી પ્રસન્ન થયેલા દેવતાઓ દુંદુભિના બુલંદ ધ્વનિ સહિત નૃત્ય કરવા લાગ્યા. દુંદુભિના નાદથી રાજા, પ્રજા સૌએ જાણ્યું કે પ્રભુને પારણું થયું છે. રાજા, રાણી, મંત્રી મોટા પરિવાર સાથે, અને ચારે દિશાઓથી નાગરિકોનો મોટો સમૂહ ધનાવહ શેઠને આંગણે એકઠો થયો. દિવસોથી પ્રભુના પારણા માટે અધીરાં બનેલાં રાજા-પ્રજા સૌ પ્રસન્ન થયાં. ધનાવહ લુહાર લઈને આવી પહોંચ્યા, ત્યારે તે આ ભીડ જોઈને આશ્ચર્ય પામ્યા. માંડ માંડ માર્ગ કરીને ઘરમાં આવ્યા, અને જે દૃશ્ય જોયું તેનાથી અત્યંત પ્રસન્ન થયા. પ્રભુને વંદન કરી પોતે ધન્ય થયા. ઉપસ્થિત રહેલા કેટલાક ભવ્ય જીવો આ દૃશ્ય નિહાળી ધન્ય થઈ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચંદના કોણ હશે ?

પ્રભુ એ જ ધીરતા અને સમતાથી પાછા વળ્યા. સૌને પ્રશ્ન થયો કે આ ચંદના કોણ હશે ? ત્યાં સંપુલ નામનો દધિવાહનનો એક સેવક, જે ચંપાનગરી લૂંટાઈ ત્યારે તે પકડાઈ ગયો હતો, તેને આજે જેલમાંથી મુક્તિ મળી હતી. તે ત્યાં આવ્યો અને ચંદનાના ચરણમાં પડી રુદન કરવા લાગ્યો. ઘણે સમયે પોતાના દેશના વતનીને જોઈને ચંદનાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. શતાનિક રાજાએ ત્યાં આવીને સંપુલને પૂછ્યું કે "તું કેમ રડે છે ?"

સંપુલની અશ્રુધારા આ પ્રશ્નથી વિશેષ ઉત્કટ થઈ. તે માંડ માંડ બોલી શક્યો કે "અનેક પ્રકારના વૈભવમાં ઊછરેલી દધિવાહન રાજા અને ધારિણીની રાજકન્યા વસુમતી આજે દાસીપણું પામી છે તે જોઈ મને રુદન આવે છે."

તે સમયે મૃગાવતી બોલી ઊઠી કે 'અરે, આ ચંદના ધારિણીની પુત્રી છે ? ધારિણી તો મારી બહેન છે. બહેનની પુત્રી તે મારી જ પુત્રી છે.'

પ્રભુનું પારણું થવાથી દેવોએ કરેલા દિવ્યોમાં ત્યાં રત્નોની વસુધારા થઈ હતી. રાજા સમજ્યો કે આ ધનનો માલિક હું છું. તેથી લોભવશ તેણે પોતાના સૈનિકોને તે લઈ જઈ રાજના ખજાનામાં મૂકવા આદેશ આપ્યો.

તે સમયે હાજર રહેલા સૌધર્મે શતાનિકને કહ્યું કે "આ રત્નરાશિની સ્વામિની ચંદના છે, તેથી તે જેને આપે તે આ રત્નરાશિ લઈ શકે."

ચંદનાએ નિસ્પૃહભાવે પોતાના પાલક પિતા તેના માલિક થાય, તેવી ઇચ્છા દર્શાવી, આથી એ રત્નરાશિના માલિક ધનાવહ થયા.

ત્યાર પછી ધારિણીને એમ કે હવે હું તો માસી થઈ એટલે ચંદના મારે મહેલે આવીને રહેશે અને તેથી તેણે ચંદનાને મહેલે આવવા જણાવ્યું.

ચંદના સંસારના નાટકને જોયા કરતી હતી, અને પોતાના ભૂતકાળને જોઈ વિચારતી હતી કે આ જગતના માનવીઓમાં કેવી સ્વાર્થવૃત્તિઓ પડી છે. વર્ષોનાં વહાણાં વીતી ગયાં, કોઈ જાણતું નહોતું ચંદના કોણ છે ? તેની શું સ્થિતિ છે ? આજે તો રત્નરાશિના સ્વામી થવું રાજાને ગમ્યું. જે રાજા સત્તાકાંક્ષાથી પ્રેરાઈને પોતાના જ બનેવી સાથે યુદ્ધે ચઢ્યો હતો, રાજ્યને અને પરિવારને પરાજિત કરી, એક સુખદ માળો વીંખી નાંખ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, તે હવે પ્રભુને પારણું કરાવનાર વ્યક્તિને પ્રતિષ્ઠાનું કારણ જાણી, મહેલે લઈ જવા તત્પર થયા હતા, વાહ વિધિ, તારું નાટક પણ અજબ છે !

આ સર્વ પ્રસંગથી ચંદનાનું ચિત્ત તો પ્રભુચરણે રહેવા જ પ્રેરાયું હતું. તેને રાજમહેલનાં સુખ કે રત્નરાશિમાં કોઈ પ્રીતિ ન હતી. આથી રાજારાણીનો આભાર માની તેણે કહ્યું કે પોતે જીવનનો શેષ સમય ધનાવહને ત્યાં જ ગાળશે. ચંદના તરીકે દાસત્વમાં એને સુખ છે. અને વળી દાસીને પોતાની સ્વતંત્ર ઇચ્છા હોતી નથી.

રાજાએ પૂછ્યું "તું હવે દાસી કેવી રીતે ?"

"મહારાજ, એ તો આપ જ જાણી શકો."

આ જવાબથી રાજાને આશ્ચર્ય થયું. મંત્રીને પૂછતાં મંત્રીએ સૈનિકોના અત્યાચારની વાત કરી. સૈનિકોએ કરેલા અત્યાચારથી રાજાનું શીશ નમી પડ્યું. પોતાના યુદ્ધ-ઉન્માદ પર તેને પસ્તાવો થવા લાગ્યો.

આખરે ઇન્દ્રે ધનાવહને કહ્યું કે આ કન્યાને તમે સામાન્ય ન માનતા, તે સંસારી જીવો કરતાં અનેરી સ્ત્રી છે. ભોગ તેને સ્પર્શતા નથી. ભગવાન મહાવીર જ્યારે તીર્થની સ્થાપના કરશે ત્યારે પ્રથમ સાધ્વીપદે ચંદનાનું સ્થાન હશે. અને તે આ જ જન્મમાં મુક્તિ પામશે. તમે તેનું તમારા પ્રાણની જેમ રક્ષણ કરજો.

છતાં શતાનિક રાજાના અત્યંત આગ્રહથી અને રાજાજ્ઞાને માન આપી ધનાવહે ચંદનાને રાજાને સોંપી, ચંદનાને તો મહેલ અને જંગલ સમાન હતાં. તે રાજ્યના અંત:પુરમાં રહીને પણ ઉત્તમ શ્રાવિકાધર્મને પાળતી રહી, અને પ્રભુ તીર્થની સ્થાપના કરે, ત્યારે પ્રભુચરણે શેષ જીવન ગાળવાની આતુરતાપૂર્વક ઇચ્છા રાખતી ગાળતી હતી.

## ઉપસર્ગની ચરમસીમા અને વિરામ

### દૃઢપણે બાંધેલાં કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી

ત્યાર પછી પ્રભુ ગામેગામ, વન-ઉપવનમાં વિહાર કરતા રહ્યા. માર્ગમાં દેવો વડે પૂજાતા અને વંદાતા રહ્યા. આમ થોડો સમય ઉપસર્ગ રહિત અને પરિષહ સહિત પસાર થયો. ત્યાં વળી પ્રભુ પર મહાન ઉપસર્ગ આવી પડ્યો. દૃઢપણે બાંધેલાં કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી. તે સમયે પ્રભુ ષણમાનિ ગામની બહાર પ્રતિમા ધારણ કરીને રહ્યા હતા. તેઓ જ્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા ત્યારે સત્તાના મદમાં અજ્ઞાનવશ શય્યાપાલના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાનમાં તપાવેલા સીસાનો રસ રેડાવી તીવ્રકર્મ ઉપાર્જન કર્યું હતું, તે અશાતાવેદનીયરૂપે આ સમયે ઉદયમાં આવ્યું. તે શય્યાપાલ ઘણું ભવભ્રમણ કરીને આ ગામમાં ગોવાળિયો થયો હતો. તે રાત્રિએ પોતાના બળદોને પ્રભુની પાસે મૂકી ગામમાં ગયો. બળદો તો દૂર ચાલી ગયા.

ગોવાળિયો પાછો આવીને પ્રભુને બળદ વિષે પૂછવા લાગ્યો. પુનઃ પુનઃ મોટી બૂમો મારીને પૂછવા છતાં જ્યારે પ્રભુએ જવાબ ન આપ્યો ત્યારે તે અતિ આવેશમાં આવી ગયો. તેણે શરકટ વૃક્ષના, તીર બનાવવાના કાષ્ઠના ખીલા બનાવી પ્રભુના બન્ને કાનમાં નાખીને તેને અંદર એવી રીતે ખોસી દીધા કે બન્નેના અગ્રભાગ એકબીજાને મળી ગયા. વળી તે ખીલા કોઈ ખેંચી કાઢે નહિ તેવા નિર્દય ઇરાદાથી તેણે બહારનો ભાગ કાપી નાખ્યો, અને પછી ચાલી ગયો. પણ પ્રભુ તો અચલ અને અડગ રહ્યા.

શૂળના ઉપસર્ગની વેદના સહિત છતાં શાતા-અશાતાના વેદનથી રહિત પ્રભુ તો વિહાર કરીને મધ્યમ અપાપા નગરીમાં સિદ્ધાર્થ નામના વૈશ્યને ત્યાં પારણા માટે પધાર્યા. તે સિદ્ધાર્થે તેમને ભક્તિથી વંદન આદિ કરી પારણું કરાવ્યું. તે સમયે તેને ત્યાં ખરક નામનો એક વૈદ્ય બેઠો હતો. તે પ્રભુનું સર્વલક્ષણયુક્ત શરીર જોઈને અત્યંત પ્રભાવિત થયો. પણ પ્રભુના મુખ પર તેને કંઈક અસુખ જેવું જણાયું. તેણે આ વાત તેના મિત્રને કરી. મિત્રે કહ્યું કે, તો પછી તું બરાબર તપાસ કરીને મને કહે. તે કુશળ વૈદ્યે પ્રભુના શરીરને નિહાળ્યું અને તરત જ તેને ખ્યાલ આવ્યો કે પ્રભુના કાનમાં તીક્ષ્ણ શૂળ ભોંકી દેવામાં આવી હતી. છતાં પ્રભુ તો સ્વસ્થ હતા. સિદ્ધાર્થે મિત્રવૈદ્યને કહ્યું કે, તું શીઘ્ર તેનો ઉપાય કર. તેઓ બંને કંઈ પણ વિચારે તે પહેલાં પ્રભુ તો નિરપેક્ષ ભાવે ત્યાંથી ઉદ્યાન તરફ ચાલ્યા ગયા અને ત્યાં ધ્યાનમાં પ્રવૃત્ત થયા.

પુણ્યવંતા તે બંને મિત્રો યોગ્ય ઔષધિ લઈને સત્વરે ઉદ્યાનમાં પહોંચ્યા. અમુક પ્રકારનાં તેલ વગેરે ઔષધ નાખ્યા પછી સાણસી વડે ખરક વૈદ્યે ઊંડી ઊતરેલી તે શૂળોને મહામહેનતે ખેંચી કાઢી. શરીર પ્રત્યે નિરપેક્ષ એવા ભગવાનનો દેહ આ ક્રૂરતા પ્રત્યે એક ચીસ પાડી ઊઠ્યો, તેને કારણે એ ઉદ્યાનમાં એક સન્નાટો છવાઈ ગયો. ત્યાર પછી તે ખરક વૈદ્યે ઘા રુઝાવાની ઔષધિ નાખી પ્રભુની સેવા કરી. પુણ્યયોગ પ્રાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી આયુષ્ય પૂર્ણ થયે બંને મિત્રો સ્વર્ગલોકમાં સંચર્યા અને દુષ્ટ ગોવાળિયો ક્રૂર કર્મને કારણે અધોગતિ પામ્યો. શાસ્ત્રકાર લખે છે, ભગવાનને ઘણા ઘોર ઉપસર્ગ થયા તેમાં શૂળનો ઉપસર્ગ અતિ કષ્ટદાયક હતો. તે પછી ઉપસર્ગોનો અંત આવ્યો.

નાનામોટા સર્વ ઉપસર્ગો સમયે પ્રભુએ તેનો સહજ સ્વીકાર કરી ક્ષમાભાવે સહન કરી લીધા હતા. ઇંદ્રની ભક્તિને કારણે તેમને તેની પ્રિયતા ન હતી અને ઉપસર્ગોના કરનાર પ્રત્યે તેમને કોઈ ખિન્નતા ન હતી.

## શ્રમણ ભગવાન મહાવીર અણગારની ચર્યા

ક્ષમાસાગર ભગવાન હાલવા-ચાલવામાં કોઈ જીવની વિરાધના ન થાય તેમ સમ્યક્ પ્રવૃત્તિવાળા હતા. (ઈર્યાસમિતિ), નિર્દોષ વચન બોલવાના ઉપયોગવાળા (ભાષાસમિતિ), દોષરહિત ભિક્ષા ગ્રહણ કરવામાં ઉપયોગવાળા (એષણાસમિતિ), ઉપકરણની યતનાવાળા (આદાનભત્તનિખ્ખેવણા સમિતિ), શરીરના મળમૂત્રનો ત્યાગ કરવામાં ઉપયોગવાળા (ઉચ્ચારપાસવણભૂમિ) હતા. ભગવાન અતિશયયુક્ત હોવાથી પાછળની બે સમિતિનો આચાર તેમને હોતો નથી. સૂત્રની સળંગતા માટે લેખન આપવામાં આવ્યું છે. શુદ્ધ યોગમાં સ્થિર પ્રભુ શુભ મનોયોગ, વચનયોગ તથા કાયયોગમાં ગૌણપણે પ્રવર્તતા હતા. મુખ્યત્વે આત્મરામી હતા અને અશુભ ત્રિયોગને રોકનારા હતા. બ્રહ્મચર્યમાં એકનિષ્ઠ હતા. ક્રોધ, માન, માયા, લોભ રહિત હતા. આંતરબાહ્ય વૃત્તિઓથી શાંત હતા. નિર્ગ્રંથ હતા, મિથ્યાત્વાદિ દોષથી અત્યંત રહિત હતા. રાગદ્વેષથી આત્યંતિકપણે નિર્લેપ હતા, નિરપેક્ષપણે વિહાર આદિ કરતા હતા, નિષ્પરિગ્રહી હતા, અપ્રમત્તદશામાં હતા, મહાવ્રતના પાલનમાં પરિપૂર્ણ હતા. સંયમમાં દૃઢ હતા, હર્ષવિષાદનાં કારણોથી પર હતા. ઇંદ્રિયવિજેતા હતા. શુદ્ધ ધ્યાનમાં અવલંબનને સાધતા હતા. કર્મશત્રુઓથી પરાભવ પામે તેવા ન હતા. ભાવ વડે જ્ઞાનયુક્ત હતા. આવા અસાધારણ ગુણો વડે અર્થાત્ અનુપમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય વડે યુક્ત હતા.

અનુપમ આર્જવ-માયારહિત ગુણોવાળા હતા. સચિત્-અચિત્ કોઈ પણ દ્રવ્યથી તેઓને પ્રતિબંધ ન હતો. કોઈ ગામ કે નગરમાં પ્રભુને મારાપણાનો ક્ષેત્રથી પ્રતિબંધ ન હતો. સૂક્ષ્મ કે સ્થૂળ સમયનો કોઈ પણ પ્રતિબંધ ન હતો કે આ વર્ષ કે આ ઋતુ મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુકૂળ કે પ્રતિકૂળ છે. ભાવને આશ્રયીને કોઈ પણ પ્રકારના ક્રોધાદિ કષાય કે નોકષાયનો ભગવાનને પ્રતિબંધ ન હતો. અઢાર પાપો-દોષરહિત પ્રભુ હતા.

ચાતુર્માસ સિવાય પ્રભુ સ્થિરવાસ કરતા ન હતા. અપકાર અને ઉપકાર કરનાર પ્રત્યે સમાન ભાવવાળા હતા. તૃણ અને મણિ પ્રત્યે સમાન દૃષ્ટિવાળા હતા. સુખદુઃખ સમાન ભાવવાળા હતા. જીવિત અને મરણમાં આકાંક્ષારહિત હતા. કર્મોરૂપી શત્રુઓનો નાશ કરી સંસારસમુદ્રનો પાર પામવાવાળા હતા. આવા અસાધારણ ગુણોનાં ધારક શ્રમણ ભગવાન મહાવીર સત્ય, સંયમ અને તપને સારી રીતે આચરવાથી મુક્તિરૂપી ફળવાળા હતા. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી રત્નત્રય સ્વરૂપ, નિર્વાણમાર્ગ વડે યુક્ત હતા. અનેક ગુણોના સમૂહ વડે આત્માને ભાવતાં ભગવાનને દીક્ષાકાળનાં બાર વરસ ને છ માસ પૂર્ણ થયાં હતાં. મૌનપણે સાડાબાર વરસ જંગલ, વન અને ઉપવનમાં પ્રભુ વિહરતા હતા. જનકલ્યાણ માટે ક્યારેક નગરીમાં પણ વિહરતા હતા.

### ભગવાનનું નિર્લેપપણું

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्


કાંસાનું પાત્ર જેમ જળથી લેપાતું નથી તેમ પ્રભુ કોઈના સ્નેહથી લેપાતા નથી. શંખ રંગથી રંગાતો નથી તેમ પ્રભુ પણ કોઈ પ્રકારથી રંજિત થતા ન હતા - નિરંજન હતા. ગ્રામાનુગ્રામ વિહાર કરવા છતાં આકાશની જેમ આધારરહિત - સ્વાધીન હતા. શરદ ઋતુના જળના જેવા પવિત્ર હતા. કર્મથી લેપાયા વગરના કમળ જેવા હતા. કાચબાની જેમ ઇંદ્રિયોને વશ રાખનારા હતા. અપરિગ્રહી અને અપ્રમાદી હતા.

કર્મશત્રુઓને હણવામાં હાથી જેવા શૂરવીર હતા. મહાવ્રતના ભારને વહન કરવામાં ઋષભ જેવા હતા. સ્વીકારેલા તપસંયમમાં મેરુ પર્વત જેવા અચલ હતા. હર્ષવિષાદનાં કારણોમાં સાગર જેવા ગંભીર હતા. ચંદ્રમાની જેમ સૌને શીતળતા દેનારા હતા. સૂર્યની પેઠે જ્ઞાનરૂપ પ્રકાશવાળા હતા. શીતાદિ પરિષહોને પૃથ્વીની જેમ સહન કરનારા હતા. આ પ્રમાણે પ્રભુ નિર્લેપ હતા.

## ભગવાન મહાવીરની અપ્રતિબદ્ધતા


ભગવાન મહાવીરને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી જગતમાં કોઈ પ્રતિબંધ ન હતો. તે સદાસર્વદા અપ્રતિબદ્ધપણે વિહરતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



દીક્ષાકાળમાં ભગવાન મહાવીરને
ગોવાળ દ્વારા ઉપસર્ગનો થયેલો પ્રારંભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન મહાવીરને દીક્ષાકાળમાં થયેલો ચરમ અને ઘોર ઉપસર્ગ.
ગોવાળે કાનમાં ભોંકેલી શૂળોને ચાર સજ્જન મિત્રો દૂર કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દ્રવ્યથી અપ્રતિબદ્ધ :** સ્ત્રી પુત્ર મિત્ર આદિ સજીવ પદાર્થો કે વસ્ત્રાભૂષણ આદિ અજીવ પદાર્થો કે બંને મિશ્ર પદાર્થોમાં પ્રભુને આત્યંતિક અભાવ હતો. તેવાં દ્રવ્યોના ગમે તેવા સંયોગ કે વિયોગમાં પ્રભુ અપ્રતિબદ્ધપણે રહેતા હતા. સંસારનો બંધ કરનારા કોઈ પદાર્થનો પ્રભુને પ્રતિબંધ ન હતો. તે સર્વથા અપ્રતિબદ્ધ હતા.

**ક્ષેત્રથી અપ્રતિબદ્ધ :** દેહ, ઘર, ગ્રામ, નગર, ખેતર, ધરતી કે આકાશ જેવા કોઈ ક્ષેત્રથી પ્રભુ અપ્રતિબદ્ધ હતા. એમાંનાં કોઈપણ ક્ષેત્ર મારાં છે એવા સંસારનો બંધ કરનારા મમત્વાદિથી પ્રભુને પ્રતિબંધ ન હતો. તેઓ સર્વથા અપ્રતિબદ્ધ હતા.

**કાળથી અપ્રતિબદ્ધ :** સમય જેવો અત્યંત સૂક્ષ્મ કાળ, શ્વાસોચ્છ્‌વાસના પ્રમાણવાળો કાળ, ક્ષણ, મુહૂર્ત, રાત્રિ, દિવસ, અઠવાડિયાં, પખવાડિયાં, મહિના, વર્ષ કે યુગ જેવા લાંબા યોગમાં આ મને અનુકૂળ છે કે આ મને પ્રતિકૂળ છે એવા સમય માટે પ્રભુને પ્રતિબંધ ન હતો. તેઓ સર્વથા અપ્રતિબદ્ધ હતા.

**ભાવઅપ્રતિબદ્ધતા :** ક્રોધ, માન, માયા, લોભ જેવા કષાયોમાં, ભય, હાસ્ય, પ્રેમ, દ્વેષ કે કલેશ જેવા કષાયોથી પ્રભુ અત્યંત અપ્રતિબદ્ધ હતા. આળ, આરોપ, વિકથા, હર્ષ, શોક, માયા, કપટ, અસત્યાદિ કે મિથ્યાદર્શન જેવા ભાવોથી પ્રભુ અત્યંત અપ્રતિબદ્ધ હતા.

કોઈપણ પ્રકારે આ મારું છે તેવા સાંસારિક ભાવથી ભગવાન અત્યંત અપ્રતિબદ્ધપણે વિહરતા હતા.

## ભગવાને કેવાં તપ આદર્યાં હતાં ?

એક છમાસી, બીજી છમાસીમાં પાંચ દિવસ ઓછા, નવ ચારમાસી, બે ત્રણમાસી, બે અઢીમાસી, છ બેમાસી, બે દોઢમાસી, બાર માસક્ષમણ, બોંતેર પક્ષક્ષમણ, બાર અઠ્ઠમ, બસો ઓગણત્રીસ છઠ્ઠ, એક સર્વતોભદ્ર પ્રતિમા દસ દિવસની, એક મહાભદ્ર પ્રતિમા ચાર દિવસના પ્રમાણની, એક ભદ્ર પ્રતિમા બે દિવસની. લગભગ સાડા બાર વર્ષમાં ભગવાને ત્રણસો પચાસ દિવસ પારણું કર્યું હતું. સર્વ તપ જળરહિત કર્યાં હતાં. નિત્ય સળંગ ભોજન તો પ્રભુએ કર્યું જ ન હતું. પ્રભુ ઇંદ્રિયવિજેતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રભુ પરમાત્મપદને પામ્યા


દીક્ષાકાળ પછી બાર વર્ષ અને સાડા છ માસ વ્યતીત થયે ભગવાન મહાવીર ગ્રીષ્મકાળના વૈશાખ માસના શુકલ પખવાડિયાની દશમી તિથિએ મધ્યાહ્ન કાળે વિજય નામના મુહૂર્તમાં જુંભિકગ્રામ નામના નગરની બહાર ઋજુવાલિકા નદીને કાંઠે એક જીર્ણ મંદિરની નજીક એક નિર્દોષ ભૂમિમાં શાલ નામના વૃક્ષની નીચે શુકલધ્યાનની શ્રેણીમાં આરૂઢ થયા હતા. નિર્જળ છઠ્ઠ વડે યુક્ત હતા, તેવા શ્રમણ ભગવાન મહાવીરને શુકલ ધ્યાનના છેલ્લા બે ભેદમાં વર્તતાં કેવળજ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયાં. પ્રભુ પરમાત્મપદને પામ્યા. પ્રભુનું કેવળજ્ઞાન કોઈપણ વસ્તુ વડે વ્યાઘાતરહિત પરમ શુદ્ધ અને લોકાલોકપ્રકાશક હતું. સમસ્ત વિશ્વના જીવ-અજીવના દ્રવ્ય, ગુણ અને પર્યાયોના સામાન્ય અને વિશેષ ધર્મોને તેઓ યુગપત્ જાણનારા થયા. તે જ્ઞાન અનંત ગુણોવાળું અને નિરાવરણ હતું. પ્રભુએ ચાર ઘાતિકર્મનો આત્યંતિકપણે નાશ કર્યો હતો. તેના ફળસ્વરૂપે અનંત ગુણોયુક્ત અવિનાશી એવું કેવળજ્ઞાન પ્રભુને પ્રગટ થયું હતું.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ વડે પ્રભુ અર્હંત થયા, એટલે અશોક વૃક્ષાદિ પ્રાતિહાર્યની પૂજાને યોગ્ય થયા. તીર્થંકર નામકર્મનો એવો પુણ્યાતિશય હોય છે. પ્રભુ તો નિઃસ્પૃહ છે પણ પુણ્યકર્મનો ઉદય તેઓ ટાળી શકતા નથી. વળી તેઓ પુણ્યમાં રોકાતા પણ નથી. તેમનો પૂર્ણજ્ઞાનાતિશય એવો પ્રબળ હોય છે કે તેમને જગતમાં કોઈ પ્રતિબંધ થતો નથી. તેઓ સર્વથા અપ્રતિબદ્ધ હોય છે.

## ગણધરવાદ પૂર્વે શું બન્યું ?


ધરતી પર પ્રભુ અનુપમેય કેવળજ્ઞાન પામ્યા કે તે જ ક્ષણે ઇંદ્રનું સિંહાસન કંપવા લાગ્યું. અવધિજ્ઞાન વડે ઇંદ્રે પ્રભુના અતિ મહિમાવંત કેવળજ્ઞાનને જાણ્યું, અને તરત જ અન્ય દેવોથી પરિવરેલા તેમણે ધરતી પર સમવસરણની રચના કરી. તેના સિંહાસન પર બિરાજમાન થઈને પ્રભુએ આચાર પ્રમાણે દેશના આપી. પણ આશ્ચર્ય ! કોઈ ભગવાનની અમૃતવાણીને પાત્ર હાજર ન હોવાથી કોઈને વિરતિ પરિણામ થયા નહિ અને દેશના ફળી નહિ. પ્રભુ તો ત્યાંથી વિહાર કરીને અપાપાપુરીના મહાસેન ઉદ્યાનમાં પધાર્યા.

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ઋજુવાલિકા નદીને કિનારે ભગવાન મહાવીર ચારઘાતી
કર્મોનો નાશ કરી ગોદોહાસન મુદ્રામાં કેવળજ્ઞાન પામ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન મહાવીરનો આત્મા સિદ્ધગતિને પામ્યો.
તેમના દેહના અંતિમ દર્શન ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રભુના ઉપદેશને પાત્ર પંડિતો મળ્યા

તે કાળે અને તે સમયે અપાપાપુરીમાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે મોટો યજ્ઞ યોજ્યો હતો. તે માટે ઘણા વિચક્ષણ બ્રાહ્મણો-પંડિતોને આમંત્રણ આપ્યું હતું. તેમાં ચૌદ વિદ્યાના પારગામી મહા શાસ્ત્રજ્ઞ એવા ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્રણે ભ્રાતા પાંચસો શિષ્યોથી પરિવરેલા આવ્યા હતા. વ્યક્ત અને સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ વગેરે અગિયાર પંડિતો ત્રણસો ત્રણસો શિષ્યોના પરિવાર સાથે ત્યાં આવ્યા હતા. તે સર્વને સંપૂર્ણજ્ઞાન હતું નહિ. પોતે શંકાશીલ હોવા છતાં શાસ્ત્રજ્ઞાનને આધારે તેઓ પોતાને સર્વજ્ઞ માનતા હતા. અહંકારને કારણે પોતાની શંકાનું નિવારણ પણ કરતા ન હતા. તેઓને આ પ્રમાણે શંકા હતી.

૧. ઇંદ્રભૂતિ — જીવ છે કે નહિ ?

૨. અગ્નિભૂતિ — કર્મ છે કે નહિ ?

૩. વાયુભૂતિ — શરીર એ જ જીવ છે કે શરીરથી જીવ ભિન્ન છે ?

૪. વ્યક્ત — પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ એ પાંચ ભૂત છે કે નહિ ?

૫. સુધર્મા — આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ થાય કે પરભવમાં ભિન્ન સ્વરૂપે થાય ?

૬. મંડિત — આ જીવને કર્મથી બંધ અને મુક્તિ છે કે નહિ ?

૭. મૌર્યપુત્ર — દેવલોક છે કે નહિ ?

૮. અકંપિત — નારકી છે કે નહિ ?

૯. અચલભ્રાતા — પુણ્ય-પાપ છે કે નહિ ?

૧૦. મેતાર્ય — પરલોક છે કે નહિ ?

૧૧. પ્રભાસ — મોક્ષ છે કે નહિ ?

આ પ્રમાણે અગિયારે પંડિતો સંશયવાળા હતા. છતાં સર્વજ્ઞતાનો ભાસ સેવતા હતા. જોકે તેમનું ભવિતવ્ય પાત્રતા પામવાનું હતું.

## ઇંદ્રભૂતિની સમસ્યા

અપાપાપુરીમાં એક બાજુ યજ્ઞક્રિયાનો આરંભ થયો હતો, ત્યારે બીજી બાજુ

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન મહાવીર ઉદ્યાનમાં પધાર્યા હતા. તે અવસરે પ્રભુને વંદન કરવા આકાશમાંથી દેવોને ધરતી પર આવતા જોઈ બ્રાહ્મણો યજ્ઞનો મહિમા ગાવા લાગ્યા ! પણ આ શું ? દેવો યજ્ઞમંડપમાં ઊતરવાને બદલે આગળ ચાલ્યા ગયા. તપાસ કરતાં જાણવા મળ્યું કે એ દેવો તો સર્વજ્ઞ ભગવાન મહાવીરને વંદન કરવા જતા હતા. 'સર્વજ્ઞ' શબ્દ શ્રવણ થતાં જ ઇંદ્રભૂતિના કાન ઊંચા થયા ને ભૃકુટિ અધ્ધર થઈ ગઈ. મારા સિવાય આ ધરતી પર બીજો સર્વજ્ઞ હોવો સંભવ નથી. કોઈ મૂર્ખોને ઠગવાવાળો આવ્યો છે. પણ અરે ! આ તો દેવો જ ત્યાં જાય છે. શું તે મહા પાખંડી છે કે દેવોને પણ ઠગી લીધા ? પણ કદાચ આ હલકા દેવો હશે તેથી તેઓ મને - સર્વજ્ઞને છોડીને અન્યત્ર જઈ રહ્યા છે.

તે વિચારવા લાગ્યો કે આકાશમાં બે સૂર્ય ન હોય, એક ગુફામાં બે સિંહ ન હોય, એક મ્યાનમાં બે તરવાર ન હોય, તેમ આ નગરીમાં બે સર્વજ્ઞ કેવી રીતે હોઈ શકે ? કોઈ ખરો આડંબરી ઇંદ્રજાળિયો આવ્યો લાગે છે. આથી કોઈ પાછા ફરતા મનુષ્યોને તેણે પૂછ્યું કે હે મનુષ્યો ! તમે સર્વજ્ઞને જોયો ? તે કેવો છે ?

મનુષ્યો — ત્રણે જગતના લોકો એકત્ર થઈને સ્તુતિ કરે તો પણ પ્રભુના ગુણો પૂર્ણપણે ગાઈ કે વર્ણવી શકાય તેવા નથી. તેમનું તેજ સૂર્યથી પણ અધિક છે. વધુ શું કહીએ ?

આ સાંભળી ઇંદ્રભૂતિ વિચારવા લાગ્યો કે ખરેખર આ કોઈ મહાધૂર્ત આ નગરીમાં ઘૂસી ગયો લાગે છે. જેમ હાથી કમળને ઊખેડી નાખે તેમ એણે મૂર્ખ માનવોને ભેળવ્યા લાગે છે. તે મારી સાથે વાદવિવાદ કરે તો તેને ખબર પડે કે સર્વજ્ઞ કોણ છે ? હવે તેને ક્ષણમાત્ર પણ સહન કરવા યોગ્ય નથી. જેમ ક્ષત્રિય પોતાના પરાભવને સહન કરતો નથી તેમ હું સર્વજ્ઞ આવા ખોટા સર્વજ્ઞના આડંબરને કેમ સહન કરું ? જેણે પ્રખર પંડિતોને પણ વાદવિવાદમાં પરાજય આપ્યો છે તેવો મારા નગરમાં જ વળી આ સર્વજ્ઞ કોણ ચઢી આવ્યો છે ? ગૌડ, ગૂર્જર, તિલંગ, દ્રવિડ વગેરે કેટલાય ભલભલા પંડિતો મારા ભયથી ડરીને ભાગી ગયા છે. હું તો વાદ માટે આતુર છું પણ તેનો દુકાળ પડ્યો હતો, ત્યાં વળી પોતાની વિજયપતાકા લઈ આ કોણ નીકળ્યો છે ? મગમાં કોરડું રહી જાય તેમ આ કોઈ રહી ગયો લાગે છે. આ પ્રમાણે વિચારીને તેણે અગ્નિભૂતિને કહ્યું કે હું તેને જીતવા જાઉં છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગ્નિભૂતિ – હે વડીલ બંધુ ! સામાન્ય એવા વાદીને જીતવા આપને જવાની જરૂર નથી. મને જ આજ્ઞા આપો. હું સત્વરે તેને પરાસ્ત કરીને આવું છું.

ઇંદ્રભૂતિ – તારી વાત સાચી છે. આ કાર્ય તો મારો એક શિષ્ય પણ કરી શકે. પણ વાદીનું નામ સાંભળીને મારાથી રહેવાતું નથી. તલ પીલતાં જેમ એકાદ તલ રહી જાય, કે ખેતરમાં ઘાસ કાપતાં તણખલું રહી જાય, અથવા અગસ્ત્ય ઋષિને સર્વ સમુદ્રનું પાણી પીતાં કોઈ સરોવર રહી ગયું, તેમ જગતના સર્વ વાદીઓને જીતી લેતાં આ એક વાદી રહી ગયો છે. તે તો ઠીક પણ વળી તે સર્વજ્ઞ કહેવડાવે છે. હવે જો એક વાદી જીતવો મારે બાકી રહી જાય તો મારી વિજયપતાકાનો યશ નષ્ટ થઈ જાય. વહાણમાં પડેલું નાનું છિદ્ર આખા વહાણને ડુબાડી દે છે. મજબૂત કિલ્લાની એક ઇંટ ખસે તો આખો કિલ્લો તોડી શકાય છે. માટે હે ભાઈ ! જગતના સર્વ વાદીઓને જીતીને મેળવેલી કીર્તિના રક્ષણ માટે પણ મારે જાતે જ જવું પડશે.

આ પ્રમાણે ભાઈને સમજાવીને બાર તિલકવાળો, સુવર્ણની જનોઈવાળો, ઉત્તમ વસ્ત્રોમાં સજ્જ, પાંચસો શિષ્યો સહિત તે ઇંદ્રભૂતિ પ્રભુ મહાવીર સાથે વાદ કરવા ત્યાંથી નીકળ્યો. તેના શિષ્યો તેની સ્તુતિ ગાતા આનંદમાં મગ્ન હતા. તે બોલતા હતા : હે સરસ્વતીના પુત્ર ! હે વાદિમતભંજન ! હે વાદિતરુ-ઉન્મૂલન કરવાવાળા ! વિજ્ઞાનભ્રાતા ! હે સરસ્વતીલબ્ધ પ્રસાદ ! તમારો જય હો ! શિષ્યોના અવાજથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું.

## ઇંદ્રભૂતિનો અહંકાર

ઇંદ્રભૂતિ જેમ જેમ પ્રભુની નજીક આવતો ગયો તેમ તેમ તેનો અહંકાર તેજ થતો ગયો. તે વિચારવા લાગ્યો કે, અરે ! આ માણસને આવું શું સૂઝ્યું કે સર્પને છંછેડવા જેવું કર્યું ? બિલાડાની દાઢ પાડવાનું ઉંદર વિચારે ? કેસરીની કેશવાળી ખેંચવાનું સસલાં સાહસ કરે ? તેમ આ નગરીમાં આ માણસે સર્વજ્ઞપણાનું સાહસ કર્યું છે. અરે ! એણે તો પવન સામે અગ્નિ સળગાવ્યો, અને શરીરના સુખ માટે ખંજવાળ આવે તેવા કૌવચને આલિંગન કર્યું. આગિયાનો પ્રકાશ કે ચંદ્રની ચાંદની સૂર્યનો પ્રકાશ ન થાય ત્યાં સુધી જ જણાય છે. સૂર્યનો પ્રકાશ થતાં તે ઝાંખાં પડી જાય છે. જોકે ઘણા સમયથી મને કોઈ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમર્થ વાદી મળ્યો નહોતો. મારી એ તાલાવેલીની હોંશ પૂરી કરવા આ વાદી ફૂટી નીકળ્યો લાગે છે. ઘણા સમયે મને વાદી મળ્યો છે તેથી ઘણો આનંદ થાય છે.

અરે વાદી ! તું જાણે છે હું શાસ્ત્રમાં નિપુણ છું. વ્યાકરણમાં પરિપૂર્ણ છું. સાહિત્યમાં મારી બુદ્ધિ અસ્ખલિત છે. તર્કશાસ્ત્રનો તો હું પારગામી છું. તને દરેક શાસ્ત્રમાં પરાસ્ત કરીશ. આવા અનેક તરંગોને સેવતો અને આનંદમગ્ન તે જાણે વાયુવેગે પ્રભુના સમવસરણની નજીક આવી પહોંચ્યો. અને સમવસરણની બહારનું શાંત, સૌમ્ય અને મનોહર વાતાવરણ જોઈ તે ક્ષોભ પામી વિચારવા લાગ્યો કે ક્યાં યજ્ઞનો કોલાહલ, પશુઓનો દયાર્દ્ર પોકાર, પંડિતોના બુલંદ અવાજો, અને ક્યાં આ સ્થાનની શાંતિ અને સૌમ્યતા ? ત્યાં તેને પ્રભુની દેશનાના શબ્દોનું શ્રવણ થયું. તે વિચારવા લાગ્યો કે અરે ! આ તો અભણ લાગે છે. સંસ્કૃત ભાષા છોડીને કોઈ સામાન્ય ભાષામાં બોલે છે. આમ વિચારતાં તેણે સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે ચોત્રીસ અતિશયયુક્ત, સુવર્ણના સિંહાસન પર બિરાજમાન, ઇંદ્રોથી પૂજાતા, અમૃતમય વાણીથી દેશના આપતા જગદ્વંદ્ય પ્રભુ મહાવીરની સન્મુખ જોયું. અને આશ્ચર્યચકિત થઈને પગથિયા પર જ ઊભો ઊભો વિચારવા લાગ્યો. અહો ! હું શું જોઈ રહ્યો છું ?

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ઇંદ્રભૂતિનો ક્ષોભ

આ કોઈ બ્રહ્મા, વિષ્ણુ કે શંકર છે ? ચંદ્ર છે ? પણ આ તો ચંદ્રની જેમ કલંકસહિત નથી. સૂર્ય છે ? પણ ના, સૂર્યની કાન્તિ સામે જોઈ શકાતું નથી ત્યારે આ સૌમ્ય કાન્તિવાળા છે. તો શું મેરુ હશે ? ના, તે પણ નથી. મેરુ તો અત્યંત કઠણ છે અને આ તો કોમળ છે. જરાભીરુ કામદેવ હશે ? ના, કામદેવને તો શરીર નથી; આ તો શરીરસહિત છે. સાંભળવા પ્રમાણે આ તો સર્વદોષરહિત સર્વગુણસંપન્ન એવા છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર છે. આમ વિચારી તે મનમાં કંઈ ક્ષોભ પામ્યો અને ચિંતામાં પડી ગયો.

તે વિચારવા લાગ્યો કે આની સાથે વાદ કરવાનું મેં ખોટું સાહસ કર્યું. અત્યાર સુધી મેળવેલી કીર્તિનું હવે કેમ રક્ષણ કરવું ? જગતના સર્વ વાદીને તો જીત્યા હતા, આ એકને ન જીત્યો હોત તો શું રહી જવાનું હતું ? એક ખીલી કાઢવા કંઈ આખા મહેલને તોડવાની મૂર્ખાઈ થાય ? મેં ખરેખર વગર વિચાર્યે એવું જ કર્યું છે. ખરેખર મને દુર્બુદ્ધિ સૂઝી કે આ મહાજ્ઞાની સર્વજ્ઞને જીતવા નીકળ્યો. હવે શું બોલવું ? તેમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામે કેવી રીતે જોવું ? હું તો પૂરેપૂરો સપડાયો છું. આમ અનેક પ્રકારે ચિંતિત ઇંદ્રભૂતિ, શંકર ભગવાનની સહાય માગી રહ્યો હતો. (અરે ! સામે જ સાક્ષાત્ પરમાત્મા તને સહાય કરવા તત્પર છે) અને ખરેખર, તેણે સાંભળ્યું કે હે ગૌતમ ઇંદ્રભૂતિ ! તું ભલે આવ્યો.

અરે ! આ શું, તે તો મારું નામ અને ગોત્ર પણ જાણે છે ને ? હા પણ, મારા નામથી આબાલવૃદ્ધ સૌ પરિચિત છે, તેથી તે મારું નામ જાણે તેમાં શુ નવાઈ છે ? છતાં જો તે મારા મનના સંશયને જાણશે અને સમાધાન કરશે તો જાણીશ કે ખરેખર તે સર્વજ્ઞ છે. આમ ઇંદ્રભૂતિ ફોગટ મંથનમાં અટવાયો હતો, ત્યાં તો ભગવાન શ્રીમહાવીર બોલ્યા કે—

હે ઇંદ્રભૂતિ ! તને એવી શંકા છે કે આત્મા છે કે નહિ ? આવો સંશય તને પરસ્પર વિરુદ્ધ લાગતાં વેદવાક્યોથી થયો છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ગણધરવાદ પ્રારંભ

"विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवा नुविनश्यति, न प्रेत्य संज्ञाऽस्ति."

આ વેદવાક્યથી તું એમ જાણે છે કે આત્મા નામનો પદાર્થ નથી પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ ભૂતોમાંથી આ વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેથી પરલોક પણ નથી. આ પાંચ ભૂતો શરીરરૂપે પરિણમે છે ત્યારે જેમ આ ઘડો, આ ઘર, કે આ મનુષ્ય હોય છે, તેમ વિવિધ પ્રકારે એ સર્વ જ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે. પણ તે સર્વ પદાર્થનું જ્ઞાન ધરાવનાર આત્મા નામનો પદાર્થ છે, તેમ તું માનતો નથી, કેમ કે તું માને છે કે પાંચ ભૂતોમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાનનો આધાર પાંચ ભૂતો છે. આવી રીતે પરિણમેલાં પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે અને જળના પરપોટાની જેમ લય પામે છે. પણ આત્મા જ ન હોય તો આ લોક-પરલોક કોના થાય ?

હે ઇન્દ્રભૂતિ ! વળી તને યુક્તિથી પણ તે વાત સંગત લાગે છે કે આત્મા સ્પર્શાદિ અનુભવથી પ્રત્યક્ષ જણાતો નથી. જો આત્મા હોય તો ઘટપટ આદિની જેમ જણાતો હોવો જોઈએ. પરમાણુ અપ્રત્યક્ષ હોવા છતાં સમૂહમાં ઘટપટાદિના કાર્યરૂપે જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ આત્મા તેવી રીતે પરિણમેલો પ્રત્યક્ષ જણાતો નથી. વળી કોઈ અનુમાનથી પણ આત્મા જણાતો નથી. જેમ કે કોઈએ રસોડામાં અગ્નિનો ધુમાડો જોયો હોય તે વ્યક્તિ જ્યારે અન્યત્ર ધુમાડો જુએ ત્યારે અગ્નિનું અનુમાન કરી શકે છે પણ આત્મા એમ અનુમાનથી પણ પ્રત્યક્ષ જણાતો નથી.

વળી શાસ્ત્રોમાં પણ નિશ્ચિતાર્થ નથી. કોઈ કહે છે કે આત્મા છે અને કોઈ કહે છે કે નથી. વળી જગતમાં આત્માને સરખાવી શકાય તેવો કોઈ પદાર્થ નથી. તો પછી હવે આત્મા કોના જેવો માનવો ? વળી ઘી-દૂધ જેવા પૌષ્ટિક પદાર્થ ખાવાથી બુદ્ધિ સતેજ થતી અનુભવીએ છીએ તેથી પણ એમ લાગે છે કે પંચભૂતોમાંથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાન એ ભૂતોનો ધર્મ છે, પણ આત્માનો ધર્મ જણાતો નથી. આમ કોઈ પ્રકારે આત્માની સિદ્ધિ થઈ શકતી નથી. બીજી બાજુ આત્મા છે તેમ જણાવનારાં વેદવાક્યો છે તે તું જાણે છે તેથી હે ગૌતમ ઇંદ્રભૂતિ ! તું આત્મા છે કે નથી તેવા મહાસંશયમાં પડ્યો છું. તું એ વેદવાક્યોનો અર્થ બરાબર સમજ્યો નથી. તેનો અર્થ આ પ્રમાણે છે.

विज्ञानघन - દર્શન-જ્ઞાનનો ઉપયોગ તે વિજ્ઞાન - વિશિષ્ટ જ્ઞાન. તે જ્ઞાનના સમુદાયરૂપ આત્મા ચેતનામય છે તેની શક્તિ જ્ઞાનદર્શનમય છે.

JAINSITE.com જૈન સાઇટ

एवंतभ्यां भूतभ्यः - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ આ ભૂતો. સમુત્થાય - આ ભૂતોના વિકારોથી ઘટપટ ઇત્યાદિ ઉત્પન્ન થાય છે. તે જ્ઞેયો - જણાવા યોગ્ય પદાર્થો છે તે ભૂતોના મિશ્રણથી ઉત્પન્ન થાય છે.

तान्येवाऽनु विनश्यति - તે ઘટપટ આદિ પદાર્થોનો જ્ઞેયપણે અભાવ થતાં આત્માનો ઉપયોગ પણ તેના અભાવે નાશ પામે છે, અર્થાત્ તે પદાર્થોનું જણાવાપણું લય પામે છે. અને વળી બીજા પદાર્થને જાણે છે તેવા ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે.

न प्रेत्यसंज्ञाऽस्ति - ઉપયોગરૂપ પૂર્વનો આત્મા રહેતો ન હોવાથી પૂર્વની સંજ્ઞા રહેતી નથી.

આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શનના ઉપયોગરૂપ અનંતી પર્યાયો - અવસ્થા રહેલી છે તે વિજ્ઞાનના સમુદાયથી કથંચિત્ અભિન્ન છે. દરેક સમયે અવસ્થા બદલાય છે પણ તેથી મૂળ દ્રવ્ય - આત્મા નાશ પામતો નથી. જગતના પદાર્થો માત્ર જ્ઞેયરૂપ છે. જ્ઞાન-ગુણ દર્પણની જેમ સ્વચ્છ હોવાથી તેમાં તે જ્ઞેયો - જણાવાલાયક પદાર્થો પ્રતિબિંબિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. તેથી જ્ઞાન જ્ઞેયાકાર થતું જણાય છે. પણ જ્ઞેયના બદલાવાથી જ્ઞાતા નાશ પામતો નથી, ઉપયોગ પરિવર્તન પામે છે.

હે ઇંદ્રભૂતિ ! ભૂતોના નાશ સાથે આત્મા નાશ પામતો નથી. જો નાશ પામે તો કર્મબંધ કે મોક્ષ પણ ઘટતા નથી, કારણ કે આત્મા કોઈ સંયોગો વડે ઉત્પન્ન થતો નથી કે કોઈના વિયોગથી નાશ પામે. જડ એવા ભૂતોથી આત્માની ઉત્પત્તિ થવી સંભવતી નથી. કારણ કે જડ પદાર્થોનાં લક્ષણો અને ચેતનાનું લક્ષણ ભિન્ન છે. જગતના સર્વ પદાર્થોથી આત્મા ચેતના ગુણલક્ષણે ભિન્ન જણાઈ આવે છે. વળી પાંચ ભૂતોથી આત્મા ભિન્ન ન હોય તો દૃશ્ય જગતનું જ્ઞાન કોને થાય ?

ઘટપટ આદિ એ પુદ્‌ગલોનો - ભૂતોનો સમૂહ છે તેને આત્મા જ્ઞાન ઉપયોગ વડે જાણે છે. ઘટપટાદિ આત્માથી ભિન્ન છે તેમ દેહ પણ આત્માથી ભિન્ન છે. પરંતુ એક જ ક્ષેત્રમાં વ્યાપીને રહ્યા હોવાથી અભિન્ન જણાય છે. પણ તે બંને પોતાનાં લક્ષણોથી ભિન્ન છે. ઘટપટાદિ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા અને જડ છે. આત્મા ચૈતન્ય લક્ષણયુક્ત છે. ઘટપટાદિને જે જાણે છે તેનો તું સ્વીકાર કર કે તે જાણનાર તે આત્મા છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આત્માનો ગુણ જ અવિનાશી છે. બહારની અવસ્થાઓ બદલાય છે. જેમ કે જ્ઞેયો - પદાર્થોને જોઈને જ્ઞાન પરિણમતું જણાય છે. એક દેહનો વિયોગ થતાં આત્માનો વિયોગ જણાય છે પણ તેનો નાશ થતો નથી. કર્મયોગે તે બીજું શરીર ધારણ કરે છે. જગતમાં મૂળ વસ્તુનો અર્થાત્ પદાર્થનો નાશ થતો નથી. પુદ્‌ગલ - શરીર બળી જતાં, રાખ થઈને પરમાણુ કે રજકણરૂપે પરિણમી વળી તે માટીમાં ભળે છે અને પરમાણુના સમૂહરૂપે થઈને અન્ય શરીરોમાં પોતાનું સ્થાન લે છે. પણ પરમાણુપણે ક્યારેય મૂળ વસ્તુનો નાશ થતો નથી.

કેટલીક યુક્તિપ્રયુક્તિથી પણ એ શંકાથી નિવારણ થઈ શકવા સંભવ છે. અજ્ઞાન કે અલ્પજ્ઞતાને કારણે આત્મા દેખાતો ન હોય પણ તે જ્ઞાનીના અનુભવમાં અને સર્વજ્ઞના જ્ઞાનમાં જણાયો છે તેથી તેનું અસ્તિત્વ સ્વીકાર્ય છે. જેમ કોઈ એક રણ-વિસ્તારમાં રહેતા માનવે નાળિયેર જોયું નથી પણ અન્ય વિસ્તારના માનવે તે જોયું છે, તેથી કોઈએ નાળિયેરનું અસ્તિત્વ ન જોયું હોય તો પણ સ્વીકાર્ય બને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ કહેશે અમને જેનો અનુભવ ન થાય તે અમે માનતા નથી અને કોઈનું કહેલું પણ અમને સ્વીકાર્ય નથી. એક માણસે પેંડો ખાઈને બીજી વ્યક્તિને કહ્યું કે તું મને પેટમાં ગયેલો પેંડો દેખાડ તો માનું કે પેંડો ખાધો છે. તે કેવી રીતે બને ? અરે ! શરીરમાં પેટ કે માથું દુઃખે છે તે દર્દી અનુભવે છે ખરો પણ તે દર્દ કેવી રીતે બતાવી શકે ? પેટ ને માથું બતાવી શકાય, પણ વેદના કેવી રીતે બતાવી શકાય ? તેવી રીતે તમને પુત્રાદિના સ્મરણથી ખુશી થઈ તો તે કેવી રીતે બતાવી શકાય ? શબ્દોથી કહી શકાય, કારણ અમર્યાદ વસ્તુને મર્યાદિત વસ્તુથી કેવી રીતે બતાવી શકાય ?

કોઈ કહે છે કે અમે આત્મા જેવું કંઈ માનતા નથી. 'આત્મા' શબ્દ જ આત્મા નામના પદાર્થને જણાવે છે. જે વસ્તુનો ભ્રમ થાય તે વસ્તુનું અસ્તિત્વ હોય છે. નહિ તો શબ્દાકારમાં આવતું નથી. જેમ છીપમાં ચાંદી હોવાનો ભ્રમ થાય છે તે દર્શાવે છે કે ચાંદી જેવી કંઈ વસ્તુ છે ખરી.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

શરીરમાં રહેલી દરેક ઇંદ્રિય પોતાના વિષયને જાણે છે. કેવી રીતે ? દરેક ઇંદ્રિયને ભિન્ન ભિન્ન વિષય હોય છે. પણ એ દરેકનું ભાન આત્માના ઉપયોગ દ્વારા જણાય છે. જો ઇંદ્રિયોને ભાન હોય તો શબમાં ઇંદ્રિયો કાર્યકારી રહી શકે. ચેતનના સંચાર વગરના શબમાં ઇંદ્રિયો કંઈ કરી શકતી નથી. શરીરમાંથી એવું શું નીકળી જાય છે કે તેથી બધી જ ક્રિયા બંધ થઈ જાય છે ? કોઈ કહેશે વાયુ, કોઈ કહેશે વીજળી, કોઈ કહે છે શક્તિ. અરે ! કથંચિત્ એને જ અમે આત્મા કહીએ છીએ. જે તત્ત્વ ગયું તે આત્મા છે. જેના દ્વારા તું શંકા કરે છે તે તું સ્વયં છું.

સર્વજ્ઞ ભગવાન મહાવીરનાં વચનોથી ઇંદ્રભૂતિ અતિશય સંતોષ પામ્યા અને તેમના સર્વ સંશયો નષ્ટ થતાં તેમને નિર્ણય થયો કે આ સર્વજ્ઞ છે, તે કહે છે તેવો આત્મા છે. અને તરત જ તે પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુને સમર્પિત થઈ ગયા અર્થાત્ દીક્ષા ગ્રહણ કરી. તરત જ પ્રભુએ ગૌતમને જગતના સ્વરૂપનો ઉપદેશ આપ્યો કે દરેક પદાર્થ વર્તમાન પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, પૂર્વના પર્યાયરૂપે નષ્ટ થાય છે અને મૂળ દ્રવ્યરૂપે નિત્ય રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"उप्पज्जेई वा, विगमेई वा, धुवेई वा"

પ્રભુમુખથી ત્રિપદીનું શ્રવણ કરીને ગૌતમ શ્રી ઇંદ્રભૂતિએ દ્વાદશાંગીની રચના કરી. તેઓ પ્રભુના પ્રથમ ગણધર થયા.

## ૨. અગ્નિભૂતિનું આશ્ચર્ય

અપાપાપુરીના તાપસોના યજ્ઞમાં શું બન્યું તે જોઈએ. એ યજ્ઞમાં પવનવેગે સમાચાર પહોંચી ગયા કે ઇંદ્રભૂતિ તો ભગવાનના શિષ્ય થયા છે. એ સાંભળી બીજો ભાઈ અગ્નિભૂતિ વિચારવા લાગ્યો કે કદાચ પર્વત કંપાયમાન થાય, બરફ ઓગળી જાય, અગ્નિ શીતળતા પ્રાપ્ત કરે, પવન સ્થિર થઈ જાય, પૃથ્વી પાતાળમાં પેસી જાય તો પણ મારો ભાઈ હારે ? તે સંભવ નથી. તે વિશ્વાસ કરી ન શક્યો કે ઇંદ્રભૂતિ દીક્ષિત થાય. છતાં સંભવ છે કે કોઈ ધૂર્ત વિદ્યાબળે તેઓ ઠગાઈ ગયા હોય ? માટે હું હમણાં જ જઈને પરાજિત થયેલા મારા વડીલ બંધુને મુક્ત કરું. તે પણ અનેક પ્રકારના તરંગો કરતો પાંચસો શિષ્યોથી પરિવરેલો પ્રભુ સન્મુખ પહોંચ્યો. ત્યાં તો તેના શ્રવણે શબ્દો પડ્યા કે—

હે ગૌતમ ગોત્રીય અગ્નિભૂતિ ! તને નિરંતર શંકા રહે છે કે કર્મ જેવું કંઈ હશે કે નહિ. પરસ્પર વિરુદ્ધ લાગતા વેદપદોથી તું મૂંઝાયો છું.

## કર્મનું રહસ્ય અને સમાધાન

पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्

આ વાક્યથી તું એમ સમજ્યો છું કે આ વર્તમાનમાં જણાતું ચેતન તે ત્રણે કાળ માટે પુરુષ જ છે. પણ કર્મ જેવું કંઈ છે નહિ. દેવ, માનવ, તિર્યંચ, પૃથ્વી, પર્વત તે સર્વે આત્મા જ છે. તું માને છે કે અમૂર્ત આત્માને મૂર્ત - રૂપી - કર્મો કેવી રીતે લાભ-હાનિ કરે ? અમૂર્ત એવા આકાશમાં જેમ ચંદનનું વિલેપન શક્ય નથી તેમ અરૂપી એવા આત્માને રૂપી કર્મો કેવી રીતે લાગે ? માટે કર્મ નથી એમ માને છે. બીજી બાજુ તું વેદપદો દ્વારા જાણે છે કે યજ્ઞો જેવાં કૃત્યોથી સ્વર્ગમાં જવાય ઇત્યાદિ. આમ, વિરુદ્ધ વેદપદોથી તું મૂંઝાય છે. પણ તું તે વેદપદોનો અર્થ બરાબર સમજ્યો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદવાક્યો ત્રણ પ્રકારનાં છે. ૧. વિધિદર્શક, ૨. અનુવાદદર્શક અને ૩. સ્તુતિરૂપ હોય છે.

**સ્વર્ગકામોઽગ્નિહોત્રં જુહુયાત્**

સ્વર્ગની ઇચ્છાવાળો અગ્નિ હોત્ર હોમ કરે. આ વાક્યો વિધિદર્શક છે. દ્વાદશ માસા સંવત્સરઃ. બાર મહિનાનું વર્ષ થાય. અનુવાદદર્શક લોકપ્રસિદ્ધ છે.

जले विष्णु; स्थले विष्णुः विष्णु पर्वतमस्तके ।
सर्वभूतमयो विष्णुस्तस्माद् विष्णुमयं जगत् ।।

જળમાં વિષ્ણુ, સ્થળમાં વિષ્ણુ, પર્વતના શિખર પર વિષ્ણુ છે, અને સર્વભૂતોમાં વિષ્ણુ છે. તેથી સમગ્ર જગત વિષ્ણુમય છે.

આ વાક્યો સ્તુતિસૂચક છે. વિષ્ણુનો મહિમા ગાયો છે તેનો અર્થ એ નથી કે વિષ્ણુ સિવાય અન્ય પદાર્થો નથી. તેમ વેદમાં સર્વત્ર કેવળ આત્મા છે, તેમ જણાવી તેનો મહિમા ગાયો છે, તેથી આત્મા સિવાય કર્મ નથી તેવું નથી.

વળી જ્ઞાન અમૂર્ત છે, તે વાત સાચી છતાં બ્રાહ્મી, ઘી, દૂધ જેવા પદાર્થો વડે બુદ્ધિની વૃદ્ધિ થતી જણાય છે, અને મદિરા કે ઝેર જેવા પદાર્થો વડે જ્ઞાનબુદ્ધિ હીન થતી જોઈએ છીએ. માટે અમૂર્ત પણ મૂર્ત દ્વારા લાભહાનિ પામે છે.

વળી ચેતનની પ્રેરણા ન હોય તેવી જડ વસ્તુ કર્મને ગ્રહણ કરી શકતી નથી. આત્મવૃત્તિ જ્યારે વિભાવ-મલિન અવસ્થામાં હોય છે, ત્યારે તે કર્મને ગ્રહણ કરે છે, અને તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહે છે ત્યારે કર્મથી મુક્ત રહે છે.

વળી તું આ જગતમાં જે ચારે બાજુ વિચિત્રતા જુએ છે તેનું કારણ શું છે ? મનુષ્ય ઇચ્છતો નથી છતાં તેને દુઃખ, રોગ, શોક વગેરેની પ્રાપ્તિ થાય છે. વળી જન્મીને તરત જ બાળકે કોઈ દુષ્કૃત્ય કર્યું ન હોવા છતાં એ બાળક જન્મથી રોગિષ્ઠ હોય છે. વળી કોઈ જીવ ધનવાન હોય છે અને કોઈ જીવો દરિદ્રિ હોય છે. એક સુખી, એક દુઃખી, એકને ખાવા માટે પકવાન્ન મળે છે, બીજાને સૂકા રોટલાનાં ફાંફાં હોય છે. એક રોગી, બીજો નીરોગી હોય છે. એકને સૂવા સુંવાળા ગાદીતકિયા હોય છે, બીજાને તૂટેલી ખાટ પણ મળતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો કોઈ એમ કહે કે આ સર્વ તો ઈશ્વરની લીલા છે, અર્થાત્ સર્વનો નિયંતા ઈશ્વર છે; તો ઈશ્વર એટલે શુદ્ધ સ્વભાવ. તે કરુણાસાગર હોય છે. એકને સુખ આપવાનો અને એકને દુઃખ આપવાનો વિકલ્પ તે કરે નહિ. અને ભગવાન કર્મ પ્રમાણે ફળ આપે છે એમ કહો, તો પણ 'કર્મ' છે તેમ માનવું પડે.

એક પિતાના બે પુત્રોને સરખી મિલકત મળી હોવા છતાં એકની સંપત્તિ વધી જાય છે અને બીજો સંપત્તિ ગુમાવી દે છે. એક માતાએ બે પુત્રીને સાથે જન્મ આપવા છતાં એક રોગી રહે છે, બીજી નીરોગી રહે છે. એક રૂપાળી, બીજી કદરૂપી હોય છે. આ સર્વનું કારણ પૂર્વનાં કર્મ છે. એક માનવ મરવા માટે ઝેર પીએ છતાં મરતો નથી, અને જીવવા ઇચ્છતો માનવ ચિરવિદાય લે છે. પ્રકૃતિની વિચિત્રતા પ્રમાણે કર્મોની વિચિત્રતા હોય છે.

આમ જડ એવાં કર્મોમાં જીવનાં શુભાશુભ પરિણામ પ્રમાણે પરિણમવાની એક સ્વયં શક્તિ છે. અજ્ઞાન દશામાં કરેલાં શુભાશુભ કર્મોનું પરિણામ સમય પરત્વે મળ્યા કરે છે. એક માણસને ખબર નથી કે આ બાટલી દવાની છે કે કોઈ ઝેરી પદાર્થની છે. તે દવા સમજીને પી લે તો પણ ઝેર તેનું ફળ આપી દે છે, અને અમૃત પીએ તો તેનું ફળ પ્રાપ્ત થાય છે. તેમ શુભાશુભ કર્મના ફળનું એક સાતત્ય સંસારમાં જીવમાત્રને રહ્યા કરે છે. અને તેથી હિંસાદિ દુષ્ટ કર્મો દ્વારા અશુભ કર્મનો બંધ થાય છે અને દાનાદિ દ્વારા શુભ કર્મનો બંધ થઈ તે તે કર્મો તે પ્રમાણે ફળ આપે છે.

આ પ્રમાણે પ્રભુના વચનશ્રવણથી અગ્નિભૂતિનો સંશય નષ્ટ થતાં તે તરત જ પ્રભુ પાસે પોતાના પાંચસો શિષ્યો સહિત દીક્ષિત થયા. તે ભગવાનના બીજા ગણધર થયા.

ગૌતમ શ્રી ઇંદ્રભૂતિ અને અગ્નિભૂતિ ભગવાનથી દીક્ષિત થયા તે સમાચાર બાકીના નવ પંડિતોને મળ્યા. તેમણે વિચાર્યું કે સમર્થ એવા બંને ભાઈઓ જો સર્વજ્ઞ ભગવાન મહાવીરના શિષ્ય થયા તો અમારું માનેલું સર્વજ્ઞપણું પોકળ હોવું જોઈએ. માટે આપણે પણ તેમનું શિષ્યત્વ સ્વીકારીએ તો આપણા સંશય દૂર થઈ આપણો ઉદ્ધાર થવા સંભવ છે. આમ વિચારી બાકીના નવ પંડિત ક્રમમાં પ્રભુના જ્ઞાન પ્રત્યે આકર્ષાયા અને સમાધાન પામ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન પણ જાણતા હતા કે આ સર્વે ભલે સર્વજ્ઞ નથી પણ શાસ્ત્રજ્ઞ છે. સમજવાના અર્થી છે. શંકાનું સમાધાન થાય તો ધર્મપ્રભાવના કરે તેવા છે.

## ૩. વાયુભૂતિનું શંકાસમાધાન

હે વાયુભૂતિ ! તને શંકા છે કે 'આ શરીર એ જ આત્મા છે કે શરીરથી ભિન્ન આત્મા છે ?' તું વેદનાં વાક્યોના પરસ્પરના સમન્વયને સમજ્યો નથી. આત્માના જ્ઞાન ઉપયોગમાં – વિજ્ઞાનમાં જે પદાર્થો જણાય છે તે પદાર્થો અને આત્મા ભિન્ન છે. જો એકરૂપ હોય તો ક્યારે પણ અલગ થાય નહિ.

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय
तान्येवाऽनुविनश्यति, न प्रेत्य संज्ञाऽस्ति ।

હે વાયુભૂતિ ! તારો સંશય વેદનાં પરસ્પર વિરુદ્ધ ભાસતાં વાક્યોથી ઉત્પન્ન થયો છે. તે વેદવાક્યોનો તું એવો અર્થ કરે છે કે શરીરથી ભિન્ન કોઈ આત્મા નથી. પાંચ ભૂતો ઉત્પન્ન થાય છે અને તેમાં લય પામે છે. મદિરામાંથી એક મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ પાંચ ભૂતોમાંથી ચૈતન્યશક્તિ ઉત્પન્ન થાય છે. લોકો જેને શરીર કહે છે તે આત્મા છે તેમ તું માને છે. બીજી બાજુ આત્મા શરીરથી ભિન્ન છે તે વેદપદોથી તું મૂંઝાય છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આત્માના દરેક પ્રદેશે જ્ઞાન-દર્શન-ઉપયોગની અનંત અવસ્થાઓ છે. તેનાથી આત્મા અભિન્ન છે. પરંતુ દેહથી તે ચૈતન્ય લક્ષણે જ ભિન્ન છે. તે ઘટપટાદિને જાણે છે એ જ દર્શાવે છે કે જાણનારો ભિન્ન છે, તેથી સ્વપ્નને જોઈ શકે છે. જ્ઞેયથી જ્ઞાનરૂપ આત્મા ભિન્ન છે. જ્ઞેયના નિમિત્તે આત્માનું જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે પણ જ્ઞેય અને જ્ઞાતા તદ્દન ભિન્ન છે. આત્મા વસ્તુને જાણે છે પણ તદ્રૂપ થતો નથી. જેમ સૂર્યથી પૃથ્વી પ્રકાશિત થાય છે પણ સૂર્ય પૃથ્વીરૂપે થતો નથી.

વળી શરીર અને આત્મા એક હોય તો બંનેના ગુણધર્મો એક જ હોય. શરીર તો હાડ-માંસ-ત્વચાયુક્ત છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણયુક્ત છે, અને આત્મા તો જ્ઞાન-દર્શન-આનંદરૂપ છે. વળી ચૈતન્યના વિયોગે શરીર અહીં પડી રહે છે. જો તે એક જ હોય તો સાથે જવું જોઈએ. માટે પંચભૂત સ્વતંત્ર દ્રવ્ય છે અને આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે. કર્મસંયોગે બંને એક ક્ષેત્રાવગાહે રહ્યાં છે. તેને જ્ઞાનીઓ ભિન્ન જાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોકે અનંતકાળથી દેહમાં આત્મવૃત્તિનો અધ્યાસ હોવાથી આત્મા અને દેહ એક જ જણાય છે. આત્મા દ્રષ્ટા છે તે દૃશ્યને જાણે છે. પણ તે વસ્તુમય થતો નથી. તે સ્વ અને પરને બંનેને જાણે છે. આત્મા સિવાય કોઈ પદાર્થમાં જાણવાની શક્તિ નથી. ભિન્ન લક્ષણો દ્વારા બંને ભિન્ન છે તે વાત સ્પષ્ટપણે જણાય છે. અરે ! તું જેની શંકા કરે છે તે તું પોતે જ છે. અને છતાં તેને જાણતો નથી ? આમ સર્વ પ્રમાણોથી આત્મા અને દેહ ભિન્ન છે તેમ તું માન.

પ્રભુના વચન દ્વારા વાયુભૂતિ સંતુષ્ટ થયા અને પ્રભુ પાસે પાંચસો શિષ્ય સહિત દીક્ષિત થઈ ત્રીજા ગણધરપદને પામ્યા.

## ૪. વ્યક્ત પંડિત

તે પ્રભુ પ્રત્યે પૂજનીય ભાવથી આકર્ષાયા. તેમને શંકા હતી કે પાંચ ભૂત છે કે નહિ ?

હે વ્યક્ત ! વેદવાક્યોનો અર્થ તું પૂરો સમજ્યો નથી.

येन स्वप्नोपमंवै सकलम्

પૃથ્વી જળ વગેરે સમગ્ર સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં સુવર્ણ, સ્ત્રી, ઘર, વન દેખાવા છતાં તે વસ્તુતઃ છે નહિ, તેમ જગતમાં સર્વ પદાર્થો સ્વપ્ન સમાન છે.

इत्येष ब्रह्मविधिरज्ञसा विज्ञेयः

અર્થાત્ જગત સ્વપ્ન જેવું છે, એ બ્રહ્મવિધિથી શીઘ્ર જાણી લેવો.

વળી વેદમાં બીજાં વાક્યો આવે છે કે પૃથ્વી દેવતા છે, જળ દેવતા છે વગેરે. આમ પરસ્પર વિરોધી વાક્યોથી તું મૂંઝાયો છું.

જગતમાં જે જે પદાર્થો છે તેનું તે સ્વરૂપે અસ્તિત્વ છે. જગતમાં જડ અને ચેતન બે પદાર્થો મુખ્ય છે. તે કેવળ સ્વપ્નવત્ નથી પરંતુ જડ પોતે જડ રૂપે પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને ચેતન ચેતનભાવે રહે છે. દ્રવ્યનો સ્વભાવ એવો છે કે પોતાનું મૂળ સ્વરૂપ ટકે છે અને પર્યાયનો ઉત્પાદ-વ્યય થાય છે.

હે વત્સ વ્યક્ત ! તને શંકા છે કે પંચભૂત છે કે નહિ ? અથવા આ સર્વે પદાર્થો સ્વપ્નવત્ છે. અને બીજી બાજુ જળ-સ્થળ વગેરેની સત્તા છે, તેવાં પદો વાંચી તને સંશય થાય છે. જગતના પદાર્થો સ્વપ્નવત્ છે તેમ જણાવવાનો હેતુ આત્મસંબંધી શ્રદ્ધા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ચિંતન કરાવવા માટે છે. સ્ત્રી, સુવર્ણ આદિ પદાર્થો અનિત્ય, અસાર અને કર્મને આપનારા છે, માટે તે ત્યાગવા યોગ્ય છે; તે વૈરાગ્યની વૃદ્ધિ માટે બોધ આપનારાં વાક્યો છે. તેનો અર્થ વિશ્વમાં ભૂતોનું અસ્તિત્વ જ નથી એમ ન માનવું. તે અસ્થિર અને અસત્ હોવાથી સ્વપ્નવત્ માન્યાં છે. જગતમાં જે જે પદાર્થો જણાય છે તેનો કેવળ નાશ નથી, પરંતુ પદાર્થોનું પરિણમન થયા કરે છે. મૂળ તત્ત્વ તો નિત્ય ટકે છે. જેમ સુવર્ણની બંગડી બને, વળી બંગડીનો નાશ થઈ વીંટી બને, છતાં સુવર્ણનો નાશ થતો નથી, અંતે પરમાણુરૂપ પોતાનું અસ્તિત્વ પદાર્થમાત્રનું રહે છે. આત્મા સ્વયંભૂ અને અવિનાશી છે.

પ્રભુનાં વચનથી વ્યક્ત પંડિતનું સમાધાન થતાં તેઓએ પોતાના પાંચસો શિષ્યો સહિત પ્રભુનું શિષ્યત્વ ગ્રહણ કર્યું અને ચોથા ગણધરપદને પામ્યા.

## ૫. સુધર્મા પંડિત

શંકા : જે આ ભવમાં જેવો હોય તેવો જ પરભવમાં થાય કે બીજા સ્વરૂપે થાય ?

पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम् ।

પુરુષ મરીને પુરુષ થાય અને પશુ મરીને પશુ થાય.

હે સુધર્મા ! તું એમ માને છે કે માનવ માનવપણે જન્મે અને ગાય વગેરે પશુઓ પશુ તરીકે જન્મે. વળી બીજે પ્રકારે એમ કહે છે કે વિષ્ટા સહિત માનવને અગ્નિસંસ્કાર આપે તો તે શિયાળ થાય. આ વિરોધી વાક્યો છે. વળી તું માને છે કે જેવું અનાજનું બીજ હોય તે પ્રમાણે અનાજ થાય છે. ઘઉં વાવે તો ઘઉં ઊગે પણ બાજરી ન ઊગે. તેમ માનવ મરીને માનવ અને પશુ મરીને પશુ થાય.

હવે તું વિચાર કર કે મનુષ્ય ક્રૂર પરિણામવાળો હોય, ઘોર કર્મ કરતો હોય તો તેનાં કર્મ પ્રમાણે તેને પશુ આદિનો જન્મ મળે. જો તેમ ન થાય તો તેનાં કરેલા કર્મનું ફળ નિષ્ફળ જાય. જો તે સરળ ચિત્તવાળો હોય, સુકૃત્ય કરનારો હોય તો મનુષ્યગતિ પામે.

હવે જો પશુ આદિ જીવોનાં પરિણામો સરળ હોય તો તેમની તેટલી શુદ્ધિ થવાથી કે દુઃખ સહન કરવાથી તેઓ સદ્ગતિ પામી શકે. જો તેમ ન બને તો - પશુ પશુ જ રહે તો - તેનો આત્માનો વિકાસ કેવી રીતે થાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી ઘઉંના બીજમાંથી ઘઉં થાય તે વાત સાચી. તે ઘઉં અર્થાત્ વનસ્પતિરૂપે એ પુદ્ગલ છે તેમાં જે ચેતના છે – આત્મા છે તે કંઈ ઘઉં રૂપે નથી પણ ભિન્ન છે. ઘઉં એ શરીર છે અને જ્યાં સુધી તેમાં જીવનો સંચાર છે તે ચેતના, અને ઘઉં બંને ભિન્ન છે. તેથી ઘઉંના બીજમાંથી ઘઉં ઉત્પન્ન થાય તેમાં આત્મા કર્મ પ્રમાણે સંચરે છે, કારણ કે શરીર બદલાયા કરે છે.

આ પ્રમાણે પ્રભુનાં વચનનું શ્રવણ કરીને સુધર્મા પંડિત સંતુષ્ટ થયા. પાંચસો શિષ્યો સાથે તેમણે પણ દીક્ષા ગ્રહણ કરી. પ્રભુના ચરણનું શરણ લઈ પાંચમા ગણધર થયા.

## ૬. મંડિત પંડિત

તેમને શંકા હતી કે આત્માને કર્મબંધ અને કર્મથી મોક્ષ છે કે નહિ ?

હે મંડિત ! તું જાણે છે આત્મા તો સત્ત્વ, રજસ્ અને તમોગુણ રહિત છે, સર્વવ્યાપક છે, તેથી શુભાશુભ કર્મથી રહિત છે. તે સંસારમાં પરિભ્રમણ જ કરતો નથી તો પછી તેનો મોક્ષ પણ કેમ હોય ? આત્મા સદા અસંગ છે, તેને બંધ કેવી રીતે હોય ?

તું વિચાર કર કે જો કર્મનો કર્તા આત્મા ન હોય તો કર્મ ગ્રહણ કોણ કરે ? જડ પદાર્થોમાં તો ચેતના હોતી નથી તેથી તે કર્મને ગ્રહણ કરતાં નથી. અજ્ઞાન દશામાં જીવ પર સન્મુખ વિભાવ દશામાં હોવાથી કર્મનો કર્તા છે અને તેથી તેને કર્મબંધ થાય છે. આત્મા જો કેવળ અસંગ હોય તો તને તે પવિત્ર દશાનું દર્શન કેમ ન થાય ? આત્મા સ્વભાવે અસંગ છે પણ વર્તમાનમાં કર્મથી ગ્રસાયેલો છે. સર્વ કર્મનો નાશ થતાં તે મુક્ત થાય છે.

"स एष विगुणो विभुर्न बध्यते संसरति वा
मुच्यते मोचयति वा न वा एष बाह्याभ्यंतरं वा वेद ।"

આવા વેદપદથી તેં માની લીધું છે કે આત્માને કર્મનો બંધ નથી, તો પછી તેણે મોક્ષનો પુરુષાર્થ શા માટે કરવો ?

આ વેદપદનો અર્થ તેં બંધ, મુક્તિ નથી તેવો કર્યો છે. પણ એનો અર્થ એ પ્રમાણે નથી. વળી શુભાશુભ કર્મો વડે સુખદુઃખ ભોગવવાં પડે છે તેવાં વાક્યો વાંચી તું સંશયમાં પડ્યો છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स एष—તે આત્મા, विगुणो—ત્રિગુણ રહિત, विभु—સર્વવ્યાપક છે, न बध्यते—શુભાશુભ કર્મબંધ રહિત, न संसरति वा—સંસારમાં પરિભ્રમણ કરતો નથી. न मुच्यते—- આત્મા કર્મથી મુકાતો નથી. બંધ હોય તો મુક્તિ સંભવે ને ?

न मोचयति वा—આત્મા કર્મનો કર્તા ન હોવાથી તે કોઈને કર્મથી મુકાવતો પણ નથી.

न वा एष बाह्याभ्यंतरं वा वेद—આ આત્મા પોતાનાથી ભિન્ન એવા મહાન અહંકાર વગેરે બાહ્ય સ્વરૂપને કે અભ્યંતર પોતાના સ્વરૂપને જાણતો નથી. કારણ કે જ્ઞાન એ પ્રકૃતિનો ધર્મ છે, આત્માનો નથી. આથી આત્માને બંધમોક્ષ ન હોય તેમ તું માને છે. અને બીજાં વાક્યો મોક્ષની પ્રરૂપણા કરે છે તેથી તું શંકામાં પડ્યો છું.

अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः — અર્થાત્ શરીરરહિત મુક્ત થયેલા લોકના અગ્રભાગમાં વસતા આત્મા સુખદુઃખથી પર છે. આ વાક્યો તું જાણે છે.

આ વેદવાક્યથી સ્પષ્ટ થાય છે કે આત્માને કર્મબંધ છે, મુક્તિ પણ છે. તે વેદવાક્યોનો સાચો અર્થ આ પ્રમાણે છે.

स एष विगुणो विभुः — વિગુણ એટલે સંસારીપણાના ભાવરહિત, વિભુ એટલે કેવળજ્ઞાન સ્વરૂપે સર્વવ્યાપક એવો તે આત્મા મુક્તાત્મા છે.

न बध्यते — શુભાશુભ કમબંધનરહિત છે. કર્મ બાંધતો નથી કારણ કે મુક્તાત્માને કર્મબંધનના કારણભૂત મિથ્યાદર્શનનો અભાવ છે.

न संसरति वा — મુક્તાત્મા કર્મબંધનરહિત હોવાથી તેને સંસારનું પરિભ્રમણ હોતું નથી.

न मुच्यते — પોતે સ્વયં કર્મથી મુક્ત છે તેથી તેને કર્મથી મુકાવાપણું નથી.

न मोचयति वा — કર્મનો અંશ ન રહેવાથી તેને પુનઃ અવતાર લેવાનો નથી, તેથી તે અન્યને કર્મથી મુકાવતો નથી.

न एष बाह्याभ्यंतरं वा वेद — આવો મુક્તાત્મા બાહ્ય પદાર્થોના નિમિત્તથી સુખ પામતો નથી કે અંતરંગના રાગાદિ ભાવથી સંસારના સુખને ભોગવવાને જાણતો નથી. તે સાંસારિક સુખથી મુક્ત છે.

આ વેદવાક્યો મુક્તાત્માનું સ્વરૂપ સમજાવે છે. તે સંસારી જીવોને લાગુ પાડવાં નહિ. સંસારી જીવને શુભાશુભ કર્મનો બંધ છે અને તે શુભાશુભ કર્મનો નાશ થતાં મોક્ષ થઈ શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડિત પંડિત પોતાની સર્વ શંકાનું સમાધાન થતાં પરમ સંતુષ્ટ થઈ પોતાના ત્રણસો પચાસ શિષ્યો સહિત પ્રભુ પાસે દીક્ષિત થયા. તે છઠ્ઠા ગણધરપદને પામ્યા.

## સાતમા ગણધર મૌર્યપુત્ર

શંકા : દેવો છે કે નહિ.

"को जानाति गीर्वाणान् इन्द्रयमवरुणकुबेरादीन् ।"

ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર જેવા માયાજાળી દેવોને કોણ જાણે છે ? માટે દેવોના અસ્તિત્વ જેવું કંઈ છે નહિ તેમ તું માને છે.

સમાધાન : હે મૌર્યપુત્ર ! તું વિચારે છે કે ઇંદ્રાદિ દેવો માયારૂપ છે. વસ્તુસ્વરૂપે કંઈ નથી. વળી તું એમ જાણે છે કે નારકીઓ તો પરતંત્ર અને અત્યંત દુઃખી છે તેથી અહીં આવી શકતા નથી. પણ દેવો તો પ્રભાવશાળી અને સ્વતંત્ર છે તેથી અહીં આવવાને શક્તિમાન છે છતાં દૃષ્ટિગોચર થતા નથી, તેથી તેઓનું અસ્તિત્વ જ નથી. વળી બીજી બાજુ તું શાસ્ત્રની યુક્તિથી જાણે છે કે અમુક કૃત્ય કરવાથી દેવલોકમાં જવાય છે. જો દેવ ન હોય તો દેવલોક ક્યાંથી હોય ?

વળી તું પોતે જ આ સમવસરણમાં તારી નજરે દેવોને જુએ છે. સૂર્યચંદ્રાદિનાં વિમાનોને સહુ લોકો જુએ છે. તેથી દેવલોક અને દેવોનું અસ્તિત્વ છે. પરંતુ તને વેદવાક્યથી જે શંકા છે, તે દેવોનું આયુષ્ય પૂરું થતાં તેમને દેવલોકનાં સુખોનો ત્યાગ કરી અન્યત્ર જન્મવું પડે છે, તેમ તે દેવપણું પણ અનિત્ય હોવાથી માયારૂપ જણાવ્યું છે. અને કેવળ મોક્ષ જ નિત્ય છે તેમ જણાવી તેને માટે પુરુષાર્થ કરવાનું કહ્યું છે.

દેવો પોતાનાં દિવ્ય સુખોનો ત્યાગ કરીને મનુષ્યલોકનાં દુર્ગંધથી ભરેલાં સ્થાનોમાં આવતા નથી. પરંતુ ભક્તિવશ તીર્થંકરોના જન્માદિ કલ્યાણકોમાં આવે છે અને ક્વચિત્ દ્વેષથી પ્રેરાઈને નીચેના દેવો વેરવૃત્તિથી આવે છે.

પ્રભુની નિર્દોષ અને પૂર્ણસત્યથી ભરેલી વાણીનું શ્રવણ કરી મૌર્યપુત્રનો સંશય નષ્ટ થયો. તે સ્વયં પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષિત થયા અને સાતમા ગણધરપદને પામ્યા.

## આઠમા ગણધર અકંપિત

શંકા — નારકી છે કે નહિ ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

न वै प्रेत्य नरके नरका सन्ति ।

કોઈપણ પ્રાણી દેહાંતર થતાં નારક થતું નથી કારણ કે પ્રેત્ય - પરલોકમાં નરક જેવું કે નારકી જેવું કંઈ નથી.

પ્રભુથી સમાધાન — હે અકંપિત, તને શાસ્ત્રોનાં પરસ્પરવિરુદ્ધ લાગતાં વચનોથી શંકા થઈ છે કે નારકી છે કે નહિ ? કોઈ જીવ મરીને નારકી થતો નથી. તું માને છે કે સૂર્યચંદ્રાદિ તો પ્રત્યક્ષ જણાય છે. તેથી તું માને છે કે દેવો છે. પણ નારકી તો ક્યાંય જોવામાં આવતા નથી. પણ બીજી બાજુ તું શાસ્ત્ર દ્વારા જાણે છે કે અમુક કર્મથી બ્રાહ્મણ નરકે જાય છે. જો નારકી ન હોય તો નરક ન હોય અને નરક ન હોય તો નારકી ન હોય.

नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति ।

વાસ્તવમાં શાસ્ત્રનું કથન આ પ્રમાણે છે કે પરલોકમાં નારકીઓ નથી. તેવા કથનનો અર્થ એ છે કે નારકીઓ શાશ્વત નથી. પરંતુ ઘોર પાપકર્મથી અમુક સમય માટે પરભવમાં નરકાવાસ થાય છે. નારકી મરીને નારકી થતો નથી. પણ કેવળ નારકી નથી તેવો શાસ્ત્રનાં પદોનો અર્થ નથી.

નારકીઓ પરવશતાથી અહીં આવી શકતા નથી. ક્ષાયિક સમકિતી(કેવળજ્ઞાની) નારકીને પ્રત્યક્ષ જુએ છે. સંસારી અલ્પજ્ઞ જીવશાસ્ત્રના આધારે નારકીને જાણે છે. જેમ ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ અનુત્તર દેવપણે ઉત્તમ દેવલોક છે તેમ ઘોર પાપ કરનારને તેનું ફળ ભોગવવા તેવા સ્થાનમાં અવતરવું પડે છે. કદાચ તને થાય કે પાપનું ફળ તો તિર્યંચ થઈને પણ ભોગવાય. કેટલાક મનુષ્યો અને તિર્યંચો અત્યંત દુઃખી હોય છે. છતાં તેઓને નારકી જેવું નિરંતર તીવ્ર દુઃખ હોતું નથી. થોડું પણ સુખ હોય છે. પરંતુ નારકીઓ જેવું અત્યંત તીવ્ર અને નિરંતર દુઃખ મનુષ્ય તિર્યંચને હોતું નથી. ઘોર પાપકર્મનું ફળ ભોગવવાનું સ્થાન પ્રત્યક્ષ નારક જ છે.

પ્રભુનાં વચન સાંભળી અકંપિતને પોતાની શંકાનું સમાધાન થતાં તે સ્વયં પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષિત થયા અને આઠમા ગણધરપદને પામ્યા.

## નવમા ગણધર અચલભ્રાતા

શંકા — પુણ્ય-પાપ નથી.

पुरुष एवेदमग्निं सर्व यद् भूत यच्च भाव्यम् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુથી સમાધાન — અચલભ્રાતા શંકાના સમાધાન માટે પ્રભુ પાસે આવ્યો. હે અચલભ્રાતા ! તને શંકા છે કે પુણ્ય-પાપ નથી. તું શાસ્ત્રનાં પદોનો અર્થ એમ કરે છે કે આત્મા સિવાય પુણ્ય-પાપ કંઇ છે નહિ. અને વળી બીજી બાજુ કહે છે કે પુણ્યકર્મથી પ્રાણી પુણ્યશાળી થાય છે અને અશુભ કર્મ વડે જીવ પાપી બને છે. તેથી શાસ્ત્રોમાં પુણ્ય-પાપની સત્તા છે. આમ વિરોધાભાસી નિરૂપણથી તને સંશય છે કે પુણ્ય-પાપ નથી. તારો આ સંશય અયુક્ત છે.

શાસ્ત્રમાં આત્મા શાશ્વત છે તેમ તેના શુદ્ધ પદની સ્તુતિ કરી છે પણ તેથી પુણ્ય-પાપ નથી તેમ માનવાનું નથી. જેમ જણાવ્યું છે કે આખું જગત વિષ્ણુમય છે તેમાં વિષ્ણુનો મહિમા ગાયો છે, તેથી બીજી વસ્તુનો અભાવ સમજવાનો નથી. ત્રણે કાળે આત્મા છે તેમ તેનો મહિમા જણાવ્યો છે. તેથી પુણ્ય-પાપનો અભાવ છે તેમ નથી.

વળી દરેક પ્રાણી સુખદુઃખ અનુભવે છે, તેનું કંઈ કારણ અવશ્ય છે. જગતમાં વિચિત્ર પરિણામો જોવામાં આવે છે. દુઃખ ન ઇચ્છવા છતાં મળે છે. વર્તમાનમાં કોઈ શુભ કાર્ય ન કરવા છતાં મનુષ્ય સુખી જણાય છે. આ સર્વે પૂર્વનાં પુણ્ય-પાપનાં પરિણામો છે. કારણ વિના કાર્યની સંભાવના નથી.

વળી તું બીજાં વેદવાક્યો આ પ્રમાણે જાણે છે કે पुण्यः पुण्येन कर्मणा पापः पापेन कर्मणा — શુભ કર્મ વડે પ્રાણી પુણ્યશાળી થાય છે અને અશુભ કર્મ વડે પાપી પાપને ભોગવનારો બને છે. તેથી તું શંકાશીલ છે કે આમાં સત્ય શું ?

મનુષ્ય શુભ કર્મ વડે સુખ પામે છે અને અશુભ કર્મ વડે દુઃખ પામે છે. શુભાશુભ કર્મનો છેદ થયા પછી આત્માને પુણ્યપાપ લાગતાં નથી.

પ્રભુનાં વચનથી અચલભ્રાતાનો સંશય દૂર થવાથી તે પોતાના ત્રણસો શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષિત થયા અને નવમા ગણધરપદને પામ્યા.

## દસમા ગણધર મેતાર્ય

શંકા — પરલોક છે કે નહિ ?

विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येऽवानुविनश्यति न प्रेत्य संज्ञाऽस्ति ।

(પ્રથમ ગણધરના વિષયમાં દર્શાવેલ અર્થ જાણવો.)

પ્રભુએ કરેલું સમાધાન — હે મેતાર્ય, શાસ્ત્રોમાં પરસ્પરવિરુદ્ધ ભાસતાં પદોથી તને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંશય છે કે પરલોક છે કે નહિ. તું એમ માને છે કે પાંચ ભૂતોમાંથી વિજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તેમાં જ લય પામે છે. તેથી પરલોક જેવું કંઈ છે નહિ. પાંચ ભૂતોમાંથી ચેતન ઉત્પન્ન થાય છે અને એ પાંચ ભૂતો નાશ પામતાં ચૈતન્ય નાશ પામે છે. ચૈતન્ય એ પાંચ ભૂતોનો ગુણ છે. તે પાણીના પરપોટાની જેમ ભૂતો સાથે નાશ પામે છે, તેથી પરલોક નથી.

બીજી બાજુ તારી જાણમાં છે કે યજ્ઞ કરનાર સ્વર્ગમાં જાય છે, તે પરથી પરલોક છે તેમ જણાય છે. આમ પરસ્પરવિરુદ્ધ કથનથી તને શંકા રહી છે. પણ તારો એ સંશય અયુક્ત છે.

વિજ્ઞાનઘનનો અર્થ દર્શન-જ્ઞાન-ઉપયોગ છે. તે ગુણયુક્ત આત્મા જાણવા યોગ્ય જ્ઞેય પદાર્થોને જાણે છે. તે ઉપયોગ દ્વારા પૃથ્વી વગેરે ભૂતો - પદાર્થોને કે તેમાંથી ઉત્પન્ન થતાં ઘડો, વસ્ત્ર વગેરેને જાણે છે. તેથી જ્ઞાન-ઉપયોગ જ્ઞેય પ્રમાણે થતો જણાય છે. વળી ઘટ, વસ્ત્ર આદિનો જ્ઞેયપણે વર્તતો ઉપયોગનો વિનાશ થાય છે અને બીજા પદાર્થના ઉપયોગરૂપે આત્મા ઉત્પન્ન થાય છે, અથવા સામાન્યરૂપે રહે છે.

આમ, પૂર્વના જ્ઞેયપણે ઉપયોગરૂપે આત્માની અવસ્થા ન રહેવાથી નવીનપણે ઉપયોગ ઉત્પન્ન થવાથી ઘટાદિ ભૂતોની અપેક્ષાએ આત્માના ઉપયોગની ઉત્પત્તિ તથા વિનાશ વેદપદોમાં જણાવ્યાં છે. તેથી ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે, તેમ સમજવાનું નથી. ચૈતન્ય એ ભૂતોનો ધર્મ નથી પણ આત્માનો ધર્મ છે. તે કોઈ સંયોગથી ઉત્પત્તિ કે નાશ પામતો નથી. આત્મા દ્રવ્યરૂપે નિત્ય રહે છે અને જ્ઞાનની અવસ્થા બદલાય છે, તેથી તે જેવાં કર્મ કરે છે તેવી ગતિ પામે છે. તેથી પરલોક છે તેનો નિર્ણય થાય છે.

આ પ્રમાણે પ્રભુનાં વચન સાંભળી સંશય દૂર થવાથી મેતાર્ય પોતાના ત્રણસો શિષ્ય સાથે દીક્ષિત થયા અને દસમા ગણધરપદને પામ્યા.

## અગિયારમા ગણધર પ્રભાસ

શંકા — મોક્ષ છે કે નહિ ?

खरामर्य वा यदग्निहोत्रम् ।

પ્રભુએ કરેલું સમાધાન — હે પ્રભાસ ! તને શંકા છે કે મોક્ષ છે કે નહિ. વેદપદોનો અર્થ તું એવો કરે છે કે જિંદગી સુધી યજ્ઞાદિ ક્રિયા કરવી, તેથી સ્વર્ગ મળે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જોકે એ ક્રિયા દોષમિશ્રિત હોવાથી તે શુભાશુભ બંધનું કારણ છે. તેથી તે ક્રિયા કરવાથી સ્વર્ગ મળે છે પણ મોક્ષ મળતો નથી. તારો આ સંશય નિરર્થક છે. શુભાશુભ ક્રિયાનો આત્યંતિક છેદ થતાં મોક્ષ થાય છે.

વેદપદોમાં લખ્યું છે કે સંસારને વિષે આસક્ત જીવોને મુક્તિરૂપ ગુફામાં પ્રવેશ મળતો નથી. તે નાસ્તિપદથી મોક્ષની સત્તા જણાવે છે. વળી તેમાં જણાવ્યું છે કે જે સ્વર્ગનો અભિલાષી છે તેણે જિંદગીપર્યંત યજ્ઞાદિ કરવા અને મોક્ષના અભિલાષીએ એ સર્વ ક્રિયા છોડીને મોક્ષસાધક ક્રિયા કરવી. આવો વેદપદોનો અર્થ છે. મોક્ષસાધક ક્રિયા એટલે શુદ્ધ જ્ઞાનદર્શન અને ચારિત્ર વડે કર્મનો ક્ષય થાય છે. સમગ્ર કર્મનો નાશ થવો તે મોક્ષ છે.

જ્યાં સુધી શુભાશુભ કર્મને અનુસરતી ક્રિયા થાય છે ત્યાં સુધી શુભાશુભ કર્મનું ફળ થયા કરે છે. તે કર્મને છેદતાં મોક્ષ પ્રગટ થાય છે.

ખરામર્યનો અર્થ એમ થાય છે કે સ્વર્ગના અર્થીએ યજ્ઞાદિ કરવા અને મોક્ષાર્થીએ મોક્ષસાધક સાધના કરવી. દરેક મનુષ્ય જિંદગીપર્યંત યજ્ઞાદિ કરે તેમ કહ્યું નથી. શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે સર્વ કર્મનો ક્ષય થતાં મોક્ષ ઊપજે છે.

પ્રભુનાં વચનથી પ્રભાસની શંકાનું સમાધાન થતાં તે ત્રણસો શિષ્ય સાથે દીક્ષિત થયા અને અગિયારમા ગણધરપદને પામ્યા. અગિયાર પંડિતો દીક્ષિત થઈને ગણપદને પામ્યા, પછી તે સૌએ ભગવાને કહેલી ત્રિપદીના આધારે દ્વાદશાંગીની અપૂર્વ રચના કરી. ત્યાર પછી ભગવાને ચતુર્વિધ સંઘની રચના કરી. અમૃતમય દેશના આપી.

## ગોશાળકની અંતિમ દશા

ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી, અનુક્રમે વિહાર કરીને શ્રાવસ્તી પધાર્યા, ત્યારે યોગાનુયોગ ગોશાળક પણ તે નગરીમાં અગાઉથી આવેલો હતો.

ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે આ ગોશાળક સર્વજ્ઞ કહેવરાવે છે તે સત્ય છે ? ભગવાને કહ્યું કે, "તે મંખલીપુત્ર છે, તે સર્વજ્ઞ નથી." નગરમાં આ વાત પ્રસિદ્ધ થઈ. આથી તે કોપાયમાન થયો, શીઘ્રતાથી પ્રભુ પાસે આવ્યો અને આવેશસહિત બોલવા લાગ્યો કે "હે કશ્યપ ! તું મને આ ગોશાળક છે અને મારો શિષ્ય હતો એમ કહેરાવે છે, તે તારું વચન મિથ્યા છે. તું મારો ગુરુ નથી. તે ગોશાળક તો મરણ પામ્યો છે. મારું નામ તો ઉદાયમુનિ છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુએ શાંતિથી જવાબ આપ્યો કે "તું ગોશાળક છે. શા માટે અસત્ય બોલે છે ?"

આથી ગોશાળક અત્યંત ક્રોધે ભરાયો, અને ભગવાનને અપશબ્દ બોલવા લાગ્યો, ત્યારે એક શિષ્ય ગોશાળકને કહેવા લાગ્યો કે "ભાઈ, તું જ ગોશાળક છે. ભગવાને તને વિદ્યા આપી છે. પછી શા માટે અસત્ય બોલે છે." આ શબ્દો સાંભળતા જ તેણે દૃષ્ટિવિષ સર્પની જેમ તે મુનિ પર તેજોલેશ્યા મૂકી, તે મુનિ તરત જ તેજોલેશ્યાથી દગ્ધ થઈ સમાધિમરણ પામ્યા. બીજા શિષ્યે પણ તેને સમજાવ્યો ત્યારે તે શિષ્યની પણ એ જ દશા થઈ.

ભગવાને તેને સમજાવવા પ્રયત્ન કર્યો, ગોશાળક, તું આ વિદ્યા મારી પાસેથી શીખ્યો છે. હવે શા માટે તેનો દુરુપયોગ કરે છે ! આથી કોપે ભરાયેલા ગોશાળકે ભગવાન પર તેજોલેશ્યા મૂકી, તે તેજોલેશ્યા પ્રભુની પ્રદક્ષિણા કરી પાછી ફરી. તેજોલેશ્યાની અસર પ્રભુના શરીરને બાળી ન શકી પણ કંઈક અશાતા આપતી ગઈ. પાછી ફરેલી તે તેજોલેશ્યા છેવટે ગોશાળકના જ શરીરમાં પ્રવેશ પામી. છતાં તેણે વિચાર્યું કે હમણાં ભલે આ કાશ્યપ બચી ગયો, પણ ફરીથી તેજોલેશ્યા મૂકીશ ત્યારે બચી શકશે નહિ.

પરંતુ ગોશાળકના શરીરમાં પ્રવેશ કરેલી તેજોલેશ્યાએ તેનો પ્રકોપ બતાવી દીધો. તે શરીરે ભયંકર દાહથી પીડાવા લાગ્યો. અને પીડાની બૂમો મારતો પાછો ફર્યો.

પ્રભુએ શિષ્યોને કહ્યું કે "તેજોલેશ્યા પાછી ફરીને તેના શરીરમાં સમાઈ ગઈ ન હોત, ને ફરતી રહી હોત તો તે સોળ પ્રદેશને બાળીને ભસ્મીભૂત કરવાને શક્તિમાન હતી."

પોતાની જ તેજોલેશ્યાથી પીડાતો ગોશાળક દાહને સમાવવા મદ્ય પીવા લાગ્યો. એથી મદોન્મત્ત થઈને નાચવા લાગ્યો. ભાન ભૂલેલો તે શરીરે માટી ચોળવા લાગ્યો. ખાળનું જળ પીવા લાગ્યો. અને અસંબદ્ધ વચનો બોલવા લાગ્યો. આથી તેના શિષ્યો ઉદ્વેગ પામી ગયા. પરંતુ તેમને પોતાના ગુરુ પ્રત્યે સદ્ભાવ હતો, તેથી તે ભોળા લોકો એમ માનવા લાગ્યા કે આપણા ગુરુનો આ નિર્વાણકાળ છે તેથી આ નિર્વાણનાં ચિહ્નો છે.

ગોશાળક જ્યારે કંઈક સાવધાન થયો ત્યારે તે માનેલા શિષ્યોને કહેવા લાગ્યો કે "હું નિર્વાણ પામવાનો છું. મારો મોક્ષ થવાનો છે. માટે મારા મૃત શરીરને શણગારજો. હજારો માનવોથી મારી અંતિમયાત્રા કાઢજો. અને ઘોષણા કરજો કે આ ગોશાળક આ કાળનો તીર્થંકર છે, તે મોક્ષ પામેલ છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખરે સાતમો દિવસ આવી પહોંચ્યો, ગોશાળકના જીવનનો તે અંતિમ દિવસ હતો, પ્રભુનાં દર્શન પામેલો કે ગમે તે કારણે તેની બુદ્ધિમાં શુદ્ધિ થઈ તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો, "અહો હું કેવો અધમ અને પાપી છું. મેં મારા ગુરુ અને અર્હંત એવા પૂજ્યને અપલાપ કર્યો. મને ધિક્કાર છે. મેં તેજોલેશ્યા વડે બે શિષ્યોને મરણને શરણ કર્યા, તેટલું જ નહિ, પણ પૂજવાયોગ્ય એવા પ્રભુને પણ મેં તેજોલેશ્યા વડે અશાતા પહોંચાડી. હું મરણ પામીને જરૂર નરકગામી થવાને યોગ્ય છું, અને અસત્ ઉપદેશ આપી કેટલાય જીવોનાં મેં જીવન વ્યર્થ કર્યાં.

પશ્ચાત્તાપથી સંતાપ પામેલા તેણે પોતાના શિષ્યોને ભેગા કર્યા. અને જાહેર કર્યું કે "હું મંખલીપુત્ર છું. અર્હંત નથી, સર્વજ્ઞ નથી, મેં મારા આત્માને છેતર્યો છે. તમને સૌને મેં અવળે માર્ગે દોર્યા છે. આવા ઘોર પાપના પ્રાયશ્ચિત્તરૂપે તમે સૌ મારા મરણ પછી, મારા શરીરને પગથી બાંધી રાજમાર્ગો પર ઘસડીને લઈ જજો. મારા પર થૂંકજો. અને ઘોષણા કરજો કે આ સર્વજ્ઞ નથી પણ મંખલીપુત્ર, ગુરુનો દ્રોહી છે. સર્વજ્ઞ તો મહાવીર જ છે.

મરણકાળે આમ પશ્ચાત્તાપના અગ્નિમાં બળતો, તેજોલેશ્યાના દાહથી પીડાતો તે મરણ પામી અંતના પ્રાયશ્ચિત્તના કારણે દેવલોકમાં ઉત્પન્ન થયો. પાછળથી શિષ્યોની દશા બેધારી તલવાર જેવી થઈ. જો ગુરુઆજ્ઞા પાળે છે તો લોકોમાં પોતે હાંસીને પાત્ર થાય છે. ગુરુઆજ્ઞા ન પાળે તો અવજ્ઞાનો દોષ લાગે. તેથી કેટલાક ડાહ્યા મનુષ્યોએ બુદ્ધિચાતુર્ય વડે નક્કી કર્યું કે, આ કુંભારની જગામાં જ દ્વાર બંધ કરી શ્રાવસ્તી નગરી ચીતરી, તેમાં શબને આઘોષણાપૂર્વક ઘસડ્યું, અને પછી બહાર કાઢ્યું ત્યારે ભોળા ઉપાસકોએ જયજયકાર કરીને મોટા ઉત્સવસહિત અગ્નિસંસ્કાર કર્યો.

ગોશાળકે અંત સમયે સત્યનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત્ત કર્યું, અને બાળ-તપાદિ કરેલા તેથી સ્વર્ગલોક પામ્યો પણ તે તો સ્વપ્ન જેવું જ થવાનું હતું. શેષ પુણ્યના કારણે તે ગોશાળક દેવલોકનાં સુખભોગવી, દીર્ઘકાળ સુધી સાતમી નરકે અને અન્ય તિર્યંચભવ કરી, ઘણું દુઃખ ભોગવશે. છતાં અંતકાળે સર્વજ્ઞના વચનનો સ્વીકાર કરવાથી તેને ઘણા પરિભ્રમણ પછી મનુષ્યજન્મ પ્રાપ્ત થશે. મુનિપણું ગ્રહણ કરી ઘણાં કર્મોની આલોચના કરી અંતે મુક્ત થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગુરુ-શિષ્યનો સુભગ યોગ

મહાવીર અને ગૌતમના ગુરુશિષ્યપણાના, સંવાદ અને સાન્નિધ્યનું કથન જાણવું પ્રેરણાદાયી છે. મહાવીરે ગૌતમને આપેલ ઉપદેશ અને શિક્ષણની પદ્ધતિ પણ અદ્‌ભુત છે. ગૌતમ જ્યારે ભગવાનના પરિચયમાં આવ્યા ત્યારે ભગવાન સત્યનો સાક્ષાત્કાર કરી પૂર્ણતાને પામ્યા હતા. દીક્ષાકાળમાં સત્યના સંશોધન સમયે ભગવાન મૌન રહ્યા હતા. જ્યારે તે સત્ય તેમની વાણીમાં પ્રગટ થયું, તે સમયે ભાગ્યશાળી ગૌતમ પરિચયમાં આવ્યા. અને ભગવાનના જ્ઞાનપ્રવાહને ઝીલનારા પ્રથમ શિષ્યપણે સ્થાપિત થયા.

ગોશાળક ભગવાન પાસે આવ્યો ત્યારે ભગવાને તેને આવકાર્યો ન હતો, કારણ કે તે સમયે તેઓ પેલા પાંચ સંકલ્પની સીમામાં હતા. (ગૃહસ્થને આવકાર ન આપવો). પોતે આત્મસાધનામાં રત હતા, વળી તીર્થપ્રવર્તન પહેલાં શિષ્યત્વ આપવાની તીર્થંકરની પ્રણાલિ નથી. કુદરતના નિયમમાં પણ પાત્ર વિના વસ્તુ રહેતી નથી, તેવું કંઈક ગોશાળક વખતે યોગાનુયોગ બની ગયું. પ્રારંભથી માંડીને મૃત્યુને ભેટવાનાં નગારાં વાગ્યાં ત્યાં સુધી ગોશાળકની પ્રભુની પ્રતિભાને ઝીલી શકે તેવી યોગ્યતા ન બની. આખરે પસ્તાવાનું ઔષધ કંઈક કાર્યકારી બન્યું; અર્થાત્ પ્રભુની કરુણાદષ્ટિ જાણે-અજાણે જો જીવ પર પડી હોય તો તે મોડેવહેલે મુક્તિનું નિમિત્ત બને છે. માટે જેવા ભાવે પડાય તેવા ભાવે પ્રભુના ચરણમાં પડો.

ગૌતમ પરિચયમાં આવ્યા ને પ્રથમ પળે પ્રભાવિત થયા. જોકે તેમનામાં પણ સર્વજ્ઞપણાના અહંથી થોડીક ક્ષણો માથું ઊંચકાયું. પણ ગૌતમની પાત્રતા જોઈને પ્રભુએ જ આવકાર આપ્યો.

## 'ગૌતમ તમે ભલે આવ્યા'

આવી વાત્સલ્યપૂર્ણ વાણીનું શ્રવણ કરીને ગૌતમનું પૂરું અસ્તિત્વ જાગૃત થઈ ગયું. ચિત્તમાં ઊઠેલાં વિકલ્પનાં વાદળ વિખરાઈ ગયાં, અને કોઈ અપૂર્વ પ્રકાશથી તેમનો આલોક અલંકૃત થઈ ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન પાસે તેમની કોઈ યાચના કે અપેક્ષા ન હતી. આથી ભગવાનની જ્ઞાનગંગામાં પવિત્ર થવાની ભાવનાથી તેઓ તેમના ચરણમાં ઝૂકી ગયા. શાસ્ત્રજ્ઞ અને સર્વજ્ઞ મનાવતા એ સરસ્વતીપુત્ર બોલી ઊઠ્યા, "ભગવાન હું કંઈ જ જાણતો નથી. તત્ત્વ શું છે તે સમજાવો !" અને પછી તો અનેક પ્રશ્નો દ્વારા નિર્દોષભાવે તેમણે પ્રભુની વાગ્મયીમાં સ્નાન કરી પવિત્રતાની ક્ષિતિજે પહોંચવા લાગ્યા.

ભગવાન પણ ગૌતમને સતત જાગૃત રાખતા. "હે ગૌતમ, એક ક્ષણનો પ્રમાદ ન કરતા." "ભગવાન, પ્રમાદ શું છે ?" એમના પ્રશ્નમાં બાલસુલભ નિર્દોષતા નીખરતી.

ભગવાન પણ તેવા જ પિતૃભાવે પ્રત્યુત્તર આપતા. "હે ગૌતમ ! જગતના જીવો માટે આત્મવિસ્મરણ એ જ પ્રમાદ છે. નિદ્રામાં ચક્ષુ ઉપર આવેલો અંધકાર તો સૂર્યોદય થતાં દૂર થાય છે, કે નિદ્રા દૂર થતાં દૂર થાય છે પરંતુ ચેતના પર આવતો અંધકાર દીર્ઘકાળના સૂર્યોદયો થવા છતાં દૂર થતો નથી. આત્માની સ્મૃતિ તે જાગરણ છે. તે અપ્રમાદ છે. પરમાત્મા પ્રત્યેનો અભિગમ છે."

ભગવાને પોતે સાધનાકાળમાં કરેલા જાગરણના અનુભવનો મંત્ર ગૌતમને આપીને સાચા ગુરુત્વને પ્રગટ કર્યું. ગૌતમ પણ સાચા જિજ્ઞાસુ શિષ્ય હતા. વારંવાર અનેક શિષ્યોના સમૂહમાં ભગવાન કહેતા કે "ગૌતમ, ક્ષણનો પ્રમાદ ન કરો." ત્યારે તેઓ વધુ આત્મ-અવલોકન પ્રત્યે ઝૂકી જતા. લઘુતાભાવે તે શીખને સ્વીકારી પોતાની જાતને ધન્ય માનતા.

ભાઈ ! તમને અન્યની હાજરીમાં પ્રશંસા ગમે ને ? પણ જો તમને કોઈ ગુરુ કે વડીલ કંઈ શીખ આપે ત્યારે તમારું મુખ લીમડાના રસપાન વગર પણ કડવાશ અનુભવે કે નહિ ? તેમાંય તમારું કોઈ ઉચ્ચપદ હોય, અને સમૂહમાં વારંવાર તમને ટકોરવામાં આવે તો તમે ગુરુની વાત્સલ્યતાનો સહર્ષ સ્વીકાર કરો ને ? કરો તો તમે મહાવીર કે ગૌતમના વારસદાર ખરા. ગોશાળક થવું ગમતું ન હોય તો તમારે ગૌતમની નિર્દોષતા અને લાઘવતાને આત્મસાત્ કરવી પડશે. તેમના જેવું સમર્પણનું સત્ત્વ ધારણ કરવું પડશે. અને આજ્ઞાંકિતપણામાં તમારે આંધળા બની જવું પડશે. એવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આંધળાપણું તમારા અહંકારનો નાશ કરવા સમર્થ બનશે અને તમે સાચા અર્થમાં દેખતા થશો. તે માટે તમારે નીચેના પ્રસંગને સાધનાનું તત્ત્વ બનાવવું પડશે.

## અજોડ નમ્રતા

ભગવાનના ઉપાસક શ્રાવક આનંદ સમાધિદશાની અનશનની આરાધનામાં રહ્યા હતા. એ આરાધનાની શુદ્ધિના બળે આનંદને વિશાળ અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે જ્ઞાન મુનિઓ માટે પણ દુર્લભ હતું. એકવાર ગૌતમ આનંદના ઉપાસનાગૃહમાં ગયા. આનંદે તેમને વંદન કર્યાં. પછી તેઓ ધર્મચર્ચા કરવા લાગ્યા.

તે પ્રસંગે આનંદે કહ્યું કે, "ભગવાનની કૃપા વડે મને વિશાળ અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે." ગૌતમને લાગ્યું કે શ્રાવકને માટે એવું જ્ઞાન અસંભવ છે. તેથી આનંદને તેમણે કહ્યું કે, "એ વાત શક્ય નથી, અયથાર્થ પ્રતિપાદનથી તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ."

આનંદ : "ભંતે ! ભગવાનના શાસનમાં સાચી વાતનું પ્રાયશ્ચિત્ત છે ?"

ગૌતમ : "નથી."

આનંદ : "તો પછી તમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે."

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

થોડીક વાર કલ્પના કરો કે ગોશાલક હોત તો શું કરત ? ગુરુને નામે વાત વણસાવીને હાંસી કરી હોત. પણ આ તો વિનયધર્મના ઉપાસક ગૌતમ હતા. તે પોતે પણ ચાર જ્ઞાનના ધારક હતા. પોતે એ વાત શુદ્ધજ્ઞાનમાં જાણી શકે તેમ હતા. છતાં તેમને ભગવાનના સર્વોપરી શુદ્ધ શાસન પ્રત્યેનો અત્યંત આદર હતો; તેઓ તરત ભગવાન પાસે પહોંચ્યા.

ભગવાન પાસે તેમણે પૂરી ઘટના રજૂ કરીને પૂછ્યું, "ભંતે ! પ્રાયશ્ચિત્ત કોને કરવું પડશે ?"

"હે ગૌતમ ! આનંદે જે કહ્યું છે તે સત્ય છે, તમારી માન્યતા અયથાર્થ છે, માટે પ્રાયશ્ચિત્ત આનંદે કરવાનું નથી, તમારે કરવાનું છે."

તમે એક ક્ષણ માટે હમણાં જ્યાં છો તે જ અવસ્થામાં એવી પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હોવ તો તમારે માથે જાણે આભ તૂટી પડ્યું હોય તેવું અનુભવો ને ? ક્ષોભ પામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાવ. તરત જ તમારા મગજમાં તમારી મોટાઈના તરંગોનો હુમલો થાય !

અને ધારો કે ગોશાળક હોત તો ભગવાનને કહી દેત, "જો તમને તમારા મુખ્ય શિષ્યનું પણ કંઈ મૂલ્ય નથી તો મને તમારું શાસન ખપતું નથી. હું પણ મારો પંથ પ્રવર્તાવી શકું તેમ છું."

ગૌતમ, ગૌતમ હતા. ભગવાન પણ સત્યના મહાન પ્રણેતા હતા. પોતાના શિષ્યને સત્યપંથે લઈ જવા તે તેમની સહજતા હતી. ગૌતમ ક્ષણના વિલંબ વગર આનંદ શ્રાવક પાસે પહોંચ્યા, અને ક્ષમા માગી. અદ્દ્ભૂત છે એ નમ્રતા.

## ભગવાને શ્રેણિકને દર્શાવેલું આત્મસંશોધન

મગધસમ્રાટ શ્રેણિકે મહાવીરના શાસનનો સ્વીકાર કર્યો. તે ભગવાનનો અનન્ય ભક્ત બન્યો. ભગવાનની દેશનાના શ્રવણથી અભિભૂત થયેલા શ્રેણિકના ચિત્તમાં મંથન થયું કે મારી ગતિ શું થશે ?

"ભંતે ! મારી ગતિ શું થશે ?"

ભગવાનના જ્ઞાનમાં ત્રિકાળ અંકિત હતો. શ્રેણિકના પ્રશ્નનો જવાબ તો કડવો હતો, પણ વાત્સલ્યમય ભગવાને એ કડવાશમાં શ્રેણિકનું હિત જોયું હતું.

ભગવાન : "હે શ્રેણિક ! કોઈ અત્યંત અશુભ પળે તું નરકનું આયુષ્ય બાંધીને બેઠો છું."

ભંતે, "ન બને, આપનો સેવક નરકમાં જાય તો આ ભક્તિની ફલશ્રુતિ શું ?"

ભગવાન : "દૃઢપણે બાંધેલાં કર્મ ભોગવવાં જ પડે છે. તેમાં ઇન્દ્રાદિ કોઈ મુક્ત નથી."

"ભંતે, કોઈ ઉપાય બતાવો. મને અંધકારથી છોડાવો."

ભગવાન જાણતા હતા કોઈ ફેરફાર થવા સંભવ નથી. પરંતુ તેની દૃષ્ટિ ખૂલે તે માટે ઉપાય બતાવ્યા કે જે તેને માટે શ્રેયસ્કર બનશે. ભગવાને કહ્યું કે, "જો કપિલા બ્રાહ્મણી સહર્ષ સાધુને ભિક્ષા આપે, અને રાજકસાઈ કાલસૌરિક એક દિવસ ત્રિવિધે હિંસાનો ત્યાગ કરે તો તારો નરકથી છૂટકારો થવો સંભવ છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણિક ભગવાને દર્શાવેલી યુક્તિથી પ્રસન્ન થયો. તેણે માન્યું કે બ્રાહ્મણી અને કસાઈ બે મારી આજ્ઞામાં છે, વળી તેમને ધન આપવાથી આ કાર્ય સહેલાઈથી થઈ શકશે. આથી તેણે પ્રથમ કપિલા બ્રાહ્મણીને બોલાવીને કહ્યું કે, "હે ભદ્રે ! તું સાધુઓને સહર્ષ ભિક્ષા આપ. તને તે કાર્ય માટે ઘણું ધન આપીશ."

"મહારાજ, મને ક્ષમા કરો, મને ધનની જરૂર નથી. મને આ સિવાય ગમે તે કાર્ય સોંપો, પરંતુ આ કાર્ય હું કરી નહિ શકું." શ્રેણિકે વિચાર્યું કે કોઈની પાસે બળજબરીથી સુકૃત્ય કરાવી શકાતું નથી. જીવોમાં એવો અંતરાય રહ્યો હોય છે કે તેઓ યોગ મળવા છતાં ધર્મની પ્રાપ્તિ કરી શકતા નથી.

ત્યાર પછી તેમણે કાલસૌરિકને બોલાવ્યો અને કહ્યું કે, "તું આ કસાઈપણું છોડી દે, ધનના લોભથી તું આવું કૃત્ય કરે છે, પણ હું તને ઘણું ધન આપીશ."

કાલસૌરિક : "મહારાજ, કસાઈના કામમાં દોષ નથી, હું તો મનુષ્યોને ખોરાક પૂરો પાડું છું."

આથી રાજાએ તેને એક અહોરાત્ર અવાવરુ કૂવામાં પૂરી રાખ્યો. પણ વ્યર્થ. કસાઈએ કૂવામાં માટીનાં ચિત્ર બનાવીને પાંચસો પાડાને હણ્યા.

શ્રેણિકે વિચાર્યું હિંસા, એ માનવનો સંસ્કાર બની જાય છે, પછી તેને છોડાવી શકાતો નથી.

પરંતુ આ યુક્તિઓમાં નિષ્ફળ જતાં તેને અત્યંત ખેદ થયો. "મારા પૂર્વ દુષ્કૃત્યને ધિક્કાર છે. મેં અજ્ઞાનરૂપી અંધકારમાં કેવો ભયંકર દોષ કર્યો છે, કે જે વ્યર્થ થશે નહિ. વળી ભગવાનની વાણી પણ અન્યથા ન હોય" આમ વિચારી તેને ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ ઊપજી. અને ભાવશુદ્ધિ તથા આત્મસંશોધન દ્વારા સમકિતને દૃઢ કર્યું, ભલે હવે નરકગામી થાય પણ શ્રેણિક નિર્ભયતા પામ્યો, કે કરેલાં કર્મ સમતાથી ભોગવીને ભગવાને કહ્યું છે તેમ ભગવાનરૂપે પ્રગટ થઈશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રભુવચન પ્રમાણનો શ્રાવકનો અધિકાર

જમાલિ પ્રભુ પાસે દીક્ષિત થયો, તત્ત્વનો જાણકાર થયો. પ્રતિષ્ઠા પામ્યો. સાથે ગર્વનું સ્થાન મળ્યું. અને એક સંથારાની નાનીસરખી ક્રિયામાં કેવી ભૂલથાપ ખાઈ ગયો. ભગવાનના સિદ્ધાંતને ખોટો ઠરાવ્યો. પ્રભુથી જુદા પડી પોતાના સમુદાય સાથે નીકળી પડ્યો. સાથે મોહવશ આર્યા પ્રિયદર્શના પણ જમાલિની જમાતમાં જોડાઈ ગઈ.

ભૂલ ઘણી મોટી હતી, છતાં પ્રભુના પુણ્યયોગ પામેલા જીવો કોઈ ક્ષતિથી ડૂબવા માંડે, ત્યારે મોડેવહેલે તરવાનો ઉપાય મળી રહે છે; એ જ તો પ્રભુના શાસનનો મહિમા છે.

બારણે મારેલું તાળું, બારણા જેટલું મોટું નથી હોતું અને બંધ કરેલા તાળાની ચાવી તાળા જેટલી મોટી હોતી નથી. એમ ભૂલ મોટી પણ યુક્તિ તો નાની જ મળે છે. પ્રિયદર્શનાને નાની યુક્તિ મળી ગઈ.

ભગવાનનો અનુયાયી એક ઢંક હતો કુંભાર, પણ શ્રદ્ધાબળથી તેનામાં જે સમજ પેદા થઈ હતી તેણે પ્રિયદર્શનાને ચેતવી દીધી. એક વાર તેમનો ઢંકની શાળામાં ઉતારો હતો. આર્યાનું વસ્ત્ર સૂકાતું હતું. ઢંકે આ પ્રસંગે ભઠ્ઠીમાંથી એક અંગારો વસ્ત્ર પર નાખ્યો. વસ્ત્ર બળવા માંડ્યું. આર્યા એકદમ ઊભાં થયાં અને બોલવા લાગ્યાં, "વસ્ત્ર બળી ગયું, વસ્ત્ર બળી ગયું."

તરત જ ઢંકે ત્યાં આવીને કહ્યું કે, "હજી આ વસ્ત્ર બળે છે, પૂરું બળી જાય ત્યારે બળી ગયું કહેવું તેમ તમારી માન્યતા છે તે કેમ છોડી દો છો ?"

આર્યા શિક્ષણ પામેલાં હતાં, તરત જ વાતનો દોર પકડી લીધો અને સમજી ગયાં કે, પોતે પતિની પાછળ સતી થવાનું હોય તેમ નીકળી પડ્યાં હતાં. પણ આ માર્ગ ખોટો છે. અને ક્ષમાયાચના કરી પાછાં પ્રભુના શાસનમાં પ્રવેશ ગ્રહણ કર્યો.

સંસારીપણે ત્રિભેટે ઊભેલો જમાલિ, ભાણેજ, જમાઈ અને રાજકુમાર હતો. આખરે શિષ્યપણું પામ્યો હતો. પરંતુ પોતાના જ્ઞાનનું ગુમાન તેને કૃતઘ્નતામાં લઈ ગયું તે સર્વપ્રથમ નિન્હવ - પ્રભુની સામે પડ્યો. તે કાળે પણ જીવો સ્વચ્છંદના દોષે મળેલા ઉત્તમ યોગને અફળવાન બનાવતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સંવાદનું સંવેદન

ભગવાન મહાવીરની સમત્વની આરાધનાની એક અભિવ્યક્તિ અનાગ્રહ હતો. કારણ કે આગ્રહી પ્રકૃતિવાળા માનવ પોતાની જ માન્યતા દ્વારા યુક્તિ શોધે છે. અન્યને માટે તેવો જ આગ્રહ રાખે છે. અનાગ્રહી માનવી યુક્તિને વિશાળ દૃષ્ટિને મન દ્વારા ગ્રહણ કરી જીવનમાં તેનો સુવ્યવસ્થિત પ્રયોગ કરે છે.

આગ્રહી માનવી પોતાના આગ્રહને આગળ કરી જીવનના સત્ત્વનું સંશોધન કરે છે, તે વ્યર્થ જાય છે. અનાગ્રહી માનવ અંતરચક્ષુ દ્વારા સત્યને શોધે છે, અને પ્રાપ્ત કરે છે.

માનવી માટે કર્મનું કે ધર્મનું ક્ષેત્ર અગત્યનું નથી. તે કેટલો અનાગ્રહી અને વિશાળદૃષ્ટિયુક્ત છે તે તેના જીવન માટે અગત્યનું છે. અનાગ્રહી દૃષ્ટિએ ભગવાનના મુખે સ્યાદ્વાદશૈલીને પ્રગટ કરી.

પોતાપણાનો આગ્રહ જીવને બાધક બને છે. એટલે જૈન દર્શનની શૈલી છે ‘દેવગુરુકૃપા’ની પ્રાધાન્યતા. તે પરાવલંબન નથી; પણ સમર્પણતાનું સરળ સાધન છે.

## કામદેવનું નિવેદન

કામદેવ શ્રાવકને કોઈ દેવે તેના ઉપાસનાગૃહમાં ધ્યાન અને શીલની આરાધનામાં ઉપદ્રવ કર્યો. કામદેવ પૂર્ણ જાગૃતિથી અચલ રહ્યા. જ્યારે ભગવાન ચંપાપુરીમાં પધાર્યા ત્યારે કામદેવ દર્શનાર્થે ગયા. ભગવાને પૂછયું. ‘કામદેવ ગઈ રાત્રિ તેં ધ્યાનમાં ગાળી ?’

“હા ભંતે.”

“તને ઉપસર્ગ થયો હતો.”

“હા ભંતે.”

“તું કસોટીમાંથી પાર ઊતર્યો.”

‘ભંતે, આપના ધર્મઉપદેશનો પ્રભાવ છે.’

ભગવાનના શિષ્યોનું ઘડતર આવું હતું. અર્થાત્ અર્પણતા.

## ગૌતમને સંબોધન

ભગવાન પુનઃ પુનઃ કહેતા “ગૌતમ ! એક પળનો પ્રમાદ ન કર !” ગૌતમ એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાણીને પ્રેમપૂર્વક ધારણ કરતા. તેઓ વિચારતા કે શું ક્ષણિક પ્રમાદ આવો ભંયકર છે ? જેને માટે ભગવાન મને પુનઃ પુનઃ ઇશારો કરે છે. મારે ભગવાન પાસેથી આનું સમાધાન જાણવું જરૂરી છે.

અત્યંત લઘુતાભાવે ગૌતમે ભગવાનને પૂછ્યું.

"ભંતે ! ક્ષણિક પ્રમાદ અપ્રમાદની સમગ્ર દશાને હરી લે છે ?"

"હે ગૌતમ ! તમે બળતો દીવો જોયો છે ?"

"હા ભંતે."

"દીવો બળે છે ત્યારે શું બને છે ?"

"ભંતે ! અંધકારના પરમાણુઓ પ્રકાશમાં પરિવર્તિત થાય છે. એટલે વાતાવરણ પ્રકાશમય બને છે."

"તે પ્રકાશ ક્યાં સુધી રહે છે ?"

"ભંતે ! જ્યાં સુધી દીવો જલતો રહે ત્યાં સુધી."

"અને દીવો ઓલવાઈ જાય તે ક્ષણે શું થાય છે ?"

"ભંતે ! તે જ ક્ષણે પ્રકાશનાં કિરણો અંધકારમાં પરિવર્તિત થાય છે. દીવાનું ઓલવાઈ જવું અને અંધકારનું પ્રગટ થવું તે એક સમયે બનતી ઘટના છે."

"ગૌતમ ! તે જ પ્રમાણે જે ક્ષણે પ્રમાદ આવે છે, તે જ સમયે પ્રમાદની દશાથી ચિત્ત ઉપર આવરણ આવી જાય છે. જાગરણમાં, અપ્રમાદમાં ચિત્તનો અંધકાર દૂર થઈ પ્રકાશરૂપે પ્રગટ થાય છે.

ચિત્તની જાગૃત દશામાં શુદ્ધિના સંસ્કારો પ્રબળ બને છે, જ્યારે ચિત્તની સુષુપ્ત દશામાં મલિનતાના સંસ્કારોનો પ્રભાવ વધે છે.

પ્રમાદ અવસ્થામાં અશુદ્ધિના સંસ્કારોથી ચિત્ત આવરાઈ જાય છે. ત્યારે પુણ્ય પણ પરવારી જાય છે.

## મેઘકુમારનું જાગરણ

સમ્રાટ શ્રેણિકના પુત્ર મેઘકુમાર ભગવાનના શાસનમાં દીક્ષિત થયા. દિવસ તો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યના પ્રકાશની જેમ પ્રકાશમય ગયો. પરંતુ રાત્રિના અંધકારમાં મેઘની ચેતના પર પણ અંધકારનું આવરણ છવાઈ ગયું. ભગવાનના સાન્નિધ્યમાં જાગૃત થયેલી ચેતના રાત્રિની પ્રતિકૂળતાથી ઠરી ગઈ, તે પ્રાતઃકાલે ભગવાન પાસે આવ્યા.

ભગવાન તેના મનની દશા જાણતા હતા, તેમણે મેઘને આ જન્મ નહિ પણ પૂર્વજન્મો સુધી જાગૃત કરી દીધો. મેઘ કહેવા આવ્યો હતો કે આ સંયમ પાળવો સંભવ નથી, પરંતુ ભગવાને તેને કહેલા પૂર્વજન્મોની ઘટનાઓથી તે જાગૃત થઈ ગયો, હાથીના ભવમાં સહન કરીને ભગવાનના શરણ સુધી પહોંચવાનું પુણ્યબળ મેળવ્યું. તે પુણ્યબળને મુનિઓના ચરણસ્પર્શથી ક્ષોભ પામી ફેંકી દેવા તૈયાર થયેલો મેઘ જાગી ગયો. ફક્ત આ જન્મની હકીકતથી તેની ચેતના જાગૃત થાય તેવી સંભાવના ન હતી. તેનો આ જન્મ તો કેવળ સુખદ સ્વપ્ન હતું.

ભગવાને કહ્યું, હે મેઘ ! તું આ જન્મમાં જે સુખ પામ્યો તેનું કારણ શું છે ? પૂર્વ-જન્મમાં હાથી હતો. તારા પરિવારના રક્ષણ માટે માંડલું કરીને રહ્યો હતો. એક સસલું રક્ષણ મેળવવા આવ્યું, તે વખતે તેં પગ ઊંચો કર્યો, તે સસલું ત્યાં ગોઠવાઈ ગયું. ત્રણ દિવસ તું તે સ્થિતિમાં અનુકંપાના ભાવથી ઊભો રહ્યો. સસલું ત્યાંથી અન્યત્ર જતાં, તું પગ નીચે મૂકતાં પછડાઈ પડ્યો. મહાકાય તને ઊભો કરવા કોણ સહાય કરે ! સમતાથી તું પડ્યો રહ્યો. મરણ પામી રાજકુમાર થયો.

ભગવાને પૂછ્યું, "મેઘ, હવે તું જ નિર્ણય કર કે તારે શું કરવું ?" મેઘનું આત્મસંશોધન ઘેરું બન્યું. તે જાગૃત થઈ ગયો, આ જન્મના સુખની મૂર્ચ્છા તૂટી ગઈ, અને મેઘ પુનઃ આત્મસંશોધનમાં પ્રસ્થાપિત થઈ ગયો. પૂર્ણતાને પ્રાપ્ત કરી ધન્ય બની ગયો.

શું આપણા પૂર્વજન્મોમાં આવી ઘટનાઓ ઘટી હશે ? મહાપુરુષોના જીવનની કથાઓને અંતરમાં સ્પર્શવા દો. સંસારી જીવોને વિવિધ મનોદશાની સઘળી ઘટનાઓ અલ્પાધિક પણ શુભાશુભ સંસ્કારરૂપે તેમની ચેતનામાં સ્પર્શ થયો હોય છે. તેનું મંથન કરો અને અંતરને જાગૃત થવા દો. સંસારની યાત્રામાં ઘણાં દુઃખો સહન કર્યાં છે. કરતાં આવ્યા છીએ, સંયમને માર્ગે તેવાં કષ્ટો છે નહિ, હા સંયમમાર્ગે જવા માટે સ્વચ્છંદે વિહરેલા જીવે મનને નિયંત્રિત કરવું પડે છે, તે કષ્ટદાયક લાગે છે ખરું; પણ પ્રારંભમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગતું તે કષ્ટ પરિણામે જીવને સુખદાયક બને છે. એકવાર ચેતનાને જાગૃત થવા દો. તેમાંથી શક્તિ પેદા થશે. જે જીવના અસદ્ સંસ્કારો સાથે યુદ્ધ કરીને વિજય પ્રાપ્ત કરાવશે.

શ્રાવિકા જયંતીના પ્રશ્નોનું સમાધાન

ઊંઘવું સારું કે જાગવું ?

સબળતા સારી કે દુર્બળતા ?

ઉદ્યમી થવું સારું કે પ્રમાદી ?

પ્રશ્ન તો સામાન્ય લાગે છે. પરંતુ ભગવાને તેના પ્રત્યુત્તરથી અનાગ્રહપણાનું અને સ્યાદ્વાદશૈલીનું પ્રવર્તન કર્યું છે.

ભગવાને કહ્યું :

"હે ભદ્રે ! નિદ્રા અને જાગરણ સબળતા અને દુર્બળતા, ઉદ્યમી અને પ્રમાદી બંનેનું સારાપણું કે નરસાપણું અપેક્ષિત છે."

ગુણમાત્ર ગ્રહણ કરવા અને દોષમાત્રને ત્યજી દેવા, એ તો શાસ્ત્રનો સદ્બોધ છે. તો પછી ભગવાને બંનેને સારાં કેમ કહ્યાં ?

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જયંતીની પ્રશ્નસૂચક દૃષ્ટિનું ભગવાને સમાધાન કર્યું : "ભદ્રે ! કોઈપણ હકીકતનું સારાપણું કે નરસાપણું જીવોના વ્યક્તિગત વર્તન પર આધારિત છે. એક માટે મનાતો ગુણ અન્ય માટે દુર્ગુણ બની જાય છે. એકને મનાતો વ્યવહારધર્મ બીજાને માટે વ્યવહારમાં અધર્મ મનાય છે. જેમ કે, હિંસક મનોવૃત્તિવાળો ઉંઘતો હોય તો કર્મ ઓછું બાંધે, સાધક જાગૃત હોય તો કર્મનો નાશ કરે. તે પ્રમાણે ઉદ્યમી અને પ્રમાદી માટે છે.

ગ્રામનુગ્રામ વિચરતા, પ્રભુ પાંત્રીસ વાણીયુક્ત દેશના આપતા હતા. અનેક જીવો પ્રભુની અમૃતવાણીથી બોધ પામતા, પાપીઓ પાપ પખાળીને પુણ્યવંતા થતા. ખૂનીઓ મુનિ થતા, સંસારી સિદ્ધત્વ પામવાના મનોરથ કરતા. રાજા-મહારાજાઓ પ્રભુના ચરણમાં ઝૂકીને ધન્યતા અનુભવતા અનેક શિષ્યોથી અલંકૃત પ્રભુ સૌને શાશ્વત સુખ ભણી જવા પ્રેરતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા

શ્રમણ ભગવાન મહાવીર તે સમયે વર્ષાકાળમાં મધ્યમ પાવાપુરીને વિષે હસ્તીપાલ રાજાના કર્મચારીઓના સ્થાનમાં છેલ્લું ચોમાસું રહ્યા હતા. તે કાળે આસો માસમાં કૃષ્ણ પક્ષની અમાસને દિવસે પાછલી રાત્રિએ નિર્વાણ પામ્યા. અનંતકાળની ભવસ્થિતિમાંથી સંપૂર્ણપણે મુક્ત થયા. પરમ શાશ્વત લોકાગ્રને પ્રાપ્ત થયા. જન્મજરામરણાદિથી સર્વથા મુક્ત થયા. સિદ્ધ થયા.

જે રાત્રિએ ભગવાન નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ અતિ કષ્ટદાયક ભસ્મરાશિ બે હજાર વર્ષની સ્થિતિવાળો મહાગ્રહ સંક્રાન્ત થયો.

શક્રેન્દ્રે અવધિજ્ઞાન વડે આ સ્થિતિ જાણીને ભગવાનને નિર્વાણકાળ પહેલાં વિનંતી કરી કે, હે પ્રભુ ! આપના નિર્વાણ સમયે આ મહાગ્રહ સંક્રાન્ત થશે અને જગતના જીવોને અતિ કષ્ટદાયક કાળની પ્રાપ્તિ થશે માટે આપ એક સમય માત્ર આયુસ્થિતિનો વધારો કરો. ફક્ત એક સમય-મેષાનુમેષના સમયથી પણ અલ્પ સમય-ની વૃદ્ધિ કરો. ભગવાને કહ્યું : હે ઇંદ્ર ! નાગેન્દ્ર, ઇંદ્ર કે જિનેન્દ્ર કોઈપણ ચમરબંધી પોતાના આયુષ્યકર્મમાં ફરક કરી શકતા નથી. જે કાળે જે બનવાનું હોય તે બને જ છે.

તે કાળે તે સમયને વિષે ભગવાન મહાવીર ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહ્યા હતા. બાર વરસ અને છ માસ લગભગ દીક્ષા અવસ્થા પાળી. લગભગ ત્રીસ વરસ કેવળી અવસ્થામાં રહ્યા હતા. સર્વ મળી બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી એકાકીપણે નિર્વાણ પામ્યા. તે સમયે ભસ્મરાશિ મહાગ્રહ સંક્રાન્ત થયો.

નિર્જળ છઠ્ઠ તપ સહિત સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ પ્રાપ્ત થતાં પ્રભાતકાળે પ્રભુ સમ્યક્ પ્રકારે પદ્માસને બેઠા. સોળ પ્રહર સુધી પુણ્યપાપના ફળવિપાકવાળાં અધ્યયનો તથા કેટલાક ઉત્તરોનો અંતિમ ઉપદેશ આપી શુકલ ધ્યાનમાં સ્થિત પ્રભુ સંસારસમુદ્રથી સર્વથા મુક્ત થયા. સર્વ દુઃખો અને કર્મોથી પ્રભુ મુક્ત થઈ પરમ શાશ્વત સુખને પામ્યા.

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અહો પ્રભુ આ શું કર્યું ?

તે કાળે અને તે સમયને વિષે ભગવાન મહાવીર જે રાત્રિએ નિર્વાણ પામ્યા ત્યારે દેવદેવીઓ આવવા લાગ્યાં. પરંતુ તેઓ સૌ ખેદખિન્ન જણાતાં હતાં. તે રાત્રિને વિષે ભગવાનના પ્રથમ અંતેવાસી પટ્ટશિષ્ય ગૌતમ ગણધર અણગાર અન્યત્ર ઉપદેશ આપવા ગયા હતા. પાછા વળતાં તેમણે આ સર્વ કોલાહલથી જાણ્યું કે પ્રભુ તો નિર્વાણ પામ્યા છે.

ગણધર ગૌતમસ્વામીનો ભગવાન પ્રત્યે અતિ પ્રશસ્ત રાગ હતો. તેમણે જ્યારે સાંભળ્યું કે ભગવાન તો નિર્વાણ પામ્યા ત્યારે તેઓ ક્ષણ વાર તો અત્યંત ક્ષોભ પામી ગયા. જાણે કે તેમના પર વજ્રઘાત થયો હોય તેમ શૂન્ય થઈ ગયા. થોડી ક્ષણો પછી તેમને વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થયું ત્યારે તે બોલી ઊઠ્યા :

"હે પ્રભુ ! તમે આ શું કર્યું ? આટલા સમયથી હું તમારી સેવા વડે પુણ્યવંતો હતો. તેને તમે અંત સમયે દૂર કર્યો ? હે નાથ ! હવે હું કોના ચરણકમળમાં મારું મસ્તક મૂકી વિશ્રામ પામીશ ? હે જગત્પતિ ! હવે હું મારા મનની વાતો કોને કહીશ અને મારા પ્રશ્નોના ઉત્તરો કોણ આપશે ?

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

અરે વિભું ! હવે મને વત્સલભાવે ગોયમ, ગૌતમ, હે વત્સ કહી કોણ બોલાવશે ?"

હે વીર ! હે મહાવીર ! આપે આ શું કર્યું ? આપને આવું કરવું શોભતું ન હતું ! આપ તો મારા રાંકના રખેવાળ હતા. પ્રભુ ! આપને એમ લાગ્યું કે હું નાના બાળકની જેમ આપની પાછળ પડીશ અથવા શું એમ લાગ્યું કે આ જીવ આપના મોક્ષરૂપી ઐશ્વર્યમાં ભાગ પડાવશે ? અરે ભગવાન ! આપે એવું શા માટે વિચાર્યું ? શું મોક્ષમાં એવી સંકડાશ છે કે ત્યાં મારો સમાવેશ ન થાય ? હે વીર ! હે વીર ! હવે મને ગૌતમ કહી કોણ બોલાવશે ?

હે ત્રિભુવનપતિ ! આજે આપના વગર આ પૃથ્વી પર અજ્ઞાનરૂપી અંધકાર ફેલાશે. ધર્મમાં અનેક અંતરાયો ઉત્પન્ન થશે. હે પ્રભુ ! આપના વગર આ ભરતક્ષેત્ર પર મહા કષ્ટદાયક ગ્રહનો પ્રભાવ થશે. અરે, મને તો આજે આ પૃથ્વી કશા જ સત્ત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગરની સૂની લાગે છે. ભરતક્ષેત્ર દીપક વગરના અંધકાર જેવું લાગે છે. આમ અનેક પ્રકારે ગણધર ગૌતમ પ્રશસ્ત રાગના નિમિત્તે ભગવાનનું રટણ કરતા હતા.

થોડી વારે જ્યારે શોકનો આવેગ શમ્યો ત્યારે તેમના ચિત્તમાં વીજળીની જેમ ઝબકારો થયો કે અરે ! હું કેવો મિથ્યામતિમાં ફસાઈ ગયો હતો ! ભગવાન તો વીતરાગ હતા. તેમને વળી રાગ કેવો હોય ? તેમના નિર્દોષ વાત્સલ્યને મેં જાણ્યું નહિ. અને હું તો રાગમાં જ રહ્યો. તેમના ઉપદેશને પણ મેં લક્ષમાં લીધો નહિ કે જગતમાં કોઈ કોઈનું નથી. જીવ એકલો જ આવે છે અને એકલો જ જાય છે.

### ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા

આમ અનેક પ્રકારે ભાવને શુદ્ધ કરતાં ગૌતમ ગણધર શુકલધ્યાનની શ્રેણીએ આરૂઢ થઈ ગયા અને ચાર ઘાતિકર્મોનો નાશ કરી, અનંત વસ્તુને જાણવાવાળું, અવિનાશી, અનુપમેય, સમસ્ત આવરણ રહિત અનંત અવ્યાબાધ એવા કેવળજ્ઞાનને પામ્યા.

ભવિતવ્યની વિચિત્રતા કેવી છે ! ગૌતમને પાંડિત્યનું અભિમાન પ્રભુ પાસે લઈ જવા નિમિત્ત બન્યું, પ્રભુ પ્રત્યે પ્રશસ્ત રાગ, એક ઉત્તમ ભક્તિના શરણનું કારણ બન્યો. તે ગુરુભક્તિનો રાગ ખેદજંનિત બની કેવળજ્ઞાનનું નિમિત્ત બન્યો.

ગૌતમસ્વામી કારતક સુદ એકમને દિવસે સવારે કેવળજ્ઞાન પામ્યા. બાર વરસ સુધી કેવળીપર્યાય પાળી સુધર્માસ્વામીને ગણ સોંપી પોતે મોક્ષે ગયા. ધન્ય તે ગણધારા.

## દિવાળી પર્વ

તે કાળે સમયને વિષે જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિએ કાશી, કોશલ વગેરે અઢાર ગણરાજાઓ પાવાપુરીમાં પ્રભુની નિશ્રામાં એકઠા થયા હતા. તેઓએ વિચાર કર્યો કે આપણા ભાવને પ્રગટ કરવા દીવા પ્રગટાવવા જોઈએ. ત્યારથી તે દિવસ દીપાવલિ કે દિવાળી પર્વ તરીકે પ્રસિદ્ધ થયો.

વળી કારતક સુદ એકમે ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા તેનો ઉત્સવ કર્યો તેથી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસ આનંદ મહોત્સવરૂપે મનાયો. દેવોએ પણ આ બંને પવિત્ર દિવસોનો ઉત્સવ માણ્યો. નંદિવર્ધનભાઈને પ્રભુના નિર્વાણના સમાચાર પહોંચ્યા ત્યારે તે પણ અત્યંત ક્ષોભ પામી ખેદખિન્ન થઈ ગયા. આથી બીજને દિવસે તેમનાં બહેન સુદર્શના શ્રાવિકા ભાઈને પોતાના ઘરે લઈ ગયાં અને ભોજન વગેરે કરાવ્યું તેથી તે દિવસ ભાઈબીજ કહેવાય છે.

આ પ્રમાણે ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક અને ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન તે અતિ ઉત્તમ અવસરો પ્રાપ્ત થતાં જનસમુદાયે પોતાના ભાવની વૃદ્ધિ અને નિર્મળતા માટે એ દિવસોને પર્વ તરીકે પ્રસિદ્ધ કર્યા. સાચા સાધકો આજે પણ આ દિવસોને કેવળ મોજમજાના દિવસો માનતા નથી, પણ તે દિવસોમાં ધર્મારાધના કરીને પોતાના જીવનને પવિત્ર બનાવે છે.

## પ્રભુનું કુળ, ગોત્ર અને આયુષ્યસ્થિતિ

JAINSITE.com

ભગવાન મહાવીરનો જન્મ ચોથા આરાના અંતમાં થયો હતો. તેમનું આયુષ્ય બોંતેર વર્ષનું હતું. પ્રભુના નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ગયા પછી ચોથા આરાની સમાપ્તિ થાય છે.

ભગવાન મહાવીર ચોવીસમા તીર્થંકર છે. ભગવાન મહાવીર કુંડગ્રામ નામના નગરમાં ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિએ જન્મ્યા હતા. રાજા સિદ્ધાર્થનું કાશ્યપ ગોત્ર હતું. શ્રમણ ભગવાન મહાવીર લગભગ ત્રીસ વરસ ગૃહસ્થવાસમાં રહ્યા, બાર વરસ અને છ માસ દીક્ષાપર્યાયમાં રહ્યા, ત્રીસ વર્ષ કેવળીપણે વિચર્યા. તીર્થંકરનામકર્મનાં અતિશય પુણ્યોને પૂર્ણ કરી જગતને કલ્યાણનો રાહ દર્શાવી પ્રભુ બોંતેર વર્ષ થતાં નિર્વાણ પામ્યા.

પ્રભુ નિર્વાણ પામ્યા ત્યારે અંધકાર યુગનો જાણે પ્રારંભ થયો હોય તેમ સૌ ક્ષોભ પામી ગયા હતા. તેથી ઘણાં સાધુસાધ્વીઓએ અનશન ગ્રહણ કર્યું હતું.

### શ્રમણ ભગવાન મહાવીરની પારિવારિક સંપદા

ભગવાન મહાવીર અગિયાર ગણધરોથી વિભૂષિત હતા. ચૌદ હજાર સાધુઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. છત્રીસ હજાર સાધ્વીઓ હતી. એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકો હતા. ત્રણ લાખ અને અઢાર હજાર શ્રાવિકાઓ હતી, સર્વજ્ઞ જેવું પણ શ્રુતજ્ઞાન ધરાવતા ચૌદપૂર્વી ત્રણસો હતા. તેરસો અવધિજ્ઞાની હતા. સાતસો કેવળજ્ઞાનીઓ હતા. દેવી ઋદ્ધિ વિકુર્વવાને સમર્થ સાતસો મુનિઓ હતા. પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીઓ હતા. વાદમાં વિજેતા એવા ચારસો વાદીઓ હતા. સાતસો શિષ્યો અને ચૌદસો સાધ્વીઓ મુક્તિ પામ્યાં હતાં. એકાવતારી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારાઓની સંખ્યા આઠસોની હતી.

આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરની સંપદા થઈ હતી.

સવિશેષ ઇંદ્રભૂતિ વગેરે અગિયાર ગણધરોનું જ્ઞાન અદ્ભુત હતું. તેઓ બારે અંગનું જ્ઞાન ધરાવતા હતા. તેઓ ચૌદપૂર્વના જ્ઞાતા હતા. દ્વાદશાંગીના રચનાર તેઓ હતા. આ ચૌદ ગણધરો એ જ ભવે મોક્ષગામી થયા હતા.

ચોથા આરાના અંતમાં ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ત્યાર પછી ભગવાન મહાવીરનું શાસન પાંચમા આરાના અંત સુધી પ્રવર્તશે. ભગવાનના પરમભક્ત ગણધર ગૌતમસ્વામીના ગુરુપદનું સ્મરણ કરીને સૌ પાવન થશે. ધન્ય તે કાળ, ધન્ય તે કાળના માનવીઓ કે જે આવો પરમ અવસર પામી ધન્ય થઈ ગયા.

---

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.

* * *


ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.

* * *

જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન પાર્શ્વનાથ લોકાંતિક દેવોની વિનંતીથી દીક્ષા લેતા પહેલાં
જનકલ્યાણ માટે વરસીદાન આપી રહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પારસકુમાર કમઠ બોધ આપી રહ્યા છે. ભગવાન પાર્શ્વનાથનો દીક્ષાકાળ
અને ઉપસર્ગ, કેવળજ્ઞાન તથા ભગવાન પાર્શ્વનાથને નિર્વાણની પ્રાપ્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન શ્રી પાર્શ્વનાથનું જીવનચરિત્ર

कमठे धरणेन्द्रेच, स्वोचितं कर्म कुर्वति
प्रभुस्तुल्य मनोवृत्तिः, पार्श्वनाथ श्रियेऽस्तुः

પાર્શ્વનાથ ભગવાનને કમઠે ઉપસર્ગ કર્યા, ધરણેન્દ્રે ભક્તિ કરી. બંનેએ પોતાની પ્રકૃતિ પ્રમાણે કાર્ય કર્યું. પણ ભગવાને ઉપસર્ગ કરનાર પ્રત્યે રોષ ન કર્યો કે ભક્તિ કરનાર પ્રત્યે ન પ્રસન્ન થયા, પ્રભુની બંને પ્રત્યે સમાનવૃત્તિ હતી. એવા પાર્શ્વનાથ મારું શ્રેય કરો.

જૈનમ્ જયતિ શાસનમ્

*

"જન્મમરણાદિ ભયંકર ભવ પરિભ્રમણ કરાવનાર, રાગદ્વેષ અજ્ઞાન, આદિ સર્વ કર્મશત્રુને જેણે જીત્યા તે જિન.

રાગદ્વેષનો અત્યંત અભાવ થતાં તેમને પરમ વીતરાગતા, અજ્ઞાનનો સંપૂર્ણ અભાવ થતાં તેમને પરમ સર્વજ્ઞતા પ્રગટ્યા તે વીતરાગ પરમાત્માએ જગતના જીવોના ઉદ્ધાર અર્થે નિષ્કારણ કરુણાવશે મોક્ષ માર્ગનો બોધ કર્યો, તેવા જિનાગમને નમસ્કાર હો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન શ્રી પાર્શ્વનાથનું જીવનચરિત્ર

## પહેલો ભવ : મરુભૂતિ અને કમઠ

ભગવાન મહાવીરના શાસનની પ્રભાવના જે કાળમાં થઈ હતી તેવા યુગના ચોથા કાળના પ્રારંભની આ કથા છે. મદનપુર નામના નગરમાં અરવિંદ રાજાના મંત્રીને કમઠ અને મરુભૂતિ નામે બે પુત્રો હતા. કમઠ મોટો પુત્ર હતો, પણ દુરાચારનાં બધાં જ લક્ષણોથી તેનું જીવન કલુષિત હતું. ગુણવાન માતાપિતાના વંશમાં જન્મીને પણ કમઠ પૂર્વજન્મની અસદ્‌વૃત્તિઓને વશ આ જન્મને સર્વ પ્રકારે વેડફી રહ્યો હતો. પિતાના ઘણા પ્રયત્નો છતાં કમઠ કોઈ સંસ્કાર પામ્યો નહિ અને લોકોમાં અપયશ પામ્યો.

મરુભૂતિ નાનો હતો પણ શાણો હતો. સજ્જનતાના બધા ગુણોથી તેનું જીવન ઉદાત્ત હતું. સજ્જનતા અને પ્રેમાળતા જેવા ગુણોને કારણે મરુભૂતિ કમઠનાં બધાં જ તોફાનો નિભાવી લેતો અને તેના પ્રત્યે ખૂબ પ્રેમ રાખતો. સદ્‌ગુણો દ્વારા મરુભૂતિ લોકમાં આદર પામતો હતો.

બન્ને પુત્રો યુવાન થતાં પિતાએ તેમનાં લગ્ન યોગ્ય કન્યાઓ સાથે કર્યાં. બન્નેને યોગ્ય રીતે સર્વ વ્યવસ્થા સોંપી પોતે સંસારનો ત્યાગ કરી, આત્મકલ્યાણને પંથે પ્રયાણ કર્યું. તેમના ત્યાગથી મંત્રીપદને માટે મરુભૂતિની યોગ્યતા જોઈ રાજાએ તેને મંત્રીપદે સ્થાપ્યો. અહીંથી કમઠની મરુભૂતિ પ્રત્યેની ઈર્ષાનો પ્રારંભ થયો. કમઠ મોટો હોવાથી મરુભૂતિને મંત્રીપદ મળે તે હકીકત એ સહી શક્યો નહિ. કોઈ પણ કારણ શોધી કમઠ નાના ભાઈને હેરાન કરતો હતો. પણ મરુભૂતિ કમઠને મોટો ભાઈ સમજીને દરેક પ્રસંગને સહી લેતો અને માન આપતો.

એક વાર મરુભૂતિ રાજા સાથે યુદ્ધમાં ગયો હતો. તેની પત્ની મનોરમા દાસીઓ સાથે ઉદ્યાનમાં ફરવા નીકળી હતી. આ તકનો લાભ લઈ કમઠે મનોરમાને રીઝવવા પ્રયાસ કર્યો. મનોરમા શીલવાન હતી, પણ તે જાણતી હતી કે કમઠના હાથમાંથી છટકવું મુશ્કેલ છે, તેથી મનોરમાએ સમયસૂચકતા વાપરી. તેણે કમઠને અમુક દિવસે મહેલમાં આવવા નિમંત્રણ આપ્યું. કમઠ તો પ્રસન્ન મનથી તે દિવસની આતુરતાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાહ જોઈ રહ્યો. નિયત દિવસે તે મનોરમા પાસે પહોંચી ગયો. મનોરમા જાણતી હતી કે પતિની ગેરહાજરીમાં રક્ષણ થવું કપરું છે, આથી તે છૂપી રીતે પોતાના પિતાના રાજ્યમાં પહોંચી ગઈ હતી. કમઠ ભોગવિલાસનાં સમણાં સેવતો મહેલમાં પહોંચ્યો પણ તપાસ કરી, તો ખબર પડી કે મનોરમા તો પિતૃગૃહે ચાલી ગઈ છે. આથી છંછેડાઈને દાસીઓ વગેરેને મારઝૂડ કરી, કોઈના પર બળાત્કાર કરી, અતિશય ગુસ્સે થઈ તે ચાલી ગયો. છતાં રોજે મનોરમાને મેળવવાને મનોરથો સેવતો રહ્યો.

યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી રાજા નગરમાં પાછા આવ્યા હતા, અને મરુભૂતિ પાછળ વ્યવસ્થા સંભાળવા રોકાયો હતો. રાજાને કમઠના દુરાચારની અને પોતાના જ ભાઈની પત્નીની દુર્દશા કરવાના પ્રયત્નની જાણ થતાં રાજાએ ક્રોધે ભરાઈને ન્યાયની રક્ષા કરવા ખાતર મરુભૂતિના આવતા પહેલાં જ તેને રાજ્યમાંથી હદપાર કર્યો. જીતેલા રાજ્યનો કારભાર પતાવી મરુભૂતિ પાછો આવ્યો, ત્યારે તેને આ સર્વ વાત જાણવા મળી. છતાં કમઠ પ્રત્યે પ્રેમવશ થઈ કમઠે જાણે કંઈ ગુનો કર્યો જ ન હોય તેમ તેની શોધમાં જંગલમાં ગયો. કમઠ રાજ્યની હદ બહાર કોઈ તાપસો સાથે ભળી જઈને તાપસ બન્યો હતો. પૂર્વનાં કુલક્ષણો તો ભાવ ભજવતાં રહ્યાં, એટલે અજ્ઞાનનું સેવન કરતો તાપસ જંગલમાં સમય પસાર કરતો હતો, પણ કંઈ આત્મહિત પ્રાપ્ત કરી શક્યો ન હતો.

મરુભૂતિ કમઠને શોધતો જંગલમાં આવી પહોંચ્યો. કમઠે દૂરથી જોયું કે આવનાર મરુભૂતિ જ છે તેથી તેને જોતાં અંદરથી વેરની આગ ભભૂકી ઊઠી. અવિચારી એવા કમઠે મરુભૂતિના માથા પર એક મોટી શિલા ઝીંકી દીધી. મરુભૂતિ બેભાન થઈને ઢળી પડ્યો. જરાક ભાન આવતાં પોતાની આવી દુર્દશા જોઈને તથા માથાની અસહ્ય વેદનાના ઉદયથી અશુભધ્યાનના પરિણામસહિત મૃત્યુ પામી તે જ જંગલમાં હાથી તરીકે ઉત્પન્ન થયો.

## બીજો ભવ : હાથી અને સર્પ

મરુભૂતિ મૃત્યુ પામી હાથીનો દેહ ધારણ કરી વનમાં ભમતો હતો. આ બાજુ કમઠનું આવું દુષ્કૃત્ય જાણી તાપસ મહંતે તેને કાઢી મૂક્યો. તે ચોરોની ટોળીમાં ભળીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી દુષ્ટ કર્મો આચરતો રહ્યો. તેના પરિપાકરૂપે તે જંગલમાં તે વિષયુક્ત ફણીધર થયો. બન્ને ભાઈ કર્મની વિચિત્ર શૃંખલામાં અટવાઈને તિર્યંચયોનિ પામ્યા.

મરુભૂતિના મૃત્યુના સમાચાર જાણી અરવિંદ રાજા ઘણા શોકાતુર થઈ ગયા. સંસારના વિચિત્ર સ્વરૂપને વિચારતા તે સમી સાંજે મહેલની અટારીમાં બેઠા હતા. વર્ષાકાળ હોવાથી આકાશમાં વાદળોના અવનવા આકાર રચાતા હતા અને વિખરાતા હતા. પ્રકૃતિની આવી સર્જન-વિસર્જનની ક્ષણભંગુરતા જોઈ રાજાના મનમાં એવો વિચાર જાગ્યો કે સંસારના સુખભોગ પણ આવા નશ્વર છે. તેમાં રાચીને માનવભવ હારી જવા જેવો નથી. રાજાના આ મનોભાવનો જાણે પડઘો પડ્યો હોય તેમ તે જ સમયે દ્વારપાળે રાજાને સમાચાર આપ્યા કે ઉદ્યાનમાં આચાર્ય ભગવંત પધાર્યા છે. દ્વારપાળને ભેટણું આપી વિદાય કર્યો અને રાજા ઉત્સાહભેર તે દિશામાં વંદના કરી આનંદિત થવાથી આચાર્યશ્રીના દર્શનનાં સ્વપ્ન સેવતો નિદ્રાધીન થયો.

વહેલી સવારે રાજા યથોચિત તૈયારી કરી ગુરુવંદના માટે ઉદ્યાનમાં પહોંચી ગયો. આચાર્યશ્રીની અમૃતમયી વાણી સાંભળી રાજાના મનમાં ઉત્તમ ભાવો જાગ્યા. એની વૈરાગ્યભાવના દૃઢ થઈ. એણે રાજદરબારમાં જઈને જાહેર કર્યું કે કાલે સવારે રાજકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવશે અને તે પછીના મુહૂર્તે રાજા સર્વસંગપરિત્યાગ કરી ગુરુચરણની ઉપાસના કરી આત્મસાધનાર્થે જીવન ગાળશે.

## હાથી બોધ પામ્યો

અરવિંદ રાજા મુનિપણું સ્વીકારી જંગલમાં વિશાળ સંઘ સાથે વિહરી રહ્યા હતા. જંગલમાં એક જગાએ સંઘનો પડાવ પડ્યો હતો. ત્યાં અચાનક સૌ દોડાદોડી કરવા લાગ્યા. જંગલના હાથીને પોતાની ભૂમિ પર માનવસમૂહે જમાવેલું આધિપત્ય પસંદ ન હતું, તેથી તે તોફાને ચડ્યો હતો. સૂંઢ વડે વૃક્ષોને ઊખેડતો, માનવોને ઉછાળતો, ધસમસતો એક વૃક્ષ નીચે મુનિરાજ બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. પણ આ શું ? એણે દૂરથી મુનિરાજની છાતી વચ્ચે એક કમળ જેવું ચિહ્ન જોયું, અને ક્ષણભર તે વિચારમાં પડી ગયો. તેને થયું કે આવું કંઈક મેં જોયું છે. તોફાન શમી ગયું અને ધીમા પગલે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિરાજની નજીક આવી સૂંઢ નમાવીને તેમના ચરણે બેસી ગયો. મુનિરાજે તેના પ્રત્યે કરુણાભરી નજર કરી તેને આવકાર્યો.

થોડી ક્ષણો માટે મુનિરાજે આંખ બંધ કરી ત્યારે ધ્યાનમાં જણાયું કે હાથી તે મરુભૂતિનો જીવ છે. મૃત્યુસમયના અશુભ પરિણામથી તે તિર્યંચગતિને પામ્યો છે. આથી તેમના મનમાં હાથી પ્રત્યે અનુકંપા જાગી. તેમણે હાથીને ઉદ્દેશીને કહ્યું કે, હે વત્સ ! તને આજે સુંદર યોગ મળ્યો છે. તારા પૂર્વભવને વિચારી જો અને બોધ પામ. આ સંસારની રચના ઘણી વિચિત્ર છે. મહામોહનિદ્રાવશ જગતમાં અજ્ઞાની જીવો ભૂલા પડી, વિષને અમૃત ગણી તેનું પાન કરી પુનઃ પુનઃ મૃત્યુ પામે છે. પુણ્યબળે કંઈક સુખ પામી વળી અતિ દુઃખને ભોગવે છે. તારા મહત્‌પુણ્યનો ઉદય થયો છે. આ બોધ ધારણ કરી તું સમતાને ધારણ કર.

મુનિનો ઉપદેશ સાંભળીને હાથીની આંખમાંથી અશ્રુનો પ્રવાહ વહી રહ્યો હતો. મૂંગું પ્રાણી અશ્રુબિંદુઓ દ્વારા ઘણું કહી રહ્યું હતું કે હે ગુરુદેવ ! હવે આ સંસારના ત્રિવિધ તાપથી તારો. એવું રહસ્ય સમજાવો કે જન્મમરણ મટી જાય. હાથી દેશના સાંભળતો હતો. ઉત્કૃષ્ટ પરિણામોની ધારામાં તે તલ્લીન થતો હતો. તેવી સુભગ પળે મુનિરાજની નિશ્રામાં તેને સમ્યગ્‌દર્શન પ્રગટ થયું. ધન્ય તેના પરિણામને કે તિર્યંચ હોવા છતાં તેણે મોક્ષના દરવાજાને ટકોરા મારી ભગવાનને સંદેશો આપી દીધો કે હું પણ આપના જ માર્ગે આવી રહ્યો છું.

ત્યાર પછી મુનિરાજ આગળ વિહાર કરી ગયા. હાથી દર્શનની પ્રાપ્તિના આનંદમાં ત્યાં ત્રણ દિવસ બેસી રહ્યો. હજી તેની શ્રવણેન્દ્રિયમાં દિવ્ય દેશનાનો ગુંજારવ ચાલી રહ્યો હતો.

"હે વત્સ ! તું બોધ પામ, બોધ પામ, બોધ પામ."

ત્રણ દિવસની સહેજ થયેલી અઠ્ઠમની ભાવના વ્યક્ત કરતો, સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવને સેવતો સરોવરની દિશામાં જઈ રહ્યો હતો. એ જ માર્ગમાં એક સર્પ પસાર થતો હતો. તેણે હાથીને જોયો અને જાણે જન્મોનું વેર હોય તેમ હાથી પ્રત્યે જઈને તેના

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પગમાં જોરથી દંશ દીધો. તેના કાતિલ ઝેરની અસર થવાથી હાથી મૂર્છિત થઈને ત્યાં જ ઢળી પડ્યો. પણ હવે તેની પાસે સમ્યગ્દર્શનરૂપી ગુરુચાવી હતી. તેથી જે કાર્ય તે મરુભૂતિના મનુષ્યજન્મમાં કરી ન શક્યો તે કાર્ય તિર્યંચના ભવમાં કરી શક્યો, સર્પના કૃત્ય પ્રત્યે અનુકંપા રાખી પોતાના જીવ પ્રત્યે સમતાનાં પરિણામોને ટકાવી તિર્યંચનો દેહ ત્યજી તે દેવલોકમાં ઉત્પન્ન થયો.

## ત્રીજો ભવ : સ્વર્ગ અને નરક

કમઠનો જીવ માઠા પરિણામથી સર્પયોનિ પામ્યો હતો, પૂરું જીવન વિષ વમતો રહ્યો. નવાં કર્મ ઉપાર્જન કરીને નરકગતિમાં પ્રયાણ કરી ગયો, અને અનંત યાતના ભોગવવા લાગ્યો. હાથી અને સર્પ બંનેના દેહ તો તિર્યંચના હતા, છતાં શુભાશુભ ભાવ પ્રમાણે પરિણામ નીપજ્યું.

હાથી પોતાના શુભ પરિણામના ફળસ્વરૂપે દેવલોક પામ્યો અને સર્પ દુષ્ટ પરિણામના યોગે નરકગતિ પામ્યો.

## ચોથો ભવ : વિદ્યાધર અને અજગર

મરુભૂતિનો જીવ દેવલોકનું આયુષ્ય સુખપૂર્વક નિર્ગમન કરી વિદેહક્ષેત્રમાં વિદ્યુત્ગતિ વિદ્યાધરની રાણી વિદ્યુત્માળાની કૂખે અગ્નિવેગ નામે પુત્ર તરીકે જન્મ પામ્યો, પરંતુ દોરે પરોવેલી સોય ખોવાઈ જાય નહિ તેમ અગ્નિવેગ સમ્યગ્દર્શન સહિત પરિણામવાળો હોવાથી દેવલોકનાં કે વિદ્યાધરનાં સુખ તેને લોભાવી શક્યાં નહિ. આ અગ્નિવેગ યુવાનવયે તો પરમપદને સાધવા સર્વસંગપરિત્યાગ કરીને ગુરુના ચરણે સમર્પિત થઈ ગયો.

એક વખત જંગલમાં સરોવર-પાળે એકાંતવાસમાં ધ્યાનયોગની સાધનામાં બાળયોગી લીન છે. ત્યાં અચાનક એક મોટો અજગર આવી ચડ્યો, અને ધ્યાનમગ્ન મુનિને એ જ દશામાં આખા ને આખા ઉદરમાં પધરાવી ગયો. અજગરે પ્રકૃતિગત તેનું કાર્ય કર્યું, અને મુનિરાજે પોતાના મુનિધર્મને યોગ્ય પોતાનું કાર્ય સાધી સમાધિકરણને સાધ્ય કર્યું. સમ્યગ્દર્શનની ફળશ્રુતિનું આ અપૂર્વ પરિણામ હતું, કે ગમે તેવા કપરા સંયોગોમાં પણ જ્ઞાનની અખંડ ધારાને ટકવા દે અને પરિણામમાં સ્થિર થવા દે. સમ્યગ્દર્શન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારસાગર તરી જવાનું અમોઘ સાધન છે. અજગર કોણ હતો તે વાચકોના ધ્યાનમાં આવી ગયું હશે એટલે હવે આગળ ગતિ કરીએ અને પરિણામ.શું આવ્યું તે પણ સમજી ગયા ને ? ટૂંકમાં દેવ અને નરકગતિ.

## પાંચમો ભવ : દેવ નારક

ક્ષમાના ધારક ઉત્તમ ભાવયુક્ત મુનિ સમાધિને પામી દેવલોક પામ્યા અને અજગર અજ્ઞાનવશ પશુતાને આચરી અધોગતિ પામ્યો.

## છઠ્ઠો ભવ : રાજકુમાર અને ભીલ

બંને જીવો પોતાની ગતિને યોગ્ય સુખદુઃખયુક્ત દીર્ઘાયુષ્ય ભોગવીને વળી પાછા ધરતી પર ઊતરી આવ્યા. મરુભૂતિના જીવે જંબુદ્વીપના પશ્ચિમવિદેહમાં અશ્વપુર નામના નગરમાં વીર્ય રાજાની વિજયા રાણીની ઉત્તમ કુક્ષિએ પુત્રરત્ન તરીકે જન્મ ધારણ કર્યો. વજ્રનાભિ નામે તે બાળકુમાર બાળચેષ્ટા ત્યજી જ્ઞાનવૃદ્ધિ દ્વારા માતાપિતાને આનંદ આપતો હતો. કાળક્રમે છ ખંડની પૃથ્વીના સ્વામી બનીને વજ્રનાભિએ ચક્રવર્તીપદને પ્રાપ્ત કર્યું. એક વાર વજ્રનાભિ ચક્રવર્તી મહેલને ઝરૂખે ઊભા હતા. તેમના મનના ભાવોને જાણે વાચા મળી હોય તેમ દૂરથી તેમણે જંગલમાં કેવળી ભગવંતને આવતા જોયા. ચક્રવર્તીના પદને વિસારી ખુલ્લા પગે મહેલમાંથી નીકળીને ભગવંતના ચરણે તે સમર્પિત થઈ ગયા. ભગવાનનો બોધ હૈયે ધારણ કરી સંસારનાં બંધનોને ત્યાગી ચક્રવર્તી મોક્ષપંથે ચાલી નીકળ્યા. મુનિપણું ગ્રહણ કરીને વજ્રનાભિ સંઘ સાથે વિહરી રહ્યા હતા. મુનિ જગતના જીવોના કલ્યાણ અર્થે ઉપદેશામૃતનું પાન કરાવી રહ્યા હતા.

ગામેગામ વિહરતા મુનિ એક સાંજે જંગલમાં ધ્યાનમાં મગ્ન હતા ત્યાં તો દૂરથી સનન કરતું તીર આવ્યું અને મુનિની છાતીને આરપાર વીંધી ગયું. મુનિ તો દેહથી ઉપર ઊઠેલા હતા તેથી તીર અને શરીર બંનેનો આત્મભાવને સ્પર્શ પણ ક્યાંથી હોય ? સમતાભાવમાં આરૂઢ મુનિનો દેહ ત્યાં છૂટી ગયો અને આત્મા સ્વર્ગને પંથે ઊપડી ગયો. આ તીર મારનાર ભીલ તીરની દિશામાં આવીને જુએ છે તો તીર તો બરાબર વાગ્યું હતું, પણ તેને તો આહાર માટે જે શિકાર જોઈતો હતો તે ન મળવાથી નિર્જીવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા મુનિના દેહ પ્રત્યે ક્રોધ સહિત ધિક્કાર વ્યક્ત કરી, ભીલ નિકાચિત દુષ્ટ કર્મબંધન કરી ત્યાંથી ચાલી ગયો. આયુષ્ય પૂર્ણ કરી કરેલાં પાપોને ભોગવવા યોગ્ય સ્થાને વિહરી ગયો. એક દેવલોકમાં અને બીજો નરકલોકમાં.

## સાતમો ભવ : દેવલોક અને નરકલોક

મરુભૂતિનો જીવ હાથીના જન્મમાં સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી પછીના દરેક જન્મમાં મોક્ષપંથની સીડીનાં સોપાનો સર કરતો આગળ વધે છે. દેવલોકના અહમિંદ્ર પદના સર્વ સુખભોગોને - પુણ્યયોગને પૂરો કરી લે છે. પરંતુ જ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ સથવારો હોવાથી દેવલોકમાં પણ તે જીવની ઝંખના તો એક જ રહી કે ક્યારે મુક્ત થાઉં. આ ભાવનાને પૂર્ણ કરવા તે અહમિંદ્ર દેવલોકમાં હોવા છતાં મહાવિદેહક્ષેત્રમાં વિહરતા ભગવાન શ્રી સીમંધરસ્વામીની દેશના સાંભળી ભાવના કરે છે - ઝંખે છે કે આ પુણ્યની કેદમાંથી ક્યારે છૂટું, ને મનુષ્યજન્મ પામું, સંયમને ધારણ કરીને મુક્તિને સાધું, સંસારને દેશવટો આપી શકાય તેવાં સંયમ ચારિત્રની આરાધનાનો સંયોગ દેવલોકમાં નથી. છતાં સમ્યગ્દષ્ટિ આત્માઓ પાસે જ્ઞાનધારાનું બળ હોવાથી તે જીવો પ્રભુભક્તિના જન્મકલ્યાણક આદિ દરેક અવસર દ્વારા આત્મસાધનાનું બળ વધારતા રહે છે અને સમકિતને શુદ્ધ કરતા રહે છે.

## આઠમો ભવ : રાજકુમાર અને સિંહ

આવી ઉત્કૃષ્ટ ભાવનાઓ ભાવતાં વળી અવધિજ્ઞાન વડે પૂર્વના મુનિપણાની આરાધનાના સુખનું સ્મરણ કરતાં આયુષ્ય પૂર્ણ થયે ભગવાનનો જીવ અયોધ્યા નગરીના વજ્રબાહુ રાજાની પ્રભાવતી રાણીની કુક્ષિએ પુત્રપણે જન્મ પામ્યો. માતાપિતાએ પુત્રપ્રાપ્તિના આનંદમાં તેનું નામ આનંદ રાખ્યું. રાજ્યને યોગ્ય સર્વ કળાઓમાં નિપુણતા મેળવવા છતાં પૂર્વજન્મના દૃઢ સંસ્કારોને કારણે આનંદકુમાર આત્મકલ્યાણને અનુરૂપ ધર્મારાધનમાં પણ પ્રવૃત્ત હતો. અને સર્વ પદાર્થોથી વ્યાવૃત થવાના ભાવો અંતરંગમાં દૃઢ કરતો જતો હતો. છેલ્લા ભવોમાં મુનિપણાનું આરાધન કરેલું હતું. તેના સંસ્કારોથી આનંદકુમારનું અંતરંગ તો આત્મભાવને ભજતું ઉદાસીનભાવ પ્રત્યે ઢળેલું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહત્ પુણ્યના બળે એક વાર રાજ્યના ઉદ્યાનમાં વિપુલમતિ મુનિ મહારાજની પધરામણી થઈ હતી. આનંદકુમાર માતાપિતા સાથે દેશના સાંભળવા બેઠો હતો. જ્ઞાની મુનિ મહારાજની દેશના પણ અપૂર્વ હતી. આનંદકુમારે બોધ પામી દીક્ષા ગ્રહણ કરી.

ગુરુઆજ્ઞાના ધારક વિનયી બાળમુનિ ઉત્કૃષ્ટ આરાધના કરી રહ્યા હતા. આત્મજ્ઞાનને ઉજ્જવળ કરતાં ધ્યાનનાં શિખરો સર કરતા જતા હતા. સ્વરૂપચિંતનમાં લીન મુનિ એક વાર જંગલમાં ધ્યાનદશામાં ઊભા હતા, ત્યાં તો સિંહની ભયંકર ગર્જનાથી આખું જંગલ ધણીધણી ઊઠ્યું. પશુપંખીઓ પણ થીજી ગયાં. વૃક્ષપાન ધ્રૂજી ઊઠ્યાં. હરણાં સસલાં જેવાં ગભરુ પશુઓ તો સંતાઈ ગયાં. ત્રાડ પર ત્રાડ નાખતો સિંહ આગળ ધસમસતો હતો. તેની ભયંકર ગર્જનાના પડઘા જંગલમાં ભય પેદા કરતા હતા. મુનિની ધ્યાનદશામાં કંઈ જ ફરક ન પડ્યો. મુનિ અપૂર્વ શાંતિમાં લીન હતા.

સિંહ મુનિરાજની તદ્દન નજીક આવી ગયો હતો. અજ્ઞાનવશ તેનામાં અતિ વેરભાવ જાગ્રત થયો. તેનો સમગ્ર દેહ આવેશથી તરવરી ઊઠ્યો. અને મુનિ ? મુનિ તો શાંતમુદ્રામાં દયા અને કરુણાભાવથી ધ્યાનદશામાં લીન હતા.

સિંહનો વેરભાવ આસમાને પહોંચ્યો. મુનિનો કરુણાભાવ ચરમસીમાએ પહોંચ્યો.

સવી જીવ કરું શાસનરસી
એસી ભાવ દયા મન ઉલ્લસી.

એવા ઉત્તમ ભાવમાં તીર્થંકર નામકર્મનું ઉપાર્જન સહેજે બંધાઈ ગયું. જન્મોથી ચાલ્યું આવતું વેર સિંહને કુકર્મ પ્રત્યે લઈ ગયું. જીવ જ્યારે પાપથી છવાઈ જાય છે ત્યારે તેને વિવેક રહેતો નથી. મોહવશ પરાધીન દશામાં જીવ સપડાઈ મહાદુઃખ પામે છે. સિંહની પ્રકૃતિએ ભાગ ભજવ્યો. મુનિને ફાડી ખાધા. મુનિએ તો સમ-સ્વભાવને ધારણ કરી પરિણામને સમતામાં રાખી સમાધિમરણ સાધી લીધું. દેહાધ્યાસથી મુક્ત મુનિએ દેહભાવ તો ત્યજી દીધો હતો. ઉત્તમ ભાવનાએ ઉત્તમ ખોળિયું અર્પી દીધું.

## નવમો ભવ : દેવ નારક

જેમ જૂના વસ્ત્રને સહજ રીતે ત્યજવામાં આવે છે તેમ મુનિ નશ્વર દેહને ત્યજીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વર્ગારોહણ કરી ગયા. સિંહ પોતાના જ દુષ્કૃત્યના પરિણામે વળી નરકગતિમાં ઉત્પન્ન થઈ મહાદુઃખ પામ્યો.

કર્મની ગતિની વિચિત્રતા જ વિચારવાનને વિભ્રાંતિથી વિમુક્ત કરે છે. કર્મની વ્યવસ્થા જ એવી છે કે જીવ જેવાં પરિણામ કરે તેવી તેની અવસ્થા થાય. શુભ-અશુભ કર્મના ચકરાવે ચડેલો ચતુર જીવ કર્મને ભોગવ્યા વગર છટકી શકતો નથી. આજે અદ્યતન સાધનો, આહારવિહારમાં લુબ્ધ જીવોને ભલે આવું કાંઈક વિચારવાની ફુરસદ ન હોય પણ કર્મની શૃંખલા તેની ફુરસદને દુઃખના ફંદમાં ફેરવી નાખે છે. ત્યાં તેને તેના પ્રિયજનો, મિત્રો કે વૈદ્યો પણ બચાવી શકતા નથી. અરે ! આ જમાનામાં તો સામેય જોતા નથી.

આજની વિપુલ સામગ્રીના ભોગવિલાસમાં જનતા હિંસા-અહિંસાના મૂળધર્મને જ ચૂકી જઈ કઠોરતા પ્રત્યે જઈ રહી છે. જો રોગ, શોક, દુઃખ કે મૃત્યુ જેવું વિદાયનું દર્દ ન હોત તો જીવો ક્યારેય પણ આત્મસુખનો વિચાર કરી શકત નહિ. ધર્મવિમુખ જીવોનું જીવન કેવું કંગાળ થઈ ગયું છે ! માનવી આકૃતિએ માનવ હોવા છતાં પ્રકૃતિએ પશુવૃત્તિથી પામરતા પામતો જાય છે. અને પાછો પશુપ્રકૃતિમાં જીવનને ફેરવી નાખે છે. એક જ વંશમાં જન્મેલા, માતાપિતાનાં સમાન વારસો અને શિક્ષણ પામેલા મરુભૂતિ અને કમઠના જીવનરાહો કેવા ફંટાઈ ગયા ! એક જીવનની શુદ્ધિની ચરમસીમાનાં શિખરો ચડતો ગયો અને બીજો ઊંડી ખીણમાં ગબડતો ગયો. એમ આઠ ભવ અને દીર્ઘકાળ નીકળી ગયો.

તે કાળે, તે સમયે વારાણસીની પવિત્ર નગરીમાં વિશ્વસેન રાજા રાજ્ય કરતો હતો. તેને વામાદેવી નામે ગુણસંપન્ન રાણી હતી. તે રાજદંપતીએ ધર્મ-આરાધનાના બળે દેવગુરુની પ્રસાદીરૂપે સમકિતની પ્રાપ્તિ કરી હતી. ઉદારચિત્ત ધર્માનુરાગી રાજાના રાજ્યમાં સર્વત્ર શાંતિ વર્તતી હતી. પ્રજા અને રાજા બંને સુખી હતાં. શાંતિના એ કાળમાં રાજાની એ નગરી પંડિતવર્યોથી શોભતી હતી. મુનિ મહારાજોનું આવાગમન રાજા તથા પ્રજાને જાગ્રત રાખતું હતું. જિનપ્રાસાદોમાં ભક્તિગાનનો મહિમા વધતો જતો હતો. આમ રાજ્યમાં સુખશાંતિ વર્તતાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચૌદ સ્વપ્ન અને જન્મ

(ભગવાન મહાવીરની જેમ સમજવું.)

એક વાર મધ્યરાત્રે વામાદેવી ચૌદ મહાસ્વપ્ન નિહાળી રહ્યાં હતાં. જૈનદર્શનમાં તીર્થંકરનામકર્મ એ સર્વોત્કૃષ્ટ પુણ્ય મનાયું છે. સૃષ્ટિમાં જે કંઈ અતિ ઉત્તમ તત્ત્વો છે તે તીર્થંકરના પુણ્યાત્માને પ્રાપ્ત હોય છે. પરંતુ સ્વ-સ્વરૂપનું જ્ઞાન એ જ સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે અને એ જ્ઞાનીના જીવનનો મર્મ છે. એટલે પુણ્યના અતિશયોનું એક ઋણ પૂરું કરવા તે પુણ્યાત્માઓ જગતના કલ્યાણ અર્થે ધરતી પર અવતરે છે. તેનાં એંધાણ થતાં જ શુભ તત્ત્વો પ્રગટે છે. તીર્થંકરનો આત્મા માતાના ઉદરમાં આવે અને શુભ ચિહ્ન તરીકે માતા સુંદર અને ગૂઢ સ્વપ્નો જુએ છે.

પ્રાતઃકાળે રાણીએ રાજા સમક્ષ સ્વપ્નોનું નિવેદન કર્યું. રાજા આ સ્વપ્નનું વર્ણન સાંભળી અતિ પ્રસન્ન થઈ ઊઠ્યા. તરત જ જ્યોતિષી પાસેથી સ્વપ્નનું રહસ્ય જાણ્યું કે વામાદેવીની કુક્ષિમાં ધર્મચક્રવર્તીનો ગર્ભ ધારણ થયો હતો. તીર્થંકરનો આત્મા દેવલોકમાંથી ચ્યવન કરી ધરતી પર અવતરવાનો છે. તીર્થંકરના નામકર્મના પુણ્યબળે તે હકીકત જાણીને દેવો પણ ખુશ થયા. અનેક દેવીઓ રાણીની સુખાકારીની પૃચ્છા કરતી હતી. ઉત્તમ આત્માને ઉદરમાં ધારણ કરીને રાણી સુખપૂર્વક કાળ નિર્ગમન કરતી હતી.

ગર્ભકાળનો સમય પૂરો થતાં માગશર વદ ૧૦ના ઉત્તમ દિવસે મરુભૂતિનો જીવ (વિશેષજ્ઞાન) અવધિજ્ઞાન સહિત તીર્થંકરના પુણ્યાતિશયયુક્ત જન્મ પામ્યો. પૃથ્વી પર જન્મેલ આ મહાન આત્માનો સંદેશો તત્ક્ષણ સ્વર્ગના ઇંદ્રોને આપવા સુઘોષા ઘંટનો ધ્વનિ દેવલોકમાં ધણધણી ઊઠ્યો : હે દેવો ! જાગો. આપણો ઉદ્ધારક ધરતી પર અવતરી ચૂક્યો છે. ત્યાર પછી સૌધર્મ ઇંદ્રની સવારી નીચે હજારો ઇંદ્ર-ઇંદ્રાણીઓ, સેંકડો દેવદેવીઓ સહિત પ્રભુને લઈને મેરુ પર્વત પર જન્માભિષેકનો ઉત્સવ મનાવી પોતાના ભાવોને નિર્મળ કરતાં હતાં. ઉત્તમ શબ્દોમાં પ્રભુવંદના કરતાં ઇંદ્રે સ્તુતિ કરી પોતાને પાવન કરી દીધો. દેવોએ પ્રભુના અંગૂઠામાં અમૃતરસનું સંક્રમણ કર્યું. વળી માતાએ સ્વપ્નમાં સર્પ જોયેલો અને પ્રભુના અંગ પર સર્પનું લંછન હોવાથી પ્રભુનું નામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારસકુમાર - પાર્શ્વકુમાર રાખવામાં આવ્યું. અનેક દેવદેવીઓથી અભિષેક કરાયેલા પ્રભુનો જન્મમહોત્સવ ઊજવી દેવીઓએ પ્રભુને માતા પાસે મૂકી દીધા અને સૌ સૌને સ્થાને વિદાય થયાં.

પ્રિયંકરા દાસીએ રાજાને પુત્રજન્મની વધામણી આપી. રાજાએ પ્રસન્ન થઈ તરત જ પોતાનો કીમતી હાર દાસીને ભેટ આપ્યો. તેને દાસીપણામાંથી મુક્ત કરી. માતાપિતા અને સૌને મન એ બાળક હતો, પણ વાસ્તવિક રીતે તો પ્રભુ ત્રણ જ્ઞાનના સ્વામી હતા. છતાં વિનમ્ર, ઉદાર, પરમ કરુણામય તેમનું જીવન હતું. તેમની બાળરમતો પણ જ્ઞાનયુક્ત હતી. જન્મથી કુમાર ચંદ્રકળાની જેમ ખીલી રહ્યા હતા. યુવાનીમાં પ્રવેશ કરી રાજ્યને યોગ્ય સર્વ શિક્ષણકળાઓમાં ઉપચારથી નિપુણતા પ્રાપ્ત કરી.

યોગ્ય વયે પૂર્વયોગ અનુસાર પાર્શ્વકુમારનાં લગ્ન પ્રભાવતીદેવી સાથે નક્કી કરવામાં આવ્યાં. પરંતુ તેમાં એક વિઘ્ન ઊભું થયું. કલિંગ દેશના રાજાએ યુદ્ધનું આહ્‌વાન આપ્યું. પાર્શ્વકુમાર તો મહાકરુણા સાથે જન્મ્યા હતા. તેઓ યુદ્ધ ઇચ્છતા ન હતા તેથી તેમણે કલિંગના રાજાને દૂત મોકલી સંદેશો પહોંચાડ્યો કે યુદ્ધ કરવામાં કોઈ લાભ નથી. ઘોર હિંસા કરી રાજ્ય મેળવીને સુખ મળતું નથી. કલિંગ દેશના રાજાના મનમાં સંદેશાની અને પાર્શ્વકુમારના વિચારની ઘણી અસર ઊપજી. તેણે તરત સુમેળ માટે સંદેશો પહોંચાડ્યો અને તે પાર્શ્વકુમારનો મિત્ર બની ગયો, અને નિર્વિઘ્ને લગ્નનું કાર્ય પૂરું થયું.

## કમઠને બોધ

એક વાર પાર્શ્વકુમાર વનવિહાર માટે નીકળ્યા હતા. માર્ગમાં એક તાપસ યજ્ઞ કરી રહ્યો હતો. તે યજ્ઞ કરનાર તાપસ ફળાહાર કરી જંગલમાં રહેનારો તપસ્વી હતો. યજ્ઞમાં નિરપરાધી જીવોની આહુતિ અપાઈ રહી હતી. તેવી હિંસાથી આત્મલાભ નથી તેમ વિચારી પાર્શ્વકુમાર તેની પાસે જઈ અજ્ઞાનયુક્ત આ ક્રિયાથી મુક્ત થવાનો તેને ઉપદેશ આપતા હતા અને અહિંસાધર્મનું હાર્દ સમજાવતા હતા કે,

હે તાપસ ! હિંસાથી ઊપજતાં કર્મોનું ફળ અસાધ્ય રોગો, અધોગતિ તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિકલાંગપણું છે. દયા વિનાનો ધર્મ દરવાજા વગરના નગર જેવો છે. પણ તાપસ તો અજ્ઞાનના અંધકારમાં ઘેરાયેલો છે. તે પાર્શ્વકુમારની વાત સાંભળી છંછેડાયો અને કુમારને મારવા દોડ્યો. સૈનિકોએ તેને રોકી લીધો. વળી કરુણાસાગર પાર્શ્વકુમાર તેને આ પાપકર્મથી પાછો વાળવા ઉપદેશ આપતા હતા ત્યારે તાપસે કહ્યું કે–

"હે કુમાર ! અજ્ઞાની હું નથી પણ તું છે, કારણ કે આવા યજ્ઞમાં તું વિઘ્ન નાખી રહ્યો છે. તું જ્ઞાની હો તો મને તેનો પ્રભાવ દેખાડ."

ત્યાં તો પાર્શ્વકુમારે અવધિજ્ઞાનમાં જોયું કે આ યજ્ઞમાં હોમાતાં લાકડાંમાં તો સર્પયુગલ અગ્નિથી તપી રહ્યું છે. તેણે તાપસને કહ્યું કે, "તારાં લાકડાંથી જ ઘોર હિંસા થઈ રહી છે." અને સૈનિકો પાસે લાકડાં ચિરાવી નાખ્યાં તો અંદર શરીરે બળેલું, તરફડતું સર્પયુગલ નજરે પડ્યું. જોકે તાપસને તેની કંઈ અસર થઈ નહિ. તે તો ક્રોધાવેશમાં ચકચૂર હતો. પોતાના કાર્યમાં આવું વિઘ્ન કરનારને આક્રોશથી તે ગાળો દેતો હતો.

## સર્પયુગલનો ઉદ્ધાર

પાર્શ્વકુમારે તો અતિ અનુકંપિત થઈ મૃત્યુને શરણ થઈ રહેલા સર્પયુગલને નવકારમંત્રનું શ્રવણ કરાવી કંઈ પણ અસદ્દ્ભાવ ન થાય તે માટે પરમપ્રેમથી તેની નજીક બેસી તેમને ધર્મના શરણનું રક્ષણ આપી જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. તે સર્પયુગલ પણ જ્ઞાનીનું શરણ ગ્રહણ કરી સમાધિમરણને પ્રાપ્ત કરી દેવલોકમાં સ્થાન પામ્યું. જે ધરણેન્દ્ર અને પદ્માવતીના નામથી પ્રસિદ્ધ બની ગયાં અને આજે પણ પૂજાય છે.

તાપસ આ સર્વ ઘટના જોઈ સ્તબ્ધ થઈ ગયો. પરંતુ તીવ્ર કષાયના યોગે અને પ્રબળ પ્રમાદને પરિણામે પાર્શ્વપ્રભુને ઓળખી ન શક્યો જેના સ્મરણમાત્રથી, જેના ચરણકમળના સેવનથી પશુ મટી સર્પયુગલ દેવત પામ્યું તે જ પાર્શ્વનાથનો યોગ મળવા છતાં તાપસ તો કાળમીંઢ પથ્થરની જેમ જ રહી ગયો. અરે ! ધોબી કપડાં ધુએ છે એ પથ્થર પણ સુંવાળાં કપડાંના નિત્યના સ્પર્શથી કે ધોકાના મારથી ઘસાય છે અને સુંવાળો બને છે. પણ માનવ કેવો વિમૂઢ બની જાય છે !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ-અજીવના સંયોગે ઊપજતા શુભાશુભ જીવના પરિણામથી પુણ્ય-પાપનો ચકરાવો માનવને ઘેરી લે છે. શુભાશુભ પરિણામનું ફળ અવશ્ય આવે છે. કમઠ તાપસે જે કંઈ શુભ ક્રિયાઓ કરી હતી તેના યોગે મૃત્યુ પામી નીચેના દેવલોકમાં મેઘમાળી નામે દેવપણે ઉત્પન્ન થયો. જ્ઞાનરહિત મળેલી કોઈપણ યોનિ જીવને ઊંચેથી નીચે પછાડે છે. અને વળી કર્મના ચક્કરમાં ફસાવે છે. જ્ઞાનસહિતની ક્રિયા મુક્તિ અપાવે છે.

'જ્ઞાનક્રિયાભ્યાં મુક્તિઃ ।' દોરો પરોવેલી સોય કચરામાં પડી જાય તોય દોરાને આધારે મળી આવે છે. તેમ પ્રગટ જ્ઞાનસહિત જીવ નરકગતિમાં પણ જ્ઞાનને આધારે પોતાના દોષોનો સ્વીકાર કરી, સહન કરી પાવન થઈ ઊઠે છે. તિર્યંચગતિમાં પણ જ્ઞાનસહિત જીવ કોઈ જ્ઞાનીનો યોગ પામી પશુતા ત્યજી દેવત પામે છે. દેવલોકમાં જ્ઞાનસહિત જીવ ભોગ-લોલુપતામાં ફસાઈ ન જતાં આત્માના ઐશ્વર્યને અજવાળવા પ્રભુભક્તિના સંયોગને શોધી લે છે, અને માનવજન્મ જ્ઞાનસહિત હોય તો તે સમીપમુક્તિગામી બની સંસારથી મુક્ત થાય છે.

સર્પસર્પિણી મટી ધરણેન્દ્ર પદ્માવતી પદ પામેલાં, પ્રભુભક્તિના યોગે પામેલાં દેવદેવી સમકિત દેવલોકમાં હોવા છતાં મોક્ષપદ પ્રત્યેના અભિગમને રક્ષે છે. અને મેઘમાળી દેવલોકમાં વળી હલકી કોટિમાં હોવાથી કેવળ દ્વેષ પરિણામથી નીચે ઊતરતો જાય છે.

## સર્વસંગપરિત્યાગ

વારાણસી નગરીના યુવરાજ પાર્શ્વકુમાર તો જન્મથી જ વૈરાગી હતા. વૈરાગ્ય પણ જાણે યૌવન પામ્યું હોય તેમ સર્વસંગપરિત્યાગ કરવાનો સમય નજીક જાણી, દેવો વડે એકઠી થયેલી સંપત્તિનો મહાન વરસીદાન દ્વારા આરંભ થઈ ચૂક્યો હતો. પાર્શ્વકુમાર યુવરાજ મટી મુનિરાજ બની ચૂક્યા. હજારો મુનિઓ સાથે પ્રભુ વિહરી રહ્યા હતા. નિત્ય મોક્ષના પંથે આગળ વધી રહ્યા હતા. પ્રભુ જ્યાં જ્યાં વિચરતા હતા ત્યાં ત્યાં જંગલમાં મંગળ થઈ જતું. ભગવાનને દીક્ષાકાળે જ મનઃપર્યવ - ચોથું પવિત્ર જ્ઞાન પ્રગટ થઈ ચૂક્યું હતું અને પ્રભુ પૂર્ણજ્ઞાન ભણી આગળ વધતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મેઘમાળીનો ઉપસર્ગ

પાર્શ્વપ્રભુ એક વાર જંગલમાં કાઉસગ્ગ ધ્યાનમાં લીન હતા. કમઠનો જીવ મેઘમાળી દેવરૂપે દેવલોકમાં પણ કુતર્કો દ્વારા જીવન વેડફી રહ્યો હતો. અવધિજ્ઞાન હતું, પણ મતિ મલિન હોવાથી તે કુઅવધિરૂપ હતું. એક વાર તેણે જોયું કે પાર્શ્વકુમાર જંગલમાં એકાકી વિચરી રહ્યા છે. ઠીક લાગ મળ્યો છે. આજ તો હવે તેને ખબર પાડી દઉં કે હું શું કરી શકું છું. દેવલોકની ગતિના નિયમથી દેવો પાસે કેટલીક વિકુર્વણાની શક્તિ અર્થાત્ માયાજાળ ઊભી કરવાની શક્તિ હોય છે. જ્ઞાનસહિત દેવો તેનો સદ્ઉપયોગ કરે છે. કોઈ અજ્ઞાની દેવો તેનો દુરુપયોગ કરી અધોગતિ પામે છે.

મેઘમાળી કુબુદ્ધિને કારણે મિથ્યાશક્તિને વિકુર્વી પાર્શ્વપ્રભુને ઉપસર્ગ કરવાને પ્રેરાયો. તેણે ડાંસ મચ્છરથી પ્રભુનું શરીર ઢાંકી દીધું. કાતિલ ડંખોથી પ્રભુનું શરીર વીંધાતું રહ્યું. પણ પરમપુણ્યના બળે તેમના દેહમાં સ્વતઃ રુઝાવાની શક્તિ હોવાથી પ્રભુનું શરીર વળી પાછું યથાવત્ થઈ જતું. વળી મેઘમાળીએ વીંછી, સર્પને ઉત્પન્ન કરી પ્રભુના શરીર પર છોડ્યા, વળી કાતિલ પીડા થાય તેવા ઉપસર્ગો થયા. પ્રભુ દેહભાવથી પર થયેલા હોવાથી સમભાવે તે સહી લીધા. વળી હાથીઓ ઉત્પન્ન કરી મેઘમાળીએ પ્રભુને ધક્કે ચડાવવા પ્રયત્ન કર્યો પણ પ્રભુના આત્મ-ઐશ્વર્યથી શરીર પણ અડોલ રહ્યું. છેવટે તેણે હાંફીને થાકીને ભયંકર વર્ષા વરસાવી. જાણે ધરતી પર મહાસાગર રેલાવી દીધો.

પ્રભુ ચારે બાજુ પાણીથી ઘેરાઈ ગયા અને પાણીનાં પૂર તો ચડતાં જ રહ્યાં. ઢીંચણથી ઉપર, કમરથી ઉપર, અરે ગળાથી ઉપર અને આ શું ? હોઠ સુધી પણ પાણી ફરી વળ્યાં. ચારે બાજુ સમુદ્ર ઘૂઘવી રહ્યો હતો. પ્રભુ તો જાણે મેરુ પર્વતની જેમ નિષ્કંપ છે. પ્રભુ શરીરમાં ન હતા. આત્માના આનંદના અપાર અનુભવમાં લીન હતા. ત્યાં સમુદ્રનાં મોજાં તેમને શું કરી શકે ? પ્રભુને આવા સાત સમંદરની પણ કંઈ પડી ન હતી. તેઓ તો શેષ રહેલા ચાર ઘનઘાતી કર્મના ડુંગરને પ્રજ્ઞા વડે તોડવાના કાર્યમાં એકતાન હતા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહારમાં મહાસાગર ઊમટ્યો હતો. અંતરંગમાં તેઓ અમૃતસાગરમાં બેઠા હતા. મુનિપણાના શુદ્ધ ઉપયોગની શી બલિહારી છે કે બહારના ભયંકર તાપ-ઉત્તાપને પણ શમાવી શીતળ બનાવી દે છે. બહારની ભયંકર યાતનાઓ પણ આત્માનુભવ આગળ પાંગળી બની પાછી પડે છે. અરે ! એક એક શ્વાસમાં મુનિ તો અનંત કર્મોના ઢગલાને હડસેલતા ઊર્ધ્વશ્રેણીએ ચડતા જતા હતા. જેને દેહના સ્પર્શાદિ સ્પર્શતા નથી. ઇન્દ્રિયોના વિષય-ભણકારનો ત્યાં કોઈ રણકાર નથી. વિષય-અગ્નિનો તાપ તો પ્રભુ જન્મથી જ ઠારીને આવ્યા હતા. સમતાના સાગરમાં પોતાના શુદ્ધ ઉપયોગની નાવ વડે પ્રભુ સંસારસાગરને તરી જવાની અંતરંગની ગુણશ્રેણીમાં બિરાજમાન હતા.

## પૂર્ણજ્ઞાન પ્રગટ થયું

જેમ જેમ પાણીનાં મોજાં પ્રભુને ટકરાતાં ગયાં, પાણી ચડતું ગયું તેમ તેમ પ્રભુ અંતરંગમાં શુદ્ધોપયોગમાં લીન થતા ગયા. કારણ પ્રભુ જાણતા હતા કે આ બહારનાં પાણીનાં મોજાં મારું હિત કે અહિત કરી શકે તેમ નથી. મારું શ્રેય મારી સમશ્રેણીમાં છે. તેથી તેમાં લયલીન થવાનો દાવ પ્રભુ લગાવી રહ્યા હતા. અંતે ચાર ઘાતીકર્મનો નાશ થતાં પ્રભુ શુદ્ધ કેવળજ્ઞાનને પામ્યા.

ધરતી પર આ લીલા ચાલી રહી હતી. બીજી બાજુ ધરણેન્દ્ર પદ્માવતીને પ્રભુભક્તિનું સ્મરણ થતાં ધરતી પર જુએ છે તો અરે, આ શું ! પ્રભુના ઉપકારને ભૂલીને આપણે તો દેવલોકના સુખમાં રાચી ગયાં. સેવા ચૂકી ગયાં અને પ્રભુને ભયંકર ઉપસર્ગ થઈ રહ્યો છે. તરત જ ધરતી પર આવીને એ મહાસાગરના જળને પોતાની શક્તિ વડે ધારણ કરી પ્રભુને છત્ર ધારીને બંને રક્ષણ આપી રહ્યાં. પણ પ્રભુ તો અંતરંગમાં ડૂબેલા હતા. ત્યાં તો શુદ્ધ ભાવનું અખંડ અદ્વિતીય અંતિમ શરણ હતું. ધરણેન્દ્ર-પદ્માવતીએ તો ભક્તિથી પોતાનું કાર્ય સિદ્ધ કર્યું. પાણીને ખાળી દીધું, ત્યાં આ શું ? દેવદુંદુભિનો રણકાર થયો. ચૈત્ર માસની કૃષ્ણ ચતુર્થીએ અઠ્ઠમ તપમાં આરૂઢ પ્રભુએ શેષ ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પ્રગટ કર્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ થતાં અનેક દેવો ખુશી મનાવવા દેવવિમાનો સહિત દોડી આવ્યા અને પ્રભુની ભક્તિ કરવા લાગ્યા. મેઘમાળી તો હજી કંઈ નવી યુક્તિની શોધમાં હતો કે આ યોગીને કેમ કરીને ભોંયભેગા કરું ? તેવા આવેગમાં હતો ત્યાં ઇન્દ્રની ઉપસ્થિતિ જોઈને સ્તબ્ધ થઈ ગયો. ઘડીભર ગભરાઈ ગયો પણ પ્રભુના અંતરંગ ભાવમાં તો હતું કે :

कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्य मनोवृत्तिः पार्श्वनाथ श्रियेऽस्तुवः ॥

## મેઘમાળી બૂજ્યો

કમઠ નવ નવ ભવ સુધી પ્રભુના દેહ પર કેર વર્તાવતો જ રહ્યો હતો અને પ્રભુ આત્મભાવે બધુ સ્વીકારતા જ રહ્યા. બંનેએ પોતાની પ્રકૃતિને ઉચિત કર્મ કર્યું. પ્રભુને તો ધરણેન્દ્રની ભક્તિથી કંઈ રાજી થવાનું ન હતું અને કમઠના ઉપસર્ગથી નારાજ થવાનું ન હતું. બંને પ્રત્યે સમાન ભાવ હતો. એટલું જ નહિ પણ મેઘમાળી પ્રત્યે તો તેમને કરુણા હતી કે જેના ચરણકમળ પખાળતાં દેવોનાં પાપ પલાયન થાય છે તેવા આત્માની આશાતના આચરી મેઘમાળી અધોગતિ પામશે. પ્રભુની આ અનુકંપાએ અને દેવોની ભક્તિના નિમિત્તથી મેઘમાળીની મનોદશા બદલાઈ ગઈ. તે પોતાની સર્વ લીલાને સંકેલીને પ્રભુને ચરણે પડ્યો. પશ્ચાત્તાપથી પાવન થયો. ભગવાનની ઉપસ્થિતિ જ એવી છે કે પાપી ભગવાન થઈ જાય. આ જન્મનાં તો ઠીક પણ જન્મોજન્મનાં પાપને પખાળીને પાત્રતા પામીને મેઘમાળી સમકિતને પામ્યો.

ઇન્દ્રાદિકે બાર પર્ષદાયુક્ત રત્ન, માણેક, સોનારૂપાથી શોભિત સમવસરણની રચના કરી. પ્રભુના કેવળજ્ઞાનના પ્રભાવે અતિશયો પ્રગટ થઈ ગયા. વાસ્તવિક રીતે તો આ સર્વ તીર્થંકરનામકર્મને યોગ્ય પુણ્યાતિશયો ઉત્પન્ન થયા. પ્રભુના શુદ્ધ આત્માનું અપાર ઐશ્વર્ય હતું તે ચર્મચક્ષુથી જણાય તેવું ન હતું. પ્રભુને ઓળખવાના પ્રતીકરૂપ એ અતિશયોના ઐશ્વર્યની પણ અદ્‌ભુતતા હતી. જગતની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વસ્તુઓ પ્રભુના ચરણની સેવામાં હાજર હતી. પ્રભુનો દેહ પણ પરમ ઔદારિક હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુ ચોત્રીસ પુણ્યાતિશયયુક્ત હતા. અને પાંત્રીસ ગુણયુક્ત દિવ્ય ધ્વનિ દ્વારા ઉપદેશ આપતા હતા. પશુ, પક્ષી, માનવ, દેવ સર્વ પોતપોતાની ભાષામાં એ વાણી સમજી જતાં અને ભવસાગરને તરી જવાના પુરુષાર્થમાં લાગી જતાં.

પ્રભુના ઉપદેશનો સારાંશ હતો : આ જગતમાં દરેક પદાર્થ વસ્તુ પોતપોતાના સ્વભાવે રહે છે, ટકે છે, લય પામે છે, અને ઉત્પન્ન થાય છે. કોઈ વસ્તુને કોઈ બનાવી શકતું નથી, રક્ષી શકતું નથી કે નાશ કરી શકતું નથી. જો કોઈ માનવ કે દેવને એવું કરવાની શક્તિ હોય તો પણ માનવની ઇચ્છા-વાસનાઓ અનંત છે તે ક્યારેય પૂરી થઈ શકે નહિ. વળી કોઈ એવી વિશેષ શક્તિયુક્ત વ્યક્તિ પણ એમ કરી શકે તેમ નથી. જીવ માત્ર ભાવ કરે છે કે આમ કરું કે ન કરું; બનવું ન બનવું તે તેના પૂર્વકર્મકૃત છે. કર્મની વ્યવસ્થા એવી છે કે ભાવ પ્રમાણે ફળ આપી તે ખસી જાય છે. તેના ફળ-સમયે જીવ પુનઃ જેવા ભાવ કરે છે તેવું ભાવિકર્મ બંધાય છે. પણ ફળ-સમયે જ્ઞાન વડે જ્ઞાતા દ્રષ્ટા રહે છે, તો ફળ ખરી જઈ પુનઃ બેસવાની શક્તિ ધરાવતું નથી.

દરેક વસ્તુનો ગુણધર્મ એ છે કે તે કદી મૂળમાંથી નષ્ટ થતો નથી. વસ્તુની અવસ્થા સમયે-સમયે પળે-પળે પરિવર્તન પામે છે. જેમ કે ખુરશી, ટેબલ, મકાન આદિ સમયે સમયે જૂનાં થતાં જાય છે. જ્યારે તે નાશ પામે છે ત્યારે પરમાણુરૂપે રાખ કે રજકણોરૂપે શેષ રહે છે. અવસ્થા બદલાય છે. જેમ સોનાની લગડીમાંથી બંગડી બની અને વળી બંગડીને ગાળીને વીંટી બનાવી તો સોનાની અવસ્થા બદલાઈ, બંગડી મટી વીંટી બની, પણ સોનારૂપ અસ્તિત્વ ટકી રહ્યું. મૂળ વસ્તુનો નાશ ન થવો તે તેનું ધ્રુવત્વ છે. સોનાની લગડીનો વ્યય છે, અને બંગડીનું ઉત્પન્ન થવું છે.

આ પ્રમાણે દરેક પદાર્થની જેમ દેહથી માંડીને મનોગત વિચારોનો તથા શુદ્ધાત્માના જ્ઞાનાદિમાં ધ્રુવ, ઉત્પાદ અને વ્યયનો એક ક્રમ ચાલ્યા કરે છે. આ વાત જો સમજાઈ જાય તો માનવનો હું કરું, મેં કર્યું એ મિથ્યા ગર્વ છૂટી જાય. જીવ જ્ઞાન સિવાય કંઈ કરી શકતો નથી. કેવળ મિથ્યાભાવ કરીને સંસારના દોરડે બંધાઈ દુઃખ અને સંતાપને નોતરી ભમ્યા કરે છે અને દેહાદિને કે જે અનિત્ય છે તેને સદા સાચવી રાખવાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયત્ન કરે છે. જે દેહને ચક્રવર્તી કે મહામુનિઓ પણ રાખી શક્યા નથી, તે દેહમાં રહીને મહાત્માઓએ આત્મપદની અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. એ જ માર્ગ ઉત્તમ છે.

## પ્રભુનું નિર્વાણ

ભગવાન પાર્શ્વનાથ ત્રીસ વરસ ગૃહવાસમાં રહ્યા હતા. ત્યાસી દિવસ છદ્મસ્થ દશામાં રહ્યા. ત્યાસી દિવસ ઓછા સિત્તેર વર્ષ કેવળી અવસ્થામાં રહ્યા હતા. સર્વજ્ઞ પરમાત્માની નિશ્રામાં જંગલમાં મંગળ વર્તતું. ગામ, નગરોમાં વિહાર કરતા પ્રભુ જગતને દિવ્યધ્વનિ દ્વારા કલ્યાણનો સંદેશો આપી રહ્યા હતા. નિર્વાણના સમયે સમેતશિખરના પવિત્ર પર્વત પર પ્રભુ માસક્ષમણ કરીને ધ્યાનાવસ્થામાં શૈલેશીકરણની અતિ નિષ્કંપદશાનો આરંભ કરી અઘાતિ એવાં ચાર કર્મનો આત્યંતિક ક્ષય કરી એક સમયમાં સો વર્ષના આયુષ્યને પૂર્ણ કરી નિર્વાણને પામ્યા. તે ક્ષણે એકાએક અંધકાર વ્યાપી ગયો. દેવો પણ દુઃખી થયા.

છેવટે ઇન્દ્રે સૌ દેવો અને માનવોને આશ્વાસન આપી સમજાવ્યું કે 'પ્રભુના નિર્વાણનો શોક કરવા જેવો નથી. પ્રભુનો આત્મા અનંતકાળના પરિભ્રમણથી મુક્ત થઈ પરમપદને પામ્યો છે તે આનંદદાયક છે. તેમના નામસ્મરણથી પણ જગતનું કલ્યાણ થાય છે. માટે નિર્વાણ કલ્યાણક ઊજવી આપણે પાવન થવાનું છે. નિર્વાણની અંતિમક્રિયાને પતાવી સૌ દેવ-દેવીઓ સ્વસ્થાને ગયાં. જોકે પ્રભુના વિયોગે જગતમાં અંધકારના ઓળા પથરાઈ ગયા ધર્મીજનો પ્રભુવિરહથી દુઃખ પામ્યા છતાં પુનઃ તેવા યોગને પામવા પ્રભુના ઉપદેશને ધારણ કરી, પ્રભુના મહિમાનું ગુણગાન કરી દિવસો વ્યતીત કરવા લાગ્યા. આજે પણ પ્રભુના માર્ગની ઉપાસના અવિરતપણે વહી રહી છે.

## કેટલીક વિશેષતાઓ

જૈન ધર્મપરંપરામાં દરેક ચોવીસીમાં ચોવીસ તીર્થંકરો હોય છે. વર્તમાન ચોવીસીના ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથનો અતિશય મહિમા પ્રગટ થયો છે. લગભગ ૨૮૦૦ વર્ષ પહેલાં જન્મ પામેલા શ્રી પાર્શ્વનાથના જન્મદિવસે આજપર્યંત સાધકો પોષ દશમના નામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માગશર વદ ૧૦ના દિવસોમાં અઠ્ઠમ તપની આરાધના કરે છે. સવિશેષ તો ગુજરાતમાં આવેલા મહાન તીર્થ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા ઘણો અદ્ભુતપણે વિસ્તરતો જાય છે. આ તીર્થની યાત્રામાં ચમત્કારિક ઘટનાઓ ઘટી છે. શાસનદેવોની સહાયના અનુભવો અસ્તિત્વમાં આવ્યા છે. આ પ્રતિમા ઘણી પ્રાચીન છે અને વેળુમાંથી બનેલી છે. તેના ઉપર મોતીનો લેપ કરી રક્ષવામાં આવી છે.

આ તીર્થમાં ભક્તિની આરાધનાનું પ્રમાણ વિશેષપણે જણાય છે. દિવાળી જેવા પર્વમાં હજારો માનવો શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન-પૂજા આદિ માટે ઊમટે છે. જપનું અનુષ્ઠાન કરે છે. લૌકિક ચમત્કારો અનુભવે છે, જાણે છે અને માણે છે. આ ઉપરાંત ભારતભરમાં પાર્શ્વનાથ પ્રભુનાં સેંકડો તીર્થો છે. કથંચિત્ વધુમાં વધુ પ્રતિમાનું સ્થાપન પણ પાર્શ્વનાથ પ્રભુનું હશે તેમ કહી શકાય. લોકોત્તર ધર્મની ભાવનાવાળા પ્રભુની વીતરાગતાનું લક્ષ્ય કરી સાધના કરે છે અને શાશ્વત સુખની અભિલાષા સેવે છે. ભગવાન પાર્શ્વનાથના પૂજાતિશયતાના પુણ્ય યોગ સ્વ-પર શ્રેયરૂપે અદ્ભુત છે.

ભગવાન શ્રી પાર્શ્વનાથના નિર્વાણ પછી બારસો વર્ષ વીતી ગયાં. બારસો ત્રીસ વર્ષે કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયું-વંચાયું. શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષે શ્રી મહાવીર સ્વામીનું નિર્વાણ થયું, ત્યાર પછી નવસો એંસી વર્ષે આ કલ્પસૂત્ર ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયું અને ત્યારથી કલ્પસૂત્રની વાચના પણ વિસ્તૃત થતી ગઈ.


---

શત્રુ હોય કે મિત્ર, સંસારના સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો અને જીવન પર્યંત કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી એ ખરેખર દુષ્કર કાર્ય છે.

*


આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ, (૨) શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમપાલન માટે વીર્ય એટલે આત્મબળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



અરિષ્ટનેમિકુમાર લગ્નના માંડવે પહોંચ્યા, પશુઓનો પોકાર સાંભળી,
પશુઓને છોડાવી રથ પાછો વાળ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



અરિષ્ટનેમિ ભગવાન પંચમૂષ્ટિ લોચ કરી સંસારત્યાગ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન શ્રી અરિષ્ટનેમિનાથનું જીવનચરિત્ર

यदुवंश समुद्रेंदुः कर्मकक्षहुताशनः
अरिष्टनेमि भगवान्, भूयाद्वोऽरिष्टनाशनः

યદુવશંના સમુદ્રવિજયના નંદ અરિષ્ટનેમિ ભગવાન તમે કર્મના સમૂહને નષ્ટ કર્યો છે, તેમ જીવોના કર્મોને નષ્ટ કરવાનું બળ આપો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

*

તીર્થના કરનાર તીર્થંકરને નમસ્કાર હો.

"તીર્થંકર કેવળી પરમાત્મા તીર્થના સ્થાપનાર છે. અનેક ભવ્યાત્માઓને સંસારસમુદ્રથી તરવાને તીર્થરૂપ મોક્ષમાર્ગને તેઓ પ્રવર્તાવે છે. અને ભાવાત્માઓ તેમની પવિત્ર દેશનાના અવલંબને, મોહાદિ શત્રુઓને જીતીને જિન થાય છે, તેથી ભગવાન જિનોના સ્વામી જિનેશ્વર છે. દેવોથી પૂજાતા તે દેવાધિદેવને છે. તે પરમપદને સદા નમન હો"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી નેમનાથ કથા-ચરિત્ર

વર્તમાન ચોવીશીના ત્રેવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિને નમસ્કાર છે. પુણ્યાતિશયો, સર્વજ્ઞતા અને વીતરાગની દૃષ્ટિએ ચોવીસે તીર્થંકરોની અત્યંત સમાનતા છે, તેમના પુણ્યબળે ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ પાંચે કલ્યાણકો ઇન્દ્રાદિ દેવો સમાનપણે ઊજવે છે. અરે ! જિનાલયોમાં જિનપ્રતિમાની સ્થાપના પણ સમાન ધોરણે હોય છે. પરંતુ આપણા વ્યવહાર-જગત માટે લાંછનથી આપણે નામનું આરોપણ કરી ભક્તિ કરીએ છીએ.

ભક્તોના અર્થાત્ ભજનારના સંસ્કાર અને મનોભાવ પ્રમાણે કોઈ કોઈ તીર્થંકરની વિશિષ્ટતાઓ જગતમાં પ્રસિદ્ધિ પામે છે. જેમ કે દાદા આદેશ્વર એટલે ભક્તો માટે વાત્સલ્યમૂર્તિ અને ભક્તિપ્રધાનતાનું સ્થાન શત્રુંજય તીર્થ.

કંઈક ચમત્કારિક અને મનવાંછિત પૂર્ણ થાય તેવી વિશિષ્ટતા માટે પુરુષાદાનિય પાર્શ્વનાથ તેનું વિશેષ સ્થાન શંખેશ્વર તીર્થ.

જીવોને જગતના સંતાપમાંથી શાંતિ જોઈએ તો શ્રી શાંતિનાથ ભગવાન.

નેમિનાથ ભગવાનની વિશિષ્ટતા પ્રગટ થઈ, તેમના પૂર્વના આઠ ભવના પતિપત્નીના નિર્દોષ જીવન અને ધાર્મિક સંસ્કારના બળે જળવાયેલ દામ્પત્યં-જીવનનો ઉચ્ચ આદર્શ, વળી એવા ગાઢ સ્નેહની શ્રૃંખલા પણ પરિભ્રમણનું કારણ છે, તેમ જાણી પીરસેલ ભોજનથાળને પડતો મૂકે, તેમ નેમિનાથ માટે પશુઓના જાનને બચાવવા, પોતે માંડવે પહોંચેલ જાનને પાછી વાળી, તે સ્નેહના તાંતણાને તોડીને બ્રહ્મચારી રહીને વનની વાટે પ્રયાણ કર્યું. તેમના દર્શનાર્થે ગિરનાર તીર્થનું માહાત્મ્ય છે.

એ આઠ ભવમાં આ પુણ્યાત્માઓ જે સ્નેહભર્યું નિર્દોષ જીવન જીવ્યા તે વિષયોની વિષમતામાં આક્રાંત જગતના જીવોને જાણવું જરૂરી છે. સાંસારિક સુખભોગ હોવા છતાં એ જીવોએ કેવી પવિત્રતા અને સ્વરૂપનિષ્ઠા જાળવી હશે કે નવમા ભવે તે સંબંધ પ્રતિબંધ ન બનતાં મોક્ષગમનમાં સહાયક બનશે.

### ભવ-૧

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અત્યંત સુશોભિત અચળપુર નામે નગર હતું. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરમાં પરાક્રમી વિક્રમધન નામે રાજા રાજ્ય કરતો હતો. સાગરમાં સરિતા સમાય તેમ તેના રાજ્યમાં અનેક દિશાઓથી સંપત્તિઓનો સંગ્રહ થયો હતો. વર્ષાના મેઘ ગાજે તેમ તેની કીર્તિ પણ ગાજતી હતી. તે રાજાને અત્યંત શીલવાન ધારિણી નામે રાણી હતી. તેણે પોતાના સ્નેહપાશ વડે રાજાના હૃદયને હરી લીધું હતું. બંને સુખમાં કાળ નિર્ગમન કરતાં હતાં.

એક વખત ધારિણીએ રાત્રિના શેષભાગે આમ્રવૃક્ષને ફલિત થયેલું જોયું, સાથે કોઈ દેવવાણી સંભળાઈ કે આ વૃક્ષ ઉત્કૃષ્ટ ફળવાળું થઈને નવ વાર અલગ અલગ સ્થાને રોપાશે.

રાણીએ આ સ્વપ્ન રાજાને સંભળાવ્યું. રાજાએ પાઠકોને બોલાવ્યા. તેઓએ કહ્યું કે હે રાજન્ ! રાણીની કુક્ષિમાં ઉત્તમ ગર્ભ ધારણ થયો છે. તેઓ ભાગ્યવાન પુત્રને જન્મ આપશે. પરંતુ વૃક્ષ નવ વાર રોપાશે તેનું રહસ્ય અમે જાણી શક્યા નથી. તે કોઈ જ્ઞાનીના જ્ઞાનનો વિષય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ગર્ભસમય પૂરો થતાં રાણીએ દેદીપ્યમાન પુત્રને જન્મ આપ્યો. રાજાએ સમગ્ર નગરમાં મહાદાનપૂર્વક જન્મમહોત્સવ ઉજવ્યો. ગરીબોનાં દારિદ્રય દૂર કર્યાં. કેદીઓને મુક્ત કર્યા, સાધુસંતોની સેવા કરી. પુત્રનું નામ ધનકુમાર પાડ્યું.

એ કાળે ધનધાન્યથી ભરપૂર કુસુમપુર નામનું નગર હતું. યુદ્ધક્ષેત્રે યશસ્વી સિંહ નામે રાજા હતો. તેને વિમળા નામે પ્રાણપ્રિય રાણી હતી. તે ઘણા રાજકુમાર અને એક પુત્રીની માતા હતી. પુત્રીનું નામ ધનવતી હતું.

ધનકુમાર યૌવનવયમાં આવતાં રાજ્યને યોગ્ય શિક્ષણ પામ્યો. યુદ્ધકળા વગેરેમાં નિપુણ થયો. સુંદર શણગારથી અલંકૃત થઈ તે રાજદરબારમાં બેઠો હતો, ત્યારે તેના રૂપથી પ્રભાવિત થઈને એક ચિત્રકારે તે ચિત્ર દોરી લીધું અને અન્યત્ર વિદાય થયો. તે ફરતો ફરતો કુસુમપુર નગરના ઉદ્યાનમાં પોતાનું આ ચિત્ર મૂકીને બેઠો હતો. તે વખતે ધનવતી પોતાની સખીઓ સાથી ફરતી ફરતી ત્યાં આવી. ધનકુમારનું ચિત્ર જોતાંની સાથે તેનું હૃદય હરાઈ ગયું. ચિત્રકાર પાસેથી તેણે આ ચિત્રની વિગત જાણી. તેના હૃદયમાં ધનકુમાર અંકાઈ ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કમળની જેમ ખીલેલું તેનું યૌવન એક દિવસમાં જાણે કરમાઈ ગયું હોય તેવી તે ક્ષોભ પામી ગઈ. મ્લાન મુખવાળી ધનવતીને જોઈને માતાએ કારણ પૂછ્યું પરંતુ વિનયવાન તે કન્યાએ આ વાત અપ્રગટ રાખી. ત્યાં યુવાન કન્યા માટે યોગ્ય વરની તપાસ કરવા મોકલેલ દૂત રાજસભામાં આવ્યો. તેણે ધનકુમારની દરેક રીતે યોગ્યતાનું વર્ણન કર્યું. સિંહ રાજાએ તેમાં સંમતિ આપી, દૂતને વિવાહસંબંધ કરવા મોકલ્યો. ધન અને ધનવતી લગ્નસંબંધથી જોડાઈ ગયાં.

પુણ્યરાશિએ સઘળા પ્રકારે તેઓ સંસારસુખ ભોગવી રહ્યાં હતાં. એક વાર તેઓ સુંદર સરોવરતીરે સુખપૂર્વક ક્રીડા કરી રહ્યાં હતાં. ત્યાં દૂર એક વૃક્ષ નીચે તેમણે એક મુનિને તાપ, તૃષા અને ક્ષુધાથી મૂર્છાવશ થયેલા જોયા. તરત જ રાજદંપતીએ તેમની યોગ્ય સેવા કરી. મુનિએ જાગૃત થઈને તેમને ઉપદેશ આપ્યો. આથી તેમણે ત્યાં શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. વળી માતાપિતાએ વૈરાગ્ય પામી, ધનકુમારનો રાજ્યાભિષેક કરી સંસારનો ત્યાગ કર્યો. આથી ધનકુમાર વત્સલભાવે પ્રજાનું રક્ષણ કરવા લાગ્યો. કાળક્રમે સંસ્કારબળે સંસારનો ત્યાગ કરી બંનેએ સંયમ ધારણ કર્યો. ઉત્તમપણે સંયમ પામી કાળધર્મ પામ્યાં. તેઓ સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. (ભવ-૨)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**ભવ-૩**

તે વખતે આ ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્યગિરિની હારમાળામાં સૂરતેજ નામે ઉત્તમ નગરી હતી. સૂર નામે ચક્રવર્તી રાજા રાજ્ય કરતો હતો. તેને વિદ્યુન્મતિ નામે પ્રાણવલ્લભા હતી.

ધનકુમારનો જીવ દેવલોકમાંથી ચ્યવન કરીને વિદ્યુન્મતિ રાણીની કુક્ષિએ પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ ચિત્રગતિ પાડવામાં આવ્યું. યૌવનવયને પ્રાપ્ત થતાં રાજ્યને યોગ્ય સર્વ કળાઓમાં તેણે સિદ્ધિ મેળવી.

તે કાળે તે જ પ્રદેશના શિવમંદિર નામના નગરમાં અનંગસિંહ રાજાને શશિપ્રભા નામે રૂપવાન રાણી હતી. દેવલોકમાંથી ચ્યવન કરીને ધનવતીનો જીવ શશિપ્રભા રાણીને ઉદરે પુત્રી તરીકે જન્મ પામી. તેનું નામ રાજવતી પાડવામાં આવ્યું. યૌવનવયને પામતાં તેનું યૌવન પૂર્ણપણે ખીલી ઊઠ્યું, તેને જોઈને રાજા-રાણી ચિંતિત થયાં કે આ કન્યાને યોગ્ય વર કોણ હશે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી તેમણે નિમિત્તિયાને બોલાવીને તેની કુંડલી કઢાવીને ભવિષ્ય પૂછ્યું નિમિત્તિયાએ પોતાની સર્વ બુદ્ધિમત્તા વડે જોઈને કહ્યું, કે તમારી પાસે જે ખડગરત્ન છે તે તમારા હસ્તમાંથી આંચકી લેશે, અને સિદ્ધાયતન તીર્થમાં વંદન કરતાં જેના પર કોઈ દેવ પુષ્પવૃષ્ટિ કરશે તે આ રાજવતીનો પતિ થશે.

પોતાનું ખડગરત્ન આંચકી લેવા જેવો પરાક્રમી જમાઈ મળવાનું સાંભળી રાજા પ્રસન્ન થયો, જે ખડગરત્નના રક્ષણ માટે જાનને જોખમે રાજા યુદ્ધ કરતો, પરંતુ પુત્રીમોહને વશ આ પ્રસંગે રાજા ખુશ થયો.

વળી એ પુરુષ કેવો ઉત્તમ હશે કે જેના ઉપર દેવો પુષ્પવૃષ્ટિ કરશે ? એમ જાણી અતિ પ્રસન્ન થયો.

ચિત્રગતિને સુમિત્ર નામે મિત્ર હતો. તેની પરિણીત બહેનને રત્નવતીનો ભાઈ કમળ હરણ કરી ગયો. મિત્રને સહાયક થવા માટે ચિત્રગતિ તેની શોધમાં નીકળ્યો. અને શિવમંદિર નગરે પહોંચ્યો. ત્યાં કમળ સાથે યુદ્ધ થતાં તેને હરાવ્યો. આથી તેના પિતા અનંગસિંહ અત્યંત કોપાયમાન થતાં તે ચિત્રગતિ ઉપર ધસી આવ્યો. બંનેની વચ્ચે મહાન સંગ્રામ ખેલાઈ રહ્યો. અનંગસિંહે જોયું કે ચિત્રગતિને યુદ્ધમાં હરાવવો દુર્લભ છે. તેથી તેણે પોતાના ખડગરત્નનું સ્મરણ કર્યું, સેંકડો જ્વાળાઓથી પ્રજ્વલિત કાળમુખ જેવું તે શસ્ત્ર તેના હસ્તમાં આવતાં તેણે કહ્યું, “હે બાળક ! હવે હઠ છોડી દે અને શરણે આવ નહિ તો આ શસ્ત્ર તારા મસ્તકને કમળનાળની જેમ છેદી નાંખશે !” આ શબ્દનું શ્રવણ થતાં ચિત્રગતિએ પોતાની વિદ્યાબળે સર્વત્ર અંધકાર ફેલાવી દીધો, અને અનંગસિંહના હાથમાંથી ખડગરત્ન આંચકી લીધું. સુમિત્રાને લઈને શીઘ્રતાએ ત્યાંથી વિદાય થયો. બેનને સુમિત્રને સોંપી દીધી.

અંધકાર દૂર થતાં અનંગસિંહે જોયું કે પોતાના હાથમાં ખડગરત્ન નથી. પ્રથમ તે ક્ષોભ પામ્યો પરંતુ તેને તરત જ નિમિત્તિકની વાતનું સ્મરણ થતાં ખુશી થઈ કે મારા ખડગને હરનાર મારો જમાઈ થશે. પરંતુ તેને શોધવો કેવી રીતે ? વળી વિચારવા લાગ્યો કે સિદ્ધાયતનમાં એ પુરુષ પર દેવો પુષ્પવૃષ્ટિ કરશે, ત્યાં તેનો પરિચય થશે એમ વિચારી તે પરિવાર સાથે સિદ્ધાયતન ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ બાજુ સુમિત્રને તેની બહેનનું દુઃખદાયક હરણ થતાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેણે ચારિત્ર ગ્રહણ કર્યું, એક વાર ધ્યાનમાં સ્થિર એવા આ મુનિને પૂર્વના કોઈ વૈરભાવથી તેના અપરબંધુએ હણી નાંખ્યા. સમાધિમરણથી તેવો દેવલોક પામ્યા.

સુમિત્ર મુનિના મૃત્યુના સમાચારથી ખેદ પામેલો ચિત્રગતિ સિદ્ધાયતનની યાત્રાએ ગયો. ત્યાં ઘણા વિદ્યાધરો આવેલા હતા. ચિત્રગતિ અપૂર્વ ઉલ્લાસથી પ્રભુની ભક્તિ કરતો હતો. તે સમયે સુમિત્ર જે દેવલોકમાં ઉત્પન્ન થયો હતો, તેણે અવધિજ્ઞાનમાં મિત્રને જોયો. તે શીઘ્રતાથી મંદિરમાં આવ્યો, અને ચિત્રગતિ પર પુષ્પની વૃષ્ટિ કરી, આથી સૌ તેની પ્રશંસા કરવા લાગ્યા.

અનંગસિંહ ત્યાં હાજર હતા. તેમણે જાણી લીધું કે આ યુવાન જ મારી પુત્રીને યોગ્ય વર છે. પરંતુ દેવસ્થાનમાં સાંસારિક વાત વર્જ્ય હોવાથી તે પ્રસન્નતાપૂર્વક ત્યાંથી વિદાય થયો.

પોતાના રાજ્યમાં પહોંચીને તેણે મંત્રી દ્વારા સૂર રાજાને પોતાની કન્યાનું ચિત્રગતિ સાથે લગ્ન થાય તેવી અભિલાષા જણાવી. સૂરરાજાએ તેમના વચનનો સ્વીકાર કર્યો. ચિત્રગતિ અને રાજવતીનાં લગ્ન થયાં. ઘણા કાળ સુધી સુખ ભોગવી સંસારથી ઉદ્વેગ પામી તે બંનેએ ચારિત્ર ગ્રહણ કર્યું. ચિરકાળ સંયમ પાળીને બંને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. (ભવ ચોથો)

**ભવ–૫**

પૂર્વ વિદેહમાં પદ્મનામના પ્રદેશમાં સિંહપુર નામે ઉત્તમ નગરીમાં હરિણંદી સૂર્ય જેવો તેજસ્વી રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રિયદર્શના નામે પટરાણી હતી. પાંડુકવનમાં કલ્પવૃક્ષ ઉત્પન્ન થાય· તેમ પ્રિયદર્શનાની કુક્ષિએ પુત્રરત્ન પ્રગટ થયું, તેનું નામ અપરાજિત પાડ્યું. તેને બાલ્યવયથી એક વિમળબોધ નામે મિત્ર હતો.

એક વાર તેઓ અશ્વારૂઢ થઈ વનક્રીડા માટે નીકળ્યા હતા, ત્યારે અશ્વોએ તેમને દૂરના અજાણ્યા પ્રદેશમાં મૂકી દીધા, અપરાજિત એ વનની શોભા અને સ્વર્ગીય પૃથ્વી જોઈ પ્રસન્ન થયો. ત્યાં તેમણે પોકાર સાંભળ્યો કે 'રક્ષણ કરો; રક્ષણ કરો !' કોઈ પુરુષને અપરાધને કારણે આરક્ષકો તેને મારવા પાછળ પડ્યા હતા. અપરાજિતે આ રક્ષકોને પોતાના પરાક્રમથી ભગાડી મૂક્યા અને પેલા પુરુષને નિર્ભય કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરક્ષકોએ કોશલપતિને તેની જાણ કરી. આથી રાજાએ તેને જીતવા મોટું સૈન્ય મોકલ્યું. અપરાજિતે યુદ્ધને આવકાર્યું. યુદ્ધના મેદાનમાં કોશલ રાજાએ અપરાજિતને ઓળખ્યો કે આ તો મારા મિત્રનો પુત્ર છે. તેણે તરત જ યુદ્ધવિરામનો આદેશ આપ્યો, ને અપરાજિતની નજીક આવી તેને આલિંગન આપી પોતાના મહેલમાં લઈ ગયા. પોતાનું રાજ્ય તથા પોતાની કન્યા કનકમાળાનો સ્વીકાર કરવા વિનંતી કરી. અપરાજિતનાં કનકમાળા સાથે લગ્ન થયાં. ત્યાં થોડોક વખત સુખ ભોગવી, દેશાંતર કરવાની અપેક્ષાએ બંને મિત્રો એક રાત્રિએ ગુપ્ત રીતે ચાલી નીકળ્યા.

વન્ય પ્રદેશમાં રત્નમાળા નામની ખેચર કન્યા જે અપરાજિતની પ્રશંસા સાંભળીને મનથી વરી ચૂકી હતી, તેને કોઈ વિદ્યાધરે હરણ કરીને આ પ્રદેશમાં લઈ આવ્યો હતો. તેને એ પુરુષના બંધનમાંથી મુક્ત કરી. તેનાં માતાપિતા તેને શોધતાં ત્યાં આવી પહોંચ્યાં. તેમની વિનંતિથી કન્યાનો અપરાજિતે સ્વીકાર કર્યો. પેલા વિદ્યાધરે પણ પ્રસન્ન થઈને કેટલીક વિદ્યાઓ આપી. વળી તેઓ ફરી દેશાંતરે નીકળ્યા.

દેશાંતર ઘૂમતાં અપરાજિત દરેક રાજ્યના રાજાઓને પરાક્રમથી કે વિદ્યાથી પ્રભાવિત કરીને અનેક કન્યાઓનો સ્વામી થયો. મંત્રીઓની કન્યાઓને મિત્રપુત્ર વિમળબોધ સાથે પરણાવવામાં આવી.

અપરાજિતના પરદેશગમન પછી માતાપિતા અત્યંત દુઃખમાં સમય પસાર કરતાં હતાં. તેની શોધ કરવા નીકળી એક દૂતે તેમને જનાનંદ નગરમાં પ્રીતિમતિના સ્વયંવરમંડપમાં જોયા. બંનેના વિવાહમહોત્સવથી પ્રસન્ન થઈ તેણે પોતાનો પરિચય આપ્યો, કુમારે માતાપિતાનું કુશળ પૂછયું, ત્યારે તે ગદ્ગદિત કંઠે કહેવા લાગ્યા કે રાજારાણી તમને મળવાની આશામાં શરીર ધારણ કરી રહ્યાં છે, તમારે હવે વધુ સમય માતાપિતાને ખેદ આપવો યોગ્ય નથી. આ સાંભળી કુમારનાં નયનો સજળ થઈ ગયાં. તરત જ જિતશત્રુ રાજાની આજ્ઞા લઈ, ત્યાંથી ઘણા માન-સન્માન સાથે ત્વરાથી તે નીકળ્યો, માર્ગમાં જ્યાં જ્યાં જે જે કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં તે સૌને લઈને અનેક કન્યાઓ અને સમૃદ્ધિથી સંપન્ન તે માતાપિતા પાસે પહોંચ્યો.

સિંહપુરના પ્રજાજનોએ તેમનો ઉમંગથી સત્કાર કર્યો. માતાપિતા અતિ પ્રસન્ન થયાં. અપરાજિતને રાજ્ય સોંપી શેષ જીવનમાં ચારિત્રધર્મ અંગીકાર કર્યો.

Jain Site જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપરાજિત દીર્ઘકાળ સુધી સાંસારિક સુખ ભોગવતો હતો. એકવાર અનંગદેવ નામના અત્યંત રૂપવાન અને ધનાઢ્ય શ્રેષ્ઠીપુત્રને મળીને તે પ્રસન્ન થયો, બીજે દિવસે તેણે ઝરુખામાં ઊભા ઊભા એક દશ્ય જોયું કે લોકો વિલાપ કરતાં જતાં હતાં. એક યુવાન સ્ત્રીનું કલ્પાંત તો જોયું જાય તેમ ન હતું.

અપરાજિતે સૈનિકને પૂછ્યું કે આ કોણ મરી ગયું છે ? જવાબ મળ્યો કે કાલે આપ જેને મળીને પ્રસન્ન થયા હતા તે અનંગદેવ કોઈ દર્દથી રાત્રિએ મરણ પામ્યો છે. આ દશ્ય જોઈ અપરાજિતને સંસારનું સ્વરૂપ સમજાયું. તેણે પોતાના યુવરાજને ગાદીએ બેસાડીને સંસારનો ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કર્યું. તેમની અતિપ્રિય પટરાણી પ્રીતિમતિ અને મંત્રીપુત્ર વગેરેએ તેમની સાથે દીક્ષા લીધી. ઉત્તમ પ્રકારે સંયમ પાળી અપરાજિત અને પ્રીતિમતિ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. (ભવ છઠ્ઠો)

**ભવ-૭**

જંબુદ્વીપના ભરતક્ષેત્રે કુરુનામના દેશમાં ધ્વજાઓથી શોભતી હસ્તિનાપુર નામની નગરી હતી. ત્યાં શ્રીષેણ નામે રાજા અને શ્રીમતી નામે રાણી હતી. રાણીને શંખ જેવો શ્વેત વર્ણનો પુત્ર જન્મ્યો તેનું નામ શંખ પાડવામાં આવ્યું. તે યૌવનવયે ઘણો પરાક્રમી નીવડ્યો.

રાજ્યની હદના અતિ દુર્ધર એવા પલ્લીપતિના ત્રાસથી પ્રજાને રક્ષણ આપી, તે પાછો ફરતો હતો ત્યાં તેણે એક પ્રૌઢ સ્ત્રીને આક્રંદ કરતી જોઈ. કુમારે તેની નજીક જઈ આશ્વાસન આપી રૂદનનું કારણ પૂછ્યું.

તે સ્ત્રીએ કહ્યું કે ચંપાનગરીમાં જિતારી રાજાને કીર્તિમતી નામે રાણી છે. તેમને સૌંદર્યવાન યશોમતિ નામે કન્યા છે. તે પ્રથમ પુરુષદ્વેષી હતી પરંતુ આકાશમાર્ગે જતા શંખકુમારનું રૂપ જોઈ તેના પર મોહિત થયેલી તે મનથી શંખકુમારને વરી ચૂકી હતી. તેવામાં મણિશેખર નામના વિદ્યાધરે તેનું હરણ કર્યું, ત્યારે તેના પ્રત્યેની પ્રીતિને કારણે હું તેને વળગી પડી પરંતુ તે દુષ્ટે મને અહીં વનમાં ઉતારી દીધી, અને પોતે યશોમતિને લઈને ભાગી ગયો. તે કન્યાના દુઃખે હું રૂદન કરું છું.

શંખે કહ્યું હું એ દુષ્ટને જીતીને કન્યાને લઈને આવું છું. ત્યાર પછી શંખ એક ગિરિ પર આરૂઢ થયો, ત્યાં એક ગુફામાં તેણે વિદ્યાધરને યશોમતી પાસે લગ્નસુખની પ્રાર્થના કરતો જોયો. તે જ વખતે શંખ ત્યાં પ્રગટ થયો. બંને વચ્ચે યુદ્ધ થયું. એ જોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશોમતી ધ્રૂજતી હતી. પરંતુ તેને શંખકુમારના પરાક્રમમાં વિશ્વાસ હતો. આખરે શંખે તેને હરાવ્યો. વિદ્યાધર તેના પરાક્રમથી પ્રસન્ન થયો. તે બંનેને પોતાના નગરમાં લઈ જઈ ઘણું સન્માન કર્યું. અનેક ખેચર કન્યાઓ સાથે તેમનાં લગ્ન થયા પછી શંખ પોતાના નગરમાં પહોંચ્યો.

શ્રીષેણ રાજાએ શંખને રાજ્ય આપી ગુણધર ગણધર પાસે દીક્ષા લીધી. શંખરાજા ચિરકાળ પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યો. એકવાર કેવળજ્ઞાન પામેલા શ્રીષેણ રાજા ત્યાં પધાર્યા. ઉપદેશ આપીને તેમણે શંખકુમારના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું કે તમે ભરતખંડમાં બાવીશમા તીર્થંકર થશો અને યશોમતિ પણ તમારી નિશ્રામાં સિદ્ધપદને પામશે.

ગુરુમુખે આવો ઉત્તમ ઉપદેશ સાંભળી તેઓ બંનેએ તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. ઉત્તમ ચારિત્ર પાળતા. અનુક્રમે કાળધર્મ પામી અનુત્તર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. અને યશોમતિ પણ એ જ દેવલોકમાં ઉત્પન્ન થયાં. (ભવ આઠમો)

**ભવ–૯**

ભરતખંડને વિષે શૌરપુરી નગરીમાં સમુદ્રવિજય નામના રાજાને શિવાદેવી નામે રાણી હતી. એક શુભરાત્રિએ તેણે ચૌદ મહાસ્વપ્ન જોયાં. તે વખતે કાર્તિક વદ બારશે અપરાજિત વિમાનમાંથી શંખરાજાનો જીવ ચ્યવન કરીને શિવાદેવીની કુક્ષીએ ધારણ થયો. પ્રાતઃકાળે કોઈ ચારણ મુનિ ત્યાં પધાર્યા. તેમને વંદન કરી રાજાએ સ્વપ્નફળ પૂછયું. તેમણે કહ્યું કે 'તમારે ત્યાં ત્રિભુવનપતિ એવા તીર્થંકર પુત્રપણે ઉત્પન્ન થશે.' મુનિની દેશના સાંભળી તેઓ અતિ પ્રસન્ન થયા."

ગર્ભકાળ પૂરો થતાં શ્રાવણ સુદ પંચમીની રાત્રે ચંદ્રનો યોગ થતાં ચિત્રા નક્ષત્રમાં કૃષ્ણ વર્ણવાળા શંખના લાંછનયુક્ત પુત્રને શિવાદેવીએ જન્મ આપ્યો. તીર્થંકર નામકર્મને યોગ્ય છપ્પન દિગ્કુમારીઓએ ત્યાં આવીને માતાનું પ્રસૂતિકર્મ કર્યું. શક્રઇંદ્રે આવીને પ્રભુને હસ્તમાં ધારણ કર્યા પછી અતિપાંડુકબલા નામની શિલા ઉપર અત્યંત ભક્તિયુક્ત જન્મોત્સવ કર્યો.

ત્યાર પછી સ્તુતિ કરી કે બાવીશમા જિનેશ્વર તમને નમસ્કાર કરું છું. તમે કૃપાના આધારરૂપ છો. સ્વર્ગ કરતાં પણ આજે આ પૃથ્વી અત્યંત પાવન થઈ છે. કારણ કે આપ હવે ધર્મની પ્રભાવના કરશો. મારી વાણી તમારા ગુણગાન વડે સફળ થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રેન્દ્રે પ્રભુને માતાને સોંપ્યા. ત્યાં પાંચ દેવીઓને ધાત્રી તરીકે નિયુક્ત કરી વિદાય થયા. ત્યાર પછી પ્રાતઃકાળે પુત્રજન્મના શુભ સમાચાર લાવનાર દાસીને ભેટ આપી, દાસીપણાથી મુક્ત કરી સમુદ્રવિજયે નગરમાં અત્યંત મહાદાનપૂર્વક જન્મોત્સવ ઉજવ્યો. માતાએ ગર્ભકાળમાં સ્વપ્નમાં અરિમયી ચક્રધારા જોઈ હતી તેથી પુત્રનું નામ અરિષ્ટનેમિ પાડ્યું. તેઓ અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થયા.

## યૌવનનાં પરાક્રમ

સમુદ્રવિજયના ભાઈ વાસુદેવના પુત્ર કૃષ્ણ વાસુદેવ અર્ધચક્રી ઘણા બળવાન હતા. એકવાર અરિષ્ટનેમિ મિત્રો સાથે દેવોથી રક્ષિત આયુધશાળામાં આવ્યા. ત્યાં અનેક પ્રકારનાં અસ્ત્ર, શસ્ત્ર, ચક્ર વગેરે તેમના જોવામાં આવ્યાં. ત્યાં પંચજન્ય શંખ જોતાં તે ઉપાડવા ગયા, ત્યાં શસ્ત્રગૃહના રક્ષકે તેમને પ્રણામ કરી વિનંતી કરી કે તમે કૃષ્ણના ભ્રાતા છો, બળવાન છો, છતાં આ શંખ ફૂંકવાને સમર્થ નથી. તેના સ્વામી કૃષ્ણ છે.

રક્ષકની વાત સાંભળીને નેમિકુમારે હસીને તરત જ પોતાના મુખ વડે શંખને ફૂંક્યો. તેના ભયંકર અવાજથી નગરમાં અંધાધૂંધી થઈ ગઈ. રાજ્યસભામાં સૌ ક્ષોભ પામી ગયા. હાથીઓ સ્તંભને તોડીને દોડી ગયા. કોટના કાંગરા હાલી ઊઠ્યા. બાળકો ગભરાઈ ગયાં. કૃષ્ણ પોતે ક્ષોભ પામીને વિચારવા લાગ્યા, મારા કરતાં પણ વિશેષ પ્રકારે આ શંખ ફૂંકનાર કોણ બળવાન છે ?

આયુધશાળાના રક્ષકે કૃષ્ણ પાસે આવીને કહ્યું કે, 'તમારા નાના ભ્રાતા અરિષ્ટનેમિએ આ શંખ ફૂંક્યો છે.' ત્યાં તો અરિષ્ટનેમિ પણ આવી પહોંચ્યા. કૃષ્ણે તેમનું સ્નેહયુક્ત સન્માન કરી યોગ્ય આસન આપ્યું. તેમના અદ્‌ભુત પરાક્રમથી તેઓ પ્રભાવિત થઈ ગયા. તેમને શંકા થઈ કે આ બળવાન નેમિકુમાર આ રાજ્યમાં સત્તાધીશ થશે ? આ શંકાનો ઇન્દ્રે ખુલાસો કર્યો કે તે નેમિકુમાર કંચન અને કામિનીથી વિરક્ત છે. તેઓ રાજ્ય-લક્ષ્મીની ઇચ્છા નહિ કરે માટે તમે નિશ્ચિંત રહેજો.

છતાંય રાજ્યપરિવારમાં સૌ કુમારને સંસારમાં નાખવા માગતા હતા. એકવાર વસંતઋતુમાં સૌ યાદવો ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયા. નેમિકુમાર પણ સાથે હતા. કૃષ્ણને નેમિકુમાર પર ઘણો સ્નેહ હતો. આથી સત્યભામા તથા અન્ય રાણીઓ નેમિકુમાર સાથે અનેક પ્રકારે ક્રીડા કરવા લાગી. કુમારને ઘણા શણગારથી સજાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ નિર્દોષ ચિત્તવાળા કુમાર કંઈ પણ આકર્ષણ પામ્યા નહિ. કેટલીક રમણીઓ તેમના શરીર પર ચેષ્ટા કરવા લાગી છતાંય નેમિકુમાર નિર્વિકાર રહ્યા.

સમુદ્રવિજય, શિવાદેવી તથા કૃષ્ણ નેમિકુમારની ઉદાસીનતા માટે અત્યંત સચિંત હતાં. તેમને અનેક રીતે મનાવવા પ્રયત્ન કરતાં હતાં. છેવટે રૂકમણિ આદિ અનેક ભાભીઓનાં કટાક્ષયુક્ત વચનને મૌનપણે માન્ય રાખી તેઓ વિચારવા લાગ્યા કે હમણાં તો આ સ્ત્રીઓથી છૂટકારો મેળવો, પછી તો આત્મહિત જ સાધી લેવું છે. પણ સંસારની જાળમાં પડવું નથી. તેમની મૌન સ્વીકૃતિથી સૌ પ્રસન્ન થયાં.

કૃષ્ણે તરત જ ઉગ્રસેન રાજાની રૂપવાન રાજીમતી નામની કન્યાનો વિવાહ નેમિકુમાર સાથે નક્કી કર્યો. લગ્ન-ઉત્સવની તૈયારીઓ શરૂ કરી. રાજ્યપરિવાર અને નગરજનોથી યુક્ત નેમિકુમાર ઘણા અલંકારો વડે શોભતા લગ્નના માંડવે જવા રથમાં આરૂઢ થયા. રથ જે રાજમાર્ગે થઈને પસાર થતો હતો, ત્યાં ગોખમાં બેસીને લગ્ન માટે સોળ શણગાર સજેલી રાજીમતીએ નેમિકુમારને જોયા. અને આઠ જન્મોનું હેત એક સાથે હૃદયમાં ઉભરાઈને નેમિકુમાર ઉપર સહસ્ર મુખ કળશમાંથી પાણીની ધાર પડે તેમ તેના ચક્ષુમાં અનેરો સ્નેહ પ્રગટ થયો. પરંતુ નેમિકુમારના મુખ ઉપરની અલૌકિકતા નિહાળી તે વિચારમાં પડી કે શું આવો પુરુષ સંસારસુખને ભોગવે તે શક્ય છે ? પરંતુ તરત જ અમંગળ શંકા દૂર કરવા કુળદેવીને પ્રાર્થના કરી કે 'હે દેવી ! મારું કલ્યાણ કરો !'

અહીં નેમિકુમાર માંડવે પહોંચવાની તૈયારીમાં હતાં ત્યાં તો પશુઓના કરૂણ સ્વરો તેમના કાને પડ્યા. તેમણે તરત જ સારથીને પૂછ્યું કે અહો ! લગ્ન જેવા ઉત્સવમાં પશુઓનો આવો કરૂણ કલ્પાંત કેમ સંભળાય છે ?

સારથિએ કહ્યું કે, 'હે રાજકુમાર, તમારી સાથે આવેલી જાનને જમાડવા આ જાનવરોના જાન જવાના છે, તેથી જાનવરો પોકાર કરી રહ્યાં છે. આ વાતનું શ્રવણ કરતાં નેમિકુમારમાં રહેલી સર્વ જીવો પ્રત્યેની સમાન ભાવની લાગણીઓએ પોકાર કર્યો કે આ નિરપરાધી જીવોને મુક્ત કરો. સારથિને કહ્યું કે રથને પશુઓના વાડા તરફ લઈ લે. ત્યાં જે દૃશ્ય જોયું તેનાથી નેમિકુમાર અત્યંત દ્રવિત થયા.

તેમણે શું જોયું ? વધ માટે કોઈને ગળે દોરડું લટાવીને બાંધેલાં હતાં. કોઈને પગથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધ્યાં હતાં. કોઈ પાંજરામાં પુરાયેલાં હતાં. અત્યંત દયામણા મુખવાળાં તે ધ્રૂજતાં જાનવરો કહી રહ્યાં હતાં કે 'અમારું રક્ષણ કરો, રક્ષણ કરો,' નેમિકુમારે તરત જ વાડાનો દરવાજો ખોલી નાંખ્યો. સારથિ પાસે દોરડાનાં બંધન તોડાવી નાખ્યાં. પશુઓ પણ રક્ષણ અને મુક્તિ મળવાથી પળવારમાં વાડામાંથી દોડીને સ્વસ્થાને પહોંચી ગયાં.

આ દૃશ્યથી નેમિકુમારમાં એવી ઉદાસીનતા પ્રગટી કે તેઓ પાછા માંડવે જવાને બદલે નગર તરફ વળ્યા. આ સમાચાર માતાપિતા અને પરિવારને મળ્યા. સૌ દોડતા તેમને ઘેરી વળ્યા. માતાપિતાએ અત્યંત વત્સલભાવે કહ્યું : વત્સ, આ શું ? રથ પાછો કેમ વાળે છે ?

નેમિકુમારે કહ્યું કે હે માતાપિતા ! આ દોડતાં પ્રાણીઓને જુઓ, તેઓ બંધનમુક્ત થતાં કેવાં પ્રસન્ન થયાં ? હું પણ બંધનથી મુક્ત થવા ઇચ્છું છું. આ સાંભળી માતાપિતા ક્ષોભ પામ્યાં. ત્યાં વળી કૃષ્ણ આવી પહોંચ્યા. તેમણે કહ્યું કે હે કુમાર ! તમે પશુઓને રાજી કર્યાં તેમ માતાપિતા, પરિવાર અને કોડભરેલી કન્યાને રાજી કરો.

નેમિકુમારે કહ્યું : હે ભ્રાતા ! કોઈને રાજી કરીને સુખ મળતું નથી, વળી માતાપિતાને બીજા પુત્રો છે તેથી દુઃખ પામવાનું કારણ નથી; મારો નિશ્ચય છે કે હું સંસારનો ત્યાગ કરીશ. આમ કહી તેઓ સ્વસ્થાને ગયા. ભલે આઠ જન્મના સુખભોગ અને સ્નેહની સાંકળથી ગુંથાયેલા હતા. પરંતુ દરેક માનવજન્મમાં સંયમ પામેલા હતા. તેથી સહજ જ સંસાર છૂટી ગયો.

આ બાજુ રાજીમતીને ખબર મળ્યા કે નેમિકુમાર તો સંસારત્યાગ કરી સંયમ લેવા ઇચ્છે છે, તે સાંભળી મૂર્છા પામી ગઈ. જાગ્રત થતાં વિચારવા લાગી કે અરે દેવ ! મેં નેમિ મારા પતિ થાય તેવી અભિલાષા કરી ન હતી. તેઓ જ પસંદ કરીને જાન લઈને આવ્યા હતા. મને પ્રથમ જ શંકા હતી કે આવો ઉત્કૃષ્ટ માનવ મારા ભાગ્યમાં ક્યાંથી ? પરંતુ જ્યારે તેઓ સ્વીકારવા આવ્યા જ હતા તો પાછા શા માટે વળ્યા ? પશુઓની દયા ઊપજી અને મારા પર દયા ન આવી કે આ કોડભરી કન્યાનું શું થશે ?

આમ વિચાર કરતાં પૂર્વના સંયમના સંસ્કાર બળે તેનો અંતરધ્વનિ પ્રગટ થયો કે, નેમિ જો સંયમમાર્ગે જશે તો મને પણ તેઓ એ માર્ગે સાથે રાખશે, માટે હે સખી ! રથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભલે પાછો જાય ! રાજીમતી લગ્નના શણગારનો ત્યાગ કરી સંવેગ પામી. તેણે સંયમી જીવન જીવવાનો નિર્ણય કર્યો.

પ્રભુનો દીક્ષાકાળ જાણીને લોકાંતિક દેવો હાજર થયા. વિનંતી કરી કે હે પ્રભુ ! 'તીર્થને પ્રવર્તાવો ! માનવો અને દેવોથી સુશોભિત શોભાયાત્રાથી પૂજનીય નેમિકુમારે ચરિત્ર ગ્રહણ કર્યું, અને ગિરનાર (રૈવતગિરિ) તરફ વિહાર કરી ગયા.

નેમિનાથ ચારિત્ર લીધા પછી છપ્પન દિવસે રૈવતગિરિના સહસ્ત્રામ વનના ઉદ્યાનમાં અઠ્ઠમ તપયુક્ત હતા ત્યારે ઘાતીકર્મનો નાશ થતાં આસો માસની અમાવાસ્યાની સવારે કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં દેવોએ ઉત્સવ કરી સમવસરણની રચના કરી. ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તેમના હસ્તે રાજીમતીએ પણ સંયમ ધારણ કર્યો. માતાપિતા, ભાઈઓ, કૃષ્ણની પટરાણીઓ, હજારો રાજાઓ અને નાગરિકોએ પ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી સંયમ ધારણ કર્યો.

## રથનેમિને ઉપદેશ

દીક્ષા ગ્રહણ કર્યા પછી એક વાર રાજીમતી ગિરનાર તરફ જઈ રહ્યાં, હતાં ત્યારે મુશળધાર વરસાદ થવાથી તેમનાં વસ્ત્રો ભીનાં થઈ ગયાં હતાં, તેને સૂકવવા તેઓ એક ગુફામાં પ્રવેશ્યાં અને કપડાં કાઢીને તેઓ કપડાં સુકાવાની રાહ જોતાં શરીરને સંકોચીને ઊભાં હતાં, ત્યાં એ જ ગુફામાં અરિષ્ટનેમિનાથે જ્યારે દીક્ષા લીધી હતી ત્યારે સંસારથી વૈરાગ્ય પામી તેમના નાના ભાઈ રથનેમિએ દીક્ષા ગ્રહણ કરી હતી. તે મુનિ આ જ ગુફામાં ધ્યાનમગ્ન હતા. કંઈક સંચાર થયો જાણીને આંખ ખોલી તો આ શું ? કેવું રૂપ ! અને તે પણ નગ્નાવસ્થા ! મુનિનું મનોબળ તૂટી પડ્યું. તેમણે આંખ ખોલી અને કહ્યું :

"હે સુરૂપા !" આ શબ્દો કાને પડ્યા અને રાજિમતી અત્યંત ક્ષોભ પામી ગયાં. શીઘ્રતાથી વસ્ત્રો વડે શરીર ઢાંકી દીધું.

રથનેમિએ આસનનો ત્યાગ કર્યો, અને તેની પાસે આવી વીનવવા લાગ્યા : "હે પ્રિયા ! હું રથનેમિ છું. તારા રૂપ પર મુગ્ધ છું. હજી તો આપણે યુવાન છીએ. ભોગ ભોગવી વળી સંસારનો ત્યાગ કરશું. અકાળે યૌવન સૂકવી દેવાનો શો અર્થ છે ? આપણે કોઈ એકાંતમાં જઈને સુખ ભોગવીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજીમતીનું શરીર કંપતું હતું પણ મનોબળ તો અકંપ હતું. તેણે કહ્યું કે, "રથનેમિમુનિ ! તમે કોના ભ્રાતા છો ? વળી અત્યારે તમે સાધુવ્રતમાં છો. તમારા ભાઈએ જેનો ત્યાગ કર્યો છે તે વમન થયેલા પદાર્થ તમને ખપે નહિ. વળી જે શરીર પર તમને મોહ થયો છે તે તો હાડકાં, માંસ અને રુધિરથી ભરેલું છે. તમે તો અમૃત સમાન વૈરાગ્યમાર્ગ ગ્રહણ કર્યો છે, તે ભૂલી જાઓ છો, તેના કરતાં તો આત્મઘાત કરવો સારો છે."

રાજીમતીના વચનબોધને ગ્રહણ કરી રથનેમિએ ક્ષમા માગી. ઘણે પ્રકારે રાજીમતીની અત્યંત દીનભાવે ક્ષમા યાચી, પ્રભુ પાસે તેનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી ઘોર તપશ્ચર્યા અને સાધનામાર્ગે આત્મશુદ્ધિને પ્રગટ કરી મુક્તિ પામ્યા. રાજીમતી પણ પરમ વૈરાગ્યની સાધના કરી પાંચસો વરસ કેવળીપણે રહી અંતે નિર્વાણ પામ્યાં.

નેમિનાથ કૌમાર્યવસ્થામાં ત્રણસો વર્ષ, કેવળી અવસ્થામાં સાતસો વર્ષ, કુલ એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી નિર્વાણ પામ્યા. રાજીમતી પણ લગભગ નવસો વર્ષનું આયુષ્ય ભોગવીને સંસારથી મુક્ત થયા. નવ જન્મો સુધી સંસાર સાથે ભોગવ્યો. સંયમ સાથે પાળ્યો અને સાથે જ સંસારથી મુક્ત થયા.


આ જીવોનો નિર્દોષ સંબંધ જ એકબીજાને અનુરૂપ થઈને સંયમમાર્ગ સુધી ટક્યો. આજના કાળના આવેગજન્ય સંબંધો એક જ જીવન સુધી નભાવવામાં જીવને દિવસે તારા જોવા જેવું કઠણ બને છે. માટે વિચારવું કે પતિ-પત્નીનો નિર્દોષ સુમેળયુક્ત સ્નેહ બાધક ન થતાં સહાયક થાય છે.

## પ્રભુ નિર્વાણ પામ્યા

સંસારના ઋણાનુબંધો પોતાના જ ભાવ-અભાવથી નિર્માણ થાય છે. માનવજન્મ પામીને પૂર્વના વાસનાજન્ય સંસ્કારને સુધારવાનો અવસર ચૂકવા જેવો નથી. આત્મ-વિશુદ્ધિ આ જન્મમાં સાધ્ય છે. સાંસારિક સંબંધોમાં પણ નિર્દોષ જીવન જીવવાથી, ધર્મમય જીવન જીવવાથી અંતિમ ફલશ્રુતિ સુખદ બને છે ધર્મનું સાચું મૂલ્ય સમજાય તો આવાં દૃષ્ટાંતો જીવનમાં ચરિતાર્થ થાય છે.


અરિષ્ટનેમિ ભગવાન દીક્ષા લીધા પછી ચોપન દિવસ બાદ કેવળજ્ઞાન પામ્યા અને સાતસો વર્ષ લગભગ કેવળીપણે રહી મહાનિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પ્રથમ રાજા પૃથ્વીનાથ, ઋષભદેવ ભગવાન
ઋષભદેવનો રાજ્યાભિષેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




ભગવાને પ્રજાના ઉત્કર્ષ માટે પાત્રાદિની કળાનો પ્રારંભ કર્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન ઋષભદેવે બ્રાહ્મી દ્વારા લીપીનો પ્રારંભ કર્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ભગવાન ઋષભદેવને વર્ષને અંતે ઈક્ષુક રસથી
પૌત્ર શ્રેયાંસકુમારના હસ્તે પારણું થયું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન શ્રી ઋષભદેવનું જીવનચરિત્ર

आदिमं पृथिवीनाथ, मादिमं निष्परिग्रहम्
आदिमं तीर्थनाथं च, ऋषभ स्वामिनं स्तुमः

આ અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંતમાં ઋષભદેવ પ્રથમ જ રાજા થયા, પ્રથમ નિર્ગ્રંથમુનિ થયા અને પ્રથમ જ ધર્મતીર્થ પ્રવર્તાવનારા થયા. તે ઋષભદેવને નમું છું.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

✲

એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમાત્માની સ્તુતિ પણ સર્વોત્તમ છે. "જ્ઞાનરૂપ ત્રાજવાના એક પલ્લામાં પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા અત્યંત રમ્ય ઐહિક સુખ આપવા સમર્થ, સર્વ ઉત્તમ ગુણોના સમૂહોને એકઠા કરીએ, અને બીજી બાજુના પલ્લામાં અતિશય વિશુદ્ધ કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સહજાત્માના સ્મરણને રાખીએ તો, તેમાં એક શુદ્ધ પરમાત્માની સ્મૃતિની અલ્પ પણ તુલના કરી શકાય તેમ નથી"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભગવાન ઋષભદેવનું જીવનચરિત્ર

## પૂર્વભવ

### ૧. ધન્ના સાર્થવાહ (ઋષભદેવનો આત્મા)

અપર મહાવિદેહ ક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં ધન્ના નામનો સાર્થવાહ રહેતો હતો. તેની પાસે વિપુલ વૈભવ હતો. એક વાર તે સેંકડો મનુષ્યોની સાથે વસંતપુર નામના નગરમાં વ્યાપાર અર્થે નીકળ્યો હતો. આ માર્ગ ઘણો વિકટ હતો.

ધર્મઘોષ આચાર્ય તથા તેમના શિષ્યો વસંતપુર ધર્મ-પ્રભાવનાને અર્થે જવા માગતા હતા. તેમણે ધન્ના સાર્થવાહ પાસે જઈને તેમની સાથે વસંતપુર જવાની ભાવના જણાવી. ધન્ના સાર્થવાહ તો આ સાંભળી અત્યંત આનંદ પામ્યો. અને તેણે આચાર્ય તથા અન્ય શિષ્યસમુદાયની ભોજન આદિ તમામ વ્યવસ્થા યોગ્ય રીતે અનુચરોને સોંપી. આચાર્યે ભોજન આદિ વગેરેની નિર્દોષતા અંગે સાર્થવાહને સમજણ આપી.

સાર્થવાહ અને આચાર્ય સૌ જંગલના માર્ગેથી પસાર થઈ આગળ વધી રહ્યા હતા. સમય પસાર થઈ રહ્યો હતો. ત્યાં તો વર્ષા ઋતુનું આગમન થઈ ચૂક્યું. સાધુ-આચાર પ્રમાણે આચાર્યનો પરિવાર યોગ્ય સ્થળે રોકાઈ ગયો. વળી જંગલમાં વર્ષાને કારણે કાદવ થવાથી ધન્ના સાર્થવાહનો સમુદાય પણ રોકાઈ ગયો. ધાર્યા કરતાં ચોમાસાનો કાળ વધુ લંબાયો. સાર્થવાહને પણ રોકાઈ જવું પડ્યું. તેમની પાસે ખાદ્યસામગ્રી ખૂટી જતાં તેઓ કંદમૂળ વગેરેને ગ્રહણ કરી સમય પસાર કરવા લાગ્યા.

આ બાજુ આચાર્ય અને તેમના પરિવાર આચાર પ્રમાણે ભિક્ષા મળે તો ગ્રહણ કરતા અથવા અનશન કરી લેતા. એક વાર અચાનક સાર્થવાહને સ્મૃતિ થઈ કે અરે ! આ સાધુગણનું શું થયું હશે ? તરત જ તે આચાર્ય પાસે પહોંચ્યો. અને ઘણા પ્રયત્ને મળેલા નિર્દોષ આહારનું નિઃસ્પૃહ ભાવે અને અત્યંત ભાવપૂર્વક તેણે સુપાત્રે આહારદાન કર્યું. આચાર્યશ્રીએ પણ તેને આત્મહિતકારી ઉપદેશ આપ્યો. તે સમયે તેના પરિણામની શુદ્ધિ થતાં તેને સમકિત પ્રગટ થયું. ઋષભદેવના આત્માએ અનંતકાળના પરિભ્રમણનો આ ભવમાં સંક્ષેપ કરી મુક્તિમાર્ગમાં ક્રમશઃ પ્રયાણ આદર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૨. ઉત્તરકુરુમાં મનુષ્ય

ધન્ના સાર્થવાહનો જીવ આયુષ્ય પૂર્ણ કરી પુણ્યયોગે ઉત્તરકુરુમાં મનુષ્યપણે ઉત્પન્ન થયો.

## ૩. સૌધર્મ દેવલોક

મનુષ્યપણાનું આયુષ્ય પૂર્ણ કરી તે જીવ પુણ્યના સંચયે દેવલોકમાં ઉત્પન્ન થયો.

## ૪. મહાબલ

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તે જીવ મહાવિદેહના ગંધિલાવતી નગરીના વિદ્યાધર શતબલ રાજાના મહાબલ પુત્રપણે જન્મ્યો. અનુક્રમે રાજ્યસુખ ભોગવી સંસારનો પરિત્યાગ કરી આલોચનાપૂર્વક આયુષ્ય પૂર્ણ થયે તે સમાધિમરણને પામ્યો.

## ૫. લલિતાંગ દેવ

ધન્ના સાર્થવાહનો જીવ લલિતાંગ નામના દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેની દેવી સ્વયંપ્રભાનું ચ્યવન થતાં તેના પ્રત્યેની અતિશય આસક્તિને કારણે તે ઘણું દુઃખ પામ્યો. વળી તે સ્વયંપ્રભા મનુષ્યલોકનું આયુષ્ય પૂર્ણ કરી તે જ કલ્પમાં સ્વયંપ્રભા દેવી નામે પુનઃ ઉત્પન્ન થઈ. બંને દૈવી સુખ ભોગવવા લાગ્યાં. પરંતુ પૂર્વના સંસ્કારને કારણે અંતિમ દશામાં બોધ પામી નમસ્કારમંત્રના જપનું સ્મરણ કરી, આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવન કરી ગયાં.

## ૬. વજ્રજંઘ

તે જીવ દેવલોકમાંથી ચ્યવન કરી જંબુદ્વીપની પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરના સ્વર્ણગંધ સમ્રાટની પત્ની લક્ષ્મીદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેનું નામ વજ્રજંઘ રાખવામાં આવ્યું.

સ્વયંપ્રભાદેવી પુંડરીકિની નગરીમાં વજ્રસેન રાજાની શ્રીમતી નામે પુત્રીપણે ઉત્પન્ન થઈ. એક વાર તે મહેલની અગાસીમાં ફરતી હતી ત્યાં તે સમયે નજીકના કોઈ ઉદ્યાનમાં મુનિને કેવળજ્ઞાન થતાં દેવસમૂહને આકાશમાર્ગે તે મહોત્સવમાં જતો જોઈને શ્રીમતીને પોતાની પૂર્વભવની સ્મૃતિ થઈ. તે સ્મૃતિનું તેણે એક ચિત્ર અંકિત કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે બીજે દિવસે રાજા વજ્રસેનનો જન્મદિવસ હોવાથી અનેક દેશોના રાજાઓ અને રાજકુમારો આવતા હતા. શ્રીમતીએ તે તકનો લાભ લઈ એક દાસીને એ ચિત્રપટ લઈ રાજમાર્ગ પર ઊભી રાખી. એ માર્ગે વજ્રજંઘકુમાર પસાર થતાં તેણે આ ચિત્રપટ જોયું અને તેને પણ પૂર્વભવની સ્મૃતિ થઈ આવી. તેણે તરત જ તેવી પ્રતિકૃતિ કરીને પરિચારિકાને આપી. આમ બંનેનો પરિચય થતાં તે પરિચારિકાએ રાજા વજ્રસેનને આ વૃતાન્ત જણાવી બંનેનું પાણિગ્રહણ કરાવ્યું.

સંસારસુખ ભોગવતાં સુખેથી સમય નિર્ગમન કરતાં તેમને પુત્રપ્રાપ્તિ થઈ. એક વાર તેઓએ કેવળી ભગવંતનો ઉપદેશ સાંભળી નિર્ણય કર્યો કે પુત્રને રાજ્યકારભાર સોંપી દીક્ષા ગ્રહણ કરીએ. એ નિર્ણય તે પુત્રાદિને જણાવે તે પહેલાં પુત્રને કંઈ કુમતિ સૂઝી. તેણે વિચાર્યું કે આ પિતા જ્યાં સુધી રાજ્ય ભોગવશે ત્યાં સુધી મને રાજ્યનું સુખ મળશે નહિ. આથી તેણે રાજા મહેલમાં પ્રવેશ્યા કે તરત જ ઝેરી ધુમાડાથી મહેલને ભરી દીધો. વજ્રજંઘ અને શ્રીમતીએ જાણ્યું કે હવે મૃત્યુ નજીક છે તેથી ધર્મનું શરણ લઈ સમતાભાવે દેહનો ત્યાગ કર્યો.

## ૭. યુગલિક

રાજારાણી શુભ ભાવના વડે દેહત્યાગ કરી, ઉત્તરકુરુમાં યુગલિયા તરીકે જન્મ પામ્યાં. ત્યાં ઘણું લાંબું આયુષ્ય ભોગવી મૃત્યુ પામ્યાં.

## ૮. સૌધર્મકલ્પ

ત્યાંથી મૃત્યુ પામીને તેઓ સૌધર્મકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા.

## ૯. જીવાનંદ વૈદ્ય

દેવલોકમાંથી મૃત્યુ પામી ધન્ના સાર્થવાહનો જીવ વૈદ્ય જીવાનંદપણે ઉત્પન્ન થયો. તે સમયે રાજાને ત્યાં મહીધર નામે પુત્રનો જન્મ થયો. મંત્રીને ત્યાં સુબુદ્ધિ નામે પુત્રનો જન્મ થયો. એક સાર્થવાહને ત્યાં પૂર્ણચંદ્ર પુત્રપણે ઉત્પન્ન થયો. શ્રેષ્ઠિને ત્યાં ગુણાકર અને એક ગૃહસ્થને કેશવ નામે પુત્ર થયો. તે શ્રીમતીનો જીવ હતો. આ છની વચ્ચે ગાઢ મિત્રતા હતી. તે દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જતી હતી.

જીવાનંદ વૈદ્ય પોતાના પિતા પાસે આયુર્વેદની ઉત્તમ કેળવણી પામ્યો હતો. એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસ આ છ મિત્રો વાર્તાલાપ કરતા બેઠા હતા. તે સમયે ત્યાં એક મુનિ આવ્યા. તે કૃમિ-કુષ્ઠની ભયંકર વ્યાધિથી પીડાતા હતા. સમ્રાટ પુત્રે જીવાનંદને આ વાત કરી કે તમે આ મુનિના રોગનો ઉપાય કરો.

જીવાનંદ : આ મુનિના રોગ માટે જે ગોશીર્ષચંદન અને રત્નકંબલ વગેરે કીમતી ઓષધિઓ જોઈએ તે મારી પાસે નથી. પાંચે મિત્રો તે ઔષધિની શોધમાં બજારમાં ગયા. એક વ્યાપારીને ત્યાં તે બે વસ્તુઓ ઉપલબ્ધ હતી પણ તેની કિંમત ઘણી વધુ હતી. છતાં પેલા પાંચ મિત્રો તે ચૂકવવા તૈયાર હતા.

વ્યાપારીને કુતૂહલ થયું તેથી તેણે પૂછયું કે આવું કીમતી ઔષધ કોને માટે બનાવવાનું છે ?

જવાબ — મુનિની ચિકિત્સા માટે.

વ્યાપારીને અહોભાવ થતાં તેણે આ બે કીમતી વસ્તુઓ વિના મૂલ્યે આપી દીધી.

ઔષધની સામગ્રી લઈ છયે મિત્રો મુનિ જ્યાં જંગલમાં ધ્યાનમુદ્રામાં હતા ત્યાં આવ્યા. તેઓએ સદ્‌ભાવથી મુનિની શુશ્રૂષા કરવા માંડી. સૌ પ્રથમ તેલનું મર્દન કરવાથી ઉષ્ણતા પામીને કૃમિઓ બહાર નીકળવા માંડ્યા. તેથી મુનિના શરીર પર રત્નકંબલ ઢાંકી દીધી. કૃમિઓ કંબલમાં ચોંટી ગયા ત્યારે તેમને સુરક્ષિતપણે દૂર કર્યા. આમ ત્રણ વાર કરવાથી લોહી અને હાડકાં સુધી પહોંચેલા કૃમિઓ દૂર થવાથી મુનિ પૂર્ણ સ્વસ્થ થયા. આથી છયે મિત્રો ઘણો જ પ્રમોદ પામ્યા.

ત્યાર બાદ મુનિએ પણ તેમને યોગ્ય ઉપદેશ આપ્યો. તેનાથી સંસાર પ્રત્યેથી વિરક્ત થઈ તેઓએ દીક્ષા ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ સાધના કરી.

## ૧૦. બારમા દેવલોક

ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં તેઓ મૃત્યુ પામીને બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા.

## ૧૧. વજનાભ

જીવાનંદ વૈદ્યનો જીવ પુષ્કલાવતી વિજયની પુંડરિકિણી નગરીમાં વજસેન રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો ત્યારે રાણીએ મધ્યરાત્રિએ ચૌદ મહા સ્વપ્નો જોયાં. અનુક્રમે તેણે વજનાભ નામે પુત્રને જન્મ આપ્યો. તેમને ચક્રરત્નની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિ થતાં છ ખંડ પર વિજય મેળવી ચક્રવર્તીપણું પ્રાપ્ત કર્યું. દીર્ઘકાળ સુધી તે પદને યોગ્ય સુખ ભોગવી તેમણે પોતાના પિતા મુનિના ઉપદેશથી સંસારનો ત્યાગ કર્યો. અને ઉત્કૃષ્ટ સાધના કરી સમાધિમરણને પામ્યા.

તેમના પેલા પાંચ મિત્રો હતા તે તેમની સાથે બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ નામે ભાઈઓપણે જન્મ્યા હતા અને એક સારથિપણે જન્મ્યો હતો. તે સૌએ તેમની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. બાહુ અને સુબાહુ મુનિ વૈયાવૃત્ત અને શુશ્રૂષાનું કાર્ય કરતાં, તેમના આ કાર્યની પ્રશંસા થતાં પીઠ, મહાપીઠ બંનેને ઈર્ષા થતી હતી. તેવા પરિણામને કારણે તેમને સ્ત્રીવેદનો બંધ પડ્યો. શલ્ય સહિત તેઓ મૃત્યુ પામ્યા.

## ૧૨. સર્વાર્થ સિદ્ધમાં

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી તે છયે મિત્રો સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ૧૩. ઋષભદેવ ભગવાનનો જન્મ

સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી આયુષ્ય પૂર્ણ કરીને સૌ પ્રથમ વજ્રનાભનો જીવ ભગવાન ઋષભદેવપણે ઉત્પન્ન થયો. બાહુ મુનિ વૈયાવૃત્તના પ્રભાવથી શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીપણે ઉત્પન્ન થયા અને સુબાહુમુનિ બાહુબલી તરીકે જન્મ્યા. પીઠ મહાપીઠ સ્ત્રીવેદને કારણે ઋષભદેવની બ્રાહ્મી અને સુંદરી નામે પુત્રીઓપણે ઉત્પન્ન થઈ. સારથિનો જીવ શ્રેયાંસ પૌત્રપણે જન્મ્યો હતો.

## ઋષભદેવના સમયનું જગતનું સ્વરૂપ

તે સમયે અને તે કાળે આજના બુદ્ધિયુગના કોઈ લેખાનું ગણિત ત્યાં ન હતું, કે ન હતી ઇતિહાસના પાને ચઢેલી કોઈ ઘટનાનાં રહસ્યો. નિર્દોષ અને સરળચિત્ત યુગલોનો એ સમય હતો. પુત્ર અને પુત્રીનો એકસાથે જન્મ થતો. સતત સાથે જ વિકસતાં અને સાથે જ મૃત્યુ પામતાં. તેઓની જિંદગી અત્યંત સુખદ અને સંતોષયુક્ત હતી. કુદરત સાથે તેમનો મધુર સંબંધ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ યુગલિક કહેવાતા. તે સમયની સૃષ્ટિનું સર્જન જ એવું હતું કે માનવસ્ત્રી પુત્ર-પુત્રીને સાથે જન્મ આપતી. પક્ષી બે ઇંડાંને સેવતાં, પશુ પણ બચ્ચાંની જોડને જન્મ આપતાં. તેમનો જીવનવિકાસ પણ ઘણો ઝડપી થતો. કોઈ એકલું ન હતું, ન થતું. તેમને વિયોગનું દુઃખ આવતું નહિ. કોઈ તેમને અલગ કરી શકતું નહિ. તેઓ જન્મથી જ અભિન્ન હતાં. વસંત ઋતુની જેમ આનંદ અને કિલ્લોલથી સૌ જીવતાં. વળી તેમને ન કમાવવાની કે રાંધણ કાર્યની જરૂર રહેતી તેથી પરિગ્રહના પાપ અને મૂર્છા પણ તેમનામાં ન હતાં.

દીર્ઘ આયુષ્યવાળા આવા યુગલિકો સુવર્ણમય સોનાના સુમેરુ પર્વતની તળેટીનાં સ્વૈરવિહાર કરતાં, છતાં નિર્દોષતા હતી. તેમને ધારણ કરતી ધરા પણ અજબની હતી. સદા લીલાંછમ ઉપવનો, કલકલ કરતાં નીરભર્યાં ઝરણાંઓ, કામધેનુ જેવાં કલ્પવૃક્ષોની હારમાળા, અમૃત જેવાં ફળ અને જળ મળતાં તેમાંથી તે કાળના માનવીને મનગમતા બધા પદાર્થો મળી રહેતા. અલ્પાધિકતાનો, રાજારંકનો, શિક્ષિત-અશિક્ષિતનો કોઈ ભેદ ન હતો. તેમના પુણ્યનો રાશિ એવો હતો કે મૂલ્યવાન વસ્તુઓ પણ તેમને મૂલ્ય ચૂકવ્યા વગર મળતી. ન મળે સંઘર્ષ કે ન મળે સ્પર્ધા. દરેક પોતાના જીવનના સુખભોગમાં મસ્ત રહેતાં.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સ્વર્ગીય રચના જેવી એ પૃથ્વી પર આ યુગલિકોનું યૌવન પણ સ્વર્ગીય સુખનો અણસાર આપતું. જાતીય સુખ પ્રત્યે આકર્ષણનું પ્રકૃતિજન્ય સુખ ભોગવતાં અને તેના ફળ સ્વરૂપે સ્ત્રી યુગલની જન્મદાત્રી માતા બનતી. આ કાળના માનવીની જેમ ઉછેર કરવાનો ન હતો. યુગલનો સહજપણે વિકાસ થતો. ત્યાર પછી તેમના જીવનમાં ગંભીરતા આવતી. બાળયુગલ પણ સ્વતંત્ર જીવન જીવવા લાગતું અને જાણે માતાપિતાનું કાર્ય પૂરું થતું હોય, તેમ તેઓ સહજપણે જીવનને સમેટી લેતાં. તેમને મરણની વેદના ન હતી. અશાતાનાં દુઃખો ન હતાં. જન્મની જેમ મરણ પણ એક સ્વાભાવિક ઘટના લાગતી. અંત સમયે માતાપિતા શાંતિથી કોઈ શાંત સ્થળે ચિરનિદ્રામાં પોઢી જતાં. ત્યારે ન હતા કોઈ વ્યવહાર, ન સંતાપ કે ન શોક કે ન અગ્નિસંસ્કાર.

આ ઘટના સૌ સ્વાભાવિકપણે સ્વીકારતાં. મૃતકને કોઈ મહાપક્ષી ઉપાડી જતાં. કોઈ રેખા અંકિત થયા વગર વાત ત્યાં પૂરી થતી. યૌવન યુગલો એક કાયાની છાયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનીને કિલ્લોલ કરતાં. વન ઉપવનમાં ભમતાં. છતાં માનવજીવનના સુખની સીમા તો ખરી, દીર્ઘકાલીન આયુષ્ય હોવા છતાં, સુડોળ, સૌષ્ઠવપૂર્ણ, સશક્ત, નીરોગી શરીર છતાં કાળની ફાળ તો ત્યાં પણ જાળ પાથરી દેતી. જન્મ આપનાર યુગલનો અંત આવતો.

એ કાળના અવિરત વહેણમાં યુગપરિવર્તન આવી રહ્યું હતું. યુગલિક કાળની ક્ષીણતાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. એવા એ કાળમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવન કરીને ઋષભદેવનો જીવ અયોધ્યાનગરીના છેલ્લા રાજા નાભિકુલકરની પત્ની મરુદેવીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. તે રાત્રિએ મરૂદેવીએ રાત્રિને સમયે વૃષભ આદિ સુંદર ચૌદ સ્વપ્ન જોયાં. જાગૃત થઈને તેઓએ નાભિકુલકર પાસે સ્વપ્નદર્શન જણાવ્યું. નાભિકુલકર પણ અતિપ્રસન્ન થયા. તેમણે કહ્યું ‘દેવી, તમે ઉત્તમ યુગલિકને જન્મ આપશો. તે ઘણા દેશનો સ્વામી થશે.” તે કાળે એક યુગલ એક જ યુગલને જન્મ આપતું તેથી તે પ્રસંગ અતિ મહત્ત્વનો મનાતો.

તે કાળ અને તે સમયને વિષે યુગલિયાઓનો કાળ ક્ષીણ થતો જતો હતો ત્યારે ભરતક્ષેત્રની અયોધ્યાનગરીના નાભિકુલકરની પત્ની મરુદેવીએ રાત્રિ વિષે ચૌદ મહાસ્વપ્ન જોયાં તે પ્રસંગ તથા તેમની કુક્ષિએ ઋષભદેવનો જન્મ થયો તે જન્મ-મહોત્સવ ભગવાન મહાવીરની જેમ જાણી લેવા.

## ઈક્ષ્વાકુ વંશની સ્થાપના

ઋષભદેવનો જન્મ ચૈત્ર વદ આઠમને દિવસે થયો હતો. તેમના સાથળ પર ઋષભનું ચિહ્ન હોવાથી તેમનું નામ તથા લંછન ઋષભ પાડવામાં આવ્યું હતું. ઇંદ્રાદિ દ્વારા જન્મમહોત્સવ કરવામાં આવ્યો ત્યાર પછી પ્રભુ જ્યારે એક વર્ષના થયા ત્યારે શક્રેન્દ્રને તેમનો આચાર સ્મૃતિમાં આવ્યો. પ્રથમ તીર્થંકરના જન્મ પછી તેમના વંશની સ્થાપના કરવાનો આચાર છે. તેથી તેઓ એક શેરડીનો સાંઠો લઈને અયોધ્યાનગરીમાં નાભિકુલકરના નિવાસે પધાર્યા. ત્યારે ઋષભદેવ પિતાના ખોળામાં બેઠા હતા. ઇંદ્રના હાથમાં શેરડીનો સાંઠો જોઈ બાળે હાથ લંબાવી જાણે ઇંદ્રના ભેટણાનો સ્વીકાર કર્યો. આથી ઇંદ્રે પ્રભુના કુળનું નામ ઈક્ષ્વાકુ પાડ્યું અને ગોત્રનું નામ કાશ્યપ રાખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ કાળે અચાનક જ આશ્ચર્યજનક ઘટના ઘટી. એક યુગલ સુમેરુની તળેટીમાં હર્ષોન્માદમાં નાચતું હતું. આનંદના હિંડોળે ઝુલતું હતું. ત્યાં અચાનક ક્યારેય નહિ જોયેલું કે જાણેલું એવું કોઈ ભયંકર તોફાન આવ્યું. ભયંકર સુસવાટા મારતા પવને વનપ્રદેશને ઘેરી લીધો. ઝાડ, પાન, પર્વત, ધરા સૌ ધ્રૂજી ઊઠ્યાં. સાગર સરિતાનાં પાણી આભે આંબવા લાગ્યાં. પેલું યુગલ આશ્ચર્યસહ સાવચેત બન્યું. પશુ-પક્ષીઓ પણ કંપી ઊઠ્યાં. વૃક્ષો પણ ઊખડી ઊખડીને ધરાશાયી થવા લાગ્યાં. એક વૃક્ષ નીચે ઊભેલા પેલા યુગલમાંથી નરના માથા પર એક મોટું ફળ તૂટી પડ્યું. પેલો નર જમીન પર પછડાઈ ગયો. તેને વળગીને ઊભેલી પેલી નારી પણ જમીનને શરણે ઝૂકી ગઈ. પરંતુ એ કાળમાં ન બનેલું બની ગયું. પેલો નર નારીને મૂકીને સદા માટે પોઢી ગયો.

વાતાવરણ શાંત થયું. પેલી નારીને ભાન આવ્યું ત્યાં તેણે જોયું કે વન ઉપવન ઉજડી ગયાં હતાં. જ્યાં ત્યાં પશુ-પક્ષીઓ અને યુગલો મૂર્છામાં પડ્યાં હતાં. ધીમે ધીમે સૌ જાગ્યાં પણ આ શું ? આ નર તો હાલતો-ચાલતો કે ઊઠતો નથી. તેને ઘણો ઢંઢોળ્યો પણ તે નર ન જ જાગ્યો. જાગવાની શક્યતા પણ ન જણાઈ. અને એ યુગની ધરતી પર શોકનાં અને વિયોગનાં એંધાણ શરૂ થયાં. ન સમજાય કે ન ઉકેલાય તેવી સમસ્યા ખડી થઈ.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નારીએ જોયું કે આ નર નહીં જ ઊઠે અને તેના હૃદયમાં એક કંપ પેદા થયો. વિકલ્પ ઊઠ્યો : શું હું એકલી ? મારો સાથી નહીં જ ઊઠે ? અને તેના કંઠમાંથી ભયંકર આક્રંદ શરૂ થયું. કહો કે તે યુગમાં રૂદનનો પ્રારંભ થયો. એ નારીની પાંપણોમાંથી શ્રાવણ-ભાદરવાની જાણે ધોધમાર વર્ષા શરૂ થઈ. ઘડીભર માટે એ ધરતીના આનંદ અને કિલ્લોલ સ્થંભિત થઈ ગયા. એ નારીનું રૂદન ઘેરું બનતું ગયું. તેના રૂદનના પડઘાથી વૃક્ષોના માળામાં રહેલાં પક્ષીઓ, પાણી, પવનમાં શોકનો પડઘો પડ્યો. યુગલિકો ભેગા થયા. ક્ષોભ પામી ગયા. શું નારી એકલી થઈ ગઈ ? આવું તો તેમણે ક્યારેય જોયું ન હતું. દિવસો વીતવા લાગ્યા, વર્ષો વીત્યાં, સુનંદા યુગલિકની વચ્ચે એકલી ઘૂમતી. તેના હૃદયમાં અજંપો હતો.

એ તોફાને યુગલિકકાળના ધરતીના સૌંદર્યને ઉજડી નાંખ્યું હતું. કલ્પવૃક્ષો ક્ષીણ થયાં હતાં. હવે યુગલિકોને મનવાંછિત વસ્તુઓ મળતી ન હતી. અતૃપ્ત એવા માનવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પશુઓમાં અન્યોન્ય સંઘર્ષ અને મારામારી થતાં. જ્યારે તેમના જીવન સરળ હતા ત્યારે કુલકર 'હકાર' શબ્દ બોલતા અને વ્યક્તિને બોધપાઠ મળી રહેતો. આ શિક્ષા એ ભોળાજનો માટે હૃદયમાં ઘા કરી જતી. પરંતુ જનમાનસ હવે બદલાયું, પલટાતું હતું. તેથી 'માકર' શબ્દથી અપરાધીને દંડ મળતો કે આવું 'મા કર' તેમને માટે આ વેણ ઘણા કપરા હતા. અને યુગલિકો તેને સજા માની આજ્ઞામાં રહેતા. પરંતુ સંઘર્ષો વધ્યા અને ધિક્કાર નીતિ પણ અમલમાં આવી. અપરાધીને ધિક્કારવામાં આવતો. અને અપરાધી રાંક બની જતો. છતાં જનમાનસમાં વિકૃતિની વૃદ્ધિ થતી ગઈ. આથી સૌ નાભિકુલકર પાસે આવ્યા. તેમણે સૌને આશ્વાસન આપ્યું કે તમારા સમાધાન માટે ઋષભને રાજા તરીકે નીમવામાં આવશે. યુગલિકોને આથી આશ્વાસન મળ્યું. સૌએ વાત વધાવી લીધી. ઋષભ પ્રથમ રાજા થયા.

**પ્રથમ રાજા**

## આદિમં પૃથ્વીનાથં

તે કાળે તે સમયે ઋષભદેવ પ્રથમ રાજા થયા. તેમનો રાજ્યાભિષેક કરવા શું કરવું તે યુગલિયાઓ જાણતા ન હતા. તેથી તેઓ પાણી લેવા ગયા. તે સમયે ઇંદ્રાસન કંપવાથી શકેન્દ્રે પોતાના અવધિજ્ઞાનમાં જોયું કે પૃથ્વી પર ભગવાન ઋષભદેવનો રાજ્યાભિષેક થવાનો છે. આથી પોતાનો આચાર સમજી તે તરત જ અન્ય દેવો સાથે પૃથ્વી પર આવ્યા, અને દિવ્ય સિંહાસનની રચના કરી ભગવાનને સ્નાન કરાવીને, દિવ્ય વસ્ત્રાલંકારથી અલંકૃત કરી તેમનો રાજ્યાભિષેક કર્યો. પિતૃઆજ્ઞાને આધીન રહી તેઓ પ્રથમ રાજા થયા. પાણી લેવા ગયેલા યુગલિયાઓ પાછા ફર્યા ત્યારે તેઓ આ સર્વ દૈવી રચના જોઈ આશ્ચર્ય પામ્યા. ભગવાનના દેહ પર પાણી કેવી રીતે ઢોળવું ? આમ વિચારી તેમણે તે જળ વડે પ્રભુના ચરણનું પ્રક્ષાલન કર્યું. આ જોઈને ઇંદ્ર પ્રસન્ન થયા કે યુગલિયાઓ વિનયવંત છે. પછી તેમણે કુબેરને આજ્ઞા કરી કે ભગવાન હવે રાજા થયા છે. તેમને યોગ્ય રાજમહેલો સહિત અહીં એક વિનીતા નામની નગરી વસાવો. તેમાં આ સૌ માનવો પણ રહી શકે તેવી સુંદર હવેલીઓની રચના કરજો.

ઋષભદેવ પ્રથમ જ રાજા હતા. છતાં તેમણે વાત્સલ્યભાવે પ્રજાનું પાલન કરવા માંડ્યું. તેમણે એક વ્યવસ્થિત રાજતંત્રની રચના કરી. વળી હાથી, ઘોડા, બળદ જેવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીઓનો વ્યવસ્થિત સંગ્રહ અને ઉપયોગ કરવાની વ્યવસ્થા કરી. રાજ્યવ્યવસ્થા માટે પ્રજાજનોમાં કાર્યની વહેંચણી કરી અને સુંદર વ્યવસ્થા ઊભી કરી દરેકને પોતાની યોગ્યતા પ્રમાણે કાર્યની વહેંચણી કરી. પ્રજાજનો આ વ્યવસ્થાથી સંતોષ પામ્યા.

ઋષભદેવ રાજ્યવ્યવસ્થા માટે વન ઉપવનમાં ઘૂમીને નિરીક્ષણ કરતા. એકવાર તેઓ દૂર દૂર યુગલિકોના સ્થાને પહોંચ્યા. ત્યાં તેમણે સૌંદર્યવાન સુનંદાને એકાકી ફરતી જોઈ. યુગલિકો એકઠા મળ્યા. તેઓ આ યુવાનને જોઈ પ્રભાવિત થયા. તેઓ તેમની સાથે કુળકર પાસે પહોંચ્યા. નાભિકુળકરે તેમનો આદરપૂર્વક સત્કાર કર્યો. તેઓએ સુનંદાને આગળ કરીને કહ્યું કે તમે આ નારીનો સ્વીકાર કરો. તેનું દુ:ખ અમારાથી જોવાતું નથી. નાભિદેવ વિચારમાં પડ્યા કે સાથી વગરની નારીનો સાથી કોણ બને ? કારણ કે અહીં કોઈ હજી સાથી વગરનું હતું નહિ. આવનાર યુગલિકો હતાશ થયા. સુનંદાનાં ચક્ષુ તો અશ્રુથી ભરાઈ ગયાં, આ દૃશ્યથી ઋષભદેવ દ્રવિત થયા.

ઋષભદેવે પિતાજી તરફથી વિનયપૂર્વક કરૂણાસૂચક દૃષ્ટિ કરી. તે દૃષ્ટિ સૂચવતી હતી કે આ ઝડપી કાળપરિવર્તનમાં જૂની પ્રથાઓ બદલવી પડશે નહિ, તો માનવીનું જીવન હતાશા અનુભવશે. આ કન્યાનો સાથી હું બનીશ. નાભિકુળકરે પણ વિચાર કરીને જાહેર કર્યું કે સુનંદા રાજા ઋષભને સુપ્રત કરવામાં આવશે.

રાજા ઋષભે સુનંદાનો સ્વીકાર કરી સુમંગલા પાસે મોકલી, કારણ કે યુગલિક જન્મવાળી સુમંગલા માટે જીવનમાં ત્રીજી વ્યક્તિનો પ્રવેશ આશ્ચર્ય હતું. શું અમે બે છીએ તેમાં આ ત્રીજી વ્યક્તિનો પ્રવેશ ! પરંતુ સુનંદાની દયનીય સ્થિતિ તેમાં વળી સુનંદાનું નિર્દોષ વ્યક્તિત્વ સુમંગલાને આકર્ષી ગયું. તેણે સુનંદાને પોતાના જીવનવૈભવમાં સમાવી દીધી. અને સુનંદાએ ઉપકારવશ સુમંગલાનું સાન્નિધ્ય સ્વીકારી લીધું.

ઋષભદેવ સાથે જન્મેલી કન્યાનું નામ સુમંગલા હતું. અનુક્રમે યૌવનકાળ થતાં વળી ઇંદ્ર દેવોના પરિવાર સાથે પૃથ્વી પર પધાર્યા અને પોતાના આચાર પ્રમાણે તેમણે અતિ ઉલ્લાસિત થઈ ભગવાનનો વિવાહ-મહોત્સવ કર્યો. ત્યાર પછી છ લાખ વર્ષ પર્યંત સુખ ભોગવતાં સુમંગલાએ ભરત અને બ્રાહ્મીના યુગલને અને સુનંદાએ બાહુબલી અને સુંદરીના યુગલને જન્મ આપ્યો. તે ઉપરાંત સંસાર-અવસ્થામાં અઠ્ઠાણું પુત્રોનો યોગ થયો હતો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુગલિક પ્રથા ઝડપથી બદલાતી જતી હતી. તેવા યુગપરિવર્તનને જાણીને રાજા ઋષભદેવે યુગલવિવાહમાં પરિવર્તન કર્યું. ભરત સાથે જન્મેલી બ્રાહ્મીનું ભાવિ વાગ્દાન બાહુબલી સાથે કર્યું અને બાહુબલી સાથે જન્મેલી સુંદરીનું ભાવિ ભરત સાથે જોડવાનું નક્કી કર્યું. જોકે ભાવિ તો કંઈ જુદું જ નીકળ્યું. બ્રાહ્મી અને સુંદરી બંનેનું પિતાને માર્ગે ચાલી નીકળવાનું ભાવિ નિર્માણ થયું હતું. (કોઈ જગાએ આવો ઉલ્લેખ મળે છે.)

કાળના પરિબળ અનુસાર યુગલિક પરંપરામાં ક્ષીણતા અને પરિવર્તન થતાં જતાં હતાં. આથી રાજા ઋષભદેવ સુવ્યવસ્થા માટે આંતરવિવાહને આવકારી સમાજમાં તે પદ્ધતિને અપનાવી હતી, જેથી અકસ્માત મૃત્યુ થતાં યુગલ છૂટું પડે તો પણ તેઓ અન્ય સાથે વિવાહથી જોડાઈ શકે.

## રાંધણકળાનો વિકાસ

આમ તો ઋષભદેવનો સમય યુગલિક હતો. પરંતુ તે હવે ક્ષીણ થતો જતો હતો. આથી કલ્પવૃક્ષો જે ફળ આપતાં હતાં તે દુર્લભ થયાં હતાં. આ વૃક્ષો માનવના જીવનને સુખનાં સાધનો, ખોરાક વગેરે પૂરાં પાડતાં હતાં. વૃક્ષમાં જ સૂવા-બેસવાની વ્યવસ્થા થતી. તેનાં અમૃત જેવાં ફળથી ક્ષુધા તૃપ્ત થતી. વળી એ કાળના જીવો સરળ અને સંતોષી હતા તેથી તેમને આ સાધનોથી સંતોષ હતો. પણ જ્યારે કાળનું પરિબળ પરિવર્તન પામતું ગયું ત્યારે તે વૃક્ષો ક્ષીણ થતાં ગયાં. આથી ઇક્ષ્વાકુવંશના માનવો શેરડીના રસ પર નભવા લાગ્યા અને ચોખા જેવા કાચા ધાન્યને ખાતા હતા પણ તેમાં પાચનની તકલીફ થવા લાગી અને અગ્નિના ઉપયોગની ખબર ન હતી. આથી ઋષભદેવે પ્રથમ તેમને શીખવ્યું કે હાથથી મસળીને ખાવા. તે ન પચ્યા ત્યારે ચોખાને ભીંજવીને પછી હાથની ગરમી આપી ખાવાનું સૂચવ્યું. તે પણ ન પચ્યા ત્યારે કાંખની ગરમી આપવા માંડી પણ તેનો ઉકેલ ન થયો. આમ બીજા ઘણા ઉપાય કરીને થાક્યાં પણ અન્ન પચે તેવું સિદ્ધ થતું ન હતું.

તે કાળે એક વાર બે વૃક્ષના ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો અને આગળ વધવા લાગ્યો. એ કાળના માનવો માટે આ પ્રથમ જ અનુભવ હતો તેથી તેઓ લાલ ચમકતા પદાર્થને જોઈને હાથમાં લેવા લાગ્યા. પણ આ તો અગ્નિ હતો તેથી તેઓ દાઝી ગયા અને ભગવાન પાસે જઈને આ નવા ઉપદ્રવની ફરિયાદ કરી. ભગવાને જાણ્યું કે આ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગ્નિ ઉત્પન્ન થયો છે. આથી તેઓને કહ્યું કે તમે એ અગ્નિ વડે અનાજ પકવીને ખાજો. તેનો સીધો સ્પર્શ ન કરતા.

ભગવાનનાં વચન સાંભળી યુગલિયા અનાજ પકવવાનું નવું સાધન મળ્યું જાણી આનંદ પામ્યા. તેમણે ધાન્યને સીધું જ અગ્નિમાં નાંખીને, હવે તે કલ્પવૃક્ષની જેમ ધાન્ય પાછું મળે તેમ પ્રાર્થના કરવા લાગ્યા. પણ આ તો અગ્નિદેવ હતા. પોતે જ ધાન્ય હજમ કરી ગયા. રાંક ભૂખ્યા માનવોની ઇચ્છા પૂરી ન થઈ. આથી તે યુગલિયાઓ મૂંઝાયા અને વિચારવા લાગ્યા કે આ કલ્પવૃક્ષ જેવો દયાળુ નથી પણ કોઈ રાક્ષસ જણાય છે. જેટલું આપીએ તેટલું પોતે જ ખાઈ જાય છે. આથી ભગવાન પાસે તેને સખત સજા કરાવવી પડશે.

અગ્નિ પાસે યુગલિયાઓ મૂંઝાતા ઊભા હતા, તે સમયે યોગાનુયોગ ત્યાંથી ઋષભદેવ હાથી પર બેસીને જતા હતા. તેમને જોઈને સૌ યુગલિકો દોડી આવ્યા અને અગ્નિ વિષે ફરિયાદ કરવા લાગ્યા કે આપે કહ્યું તે પ્રમાણે અમે અગ્નિમાં ધાન્યને મૂકવા લાગ્યા પણ તે તો પોતે જ બધું હજમ કરી જાય છે. અમને કંઈ પાછું આપતો નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રથમ કળા કુંભકારની, તથા બીજી કળાઓ વિષે

યુગલિકોની વાત સાંભળી ભગવાને તેમની પાસે ભીની માટી મંગાવીને તેનો પિંડ બનાવડાવ્યો, અને તેને આકાર આપવા તે પિંડ તે વખતે હાજર રહેલા હાથીના કુંભસ્થળ પર મુકાવી મહાવત પાસે તેનું વાસણ બનાવરાવ્યું. તેથી તે કળા કુંભાર કળા નામે પ્રસિદ્ધ થઈ. પાત્ર કળા પ્રથમ જ પ્રસિદ્ધ થઈ.

પછી ભગવાને તે પાત્રને પકવવાની રીત બતાવી. બીજાં તેવાં પાત્રો બનાવવા સૂચવ્યું, અને કહ્યું કે હવે તમે આ પાત્રમાં ધાન્યને ભીંજવીને યોગ્ય રીતે પકાવજો. ત્યાર પછી યુગલિયાઓએ તે પ્રમાણે અન્ય પાત્રો ઘડ્યાં અને રાંધણકળા હસ્તગત કરી. કુંભકળાની સાથે સાથે પછી તો લુહાર, વણકર, ચિત્રકાર તથા વાળંદ જેવા કારીગરોની કળાઓ વિકાસ પામી અને દરેકના વળી વીસ જેવા પ્રકારો થવાથી લગભગ સો જેવી કળાઓ વિકાસ પામી.

ઋષભદેવે પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને બોતેર કળાઓ શીખવી અને લઘુપુત્ર બાહુબલીને પશુપક્ષી આદિ પ્રાણીશાસ્ત્ર શીખવ્યું. બ્રાહ્મીને અઢાર લિપિઓનું અધ્યયન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવ્યું અને સુંદરીને ગણિતવિદ્યા શીખવી. વળી માપ, તોલ, લંબાઈ પહોળાઈ જેવી વ્યાવહારિક અનેક કળાઓ શિખડાવી. આ ઉપરાંત સ્ત્રીઓની ચોસઠ કળાઓ બતાવી. તેના પ્રકાર આ પ્રમાણે જાણવા :

અસિ : હથિયાર - સુરક્ષાનાં સાધન

મસિ : લેખનવ્યાપારની કળા

કૃષિ : ખેતી તથા ઉત્પાદનની કળા

ભગવાને રાજ્યવ્યવસ્થા માટે આરક્ષક દળનું નિર્માણ કર્યું તે 'ઉગ્ર' કહેવાયા. મંત્રીમંડળની રચના કરી તે 'ભોગ' કહેવાયા. રાજકુળના માનવો 'રાજન્ય' કહેવાયા અને અન્ય કર્મચારીઓ ક્ષત્રિયો કહેવાયા. સામ દામ દંડ અને ભેદનીતિ અમલમાં આવી. પ્રથમ રાજા ઋષભદેવે આગામી કાળને લક્ષમાં રાખી રાજ્યની સુંદર વ્યવસ્થા નક્કી કરી. આથી જનતા પણ નિશ્ચિંત થઈ સંતોષ અને સુખ પામી.

## સ્ત્રીઓની ચોસઠ કળા

ઋષભદેવે સ્ત્રી-વિકાસ માટે ચોસઠ કળાઓની પદ્ધતિ બતાવી.

(૧) નૃત્ય (૨) આદર આપવાની કળા - ઔચિત્ય (૩) ચિત્ર (૪) વાજિંત્ર (૫) મંત્ર (૬) ધનવૃષ્ટિ (૮) ફલાકૃષ્ટિ - ફળ તોડવાની કળા (૯) સંસ્કૃતજલ્પ (૧૦) ક્રિયાકલ્પ (૧૧) જ્ઞાન (૧૨) વિજ્ઞાન (૧૩) છંદ (૧૪) પાણી થંભાવવાની કળા (૧૫) ગીતમાન (૧૬) તાલમાન (૧૭) આકારગોપન (૧૮) બગીચો બનાવવાની કળા (૧૯) કાવ્યશક્તિ (૨૦) વક્રોક્તિ (૨૧) નરલક્ષણ (૨૨) હાથીઘોડાની પરીક્ષા (૨૩) વાસ્તુસિદ્ધિ (૨૪) તીવ્રબુદ્ધિ (૨૫) શકુનવિચાર (૨૬) ધર્માચાર (૨૭) અંજનયોગ (૨૮) ચૂર્ણયોગ (૨૯) ગૃહીધર્મ (૩૦) સુપ્રસાદન કર્મ (રાજી રાખવાની કળા) (૩૧) કનકસિદ્ધિ (૩૨) વર્ણિકાવૃદ્ધિ - સૌંદર્યવૃદ્ધિ (૩૩) વાક્પાટવ (૩૪) કરલાઘવ - હાથચાલાકી (૩૫) લલિત ચરણ (૩૬) તૈલસુરભિતાકરણ - સુગંધી તેલ બનાવવાની કળા (૩૭) ભૃત્યોપચાર (૩૮) ગેહાચાર (૩૯) વ્યાકરણ (૪૦) પરનિરાકરણ (૪૧) વીણાનાદ (૪૨) વિતંડાવાદ (૪૩) અંકસ્થિતિ (૪૪) જનાચાર (૪૫) કુંભ ભ્રમ (૪૬) સારિશ્રમ (૪૭) રત્નમણિભેદ (૪૮) લિપિપરિચ્છેદ (૪૯) વૈદ્યકીય (૫૦) કામાવિષ્કરણ (૫૧) રંધન (૫૨) ચિકુરબંધ - કેશ બાંધવાની કળા (૫૩) શાલિખંડન (૫૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખમંડન (૫૫) કથાકથન (૫૬) કુસુમગ્રથન - ફૂલ ગૂંથવાં (૫૭) વરવેષ (૫૮) સર્વભાષાવિશેષ (૫૯) વાણિજ્ય (૬૦) ભોજ્ય (૬૧) અભિધાન પરિજ્ઞાન (૬૨) આભૂષણ યથાસ્થાન વિવિધ પરિધાન (૬૩) અંત્યાક્ષરિકા અને (૬૪) પ્રશ્ન પ્રહેલિકા.

## પુરુષની બોતેર કળા

પુરુષની બોત્તેર કળાઓ આ પ્રમાણે છે :

(૧) લેખન (૨) ગણિત (૩) ગીત (૪) નૃત્ય (૫) વાદ્ય (૬) પઠન (૭) શિક્ષા (૮) જ્યોતિષ (૯) છંદ (૧૦) અલંકાર (૧૧) વ્યાકરણ (૧૨) નિરુક્તિ (૧૩) કાવ્ય (૧૪) કાત્યાયન (૧૫) નિઘંટુ (શબ્દકોષ) (૧૬) અશ્વારોહણ (૧૭) ગજારોહણ (૧૮) હાથીઘોડા કેળવવાની વિદ્યા (૧૯) શાસ્ત્રાભ્યાસ (૨૦) રસ (૨૧) મંત્ર (૨૨) યંત્ર (૨૩) વિષ (૨૪) ખનીજ પદાર્થ મેળવવાની વિદ્યા (૨૫) ગંધવાદ (૨૬) પ્રાકૃત (૨૭) સંસ્કૃત (૨૮) પૈશાચિક (૨૯) અપભ્રંશ (૩૦) સ્મૃતિ (૩૧) પુરાણ (૩૨) અનુષ્ઠાન શાસ્ત્રવિધિ (૩૩) સિદ્ધાન્ત (૩૪) તર્ક (૩૫) વૈદ્યકળા (૩૬) વેદ (૩૭) આગમ (૩૮) સંહિતા (૩૯) ઇતિહાસ (૪૦) સામુદ્રિક (૪૧) વિજ્ઞાન (૪૨) આચાર્યક વિદ્યા (૪૩) રસાયન (૪૪) કપટ (૪૫) વિદ્યાનુવાદ (૪૬) દર્શન-સંસ્કાર (૪૭) ધૂર્તશંબલક (૪૮) મણિકર્મ (૪૯) વૃક્ષાના રોગનું ઓસડ જાણવાની વિદ્યા (૫૦) ખેચરીકલા (૫૧) અમરીકલા (૫૨) ઇન્દ્રજાળ (૫૩) પાતાલસિદ્ધિ (૫૪) યંત્રક (૫૫) રસવતી (૫૬) સર્વકરણી (૫૭) ઘર-મંદિરાદિનું શુભાશુભ લક્ષણ જાણવાની વિદ્યા - પ્રાસાદલક્ષણ (૫૮) જુગાર - પણ (૫૯) ચિત્રોપલ (૬૦) લેપ (૬૧) ચર્મકર્મ (૬૨) ધારેલું પત્ર છેદવાની વિદ્યા - પત્રચ્છેદ્ય (૬૩) નખચ્છેદ્ય (૬૪) પત્રપરીક્ષા (૬૫) વશીકરણ (૬૬) કાષ્ઠઘન (૬૭) દેશભાષા (૬૮) ગારુડ (૬૯) યોગાંગ (૭૦) ધાતુકર્મ (૭૧) કેવલિવિધિ (૭૨) શકુનરુત. દેશકાળને અનુરૂપ વિદ્યાઓ જાણવી.

નાભિકુલકર જીવનસંધ્યાએ પહોંચ્યા હતા, આખરે તેમણે ચિરવિદાય લીધી. યુગલિક ધર્મવાળી સુનંદાએ પણ જોડલાને જન્મ આપી ગણત્રીના દિવસોમાં સંસારયાત્રા પૂર્ણ કરી. એ કાળ માટે આવી ઘટનાઓનો વિસ્ફોટ માનવજીવનમાં ઝંઝાવાત લાવતો, તેમને માટે યુગલિકમાંથી કોઈ એકાકી ચિરવિદાય એ કલ્પનાતીત ઘટના હતી. પરંતુ કાળના પરિબળને સૌએ સ્વીકારવું જ પડ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં તો અચાનક એક ઘટના ઘટી. ઋષભદેવના રાજ્યાભિષેક સમયે આવેલી નીલાંજના વિદ્યાધરી સુનંદાના પરિચયથી મુગ્ધ થઈને રોકાઈ ગઈ હતી. નૃત્ય-નિષ્ણાત નીલાંજના સુંદરીને એ કળા શીખવતી હતી. સુનંદાના વિયોગે ક્ષોભ પામેલી નીલાંજનાએ પણ નૃત્ય સમયે પોતાની જીવનલીલા સદા માટે સમેટી લીધી. નીલાંજના સુનંદાની સખી હતી. પરંતુ ઋષભદેવ પણ તેના નૃત્ય ઉપર મુગ્ધ હતા.

પૃથ્વીનાથ હજી માનવધર્મમાં હતા, ત્યાગમાર્ગના ભાવો જાગ્યા હતા, ત્યાં આવા બે પ્રિયપાત્રના વિયોગે તેઓ જાગૃત થઈ ગયા. બંનેની શિબિકાની પાછળ મંદગતિથી ચાલતાં તેમનાં નયનો સજળ બની ગયાં. રાજા પ્રજા પરિવાર સૌ શોકમગ્ન હૃદયે ક્ષીર-સમુદ્રને કિનારે પહોંચ્યા.

પૃથ્વીનાથે સ્વહસ્તે પ્રથમ સુનંદાના પાર્થિવ દેહને જળમાં તરતો મૂક્યો, પછી બાહુબલીએ નીલાંજનાના દેહને જળમાં વહેતો મૂક્યો. ક્ષીરસમુદ્રના તરંગોએ પોતાના સ્નેહીજનો હોય તેમ બંનેના દેહને પોતાના પેટાળમાં સમાવી દીધા.

હતપ્રભ થયેલા સૌ સ્નેહીઓથી વાતાવરણ ગમગીન હતું. આખરે પૃથ્વીનાથે સૌને સમજાવ્યા કે માનવીને મૃત્યુના નિયમથી બચાવવાનો કોઈ માર્ગ નથી અને છે તો માત્ર મુક્તિ છે.

જૈનમ્ જયતિ શાસનમ્

પૃથ્વીનાથના જીવનમાં એ પ્રસંગે ભારે ઉલ્કાપાત મચાવ્યો. રાજપ્રસાદના આવાસમાં સૌ સ્વજનો અને અગત્યના નાગરિકો ઉપસ્થિત થયા હતા. પૃથ્વીનાથનું બધુ નૂર જાણે હણાઈ ગયું હતું. મુખ પર ભારે ઉદાસીનતા છવાઈ હતી. તેમણે મૌન છોડ્યું અને જાહેર કર્યું કે

"ભરત, હવે આ શાસનનો સ્વામી તું છું. હું હવે સંસારનો ત્યાગ કરીશ."

ભરત સહિત સર્વ સભા સ્તબ્ધ થઈ ગઈ. ભરતે કહ્યું, "પિતાજી મારા પર સિંહાસનનો ભાર ન મૂકો, મને તમારા ચરણમાં સુખેથી જીવવા દો, આપના વિના આ પ્રજા અને નગરી શૂન્ય થશે. આપની છત્રછાયામાં અમે સર્વ કાર્ય પૂર્ણ કરશું !" બાહુબલિએ તેમાં સૂર પૂરાવ્યો.

પૃથ્વીનાથે કહ્યું : હે વત્સ, તમે બન્નેએ મૃત્યુની અકળ કળા જોઈને ! ત્યારથી મારા ચિત્તમાં આ સંસારનાં ક્ષણિક સુખો દુ:ખરૂપ ભાસે છે. અરે ! પૂરો સંસાર દુ:ખમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાસે છે. હવે હું સંસારમાં ક્ષણ માત્ર રહી શકું તેમ નથી. સભાની નીરવ શાંતિ વચ્ચે પૃથ્વીનાથે ભરતને પાસે બોલાવ્યો અને પોતાના વરદ હસ્તે પોતાના મસ્તક પરનો મુગટ ભરતને પહેરાવી દીધો. ભરત પિતાજીને પ્રણમી રહ્યા.

પ્રજાએ ગાદીએ બેસતા રાજાને સ્વીકારી લીધા.

'ભરત દેવની જય હો.'

ઋષભદેવે પોતાના જ પરિવાર દ્વારા કર્મભૂમિને યોગ્ય સુવ્યવસ્થિત રાજ્યશાસન પ્રવર્તાવ્યું. વળી તેમણે વિચાર કર્યો કર્મભૂમિના માનવીને જેમ સુખભોગનાં સાધન અને જીવનનિર્વાહનું શિક્ષણ મળ્યું, તેમ ત્યાગમાર્ગનું શિક્ષણ મળવું પણ જરૂરી છે, જેથી તેમનું માનવજીવન ઉન્નત બને. અને તેની સાથે તેમણે વિચાર કર્યો, એ ત્યાગમાર્ગ પ્રગટ કરવા માટે એ માર્ગે મારે પ્રયાણ કરવું જરૂરી છે.

સુમંગલા યુગલિક ધર્મવાળી હતી. યુગલમાંથી એક થવાનું તે કલ્પી ના શકી. શું કરવું તેની તેને ખબર ન હતી 'સ્વામી તમે મને મૂકીને ન જશો.' પૃથ્વીનાથે સુમંગલાને સમજાવી "દેવી ! હવે મને તમે અટકાવો નહિ. વળી કાળ સામે આપણે પ્રાણપ્રિય સુનંદાને રોકી ન શક્યા, કોઈને પણ રોકી નહિ શકીએ, માટે જ હું અનંતની યાત્રાએ જવા મણું છું, જ્યાં આવાં જન્મમરણનાં બંધન દુઃખ સંતાપ કે શોક ન હોય."

## પ્રથમ તીર્થ તમે જ સ્થાપ્યું

### પ્રથમ અણગાર માદિમં નિષ્પરિગ્રહં :

પ્રથમ ભિક્ષુક : તે કાળે દીક્ષાને જ્યારે એક વર્ષ બાકી રહ્યું ત્યારે લોકાન્તિક દેવો વડે વિનંતી થઈ કે "પ્રભુ ! આપ જય પામો, આપ બોધ પામો, દીક્ષા ગ્રહણ કરો અને જગતને હિતકારી ધર્મતીર્થ પ્રવર્તાવો." ભગવાને પણ પોતાનો દીક્ષાકાળ જાણી વરસીદાન દેવાનો પ્રારંભ કર્યો.

ભગવાન ઋષભદેવ દક્ષ હતા. લોકપ્રિય અને ઉત્તમ સૌંદર્યવાળા હતા. મહાગુણયુક્ત છતાં વિનીત હતા. તે કાળના યુગલિક લોકો પર મહા ઉપકાર કરી તેમને જીવનકળાઓ શીખવી. સો પુત્રોને રાજ્યની વહેંચણી કરી રાજ્યકારભાર સોંપી દીધો.

વીસ લાખ વર્ષ કુમારાવસ્થા અને કુલ ત્યાસી લાખ પૂર્વ વર્ષ સંસારમાં રહી ચૈત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માસના કૃષ્ણ પક્ષમાં (ચૈત્ર વદ) આઠમને દિવસે પાછલે પહોરે દેવ તથા માનવોના વિરાટ સમૂહથી ઘેરાયેલા પ્રભુ દેવોએ આપેલી શિબિકામાં બેઠા. નગરીની મધ્યમાંથી નીકળી, બહાર ઉદ્યાનના અશોકવૃક્ષ નીચે જઈને સર્વ સમૂહથી અલગ થઈ, વસ્ત્રાલંકારનો ત્યાગ કરી, દેહભાવને ત્યજીને ચાર મુષ્ટિ લોચ કરી પ્રભુ પાંચમી મુષ્ટિ લોચ કરવા ગયા, ત્યાં તો આ દૃશ્ય જે ઇંદ્ર નિહાળી રહ્યા હતા તે ત્વરાથી પ્રભુ પાસે આવ્યા, અને વાળની એક લટ જે બાકી હતી, તે અતિ શોભાયમાન લાગતી હતી, તેને ઇંદ્રે યથાવત્ રાખવા વિનંતી કરી. શક્રેન્દ્રના આગ્રહવશ ભગવાને તે પ્રમાણે એક લટ રહેવા દીધી. ઇંદ્રે આપેલા દેવદૂષ્યને ધારણ કરી પ્રભુ જંગલની વાટે ચાલી નીકળ્યા. માદિમં નિષ્પરિગ્રહ ।

## તાપસ ધર્મની ઉત્પત્તિ

ભગવાને એકાકીપણે દીક્ષા ગ્રહણ કર્યા પછી મૌનવ્રત ધારણ કરી છ માસના ઉપવાસનો અભિગ્રહ ધારણ કર્યો હતો. તે સમયે લોકો સમૃદ્ધ અને સુખી હતા. વળી ભિક્ષા શું અને કેવી રીતે અપાય તે જાણતા ન હતા. ભગવાન તો પ્રસન્ન ભાવે ગામે-ગામ વિચરતા હતા. પ્રારંભમાં તેમની પાછળ ચાર હજાર સાધુઓ સ્વયં દીક્ષિત થઈને વિચરતા હતા. પણ ભગવાન તો મૌન હતા. તેઓ ક્ષુધાતૃષાથી અકળાવા લાગ્યા. વળી ઘરે પાછા ફરવું તેમાં પણ શોભા નહિ. આમ સૌ તાપસ બનેલા કચ્છ મહાકચ્છ પાસે ગયા. તેમની સલાહ પ્રમાણે તેઓએ વનવાસનો માર્ગ લીધો. તેઓ સૌ નદીકાંઠે રહેતા, વૃક્ષો પરથી પાકાં ફળો - ફૂલ, પત્રો ખાઈને તથા દાઢી-મૂછ-જટા રાખીને રહેવા લાગ્યા. તેથી તેઓ જટાધારી તાપસ કહેવાયા.

### પ્રથમ પારણું

ભગવાન દીક્ષા લીધા પછી છ માસના ઉપવાસ પૂર્ણ કરી ભિક્ષા માટે ફરતા હતા. પરંતુ અગાઉની જેમ તેમને રાજા સમજીને સૌ ભિક્ષામાં કન્યા, રત્નો, વસ્ત્ર, પાત્ર વગેરે આપતા હતા છતાં પ્રભુ કંઈ પણ કહ્યા વગર મૌન રહી તે વસ્તુનો અસ્વીકાર કરી ગ્રામાનુગ્રામ વિચરતા હતા. આમ બીજા છ માસ પસાર થયા. કુલ એક વરસ પૂર્ણ થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કાળે હસ્તિનાપુરમાં બાહુબલીના પૌત્ર શ્રેયાંસે રાત્રિએ સ્વપ્ન જોયું કે શ્યામ વર્ણવાળા મેરુ પર્વતને અમૃત ભરેલા કળશ વડે સિંચન કરવાથી તે અત્યંત દીપી ઊઠ્યો. તે જ નગરમાં સુબુદ્ધિ નામના નગરશેઠે તે જ રાત્રિએ શ્રેયાંસકુમારને સૂર્યમંડળનાં ખરી પડેલાં કિરણોને પુનઃસ્થાપતો જોયો અને રાજાએ કોઈ મહાપુરુષને શ્રેયાંસની સહાયથી વિજય પામતો જોયો. આ ત્રણ સ્વપ્નો સૂચવતાં હતાં કે શ્રેયાંસને કોઈ મહાન લાભ થશે.

પ્રભાતે શ્રેયાંસ પોતાના મહેલના ઝરૂખામાં ઊભા હતાં ત્યાં તેમના શ્રવણે શબ્દો પડ્યા કે, "પ્રભુ કંઈ પણ ગ્રહણ કરતા નથી." ત્યાં તો દૂરથી તેને પ્રભુનાં દર્શન થયાં. અને તરત જ તેને થયું કે મેં આવું કંઈક જોયું છે. એમ ઊંડાણથી વિચાર કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેમાં તેણે જોયું કે પ્રભુ પૂર્વે ચક્રવર્તી હતા. અને હું સારથિ હતો. તેમની સાથે મેં પણ દીક્ષા લીધી હતી. અને ત્યારે મેં વજ્રસેન કેવળી પાસેથી સાંભળ્યું હતું કે આ વજ્રનાભનો જીવ ભરતક્ષેત્રમાં તીર્થંકર થશે. અહો ! સદ્‌ભાગ્ય છે કે એ જ પ્રભુનાં આજે મને દર્શન થયાં.

આમ વિચારી શ્રેયાંસ પ્રભુનાં દર્શન માટે નીચે આવ્યો, ત્યાં વળી યોગાનુયોગ એક માણસે શ્રેયાંસને શેરડીના ઉત્તમ રસના ઘડા ભેટ આપ્યા. શ્રેયાંસ પૂર્વભવના મુનિપણાના આચારની ભિક્ષાવિધિ જાણતા હતા, તેથી તેણે તરત જ પ્રભુને ભિક્ષા માટે વિનંતી કરી. નિર્દોષ આહારનો જોગ જાણીને પ્રભુએ બે હાથની અંજલિ કરી તે ઘડાઓના રસથી પ્રથમ પારણું કર્યું. કરપાત્રમાં રસને ગ્રહણ કરવા છતાં પ્રભુના પુણ્ય-અતિશયોની લબ્ધિ એવી હતી કે એક ટીપું પણ નીચે પડતું ન હતું. જાણે બંને હાથે હોડ લગાવી હતી કે એક ટીપું પડવા ન દેવું, અને તેમાં બન્ને હસ્ત સફળ થયા.

એક વરસે પ્રભુનું પારણું થતાં દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, દેવદુંદુભિનો નાદ કરી ઉત્સવ મનાવ્યો. વસ્ત્ર, સુગંધી જળ, સાડા બાર ક્રોડ સોનૈયાની વસુધારા, પંચ દિવ્યો પ્રગટ થયાં. ધન્ય છે આ દાનને ! પ્રભુ જય પામો ! વગેરે નાદથી આકાશ ગુંજી અને ગાજી ઊઠ્યું. લોકો આશ્ચર્ય પામી શ્રેયાંસના મહેલે આવવા લાગ્યા. શ્રેયાંસે સૌને નિર્દોષ આહારવિધિ સમજાવી. આવા ઉત્કૃષ્ટ આહારદાનનો પ્રવાહ શ્રેયાંસે પ્રથમ જ પ્રવર્તાવ્યો. લોકોના કુતૂહલને સંતોષવા શ્રેયાંસે પોતાના આગળના ભવોનું વર્ણન કહી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભળાવ્યું. જે લલિતાંગ દેવ અને સ્વયંપ્રભા દેવીનું વર્ણન અગાઉ પ્રભુના પૂર્વભવોમાં જણાવ્યું છે. પારણું કરીને પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા. શ્રેયાંસે પારણાના પવિત્ર સ્થાનની રક્ષા માટે ભક્તિથી યુક્ત ત્યાં રત્નમય પીઠિકા બનાવી. ત્યાં બંને સમયે તે પ્રભુની ભક્તિ કરતો હતો.

પ્રભુનું પારણું વૈશાખ સુદ ત્રીજને દિવસે થયું હોવાથી તે દિવસ 'અક્ષયતૃતીયા' કહેવાયો.

## પ્રભુએ પરમપદને પ્રાપ્ત કર્યું : પ્રથમ ધર્મચક્રવર્તી

આ પ્રમાણે ગ્રામાનુગ્રામ વિચરતા ભગવાનને એક હજાર વર્ષ છદ્મસ્થ અવસ્થામાં પસાર થયાં હતાં. જ્ઞાનદર્શનાદિ અસાધારણ ગુણો વડે યુક્ત પોતાના આત્માને ભાવતાં ચાર જ્ઞાન સહિત પ્રભુને માહ વદ અગિયારસને દિવસે પુરિમતાલ નામના નગરની બહાર શકટમુખ નામના ઉદ્યાનમાં વટવૃક્ષની નીચે જળરહિત અટ્ઠમ તપની આરાધનાના યોગમાં શુક્લ ધ્યાનમાં આરૂઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અર્થાત્ પ્રભુ પરમપદને પામ્યા.

પૃથ્વી પર પ્રભુ લોકાલોકપ્રકાશક જ્ઞાનને પામ્યા તે જ સમયે ઇંદ્રાસન કંપાયમાન થતાં ઇંદ્રે અવધિજ્ઞાનથી તે વાત જાણી અને શીઘ્રતાએ આવીને સમવસરણની રચના કરી. ત્યાર પછી પ્રભુએ ચતુર્વિધ સંઘની રચના કરી.

## ભરતની ભક્તિ

પ્રભુ કેવળજ્ઞાન પામ્યા છે તે સમાચાર એક અનુચરે ભરત મહારાજાને આપ્યા. તે જ વખતે આયુધશાળાના અનુચરે ખબર આપ્યા કે મહારાજ ! આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે, પૂજા કરવા પધારો. પ્રથમ ધર્મચક્રી પધાર્યાના સમાચાર હતા, બીજા સમાચાર છખંડની પૃથ્વી જિતાય તેવા ચક્રરત્નના હતા. ભરત રાજા વિચક્ષણ હતા. તેમણે વિચાર કર્યો કે ચક્રરત્ન તો આ જન્મ પૂરતું સહાયક છે, તેના વડે જે સુખ મળશે તે ક્ષણિક છે. અને ધર્મચક્રીનું પધારવું તો મારા પરમાર્થ કલ્યાણ માટે છે. માટે પ્રથમ બહુમાન અને પૂજા મારે તો ભગવાનની જ કરવાની હોય. ચક્રરત્નને રોકાવું હોય તો રોકાય, મારે તો ધર્મચક્રીની પૂજામાં બધાં ચક્રોનો સમાવેશ થઈ જાય છે, એમ વિચારી તેઓ પ્રભુવંદન માટે નીકળ્યા.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## માતા મરુદેવાનો સ્નેહ : પ્રથમ મોક્ષગમન

તે કાળે અને તે સમયે ભગવાને પ્રથમ જ દીક્ષા લઈ વનવાસ સ્વીકાર્યો હતો. તેમનાં માતા આથી ઘણું દુ:ખ અનુભવતાં હતાં. તેમને મહાવ્યથા થતી કે મારો પુત્ર જંગલનાં દુ:ખો કેવી રીતે સહન કરતો હશે ? તેઓ પોતાની આ વેદના ભરતને કહેતાં કે, 'તું તો રાજસુખમાં પડ્યો છે. મારો પુત્ર કેવાં દુ:ખો વેઠતો હશે, તું તો તેની ખબર પણ લેતો નથી'. આમ અનેક પ્રકારે કલ્પાંત કરીને મરુદેવા માતાનાં આંખનાં પડળો પણ અંધકારમય બની ગયાં હતાં.

જ્યારે પ્રભુને કેવળજ્ઞાન થયું ત્યારે વંદન કરવા જતાં ભરત મહારાજાએ મરુદેવા માતાને સાથે જ લીધાં અને તેમણે માર્ગમાં ઋષભદેવ ભગવાનની સર્વ વિભૂતિ અને ઇંદ્રાદિ દેવો વડે થયેલી સમવસરણાદિની રચના વિષેની હકીકત માતાને જણાવી. માતાને દેવવાજિંત્રો વડે ગાજતું આકાશ સ્પર્શી ગયું અને વિચારવા લાગ્યાં કે અહો ! ઋષભદેવ તો મહાન ઐશ્વર્યવાન છે. તેમનાં નેત્રો આનંદાશ્રુથી છલકાઈ ગયાં. આમ એક બાજુ આનંદથી તેમનાં રોમાંચ ખડાં થઈ ગયાં. ત્યાં બીજી બાજુ વિચારવા લાગ્યાં : ખરેખર, મારો મોહ નિરર્થક હતો. આમ ઇહાપોહ કરતાં શુદ્ધ શ્રેણીએ આરૂઢ થતાં મરુદેવા માતા સ્વયં સ્વયંબુદ્ધ થયાં. આ અવસર્પિણી કાળમાં તેઓનું પ્રથમ મોક્ષગમન થયું.

## બધું જ પ્રથમ બન્યું — આદિમં તીર્થ નાથં

તે કાળે તે સમયે આ અવસર્પિણી કાળમાં ઋષભદેવ પ્રથમ રાજા થયા. પ્રથમ નિર્ગ્રંથ થયા. પ્રથમ ધર્મચક્રવર્તી થયા.

પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને ઇંદ્રે રચેલા સમવસરણમાં પ્રથમ દેશના આપી. તે ઉપદેશ શ્રવણ કરી ભરત મહારાજાના પાંચસો પુત્રો, સાતસો પૌત્રોએ તે સમયે દીક્ષા ગ્રહણ કરી. ત્યારે તેમણે ચોરાશી ગણધરો સ્થાપ્યા. બ્રાહ્મીએ તથા અન્ય સ્ત્રીઓએ દીક્ષા લીધી. ભરત ચક્રવર્તી શ્રાવક થયા. સુંદરીનો ભાવ દીક્ષા ગ્રહણ કરવાનો હતો પરંતુ તે અત્યંત સ્વરૂપવાન હોવાથી ભરત મહારાજાએ વિચાર્યું કે ચક્રવર્તીપદ પછી તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ સ્ત્રીરત્ન તરીકે સ્થાપવી. તેથી તેને આજ્ઞા આપી નહિ. આથી તેણે શ્રાવિકાવ્રત ગ્રહણ કર્યું.

પ્રભુએ જ્યારે દીક્ષા ગ્રહણ કરેલી ત્યારે કચ્છ, મહાકચ્છ તથા જે અન્ય મનુષ્યો દીક્ષા લઈ તાપસ થઈ ગયેલા, કચ્છ-મહાકચ્છ સિવાય તે સૌએ પ્રભુ પાસે આવી પુનઃ દીક્ષા ગ્રહણ કરી. મરુદેવા માતા તો પ્રભુ માટે મુક્તિલક્ષ્મીને જોવા પ્રથમ જ મોક્ષે પહોંચી ગયાં હતાં અર્થાત્ નિર્વાણ પામ્યાં હતાં. સેંકડો પુત્રપૌત્રોએ સંસારત્યાગ કર્યો, મરુદેવા માતાનું નિર્વાણ થયું. આથી ભરત રાજા ખેદખિન્ન થઈ ગયા. ઇંદ્ર રાજાએ તેમને આશ્વાસન આપી શોકનું નિવારણ કર્યું : "હે ભરત રાજા ! આ સર્વ જીવો પરમાર્થ પામશે અને માતા તો સદાને માટે દુઃખમુક્ત થઈ ગયાં તેમાં શોક કરવાનો ન હોય." ભરત મહારાજા સંતોષ પામી પ્રભુને વંદન કરી સ્વસ્થાને ગયા. ઇંદ્રાદિ પણ સ્વસ્થાને ગયા.

પ્રભુને વંદન કરી ભરત રાજાએ ચક્રરત્નની પૂજા કરી. શુભ મુહૂર્તે ભરત મહારાજા છ ખંડ પર વિજય કરવા નીકળ્યા. ચક્રવર્તીનું પુણ્ય લઈને આવેલા એટલે તે કાર્ય તો કર્યું પણ મોક્ષગામી હતા ને ? તેથી સાથે સાથે ગામેગામે પ્રભુનાં ગુણગાન ગાઈ સૌને પ્રભુનો પરિચય આપતા હતા. છ ખંડ પર આધિપત્ય પ્રાપ્ત કરી ભરત મહારાજા સાઠ હજાર વરસે પોતાના રાજ્યમાં પાછા ફર્યા.

## અહો ! સંસારની લીલા અને બાર વરસનું યુદ્ધ

ભરત મહારાજા છ ખંડની પૃથ્વી જીતીને આવ્યા પણ ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ કરતું ન હતું. તેથી ભરત રાજાએ નિયમને આધીન થઈ પોતાના નવ્વાણું ભાઈઓને પોતાની આજ્ઞામાં રહેવાનો સંદેશો મોકલ્યો. બાહુબલી સિવાય અઠ્ઠાણું ભાઈઓએ એકત્ર થઈ વિચાર કર્યો કે આપણે શું કરવું ? પિતા આપણને રાજ્ય વહેંચી ગયા છે અને ભરત રાજા પાછું માગે છે, માટે આપણે પિતાને જ પૂછીને ઉકેલ લાવીએ. આથી તેઓ ભગવાન પાસે ગયા.

ભગવાન પાસે તેમણે વાતનું નિવેદન કર્યું. ભગવાને તેમને વૈરાગ્યજનીત ઉપદેશ આપ્યો કે, "તમારે કેવું રાજ્ય જોઈએ છે ? આ રાજ્ય તો ક્ષણિક છે. આયુષ્ય પૂર્ણ થયે છોડવું પડશે અને તેનાં લાગેલાં પાપને ભોગવવાં પડશે. તેના કરતાં મોક્ષનું રાજ મેળવો, જે શાશ્વત છે."

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઠ્ઠાણું પુત્રોએ બોધ પામી સંસારત્યાગ કર્યો અને ભરત મહારાજાનો એ પ્રશ્ન ઊકલી ગયો. પરંતુ તેઓ અઠ્ઠાણું ભાઈઓના સંસારત્યાગની વાત સાંભળી તરત તેમની પાસે દોડી ગયા અને અશ્રુભીની આંખે તેમને સમજાવવા લાગ્યા કે, "તમારાં રાજ્યો હું તમને પાછાં સોંપું છું. મને મૂકીને હે ભ્રાતાઓ ! તમે ક્યાં ચાલી જાઓ છો ?" પણ હવે અઠ્ઠાણું ભાઈઓએ તો શાશ્વત સુખનો માર્ગ ગ્રહણ કર્યો હતો તેથી પાછા ફરે તેમ હતા નહિ. અનુક્રમે તેઓએ કેવલ્ય રાજ્યને પ્રાપ્ત કરી લીધું.

જુઓ સંસારની વિચિત્રતા ! ભરતના નાના ભાઈ બાહુબલી પોતાના બાહુના સામર્થ્યથી બાહુબલ કહેવાતા હતા. તે ભરતની આજ્ઞા કેમ સ્વીકારે ? તેમણે વિચાર્યું કે, ભરતજીને અઠ્ઠાણું નાના ભાઈઓનાં રાજ્ય પડાવી લેવા છતાં સંતોષ ન થયો. શું મારામાં શક્તિ નથી કે તેના તાબામાં રહું ? આથી તેમણે ભરતરાજાએ મોકલેલા દૂતને તિરસ્કારથી પાછો વાળ્યો.

ભરત મહારાજા પણ હમણાં તો ચારિત્રમોહનીય કર્મને વશ પડયા હતા. અર્થાત્ પુણ્યના ઋણને નિયમથી પૂરું કરવાનું હતું. તેથી મહા વિકરાળ સેના લઈને નીકળી પડ્યા. બાર બાર વરસ મહાયુદ્ધ ચાલ્યું. કોઈ કોઈથી હારે નહિ. આથી ઇંદ્રે વચમાં દરમ્યાનગીરી કરી કે, આવો નરસંહાર શાને માટે કરો છો ? તમે બંને જ લડીને નિર્ણય પર આવી જાઓ. ઇંદ્ર રાજાની વાતનો સ્વીકાર કરી બંને રણમેદાનમાં આવી પોતાની સમગ્ર શક્તિ વડે યુદ્ધ કરવા લાગ્યા. સંસારની વિચિત્રતા જુઓ, એક બાજુ નિર્ગ્રંથ એવા પરમાત્મા વિચરે છે, બીજી બાજુ તેમના જ બે પુત્રો યુદ્ધે ચડ્યા છે.

બંને વચ્ચે દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ થયું. આ ચારેય યુદ્ધમાં બળવાન બાહુબલીનો વિજય થતાં ભરત રાજા અતિ કોપાયમાન થયા. પોતાનો ભ્રાતૃધર્મ ચૂકી તેમણે આવેશમાં આવી આખરી ઉપાય તરીકે તેમનો શિરચ્છેદ કરવા પોતાનું ચક્રરત્ન ઘુમાવીને ફેંક્યું. પરંતુ સમાન ગોત્રીય ભાઈ પર ચક્રરત્ન કંઈ પરિણામ લાવી શક્યું નહિ. તે બાહુબલીની પ્રદક્ષિણા કરીને પાછું ફર્યું. ત્યાં તો જોનારાઓ બાહુબલીની પ્રશંસા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, "સમાન ગોત્રીય ભાઈ પર ચક્ર ફેંકી ભરત રાજાએ ભૂલ કરી છે, પણ હે બાહુબલી ! તમે ભૂલ કરશો નહિ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરત રાજાએ છોડેલા ચક્રરત્નથી બાહુબલીજી અત્યંત કોપાયમાન થઈ ભરત રાજાને હણવા મુષ્ટિનો પ્રહાર કરવા તૈયાર થયા હતા. ત્યાં તેમને કાને આ શબ્દો પડ્યા. પોતાનો રોષ થોડો શમ્યો અને વિચારવા લાગ્યા. ભરત તો મારા મોટા ભાઈ છે, તેમને મારાથી કેવી રીતે હણી શકાય ? આવું કૃત્ય કરીને સંસારમાં રહેવું તે શોભાયમાન નથી. પણ હવે આ મુષ્ટિ ઉપાડી છે તે પાછી ન વળે, તેનું શું કરવું ? અને સહસા તેમણે તે મુષ્ટિ દ્વારા પોતાના કેશનો લોચ કરી વસ્ત્ર-અલંકાર ઉતારી પોતે એ જ મેદાનમાં શ્રમણ બનીને ઊભા રહી ગયા.

ભરતે વિચાર્યું કે બાહુબલી થાક્યા છે તેથી આવો વેશ ભજવ્યો છે. પણ બાહુબલીજી તો સાચા શ્રમણ બની નીચું જોઈ જંગલ તરફ ચાલી નીકળ્યા. ત્યારે ભરત રાજાએ અત્યંત ઉદ્વેગ પામી તેમની પાછળ જઈ તેમના પગ પકડી લીધા અને કહ્યું, "હે ભાઈ ! અઠ્ઠાણુંએ તો આ દુષ્ટ ભાઈનો સાથ છોડી દીધો છે. અને હવે તમે પણ ચાલી નીકળ્યા ? તમે રોકાઈ જાઓ. મારી રાજ્ય લેવાની ઇચ્છા રહી નથી. તમે તમારું રાજ્ય સુખેથી ભોગવો." આમ કહી તેમણે ક્ષમા માગી, પણ વ્યર્થ. બાહુબલીજી તો જંગલની વાટે ઊપડી ગયા. જાણે સંસાર અને રાજ્યમાં ક્યારેય પણ રહ્યા જ નથી. ભરત રાજાની પ્રત્યે ક્ષમાભાવ ધારણ કરી પ્રભુ પાસે જવા ઊપડ્યા.

ભરતરાજા સ્વસ્થાને ગયા સુંદરીને સ્ત્રીરત્ન બનાવવાનો મનોરથ હતો. મહેલમાં જઈ સૌ પરિવારની સંભાળ લીધી. પણ આ શું ? આ સુંદરીનો આવાસ છે કે શૂન્યઘર છે. અરે ! આ સુંદરીનો ઓરડો શોભારહિત કેમ છે, અને સુંદરીને જોતાં તેઓ ક્ષોભ પામી ગયા છે. આ સુંદરી છે કે કોઈ કૃશ હાડપિંજર છે ? તેમણે તરત જ દાસીઓને બોલાવીને પૂછ્યું કે, "તમે કોઈએ સુંદરીની સંભાળ લીધી નથી ? મારી ગેરહાજરીમાં તેને કોણે દુઃખ આપ્યું છે ?"

દાસીઓએ જવાબ આપ્યો : "મહારાજા ! જ્યારથી આપ દિગ્વિજય કરવા નીકળ્યા છો ત્યારથી તેમણે મહાતપશ્ચર્યા આદરી છે. તેમની દીક્ષા લેવાની ભાવના પૂર્ણ ન થવાથી તેઓ ભાવદીક્ષિત થઈને આયંબિલની તપશ્ચર્યા કરે છે." આ વાત સાંભળી ભરત મહારાજ ઉદ્વેગ પામ્યા. તેમણે કહ્યું, "હે સુંદરી ! ખરેખર તારી આ દશા કરવામાં

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું નિમિત્ત છું. આવું કોમળ તન હોવા છતાં મોક્ષ માટે તમે કેવો મહાપુરુષાર્થ આદર્યો છે ! તમે ખરેખર પ્રશંસનીય છો." આમ કહી તેમણે સુંદરીને દીક્ષા લેવા અનુજ્ઞા આપી અને સુંદરી પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી ધન્ય બની ગઈ.

## રે માન ! તારી છલના અજબ છે

સમરાંગણમાં ઉપાડેલી મુષ્ટિ નિરર્થક ન જાય તેવા માનના ભાવમાં લોચ કરી તેઓ સાવદ્ય કાર્યથી મુક્ત થયા. પણ આ માન તો સાથે ચાલ્યું. તેમણે પ્રભુ પાસે જવા એ દિશામાં પગ ઉપાડ્યો ત્યાં વળી માર્ગમાં વિચાર કરવા લાગ્યા કે, જો હું હમણાં જ પિતા પાસે જઈશ તો મારે નાના અઠ્ઠાણું ભાઈઓને વંદન કરવું પડશે. તો પછી મોટા ભાઈ તરીકે મારું માન શું ? એટલે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પછી જાઉં, જેથી તેમની સમાન ગણાઉં અને મારે વંદન કરવાં પડે નહિ. સાક્ષાત્ મોક્ષરૂપી પ્રભુનું સાન્નિધ્ય હોવા છતાં માને દિશા બદલાવી નાખી.

जैन साईट JAINSITE .com जिनम् ज्योति शासनम्

ત્યાર પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે એક વરસ વૃક્ષની નીચે તપ તપ્યા. કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા. શરીરે વૃક્ષની વેલડીઓ વીંટળાઈ. પણ વ્યર્થ. કેવળજ્ઞાન ફરક્યું જ નહિ. માનના પાયા પર તે કેવી રીતે ધારણ થાય ! જુઓ માનની અવળચંડાઈ ! રાજ્ય-પરિવાર સર્વ સંપત્તિનો ક્ષણભરમાં ત્યાગ કરનાર બાહુબલીજી જરા માનમાં અટક્યા. એ નાના ભાઈઓ ન હતા પણ મહાન કેવળી ભગવંત હતા તે વાત વીસરાઈ ગઈ.

મરુદેવા માતાએ હાથી પર કેવળજ્ઞાન લીધું કારણ ચિત્તમાંથી મોહરાજાનો પરાજય થયો હતો. અહીં વાત ઊલટી બની કે હાથી ન હોવા છતાં માનરૂપી હાથી પર બાહુબલીજી આરૂઢ રહ્યા. એક વરસ તપ તપ્યા છતાં સર્વ નિરર્થક.

યોગાનુયોગ બ્રાહ્મી-સુંદરી બંને સાધ્વી બહેનોનું ત્યાં આગમન થયું અને તેઓ સમજી ગઈ કે ભાઈ તો માનરૂપી ગજરાજ પર આરૂઢ છે તેથી અટક્યા છે. અને બોલી કે, "વીરા ગજ થકી ઊતરો, ગજ ચઢે કેવળ ન હોય.

બાહુબલીજીને કાને શબ્દટંકાર થયો અને તેમણે મનોમન અત્યંત પસ્તાવો કરી ભાઈઓ પ્રત્યે બહુમાનપૂર્વક પગ ઉપાડ્યા. ત્યાં માનના બંધન સાથે સર્વ બંધન તૂટી ગયાં. તેઓ આત્મશ્રેણી માંડીને ચાર ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હવે ભરતજીનો વારો

ઋષભદેવ ભગવાનનો સંસારી પરિવાર પણ કેવો પુણ્યવંતો હતો ! પિતાને માર્ગે ચાલીને સૌ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને શોધી લેતા હતા. નવ્વાણું ભાઈઓને પોતે કષ્ટ આપ્યું છે તેવા ભાનથી ભરતજી બેચેન હતા. રાજ્યનું વાત્સલ્યભાવે પાલન કરતાં સમય પસાર થતો હતો.

ઋષભદેવ પ્રભુ નિર્વાણ પામ્યા હતા. આથી ભરત રાજા બહુ ખેદ-ખિન્ન હતા. રાજનૈતિક અને સાંસ્કૃતિક એકતા માટે તેમણે ભાઈઓ સાથે યુદ્ધ ખેડ્યું, છ ખંડના અધિપતિ બન્યા, પણ તેમાં આસક્તિ રહી ન હતી. તેમના ચિત્તમાં ઉદાસીનતાની એક ધારા વહેતી હતી. તેમાં એક દિવસ એવું બન્યું કે તેઓ પોતાની પુણ્યાઈને ઉચિત વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈ પોતાના અરીસાભવનમાં ઊભા હતા ત્યાં તેમની નજર સહસા વીંટી વગરની અડવી આંગળી તરફ ગઈ. તેમની વિચક્ષણ બુદ્ધિમાં એક ઝબકારો થયો, અને બીજા અલંકારો ઉતારી નાખ્યા, પછી અરીસામાં તેમણે જોયું કે દેહ તો કૃત્રિમ અલંકારોથી શોભાયમાન હતો. તો સાચી સુંદરતા શું વસ્તુ છે ? વળી તે મહાપુરુષ અનિત્યાદિ ભાવનાઓના સૂક્ષ્મ ચિંતન દ્વારા અતિ વૈરાગ્યને પામ્યા અને ઊર્ધ્વશ્રેણીએ આરૂઢ થતાં કેવળજ્ઞાન પામ્યા. ત્યાં તો શક્રેન્દ્રએ હાજર થઈને તેમને મુનિવેશ-દેવદુષ્ય આપ્યું. ભરતજી જાણે છ ખંડના પૃથ્વીપતિ, હજારો રાણીઓના સ્વામી, કરોડો સૈન્યના અધિપતિ કે પુત્રપૌત્રના પિતા-પિતામહ હતા જ નહિ તેમ ચાલી નીકળ્યા. તેમના સંસારત્યાગની વાત સાંભળીને બીજા દશ હજાર રાજાઓએ પણ સંસારત્યાગ કર્યો.

## પુણ્યવંતો પરિવાર પિતાને માર્ગે

ઋષભદેવ ભગવાનના સો પુત્રો, બે પુત્રી, સેંકડો પૌત્રો તેમના માર્ગે ચાલીને મોક્ષને પામ્યાં, અને તે સૌની પહેલાં એ સન્માર્ગના દરવાજા તો કરુણામયી મા મરુદેવા માતાએ ખુલ્લા કરી દીધા હતા.

ઋષભદેવ ભગવાનને ચોરાશી ગણ અને ચોરાશી ગણધર હતા. ચોરાશી હજાર સાધુઓ હતા. બ્રાહ્મી મુખ્ય સાધ્વી હતાં. સુંદરી આદિ ત્રણ લાખ સાધ્વીઓ હતી. શ્રેયાંસ-પ્રમુખ ત્રણ લાખ પાંચ હજાર શ્રાવકો હતા. સુભદ્રા આદિ પાંચ લાખ ને ચોપન હજાર શ્રાવિકાઓ હતી. કેવળી તુલ્ય ચાર હજાર સાતસો ને પચાસ ચૌદ-પૂર્વધર હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવ હજાર અવધિજ્ઞાનીઓ, વીસ હજાર કેવળજ્ઞાનીઓ, વીસ હજાર છસો વૈક્રિય લબ્ધિવાળા મુનિઓ, બાર હજાર છસો પચાસ વિપુલમતિ મન:પર્યવ જ્ઞાનીઓ. આ ઉપરાંત વાદી-પ્રતિવાદીઓ હતા. ઋષભદેવ ભગવાનના વીસ હજાર સાધુઓ અને ચાલીસ હજાર સાધ્વીઓ મોક્ષે ગયાં હતાં, અને ચાલીસ હજાર નવસો સાધુઓ આગામી ભવમાં મોક્ષે જનારા હતા.

## ભગવાનના મોક્ષગામી સો પુણ્યવંતા પુત્રોની નામાવલિ

(૧) ભરત (૨) બાહુબલી (૩) શંખ (૪) વિશ્વકર્મા (૫) વિમલ (૬) સુલક્ષણ (૭) અમલ (૮) ચિત્રાંગ (૯) ખ્યાતકીર્તિ (૧૦) વરદત્ત (૧૧) સાગર (૧૨) યશોધર (૧૩) અમર (૧૪) રથવર (૧૫) કામદેવ (૧૬) ધ્રુવ (૧૭) વત્સ (૧૮) નંદ (૧૯) સુર (૨૦) સુનંદ (૨૧) કુરુ (૨૨) અંગ (૨૩) વંગ (૨૪) કોશલ (૨૫) વીર (૨૬) કલિંગ (૨૭) માગધ (૨૮) વિદેહ (૨૯) સંગમ (૩૦) દશાર્ણ (૩૧) ગંભીર (૩૨) વસુવર્મા (૩૩) સુવર્મા (૩૪) રાષ્ટ્ર (૩૫) સુરાષ્ટ્ર (૩૬) બુદ્ધિકર (૩૭) વિવિધકર (૩૮) સુયશા (૩૯) યશ:કીર્તિ (૪૦) યશસ્કર (૪૧) કીર્તિકર (૪૨) સૂરણ (૪૩) બ્રહ્મસેન (૪૪) વિક્રાન્ત (૪૫) નરોત્તમ (૪૬) પુરુષોત્તમ (૪૭) ચન્દ્રસેન (૪૮) મહાસેન (૪૯) નભાસેન (૫૦) ભાનુ (૫૧) સુકાન્ત (૫૨) પુષ્પયુત (૫૩) શ્રીધર (૫૪) દુર્ધર્ષ (૫૫) સુસુમાર (૫૬) દુર્જય (૫૭) અજેયમાન (૫૮) સુધર્મા (૫૯) ધર્મસેન (૬૦) આનંદન (૬૧) આનંદ (૬૨) નંદ (૬૩) અપરાજિત (૬૪) વિશ્વસેન (૬૫) હરિષેણ (૬૬) જય (૬૭) વિજય (૬૮) વિજયંત (૬૯) પ્રભાકર (૭૦) અરિદમન (૭૧) માન (૭૨) મહાબાહુ (૭૩) દીર્ઘબાહુ (૭૪) મેઘ (૭૫) સુઘોષ (૭૬) વિશ્વ (૭૭) વરાહ (૭૮) સુસેન (૭૯) સેનાપતિ (૮૦) કપિલ (૮૧) વૈલવિચારી (૮૨) અરિંજય (૮૩) કુંજરબલ (૮૪) જયદેવ (૮૫) નાગદત્ત (૮૬) કાશ્યપ (૮૭) બલ (૮૮) ધીર (૮૯) શુભમતિ (૯૦) સુમતિ (૯૧) પદ્મનાભ (૯૨) સિંહ (૯૩) સુજાતિ (૯૪) સંજય (૯૫) સુનાભ (૯૬) નરદેવ (૯૭) ચિત્તહર (૯૮) સુરવર (૯૯) દઢરથ અને (૧૦૦) પ્રભંજન.

## ભગવાન શાશ્વત સુખને પામ્યા – નિર્વાણ પામ્યા

તે કાળ અને તે સમયને વિષે ઋષભદેવ પ્રભુ વીસ લાખ પૂર્વ વરસ સુધી કુમાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવસ્થામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વ વરસ રાજ્યાવસ્થા અને ત્યાસી લાખ પૂર્વ વરસ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. એક હજાર વર્ષ છદ્મસ્થપણે વિચર્યા. એક લાખ પૂર્વમાં એક હજાર વર્ષ ઓછાં કેવળી અવસ્થામાં રહ્યા. એકંદરે ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરીને તેઓએ વેદનીય કર્મ, આયુકર્મ, નામકર્મ અને ગોત્રકર્મનો સર્વથા નાશ કર્યો. મહા વદ તેરસના રોજ અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ઋષભદેવ ભગવાન છઠ્ઠના તપને યોગે પલ્યંકાસને રહી સંસારથી સર્વથા મુક્ત થઈ નિર્વાણ પામ્યા. તે સમયે બીજા દસ હજાર સાધુ-અણગારો તેમની સાથે નિર્વાણ પામ્યા.

તે સમયે તે કાળે અવસર્પિણી કાળનો સુષમાદુષમા નામનો ત્રીજો આરો હતો. તેના અંત ભાગમાં જ્યારે નેવ્યાસી પખવાડિયાં બાકી હતાં ત્યારે ભગવાન નિર્વાણ પામ્યા. તે સમયે ઇંદ્રનું આસન કંપતાં તેણે અવધિજ્ઞાન વડે જાણ્યું કે ભગવાન મોક્ષે સિધાવ્યા છે. તે અન્ય દેવોની સાથે તરત જ પ્રભુ જ્યાં નિર્વાણ પામ્યા હતા ત્યાં આવ્યા. ભગવાનના દેહને ત્રણ પ્રદક્ષિણા કરી ત્યાં તો તેમનાં નેત્રો અશ્રુભીનાં થઈ ગયાં. અત્યંત ખેદ પામેલા શક્રેન્દ્રે અન્ય દેવોની સહાયથી નંદનવનમાંથી ગોશીર્ષ ચંદનકાષ્ઠ મંગાવી ત્રણ ચિતા રચાવી : એક ભગવાનના દેહ માટે, બીજી ગણધરોના દેહ માટે અને ત્રીજી અણગારો માટે હતી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આભિયોગિક દેવો પાસે ક્ષીરસમુદ્રનું પાણી મંગાવી ઇંદ્રે પ્રભુના શરીરને અને અન્ય દેવોએ ગણધરાદિના દેહને સ્નાન-વિલેપન કર્યું. ત્યાર પછી ત્રણ પ્રકારની પાલખીની રચના કરી. ઇંદ્રાદિનાં નેત્રોમાં અશ્રુનો પ્રવાહ ચાલુ હતો. સૌ શોકમગ્ન હતા. ઇંદ્રે પ્રભુના દેહને પાલખીમાં પધરાવ્યો. તે પ્રમાણે અન્ય દેવોએ ગણધરાદિના દેહને પાલખીમાં પધરાવ્યા. ત્યાર પછી ચિતા પાસે આવ્યા. અગ્નિકુમારોએ અગ્નિ પ્રદીપ્ત કર્યો, વાયુકુમારે વાયુ ફેલાવ્યો, અન્ય દેવોએ બીજી વિધિઓ કરી. જ્યારે તે શરીરના અવશેષો જ બાકી રહ્યા ત્યારે મેઘકુમારે જળ વડે તે ચિતાઓને ઠારી દીધી.

ત્યાર પછી સૌધર્મ ઇંદ્ર, ઈશાનેન્દ્ર, ચમરેન્દ્ર અને બલીન્દ્રે ભગવાનના દેહની દાઢાઓ ગ્રહણ કરી. અન્ય દેવોએ આચાર પ્રમાણે અસ્થિ ગ્રહણ કર્યાં અને તેને વજ્રમય ડબ્બામાં મૂકીને ભક્તિ વડે પૂજા કરવા લાગ્યા. આ પ્રમાણે શ્રી ઋષભદેવ ચરિત્ર પૂર્ણ થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વર્તમાન ચોવીસીના તીર્થંકરના નિર્વાણનો સમય

પ્રથમ અને બીજા તેવીસ એમ ચોવીસ તીર્થંકર ભગવાનના નિર્વાણના સમયનું અંતર નીચે પ્રમાણે છે.

| ક્રમ તીર્થંકરનું નામ | નિર્વાણ-સમયનું અંતર |
|---|---|
| ૧. શ્રી ઋષભદેવ | ત્રીજા આરામાં નેવ્યાસી પખવાડીયાં બાકી હતાં, ત્યાર પછી |
| ૨. શ્રી અજિતનાથ | પચાસ લાખ કોટી સાગરોપમ ત્રણ વરસ આઠ માસ. |
| ૩. શ્રી સંભવનાથ | ત્રીસ લાખ કોટિ (કરોડ) સાગરોપમ. |
| ૪. શ્રી અભિનંદન | દસ લાખ કટિ સાગરોપમ. |
| ૫. શ્રી સુમતિનાથ | નવ લાખ કોટિ સાગરોપમ. |
| ૬. શ્રી પદ્મપ્રભુ | નેવું હજાર કોટિ સાગરોપમ. |
| ૭. શ્રી સુપાર્શ્વનાથ | નવ હજાર કોટિ સાગરોપમ. |
| ૮. શ્રી ચંદ્રપ્રભુ | નવસો કોટિ સાગરોપમ. |
| ૯. શ્રી સુવિધિનાથ | નેવું કોટિ સાગરોપમ |
| ૧૦. શ્રી શીતલનાથ | નવ કોટિ સાગરોપમ |
| ૧૧. શ્રી શ્રેયાંસનાથ | સો સાગરોપમ છાસઠ લાખ છવ્વીસ હજાર વર્ષ ન્યૂન એવા એક કોટિ સાગરોપમ. |
| ૧૨. શ્રી વાસુપૂજ્ય | ચોપન સાગરોપમ. |
| ૧૩. શ્રી વિમળનાથ | ત્રીસ સાગરોપમ. |
| ૧૪. શ્રી અનંતનાથ | નવ સાગરોપમ. |
| ૧૫. શ્રી ધર્મનાથ | ચાર સાગરોપમ. |
| ૧૬. શ્રી શાંતિનાથ | પોણા પલ્યોપમ ન્યૂન એવા ત્રણ સાગરોપમ. |
| ૧૭. શ્રી કુંથુનાથ | અર્ધ પલ્યોપમ પછી |
| ૧૮. શ્રી અરનાથ | એક પલ્યોપમનો ચોથો ભાગ વ્યતીત થયા પછી |
| ૧૯. શ્રી મલ્લીનાથ | એક હજાર કોટિ વર્ષ. |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૦. શ્રી મનુસુવ્રતનાથ — પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો વરસ. (ચોપન લાખ વરસ)

૨૧. શ્રી નામિનાથ — છ લાખ ચોરાશી હજાર નવસો વરસ.

૨૨. શ્રી નેમિનાથ — પાંચ લાખ વરસ.

૨૩. શ્રી પાર્શ્વનાથ — ત્યાસી હજાર સાતસો પચાસ વર્ષ.

૨૪. શ્રી મહાવીરસ્વામી — ત્રણસો બાવીસ વર્ષ પછી.

અર્થાત્ ભગવાન પાર્શ્વનાથ પછી ભગવાન મહાવીર ત્રણસો બાવીસ વર્ષ પછી નિર્વાણ પામ્યા તેમ ઉપરનો અનુક્રમ સમજવો.

પ્રથમ ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત, વાસુપૂજ્ય ચંપાપુરી, નેમનાથ ગિરનાર, ભગવાન મહાવીર પાવાપુરીમાં અને તે સિવાય સર્વ તીર્થંકરો સમ્મેતશિખરજી પર નિર્વાણ પામ્યા હતા.

## તીર્થંકરના સર્વ કલ્યાણકોનું આયોજન કરનાર

### ઇંદ્રનું ઐશ્વર્ય અને વૈભવ

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સૌધર્મ દેવલોકના ઇન્દ્ર તીર્થંકરના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકને સમ્યગ્ અવધિજ્ઞાન વડે જાણે છે અને ઉજવે છે. અન્ય દેવો તેમાં ઉમંગથી જોડાય છે. એ ઇન્દ્રનો વૈભવ જાણવા જેવો છે. તીર્થંકરનું ઐશ્વર્ય કેવું આશ્ચર્યજનક છે કે આવા સામર્થ્યવાળા ઇન્દ્ર તેમની ભક્તિથી ધન્ય બને છે.

ઇન્દ્રને પાંચસો દેવમંત્રીઓ હોવાથી તે હજાર લોચનવાળો કહેવાય છે. અસંખ્ય દેવો તેની આજ્ઞામાં હોય છે. મેરુની દક્ષિણે આવેલ લોકાર્ધનો એ સ્વામી છે. ઐરાવણ હાથી તેમનું વાહન છે. બત્રીસ વિમાનનો તે સ્વામી છે. તે પંચપુષ્પની માળા, મુગટ અને સુંદર સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરે છે. છત્રાદિ રાજચિહ્નો તે ધારણ કરે છે. તે મહાબળ, મહાયશ, મહાસુખવાળો હોય છે.

સૌધર્મ નામે દેવલોકમાં સૌધર્માવતંસક નામના વિમાનમાં સુધર્મા નામની સભામાં શક્ર નામના સિંહાસન પર બિરાજે છે તેથી તે શક્રેન્દ્ર કહેવાય છે. તે સોળ હજાર દેવીઓના પરિવાર સહિત હોય છે. તેમાં આઠ પટરાણીઓ હોય છે. ત્રણ પર્ષદા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથી, ઘોડા, રથ, સુભટ, નાટકિયા, ગંધર્વ, સેનાધિપતિઓ, આત્મરક્ષક દેવો વગેરે હજારો દેવોથી વિંટળાયેલો તે સૌનું રક્ષણ કરે છે, તે સૌનો અગ્રેસર છે.

પોતે નિયુક્ત કરેલા દેવો દ્વારા અદ્‌ભુત આજ્ઞા કરાવતો હોય છે. વાજિંત્ર સહિત નાટકો, હજારો અપ્સરાઓ અને અન્ય અપાર ઐશ્વર્ય તે ભોગવતો હોય છે. આવા ઇન્દ્રની ભક્તિ કેવી અદ્‌ભુત હોય છે ? પોતે પ્રભુના સેવકપણે હાજર થાય છે. છતાં પ્રભુ તો નીરોગીપણે વિચરે છે અને પોતાના જ સામર્થ્ય વડે કર્મોનો નાશ કરી, પોતાના અપાર પુરુષાર્થ દ્વારા પૂર્ણજ્ઞાનને - કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

## જૈન દર્શનમાં કાળચક્રનું રહસ્ય અને પ્રમાણ

કાળચક્ર : વીસ ક્રોડાક્રોડ સાગરોપમ પરિમિત સમય.

કાળચક્રના બે પ્રકાર : અવસર્પિણી-ઉત્સર્પિણી.

અવસર્પિણી : દસ ક્રોડાક્રોડ પરિમિત ઊતરતો કાળ અર્થાત્ સમસ્ત પદાર્થોના ગુણ, વર્ણાદિની ક્રમશઃ હાનિ થતી જાય.

ઉત્સર્પિણી : દસ ક્રોડાક્રોડ સાગરોપમ પરિમિત કાળ - જેમાં સમસ્ત પદાર્થોના ગુણ, વર્ણાદિની વૃદ્ધિ થાય.

એક કાળચક્ર : અવસર્પિણી કાળના છ આરા, ઉત્સર્પિણી કાળના છ આરા. કુલ બાર આરા.

અવસર્પિણી કાળના આરા : ૧. સુષમ-સુષમ. ૨. સુષમ. ૩. સુષમ-દુષમ. ૪. દુષમ-સુષમ. ૫. દુષમ. ૬. દુષમ-દુષમ.

૧. સુષમ-સુષમ : ચાર ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણિત છે. તે આરાનો માનવ અત્યંત સુખી અને સંતુષ્ટ હોય છે. ફક્ત કલ્પવૃક્ષો જ તેમના મનોરથો પૂરા કરે છે. શરીર સુંદર, સ્વસ્થ, લાંબાંપહોળાં અને આયુષ્ય ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું હોય છે.

૨. સુષમ : ત્રણ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ છે. પ્રથમ આરાની જેમ કલ્પવૃક્ષોથી ઇચ્છાઓ પૂર્ણ થાય છે. પણ પ્રથમની અપેક્ષાએ હાનિ થતી જાય છે. શરીર આદિ કંઈક હીન પુણ્યવાળાં અને આયુષ્ય બે પલ્મોપમનું હોય છે.

૩. સુષમ-દુષમ : બે ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ છે. બીજા કરતાં સુખનું પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટતું જાય છે. આયુષ્યાદિ ઘટતાં જાય છે અને કલ્પવૃક્ષો નહિવત્ ફળ આપે છે. એક તીર્થંકર અને એક ચક્રવર્તી થાય છે. એક પલ્મોપમનું ઉત્કૃષ્ટ આયુ છે.

૪. દુષમ-સુષમ : બેતાલીસ હજાર વરસ ઓછા એક કોડાકોડ સાગરોપમ પ્રમાણ છે. આયુષ્યાદિ ઘટતાં જાય છે. આ આરામાં ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુ, નવ બળદેવ થાય છે. કોડપૂર્વનું આયુષ્ય ઘટીને સો વર્ષ હોય છે.

૫. દુષમ : એકવીસ હજાર વરસનો છે. માનવ-સ્વભાવ સ્વચ્છંદી વક્ર અને જડ હોય છે. મહદ્અંશે દુઃખ હોય છે. આયુષ્ય સોથી ઊતરતાં વીસ વર્ષ થશે. શરીરાદિ સંપત્તિ હીન હોય છે. સાત હાથથી શરીરની ઊંચાઈ ઘટતી જશે.

૬. દુષમ-દુષમ : એકવીસ હજાર વરસ છે. અતિ દુઃખ સહિત છે. પ્રારંભમાં આયુષ્ય વીસ વરસથી ઘટીને સોળનું થશે. એક હાથની ઊંચાઈ ઘટી મુઠ્ઠીપ્રમાણ થશે. માનવસ્વભાવ નિર્લજ્જ, કપટી અને અમર્યાદાવાળો થશે. શરીર કુરૂપ હશે.

## ઉત્સર્પિણી કાળ વિષે

ઉત્સર્પિણી કાળમાં અવસર્પિણીથી ઊલટી રીતે ચક્ર ફરે છે. તે આરા આ પ્રમાણે છે.

૧. દુષમ-દુષમ. ૨. દુષમ. ૩. દુષમ-સુષમ. ૪. સુષમ-દુષમ. ૫. સુષમ. ૬. સુષમ-સુષમ. અર્થાત્ પ્રારંભમાં દુઃખ પછી ઉત્તરોઉત્તર સુખ વધતું જાય છે તેથી ઉત્સર્પિણી કહેવાય છે.

પ્રત્યેક કાળમાં ચોવીસ તીર્થંકર થાય છે. ત્રીજા આરાથી ચોથા આરામાં થઈને ત્રેસઠ શલાકાપુરુષો થાય છે. અવસર્પિણી કાળમાં આયુષ્યાદિ ઘટતાં જાય અને ઉત્સર્પિણીમાં તે વધતાં જાય. દરેક આરાનું જે નામ છે તે પ્રમાણે તેની રચના સમજી લેવી. વર્તમાનમાં પાંચમો દુષમ આરો ચાલે છે. તેનાં લગભગ ૨૫૦૦ વર્ષ ગયાં છે. ૨૧૦૦૦ વર્ષ પૂરાં થયા પછી દુષમ-દુષમ આરો શરૂ થશે. ત્યાર પછી એવા જ બીજા બે આરા ગયા પછી વળી પાછા તીર્થંકરાદિના યોગ મળે તેવો કાળ આવશે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભક્તિથી મુક્તિ

(રાગ-અપૂર્વ અવસર એવો ક્યારે આવશે)

શાસન સ્વામી સંત સનેહી સાહીબા,
અલવેસર વિભુ આતમના આધાર જો.
આથડતો અહીં મૂકી મુજને એકલો,
માલિક કાયમ જઈ બેઠા મોક્ષ મોઝાર જો.
વિશ્વંભર વિમલાતમ વ્હાલા વીરજી....૧
મનમોહન તમે જાણ્યું કે કેવળ માંગશે,
લાગશે અથવા કેડે એ જેમ બાળ જો.
વલ્લભ તેથી ટાળ્યો મુજને એકલો,
ભલું કર્યું એ ત્રિભુવનજન પ્રતિપાલજો....વિશ્વંભર ૨
અહો હવે મેં જાણ્યું શ્રી અરિહંતજી,
નિઃસ્નેહી વીતરાગ હોય નિરાધાર જો.
મોટો છે અપરાધ ઈહા પ્રભુ માહરો,
શ્રુત ઉપયોગ મેં કીધો નહિ તે વાર જો....વિશ્વંભર ૩
સ્નેહ થકી સર્યું ધિક્ એક પાક્ષિક સ્નેહને,
એક જ છું મુજ કોઈ નથી આધાર જો.
સૂરિ માણેક એમ ગૌતમ સમતાભાવમાં,
વરિયા કેવળજ્ઞાન અનંત અપાર જો....વિશ્વંભર ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિશિષ્ટ ૧

# કલ્પસૂત્ર

### [ સુખબોધિકાને આધારે સંક્ષિપ્ત સાર ]

પૂર્વકાળે મુનિવરો નવકલ્પ વિહાર કરતા, ત્યારે અનુક્રમે જે સ્થાનમાં ચાતુર્માસ રહેવાનુ થાય ત્યાં ભાદરવા સુદ પંચમીને દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા પછી એક યોગ્ય સાધુ સૂત્રપાઠ ઊભા ઊભા બોલતા અને સર્વ સાધુ સાંભળતા.

સાંપ્રતકાળે પરંપરાથી ગુરુના આદેશ પ્રમાણે સાધુઓ ચાતુર્માસ એક સ્થળે સ્થિર રહે છે. ત્યાં સાધુજનો કલ્યાણ નિમિત્તે પાંચ દિવસનાં નવ વ્યાખ્યાનોમાં કલ્પસૂત્ર વાંચી સંભળાવે છે.

## કલ્પ એટલે શું ?

## કલ્પ એટલે આચાર

કલ્પસૂત્રમાં મુખ્યત્વે સાધુઓના આચારનું વિવેચન છે, તે આચારના દશ ભેદ છે.

૧. આચેલ્ય : ચેલ - વસ્ત્ર, અચેલક - વસ્ત્રરહિત.

અચેલકપણું તીર્થંકરોને આશરીને રહેલું છે. તેમાં પ્રથમ તીર્થંકર આદિનાથ અને અંતિમ ભગવાન મહાવીરને શક્રેન્દ્રે અર્પણ કરેલાં 'દેવદુષ્ય' વસ્ત્રનો અપગમ થવાથી હંમેશાં અચેલક હતા. કથંચિત્ સર્વ તીર્થંકરો અચેલક જ રહ્યા હતા. વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુઓને વિષે અચેલક કલ્પ અનિયતપણે રહેલો છે. જોકે આ કથનમાં ક્યાંય ભેદ જોવામાં આવે છે.

૨. ઓદેશિક કલ્પ : અર્થાત્ આધાકર્મ કલ્પ.

પ્રથમ અને અંતિમ તીર્થંકરોના તીર્થના સાધુઓને એક સાધુને કે ઉપાશ્રયને ઉદ્દેશીને અશન - રાંધેલો આહાર, પાન - પ્રવાહી પદાર્થ, ખાદિમ - લીલાં-સૂકાં ફળફળાદિ, સ્વાદિમ - મુખવાસ, વસ્ત્ર, પાત્ર આદિ વસ્તુઓ કરી હોય તો તે સાધુઓને કે કોઈ એક સાધુને કામ ન આવે. વચ્ચેના બાવીસ તીર્થંકરોના શિષ્યો સરલ અને પ્રાજ્ઞ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા, તેથી આચારમાં પણ અંતર છે. આથી તે સમયના જે સાધુ આદિને વિષે ઉદ્દેશીને કર્યું હોય તો તેમને કામ ન આવે પણ અન્યને તે વસ્તુના ઉપયોગમાં બાધા ન આવે.

૩. શય્યાતર કલ્પ : ઉતારાની જગાના આચાર.

જગાના માલિકની રજાથી જ્યાં સાધુઓએ ઉતારો કર્યો હોય, ત્યાં તેના માલિકની નીચેની બાર પ્રકારની વસ્તુઓનો સર્વ તીર્થંકરના સાધુઓને કલ્પે નહિ : આહાર, પાણી, ફળાદિ, મુખવાસ, વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ, સોય, અસ્તરો, નખ કે દાંત સુધારવાનું અસ્ત્ર, કાનસફાઈનું સાધન. આમાંનું કંઈ પણ ગ્રહણ કરે તો ઘણા દોષો લાગવા સંભવ છે.

છતાં સાધુ અખંડ રાત્રિ જાગે, પ્રાતઃકાળે અન્ય જગાએ પ્રતિક્રમણ વિધિ કરી આવે તો તે સ્થાનનો સ્વામી શય્યાતર થતો નથી.

ચારિત્રની ઇચ્છાવાળો ઉપધિસહિત શિષ્ય હોય તેને તૃણ, માટીનું ઢેકું, કુદરતી હાજતનું સાધન, ભસ્મ, ખાટલો, બાજોઠ, સંથારાનાં સાધનો, લેપાદિ વસ્તુઓ ખપે.

૪. રાજપિંડ કલ્પ : રાજ્યાભિષેક કરેલી વ્યક્તિઓ, સેનાપતિ, પુરોહિત, નગરશેઠ, મંત્રી, સાર્થવાહ વગેરેનું રાજપિંડ ન ખપે. કારણ કે તે સાધનોના પરિચયથી સાધનામાં વિઘ્ન આવે. આહારથી રજોહરણ સુધી આઠ પિંડ સમજવા. આ પ્રતિબંધ પ્રથમ અને અંતિમ તીર્થના સાધુઓ માટે છે. વચ્ચેના બાવીસ માટે નથી.

૫. કૃતિકર્મ કલ્પ : વંદના તે અભ્યુત્થાન અને દ્વાદશાવર્ત બે પ્રકારો છે.

સર્વ તીર્થંકરોના તીર્થના સાધુઓ દીક્ષા પર્યાય પ્રમાણે વંદન રાખે. નવો દીક્ષિત ગમે તેટલો વયોવૃદ્ધ કે વિદ્વાન હોય તો પણ પ્રથમ દીક્ષિત થયેલાને વંદન કરે અને પુરુષપ્રધાન ધર્મ મનાતો હોવાથી સાધ્વીનો દીક્ષાકાળ લાંબા વખતથી હોય તો પણ તે નવા દીક્ષિત સાધુને વંદન કરે.

૬. વ્રત કલ્પ : મહાવ્રત.

બાવીસ તીર્થંકરોના સાધુઓને ચાર મહાવ્રત હોય છે, કારણ કે સ્ત્રીને પરિગ્રહ માનવામાં આવે છે. આથી અપરિગ્રહીને તેના ભોગનો સંબંધ નથી. પરંતુ પ્રથમ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતિમ તીર્થંકરના સાધુઓ પ્રાજ્ઞ ન હોવાથી તેઓ પાંચ મહાવ્રત સ્વીકારે છે. તથા તેઓને રાત્રિભોજનત્યાગ મૂળગુણમાં છે, અને અન્યને ઉત્તરગુણમાં છે.

૭. જ્યેષ્ઠ કલ્પ : વૃદ્ધ તથા લઘુનો વ્યવહાર.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓને વડીદીક્ષાના દિવસથી વૃદ્ધ લઘુપણું ગણાય છે. અને બાકીના સમયના સાધુઓને અતિચાર વગરનું ચારિત્ર હોવાથી તે દીક્ષાના દિવસથી હોય છે. છતાં તેમાં સમયોચિત વિનયવ્યવહાર હોય છે.

૮. પ્રતિક્રમણ કલ્પ : દોષોની આલોચના.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓને અતિચાર લાગે કે ન લાગે તો પણ પ્રતિક્રમણ કરવું જ જોઈએ અને તે પણ પાંચ પ્રતિક્રમણ કરવાનાં હોય.

વચ્ચેના બાવીસ તીર્થંકરોના સમયમાં અતિચાર લાગે ત્યારે રાઈ અને દેવસી બે જ પ્રતિક્રમણ કરવાનાં હતાં.

૯. માસ કલ્પ : નિવાસની સમયમર્યાદા.

બાવીસ તીર્થંકરોના સાધુઓને લાભ જણાય તો દીર્ઘકાળ સુધી એક જ સ્થાને રહી શકે. પરંતુ પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ એક જગાએ એક માસથી વધુ રહી ન શકે. માત્ર ચોમાસામાં ચાર માસ સુધી રહી શકે. સ્થળાંતર કરવાથી દેશવિદેશનું જ્ઞાન મળે, તથા જનસમુદાયમાં લઘુતા થાય અને લોકકલ્યાણનું કાર્ય થાય. જો શારીરિક અશક્તિથી રહેવું પડે તો નજીકમાં પણ સ્થળાંતર કે સંથારાની ભૂમિને બદલી નાંખે.

૧૦. પર્યુષણ કલ્પ : પરિ - સમસ્તપણે, ઉષણા - રહેવું. અથવા વાર્ષિક પર્વ. તેના બે પ્રકાર છે.

જઘન્ય — સાંવત્સરિક પ્રતિક્રમણથી માંડી કાર્તિક ચાતુર્માસના પ્રતિક્રમણ સુધી સિત્તેર દિવસ સુધી.

ઉત્કૃષ્ટ — અષાઢ ચોમાસી પ્રતિક્રમણથી માંડીને કારતક ચોમાસી પ્રતિક્રમણ સુધી ચાર માસનો છે. આ બંને પ્રકારના નિરાલંબન પર્યુષણા કલ્પ સ્થવિર કલ્પીઓ માટે છે. બાકી જિનકલ્પીઓને તો એક નિરાલંબન ચાતુર્માસિક જ કલ્પ હોય છે. કોઈ કારણને લીધે સાલંબન હોય છે. તે તીર્થંકરોના સમયના અંતરથી સમજી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દસે કલ્પો બાવીસ તીર્થંકરના સાધુઓને નિયત અનિયત હોય છે. અને પ્રથમ તથા અંતિમ તીર્થંકરના વખતમાં નિયત હોય છે.

આવા આચારભેદનું મુખ્ય કારણ જીવની યોગ્યતા અનુસાર છે. શ્રી ઋષભદેવના સમયમાં જીવો સરળસ્વભાવી પણ જડ હતા. તેથી બોધ સહેલાઈથી ગ્રહણ કરતા નહિ. અંતિમ તીર્થંકરના સાધુઓ વક્ર અને જડ હતા. ધર્મનો બોધ અને ધર્મનું પાલન બંને દુષ્કર હતા અને છે. તે સિવાયના બાવીસ તીર્થંકરના સાધુઓ ધર્મનો બોધ અને પાલન સરળતાથી કરતા. તેનાં દૃષ્ટાંત અગાઉ આપવામાં આવ્યાં છે.

## નિર્દોષ દશકલ્પની ઉપકારકતા

દૃષ્ટાંત : એક રાજાને પોતાના પુત્ર પ્રત્યે ઘણી જ મમતા હતી. તેણે તે રાજકુમારના આરોગ્ય માટે દેશવિદેશથી ત્રણ નિષ્ણાત વૈદ્યો બોલાવ્યા અને દરેકના ઔષધની જાણકારી માગી.

પ્રથમ વૈદ્ય – મારું ઔષધ એવા પ્રભાવવાળું છે કે શરીરમાં જો રોગ હોય તો મટી જાય. પણ જો કોઈ પ્રકારનો રોગ ન હોય તો નવા રોગો પેદા થાય.

રાજા – તમારું ઔષધ તો સૂતેલા સર્પને છંછેડવા જેવું છે. તે ભલે તમારી પાસે હોય.

બીજા વૈદ્ય – મારું ઔષધ એવું ખૂબીવાળું છે કે રોગ હોય તો તેને જડમૂળથી દૂર કરે પણ રોગ ન હોય તો તેનાથી કંઈ લાભહાનિ ન થાય.

રાજા – તમારાં ઔષધો પણ નિરર્થક છે. મને તેની જરૂર નથી.

ત્રીજા વૈદ્ય – મારાં ઔષધ એવા પ્રકારનાં છે કે તેના સેવનથી શરીરના તમામ રોગો મટી જાય. અને શરીર નીરોગી હોય તો પણ શરીરની શક્તિ, પુષ્ટિ અને કાન્તિ વધે છે, જેથી શરીરમાં ભવિષ્યમાં પણ રોગ ન થાય.

ઔષધના આવા અપૂર્વ ગુણ જાણી રાજાએ તેનો સ્વીકાર કર્યો.

આ પ્રમાણે આ દશ કલ્પના સેવનથી દોષ હોય તો નીકળી જાય અને નવા દોષો આવે નહિ, વળી આત્મશક્તિ વધે. આવા નિર્દોષ આચારને દર્શાવતું કલ્પસૂત્ર કલ્પવૃક્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ છે. કારણ કે તે જૂનાં કર્મોનો નાશ કરે છે, નવાં કર્મોને પેસવા ન દે, અને ચરિત્રગુણ નિર્મળ કરે. કલ્પસૂત્ર ત્રીજા પ્રકારના વૈદ્યના ઔષધ સમાન પ્રભાવવાળું છે.

## કલ્પસૂત્રનું વિશેષ માહાત્મ્ય

દેવતાઓમાં ઇંદ્ર સર્વશ્રેષ્ઠ મનાય છે તેમ તારાઓમાં ચંદ્ર, ન્યાયપ્રવીણ પુરુષોમાં રામ, સુંદરીઓમાં રંભા, વાજિંત્રોમાં ભંભા, હસ્તીઓમાં ઐરાવત, સાહસિકોમાં રાવણ, બુદ્ધિમાનોમાં અભયકુમાર, તીર્થોમાં શત્રુંજય, ગુણોમાં વિનય, ધનુર્ધારીઓમાં અર્જુન, મંત્રોમાં નવકાર, વૃક્ષોમાં આમ્રવૃક્ષ, વ્રતોમાં બ્રહ્મચર્ય, નિયમોમાં સંતોષ, તપમાં સમતા, તત્ત્વમાં સમ્યગ્દર્શન છે તેમ પર્વોમાં પર્યુષણ પર્વ શ્રેષ્ઠ છે. તેની સાથે કલ્પસૂત્રની દેશનાનો અનન્ય સંબંધ છે. ખરેખર કલ્પસૂત્ર કલ્પવૃક્ષ જ છે.

કલ્પવૃક્ષમાં આપેલું મહાવીરચરિત્ર મોક્ષના બીજ સમાન છે, પાર્શ્વનાથચરિત્ર અંકુર સમાન છે, નેમિનાથચરિત્ર થડ સમાન છે અને આદિનાથચરિત્ર શાખા સમાન છે. સ્થવિરાવલી પુષ્પો સમાન છે, સમાચારી સુગંધ સમાન છે. આ સર્વની ફળશ્રુતિ સાક્ષાત્ મોક્ષ છે.

વિધિપૂર્વક વાંચેલું, આરાધેલું, તેમ જ ધ્યાનપૂર્વક અક્ષરશઃ શ્રવણ કરેલું આ કલ્પસૂત્ર આઠ ભવમાં મોક્ષદાયક થાય છે. કલ્પસૂત્રના વાચન સાથે તપ, પૂજા આદિ મહત્ત્વનાં છે. સાધુસાધ્વીની સેવા, સાધર્મિકનો આદર અને ધર્મપ્રભાવના આદિ મોક્ષના બીજને પુષ્ટિ કરનારાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિશિષ્ટ ૨

# સ્થવિરાવલી

[ ભગવાન મહાવીર પછીની પરંપરા ]

ભગવાન મહાવીરના અગિયાર ગણધર હતા. જેમની વિગત ગણધરવાદમાં આપી છે. દરેક ગણધરનું જ્ઞાન અદ્‌ભુત હતું. આચારાંગથી માંડીને દૃષ્ટિવાદ પર્યંત બારે અંગનું જ્ઞાન તેઓ ધરાવતા હતા. તેઓ જ તેના રચનાર હતા. આ સર્વ ગણધરો રાજગૃહ નગરમાં મોક્ષ પામ્યા હતા. તેમાં નવ ગણધરો ભગવાનની ઉપસ્થિતિમાં જ નિર્વાણ પામ્યા હતા. ગૌતમ ગણધર કેવળજ્ઞાન પામ્યા હતા. પરંતુ પાંચમા ગણધર સુધર્માસ્વામી પાસે ગણની જવાબદારી હતી. તેઓ મોક્ષે ગયા પછી તેમની પાટે જંબુસ્વામી આવ્યા.

## શ્રી જંબુસ્વામી

તે સુધર્માસ્વામીના શિષ્ય હતા. તેમનો જન્મ રાજગૃહમાં થયો હતો. તેમના પિતાનું નામ ઋષભ અને માતાનું નામ ધારિણી હતું. તેઓ શીલવાન હતા. માતાપિતાની આજ્ઞાવશ તેઓ આઠ કન્યાઓ સાથે પરણ્યા હતા. પરંતુ અંતરથી વૈરાગી જંબુકુમાર તો પ્રથમ રાત્રિએ સુખભોગમાં ન રાચતાં, આઠ પત્નીઓને ધર્મબોધ આપી રહ્યા હતા. યોગાનુયોગ ચારસો નવ્વાણું ચોરનો અધિપતિ પ્રભવ લૂંટ કરવા આવ્યો હતો. પરંતુ તેણે જોયું કે આઠ પત્નીઓ, અઢળક સંપત્તિ, દાસદાસીઓથી પરિવરેલા આ જંબુકુમાર કેવા વિરક્ત છે ! તેમાં વળી ધર્મઉપદેશનું શ્રવણ થતાં તે પ્રતિબોધ પામ્યો.

નગરજનોના આશ્ચર્ય વચ્ચે નવવિવાહિત આઠ પત્નીઓ, સૌનાં માતાપિતા અને પાંચસો ચોર સહિત આર્ય જંબુકુમારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને અનુક્રમે કેવળજ્ઞાન પામ્યા.

## દશ વસ્તુઓનો વિચ્છેદ

ભગવાન મહાવીરના નિર્વાણ પછી બાર વર્ષે ગૌતમસ્વામી, વીસ વર્ષે સુધર્માસ્વામી, અને ચોસઠ વર્ષે જંબુસ્વામી નિર્વાણ પામ્યા. ત્યાર પછી પડતા કાળની નિશાની રૂપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દસ વસ્તુ વિચ્છેદ પામી : ૧. મનઃપર્યવજ્ઞાન, ૨. પરમાવધિજ્ઞાન, ૩. પુલાક લબ્ધિ જેના વડે ચક્રવર્તીના સૈન્યનો પણ નાશ થઈ શકે, ૪. આહારક શરીર લબ્ધિ, ૫. ક્ષપક શ્રેણી, ૫. ઉપશમ શ્રેણી, ૭. જિનકલ્પ, ૮. પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્ર, ૯. કેવળજ્ઞાન, ૧૦. મોક્ષમાર્ગ.

આ દશ વસ્તુના વિચ્છેદ જવાથી પંચમ કાળના માનવીઓ આ ભરતક્ષેત્રે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરી શકશે નહિ. તેથી આ કાળને દુષમ કાળ કહેવામાં આવે છે.

કવિ કહે કે મોક્ષરૂપી સતી લક્ષ્મીએ જંબુસ્વામી પછી ભરતક્ષેત્રે કોઈ પતિ પસંદ કર્યો નહિ.

જંબુસ્વામીના નિર્વાણ પછી કેવળીનો દુષ્કાળ થયો તેની છાયારૂપે શ્રુતકેવળીપણું રહ્યું, તેમાં શ્રી ભદ્રબાહુ ચૌદપૂર્વધર શ્રુતકેવળી થઈ ગયા. ત્યાર પછી સ્થૂલિભદ્ર દશપૂર્વધર થયા. જિનકલ્પનો આચાર વિચ્છેદ પામતો ગયો અને સ્થવિરકલ્પની પરંપરા ચાલુ થઈ તે પાંચમા આરાના અંત સુધી જળવાશે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઘણા ફાંટાઓ થઈ ગયા. છતાં ગુરુપરંપરાની જ્યોત જગતના જીવોને માર્ગ ચીંધતી રહેશે. તે દ્વારા જીવો પોતાનું શ્રેય સાધી લેશે.

## શય્યંભવ ભટ્ટ

આર્યજંબુને કાત્યાયન ગોત્રવાળા સ્થવિર આર્યપ્રભવ શિષ્ય થયા. તેમને આર્ય શય્યંભવ નામે શિષ્ય થયા. આર્યપ્રભવને પોતાના ગણમાં કોઈ યોગ્ય શિષ્ય ન હોવાથી રાજગૃહમાં યજ્ઞ કરતા શય્યંભવ ભટ્ટ તેમના ધ્યાનમાં આવ્યા. કોઈ બે સાધુ દ્વારા તેને પ્રતિબોધ આપ્યો. આથી શય્યંભવ દીક્ષા ગ્રહણ કરી, તેમને પોતાની પરંપરામાં સ્થાપી તેઓ સ્વર્ગે ગયા.

શય્યંભવે જ્યારે દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમની પત્ની સગર્ભા હતી. તેણે પુત્રને જન્મ આપ્યો. તેના કલ્યાણ અર્થે શય્યંભવે દશવૈકાલિક સૂત્રની રચના કરી. તેમના શિષ્ય યશોભદ્રસૂરિ હતા. તેમની પાટે ભદ્રબાહુ અને સંભૂતિવિજય નામના બે શિષ્યો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ભદ્રબાહુસ્વામી

પ્રતિષ્ઠાનપુરમાં વરાહમિહિર અને ભદ્રબાહુ નામના બે બ્રાહ્મણોએ દીક્ષા લીધી. ભદ્રબાહુને આચાર્યપદ મળવાથી વરાહમિહિરને ઘણો ક્રોધ ચડ્યો. તેથી તે બ્રાહ્મણવેશ ધારણ કરી નિમિત્તશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરી વારાહીસંહિતા બનાવી લોકોનાં નિમિત્ત જોવાનું કામ કરી પોતાનો નિર્વાહ કરવા લાગ્યો.

એક વાર રાજાને ત્યાં કુમારનો જન્મ થયો. વરાહે કહ્યું કે તેનું આયુષ્ય સો વર્ષનું છે. ભદ્રબાહુ તો મુનિ હતા. તેમને રાજસભામાં આવા કાર્ય માટે જવાનું કંઈ પ્રયોજન ન હતું. પણ રાજસભામાં તેને માટે નિંદા થવા લાગી. આથી ભદ્રબાહુએ કહ્યું કે, "આ કુમારનું આયુષ્ય સાત દિવસનું છે અને બિલાડીથી થશે. હવે આ પ્રસંગને આનંદનો કેવી રીતે માનવો ? અને રાજસભામાં જવાનું પ્રયોજન શું છે ?"

આ સમાચાર સાંભળી રાજાએ શહેરમાંથી બધાં જ બિલાડી-બિલાડાને કઢાવી મૂક્યાં. છતાં કાળ કંઈ સમય ચૂક્યો નહિ, બાળક જે પારણામાં સૂતો હતો તેની છત પરથી લાકડાનો બિલાડીના આકારવાળો ભાગ તૂટી પડ્યો અને બાળક મૃત્યુ પામ્યો. ભદ્રબાહુસ્વામીએ રાજસભામાં ગયા વગર જ ભવિષ્ય જોયું હતું. આ પ્રસંગથી વરાહનું જ્ઞાન ખોટું ઠર્યું. આથી વરાહ ઘણો દુઃખી થઈ ક્રોધાવેશમાં મૃત્યુ પામી વ્યંતર થયો, અને નગરમાં ત્રાસ આપવા લાગ્યો. જનકલ્યાણને લક્ષમાં રાખી ભદ્રબાહુસ્વામીએ ઉપસર્ગહરસ્તોત્રની રચના કરી, તે ઉપદ્રવને દૂર કર્યો (જે ઉવસગ્ગહરં સ્તોત્ર છે).

# સ્થૂલભદ્ર મુનિ

આર્યસંભૂતિવિજયના શિષ્ય આર્ય સ્થૂલભદ્ર હતા. તેઓ પાટલિપુત્રના શકટાલ મંત્રીના જ્યેષ્ઠ પુત્ર હતા. જન્મથી આમ તો ઉદાસીન હતા પણ યોગાનુયોગ કોશા નામની રૂપવતી ગણિકાના પરિચયમાં આવ્યા અને બાર વર્ષ ત્યાં જ રહ્યા. રાજ્યના પ્રપંચથી ફસાઈને શકટાલ મંત્રી પોતાના જ પુત્ર શ્રીયકના હાથે મૃત્યુ પામ્યા. આથી તેમને મંત્રીપદે રહેવા રાજાએ આમંત્રણ આપ્યું. પિતાના મૃત્યુનો પ્રપંચ જાણી સ્થૂલભદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈરાગ્ય પામ્યા અને દીક્ષા ગ્રહણ કરી. વ્રતાદિનું પાલન કરીને ઘણી ઉચ્ચ ભૂમિકાને પામ્યા. એક વાર ગુરુઆજ્ઞા લઈ કોશાને ત્યાં ચોમાસું રહ્યા. જ્યાં બાર વર્ષ કેવળ ભોગ ભોગવ્યા હતા તે જ સ્થાને સ્થૂલભદ્રે પૂર્ણપણે સાધુચર્યા પાળી. અને કોશાને પણ બોધ પમાડી સાચે રાહે મૂકી દીધી. તેમની આવી વ્રતપાલનનિષ્ઠાથી સંતોષ પામી ગુરુજીએ તેમના કાર્યને 'અતિ દુષ્કર'ની ઉપમા આપી.

કવિઓ કહે છે કે—

પર્વતમાં, ગુફામાં કે નિર્જન વનમાં વાસ કરનારા અને ઇંદ્રિયોને સંયમમાં રાખનારા હજારો મુનિઓ થઈ ગયા પણ અતિ મનોહર યુવતી અને બીજાં ભોગનાં સાધનની વચ્ચે વસવા છતાં જેઓ ઇંદ્રિયોને વશ રાખી શક્યાં તેવા સ્થૂલભદ્ર એક જ છે.

અહો ! અગ્નિમાં પ્રવેશ કર્યો છતાં આંચ આવવા ના દીધી. તરવારની ધાર પર નાચવા છતાં છેદ લાગવા ન દીધો. કાજળની કોટડીમાં રહેવા છતાં ડાઘ લાગવા ન દીધો તેવા સ્થૂલભદ્રને વંદન હો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એક વાર બાર વર્ષના દુષ્કાળ પછી શ્રી ભદ્રબાહુસ્વામી દૃષ્ટિવાદની હંમેશાં સાત વાચના આપતા હતા. છતાં સ્થૂલભદ્ર સિવાય સર્વ સાધુઓ ત્યાંથી વિહાર કરી ગયા. તેઓ દશપૂર્વ કંઈ ન્યૂન ભણ્યા હતા. તેમાંથી તેમને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. એક વાર તેમની બહેનો તેમને વંદન કરવા આવી ત્યારે તેમણે કુતૂહલવશ સિંહનું રૂપ ધારણ કર્યું. આ વાત ભદ્રબાહુસ્વામીએ જાણી ત્યારે તેમને ખેદ થયો અને તેમણે સ્થૂલભદ્રને આગળની વાચના માટે અયોગ્ય ઠરાવ્યા.

છતાં સંઘના અતિ આગ્રહથી સ્થૂલભદ્ર અન્યને વાચના ન આપે તેવી શરત સહિત બાકીના ચાર પૂર્વની કેવળ સૂત્ર વાચના આપી. આમ પડતા કાળને જાણે દર્શાવતા હોય તેમ જ્ઞાન પર પણ આવરણો આવી પડ્યાં.

શ્રી જંબુસ્વામી કેવળી થયા પછી પ્રભવ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ તથા સ્થૂલભદ્ર છ શ્રુતકેવળી થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ

સ્થૂલભદ્રને આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ બે શિષ્યો હતા.

જિનકલ્પ વિચ્છેદ જવા છતાં જે ધીર પુરુષોએ જિનકલ્પની તુલના કરી તે શ્રેષ્ઠ ચારિત્ર ધારણ કરનાર મુનિઓ વંદનીય છે.

ત્યાર પછી પરંપરાએ સ્થવિર આર્યોની શાખાઓ નીકળી. આમાં ઘણા ભેદો પણ પડ્યા. કેટલાંક નામો પણ તિરોહિત થયાં છે.

ત્યાર પછી સ્થવિર શાખાઓની પરંપરાઓ સ્થપાઈ. ત્યાર પછી અનેક ગચ્છો અસ્તિત્વમાં આવ્યા. શ્રી સુધર્માસ્વામીની પરંપરાએ ઘણા આચાર્યો અને મુનિઓ થઈ ગયા. પ્રસ્તુત ગ્રંથની આપેલી સ્થવિરાવલી અંતમાં જણાવે છે કે સૂત્રાર્થ રૂપ રત્નોથી ભરેલા અને શમ, દમ, તથા માર્દવ આદિ ગુણસંપન્ન કશ્યપ ગોત્રવાળા દેવર્ધિ ક્ષમા શ્રમણને વંદુ છું.

પ્રાજ્ઞ મુનિજનો આજે પણ વ્યાખ્યાન માટેની પાટને સુધર્માસ્વામીની પાટ છે તેવો આદર આપી રહ્યા છે અને તેવો વિનય સાચવવા પ્રયત્ન કરે છે. ભગવાન મહાવીરના શાસનમાં યુગપુરુષો અને આચાર્યો આદિની પરંપરા ચાલુ રહી છે.

પ્રશસ્તિ : (ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી રચિત શ્રી કલ્પસૂત્ર સુખબોધિકાને આધારે)

જ્યાં સુધી પૃથ્વીરૂપ સ્ત્રી પર્વતોના સમૂહરૂપી શ્રીફળ વડે, પૂર્ણગર્ભ, ચલાયમાન થતાં ઝાડના સમૂહરૂપી દર્ભવાળા, નિષધગિરિરૂપી કુમકુમથી અદ્‌ભુત તથા હિમગિરિથી શોભતા એવા જંબુદ્વીપ નામના મંગલ સ્થાનને ધારણ કરે છે, ત્યાં સુધી પંડિતોને પરિચિત થયેલી કલ્પસૂત્રની સુબોધા નામે વૃત્તિ વૃદ્ધિ પામો.

જ્યાં સુધી જળના એકઠા થયેલા કલ્લોલની શ્રેણીથી આકુળ થયેલી આકાશગંગા અને દિગ્હસ્તિએ ઉડાડેલ કમલને વિષે રહેલ પાણીના કણીપાથી નાશ પામ્યો છે શ્રમજનો એવું જ્યોતિશ્ચક્ર અનુક્રમે આકાશ અને પૃથ્વી પર કાયમ ભ્રમણ કરે છે ત્યાં સુધી વિદ્વાનોએ આશ્રિત કરેલી આ કલ્પસૂત્રની વૃત્તિ વૃદ્ધિ પામો.

**—ઈતિ શિવમ્**

* * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આવતી ચોવીશીના તીર્થંકરો

| | તીર્થંકર | કોનો જીવ | હાલ ક્યાં છે* |
|---|---|---|---|
| ૧ | પદ્મનાભ | શ્રેણિક રાજા | પહેલી નરકમાં |
| ૨ | સુરદેવ | સુપાર્શ્વ શ્રાવક | ત્રીજા દેવલોકમાં |
| ૩ | સુપાર્શ્વ | કોણિક પુત્ર ઉદાયિ | ત્રીજા દેવલોકમાં |
| ૪ | સ્વયંપ્રભ | પોટિલ શ્રાવક | ચોથા દેવલોકમાં |
| ૫ | સર્વાનુભૂતિ | દૃઢાયુ | બીજા દેવલોકમાં |
| ૬ | દેવશ્રુત | કાર્તિક શેઠ | પહેલા દેવલોકમાં |
| ૭ | ઉદયપ્રભ | શંખ શ્રાવક | બારમા દેવલોકમાં |
| ૮ | પેઢાલ | આનંદ મુનિ | પહેલા દેવલોકમાં |
| ૯ | પોટ્ટિલ | સુનંદ | પાંચમા દેવલોકમાં |
| ૧૦ | શતકીર્તિ | શતક શ્રાવક | ત્રીજી નરકમાં |
| ૧૧ | સુવ્રત | દેવકી (શ્રી કૃષ્ણની માતા) | આઠમા દેવલોકમાં |
| ૧૨ | અમમ | શ્રી કૃષ્ણ વાસુદેવ | ત્રીજી નરકમાં |
| ૧૩ | નિષ્કષાય | સત્યકી મહાદેવ | પાંચમા દેવલોકમાં |
| ૧૪ | નિષ્પુલાક | બળભદ્ર (કૃષ્ણના ભાઈ) | છઠ્ઠા દેવલોકમાં |
| ૧૫ | નિર્મમ (નિર્મળ) | સુલસા શ્રાવિકા | પાંચમા દેવલોકમાં |
| ૧૬ | ચિત્રગુપ્ત | રોહિણી (બળભદ્રની માતા) | બીજા દેવલોકમાં |
| ૧૭ | સમાધિ | રેવતી શ્રાવિકા | બારમા દેવલોકમાં |
| ૧૮ | સંવર | સતાલી | બારમા દેવલોકમાં |
| ૧૯ | યશોધર | દ્વૈપાયન ઋષિ | અગ્નિકુમાર દેવ |
| ૨૦ | વિજય | કરણ (કર્ણ) | બારમા દેવલોકમાં |
| ૨૧ | મલ્લ | આઠમા નારદ | પાંચમા દેવલોકમાં |
| ૨૨ | દેવજિન | અંબડ પરિવ્રાજક | બારમા દેવલોકમાં |
| ૨૩ | અનંતવીર્ય | અમરકુમાર | નવમા ગ્રૈવેયકમાં |
| ૨૪ | ભદ્રંકર (ભદ્રકૃત) | સ્વાતિ બુદ્ધ | સર્વાર્થ સિદ્ધમાં |

* અનાગત તીર્થંકરોનો જીવ હાલ ક્યાં છે એ વિશે અહીં પરંપરાનુસાર મળતી માહિતી આપી છે. કોઈક અનાગત તીર્થંકરોની વર્તમાન ગતિ અને ચ્યવનકાળ વિશે સંશય થવા સંભવ છે. એ વિશે જ્ઞાની ભગવંતો પાસેથી સમાધાન મેળવવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વીસ વિહરમાન તીર્થંકર

| ક્રમ | તીર્થંકર | દ્વીપનું નામ | ક્ષેત્રનું નામ |
|---|---|---|---|
| ૧ | સીમંધરસ્વામી | જંબૂદ્વીપ | પૂર્વ મહાવિદેહ |
| ૨ | યુગમંદિરસ્વામી | જંબૂદ્વીપ | પશ્ચિમ મહાવિદેહ |
| ૩ | બાહુસ્વામી | જંબૂદ્વીપ | પૂર્વ મહાવિદેહ |
| ૪ | સુબાહુસ્વામી | જંબૂદ્વીપ | પશ્ચિમ મહાવિદેહ |
| ૫ | સુજાતસ્વામી | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ |
| ૬ | સ્વયંપ્રભસ્વામી | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ |
| ૭ | ઋષભાનનસ્વામી | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ |
| ૮ | અનંતવીર્યસ્વામી | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ |
| ૯ | સુરપ્રભસ્વામી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૦ | વિશાલપ્રભસ્વામી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૧ | વજ્રધરસ્વામી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૨ | ચંદ્રાનનસ્વામી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૩ | ચંદ્રબાહુસ્વામી | અર્ધ પુષ્કરવર | પૂર્વ મહાવિદેહ |
| ૧૪ | ભુજંગદેવસ્વામી | અર્ધ પુષ્કરવર | પૂર્વ મહાવિદેહ |
| ૧૫ | ઈશ્વરસ્વામી | અર્ધ પુષ્કરવર | પૂર્વ મહાવિદેહ |
| ૧૬ | નેમિપ્રભુસ્વામી | અર્ધ પુષ્કરવર | પૂર્વ મહાવિદેહ |
| ૧૭ | વીરસેનસ્વામી | અર્ધ પુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૮ | મહાભદ્રસ્વામી | અર્ધ પુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ |
| ૧૯ | દેવસેનસ્વામી (દેવયશસ્વામી) | અર્ધ પુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ |
| ૨૦ | અજિતવીર્યસ્વામી | અર્ધ પુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનાગત (આવતી) ચોવીશીના તીર્થંકરો

| | તીર્થંકર | લાંછન | શરીરની ઊંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|
| ૧ | પદ્મનાભ | સિંહ | ૭ હાથ | ૭૨ વર્ષ |
| ૨ | સુરદેવ | સર્પ | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| ૩ | સુપાર્શ્વ | શંખ | ૧૦ ધનુષ્ય | ૧૦૦૦ વર્ષ |
| ૪ | સ્વયંપ્રભ | નીલકમલ | ૧૫ ધનુષ્ય | ૧૦૦૦૦ વર્ષ |
| ૫ | સર્વાનુભૂતિ | કાચબો | ૨૦ ધનુષ્ય | ૩૦૦૦૦ વર્ષ |
| ૬ | દેવશ્રુત | કલશ | ૨૫ ધનુષ્ય | ૫૫૦૦૦ વર્ષ |
| ૭ | ઉદયપ્રભ | નંદાવર્ત | ૩૦ ધનુષ્ય | ૮૪૦૦૦ વર્ષ |
| ૮ | પેઢાલ | બોકડો | ૩૫ ધનુષ્ય | ૯૫૦૦૦ વર્ષ |
| ૯ | પોટ્ટિલ | મૃગ | ૪૦ ધનુષ્ય | ૧ લાખ વર્ષ |
| ૧૦ | શતકીર્તિ | વજ્ર | ૪૫ ધનુષ્ય | ૧૦ લાખ વર્ષ |
| ૧૧ | સુવ્રત | સિંચાણો | ૫૦ ધનુષ્ય | ૩૦ લાખ વર્ષ |
| ૧૨ | અમમ | વરાહ | ૬૦ ધનુષ્ય | ૬૦ લાખ વર્ષ |
| ૧૩ | નિષ્કષાય | મહિષ | ૭૦ ધનુષ્ય | ૭૨ લાખ વર્ષ |
| ૧૪ | નિષ્પુલાક | ખડ્ગી | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ વર્ષ |
| ૧૫ | નિર્મમ (નિર્મળ) | શ્રીવત્સ | ૯૦ ધનુષ્ય | ૧ લાખ પૂર્વ |
| ૧૬ | ચિત્રગુપ્ત | મગર | ૧૦૦ ધનુષ્ય | ૨ લાખ પૂર્વ |
| ૧૭ | સમાધિ | ચંદ્ર | ૧૫૦ ધનુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| ૧૮ | સંવર | સ્વસ્તિક | ૨૦૦ ધનુષ્ય | ૨૦ લાખ પૂર્વ |
| ૧૯ | યશોધર | પદ્મ | ૨૫૦ ધનુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| ૨૦ | વિજય | ક્રૌંચ | ૩૦૦ ધનુષ્ય | ૪૦ લાખ પૂર્વ |
| ૨૧ | મલ્લ | કપિ | ૩૫૦ ધનુષ્ય | ૫૦ લાખ પૂર્વ |
| ૨૨ | દેવજિન | અશ્વ | ૪૦૦ ધનુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| ૨૩ | અનંતવીર્ય | ગજ | ૪૫૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| ૨૪ | ભદ્રંકર (ભદ્રકૃત) | વૃષભ | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | તીર્થંકર | પ્રથમ દેશનાનો વિષય | ગણધર સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ-આદિનાથ | યતિ ધર્મ અને શ્રાવક ધર્મ | ૮૪ |
| ૨ | અજિતનાથ | ધર્મધ્યાનના ચાર પાયા | ૯૫ |
| ૩ | સંભવનાથ | અનિત્ય ભાવના | ૧૦૨ |
| ૪ | અભિનંદનસ્વામી | અશરણ ભાવના | ૧૧૬ |
| ૫ | સુમતિનાથ | એકત્વ ભાવના | ૧૦૦ |
| ૬ | પદ્મપ્રભ | સંસાર ભાવના | ૧૦૭ |
| ૭ | સુપાર્શ્વનાથ | અન્યત્વ ભાવના | ૯૫ |
| ૮ | ચન્દ્રપ્રભ | અશુચિ ભાવના | ૯૩ |
| ૯ | સુવિધિનાથ (પુષ્પદન્ત) | આશ્રવ ભાવના | ૮૮ |
| ૧૦ | શીતલનાથ | સંવર ભાવના | ૮૧ |
| ૧૧ | શ્રેયાંસનાથ | નિર્જરા ભાવના | ૭૬ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | ધર્મ ભાવના | ૬૬ |
| ૧૩ | વિમલનાથ | બોધિદુર્લભ ભાવના | ૫૭ |
| ૧૪ | અનંતનાથ | લોકભાવના નવ તત્વનું સ્વરૂપ | ૫૦ |
| ૧૫ | ધર્મનાથ | મોક્ષનો ઉપાય કષાયનું સ્વરૂપ | ૪૩ |
| ૧૬ | શાંતિનાથ | ઈન્દ્રિયોનો જય | ૩૬ |
| ૧૭ | કુંથુનાથ | મનઃશુદ્ધિ | ૩૫ |
| ૧૮ | અરનાથ | રાગ-દ્વેષ અને મોહ પર વિજય | ૩૩ |
| ૧૯ | મલ્લિનાથ | સામાયિક | ૨૮ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | યતિ ધર્મ અને શ્રાવક ધર્મને યોગ્ય જીવો | ૧૮ |
| ૨૧ | નમિનાથ | શ્રાવકકરણી | ૧૭ |
| ૨૨ | નેમિનાથ | ચાર મહા વિગઈ, રાત્રિભોજન તથા અભક્ષ્ય ત્યાગ | ૧૧ |
| ૨૩ | પાર્શ્વનાથ | બાર વ્રત, ૬૦ અતિચાર તથા ૧૫ કર્માદાનનું વર્ણન | ૧૦ |
| ૨૪ | મહાવીરસ્વામી | યતિ ધર્મ, ગૃહસ્થ ધર્મ, ગણધરવાદ | ૧૧ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | તીર્થંકર | પ્રથમ શિષ્ય<br>મુખ્ય ગણધર | પ્રથમ શિષ્યા |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ-આદિનાથ | ઋષભસેન (પુંડરીક) | બ્રાહ્મી |
| ૨ | અજિતનાથ | સિંહસેન | ફલ્ગુ (ફાલ્ગુની) |
| ૩ | સંભવનાથ | ચારુ | શ્યામા |
| ૪ | અભિનંદનસ્વામી | વજ્રનાભ | અજિતા |
| ૫ | સુમતિનાથ | અમર (ચરમ) | કાશ્યપી |
| ૬ | પદ્મપ્રભ | સુવ્રત (પ્રદ્યોતન) | રતિ |
| ૭ | સુપાર્શ્વનાથ | વિદર્ભ | સોમા |
| ૮ | ચન્દ્રપ્રભ | દિન્ન | સુમના |
| ૯ | સુવિધિનાથ (પુષ્પદન્ત) | વરાહ | વારુણી |
| ૧૦ | શીતલનાથ | આનંદ (નંદ) | સુલસા (સુયશા) |
| ૧૧ | શ્રેયાંસનાથ | ગૌસ્તુભ (કચ્છપ) | ધારિણી (ધરણી) |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | સુધર્મ (સુભૂમ) | ધરણી |
| ૧૩ | વિમલનાથ | મંદર | શિવા (ધરા) |
| ૧૪ | અનંતનાથ | યશ | શુચિ (પદ્મા) |
| ૧૫ | ધર્મનાથ | અરિષ્ટ | અંજુકા (શિવા) |
| ૧૬ | શાંતિનાથ | ચક્રાયુધ | ભાવિતા (સૂચિ-શ્રુતિ) |
| ૧૭ | કુંથુનાથ | સ્વયંભૂ (સાંબ) | રક્ષિતા (દામિની) |
| ૧૮ | અરનાથ | કુંભ | રક્ષિતા (રક્ષિકા) |
| ૧૯ | મલ્લિનાથ | ઈન્દ્ર (અભીક્ષક) | બંધુમતી (વધુમતી) |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | કુંભ-(મલ્લિ) | પુષ્પમતી (પુષ્પાવતી) |
| ૨૧ | નમિનાથ | શુભ | અમલા (અનિલા) |
| ૨૨ | નેમિનાથ | નરદત્ત (વરદત્ત) | યક્ષિણી (યક્ષદિન્ના) |
| ૨૩ | પાર્શ્વનાથ | દિન્ન | પુષ્પચૂલા |
| ૨૪ | મહાવીરસ્વામી | ઈન્દ્રભૂતિ ગૌતમ | ચન્દના-ચંદનબાળા |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com